વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૨મું
જાન્યુઆરી - ૨૦૧૭
અંક : ૪૬૪

મંગલ મંદિર ● જાન્યુઆરી-૨૦૧૭ ● ૧
(કુલ પાના : ૧૧૬)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# 'નવનીત' દ્વારા પ્રકાશિત શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો

**ગુજરાતી ભાષામાં** (લેખક : યશ રાય) **हिन्दी भाषा में**




અમૃતફળ
## આમળાં
(વિસ્તૃત માહિતીસભર પુસ્તક)
કિંમત : ₹ 65.00

अमृतफल
## आँवला
(विस्तृत जानकारीयुक्त पुस्तक)
मूल्य : ₹ 60.00







કોઈ પણ પ્રકારના રોગની દવા
## તુલસી
કિંમત : ₹ 35.00

हर प्रकार के रोग की दवा
## तुलसी
मूल्य : ₹ 32.00







અમૃત-ઔષધ
## કુંવારપાઠું
(Aloe Vera)
કિંમત : ₹ 50.00

अमृत-औषधि
## ग्वारपाठा
(Aloe Vera)
मूल्य : ₹ 40.00







- અર્થસહિત નામો
- રાશિ-પરિચય
- નામસંસ્કરણ મહત્તા

મોહક
## બાળ નામાવલી
કિંમત : ₹ 80.00

NAVNEET®
Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED

Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad – 380052. India
Tel. : (079) 6630 5000, 6630 5001, 2745 1000 • Fax : 079 6630 5011, 2748 8000
e-mail : navneet.ahd@navneet.com • www.navneet.com • /navneet.india

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**


**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

IADC


Since 1985
INDOTEX
PAINTS
• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof
• Exterior and Interior 100% acrylic emulsions
• Textures and Putty • Enamels • Primers
• Industrial coatings
INDOTEX PAINTS PVT. LTD.
Regd. Office: "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway,
Bodakdev, Ahmedabad – 380 054 | Ph.:(O) 079-2685 3279 / 7411
M.: 9909444598 | Email: info@indotexpaints.com
Website: www.indotexpaints.com
Presence in: Gujarat | Rajasthan | Maharashtra |
Karnataka | Goa | Andhra Pradesh | Madhya Pradesh
Contact no.: 9825033596 | 9974882044 | 9909618121 | 9909444598

ગામ
મોટા લાયજા

# શ્રદ્ધા સુમન

સાયન
માટુંગા મુંબઈ

૯૪મી જન્મ જયંતિ



શેઠશ્રી કલ્યાણજી રામજી
રવજી સોજપાલ

દ્વિતીય પુણ્યદિન



માતુશ્રી દેવયાની કલ્યાણજી
રામજી ગાલા

**તારીખ ૬ ડિસેમ્બરનો સંજોગ જુઓ કેવો સોહાય**
**મોટાભાઈનો જે જન્મદિન તેજ બાઈનો વિદાયવસર**

''સકલ મંગલ, મહીં મંગલ,મહા મંગલ ગણું જેને,
પ્રભુ તે પંચ પરમેષ્ઠી નમું છું પ્રેમથી તેને''

શાહ વીરચંદ નરશી લોડાયા જાગીરદાર પરિવાર
શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ, કાચીગુડા-હૈદરાબાદ
પ્રાણિ મિત્ર રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશન
જૈન માઈનૉરિટી કાઉન્સીલ
જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલ, માંડવી-મુંબઈ
વિસામો ગ્રુપ પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ, મુલુંડ-મુંબઈ

જય જિનેન્દ્ર, મિચ્છામિ દુક્કડમ્

# માત્ર તાજાં જ નહિ, તાજગીસભર અને જીવનપ્રેરક, વ્યક્તિત્વપ્રેરક પુસ્તકો













| | | |
|---|---|---|
| આનંદલહેર | સદ્‌ગુરુ, અનુ. ભરત દવે | 175 |
| સફળતાની સોનેરી ચાવી | શ્રી ચંદ્રપ્રભ, અનુ. આરતી કરોડે | 120 |
| સફળ જીવનનાં સોનેરી સૂત્રો | શ્રી લલિતપ્રભ, અનુ. આરતી કરોડે | 100 |
| શ્રી કબીરજીનું ચિંતન | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| કોલંબસ અને વાસ્કો દગામા ભારતમાં કેમ ન પાક્યા ? | સ્વામી સચ્ચિદાનંદ | 80 |
| સિકંદર અને નેપોલિયન | સ્વામી સચ્ચિદાનંદ | 90 |
| સ્વામી ચિન્મયાનંદ (જીવનચરિત્ર) | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 200 |
| અંતર્નાદ (આત્મકથા) | મૃણાલિની સારાભાઈ, અનુ. બકુલા ઘાસવાલા | 475 |
| જિંદગીની ટેલિસ્કોપી | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 180 |
| સમાજની સોનોગ્રાફી | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 180 |
| સફળતાની સિસ્મોગ્રાફી | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 180 |
| ધર્મની ટેલિપથી | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 180 |
| અલીબાબા's World | પોર્ટર એરિસમનિ, અનુ. કેયૂર કોટક | 160 |
| તમારી કારકિર્દીને પાંખો આપો | નિલેશ મહેતા | 180 |
| મોંઘો માણસનો અવતાર... | ડૉ. જગદીપ કાકડિયા | 150 |
| જીવન-ઘડતર શ્રેણી (પુ. 7) | લલિતપ્રભ | 222 |
| Life Moulding Series Books 4) | Lalitprabh | 120 |
| મનનાં પાપ ધોવા શું કરશો ? | ચંદ્રપ્રભ | 100 |
| 74 પ્રેરણાત્મક વાર્તાઓ | લલિતપ્રભ | 100 |
| વડોદરાની તેજસ્વી મહિલાઓ | નીલમ કુલશ્રેષ્ઠ, અનુ. આરતી કરોડે | 150 |
| વ્યક્તિત્વનો વ્યોમવિહાર | હસમુખ પટેલ | 120 |
| હૃદયલિપિ (કાવ્યો) | ભારતી રાણે | 400 |
| બનારસ ડાયરી (કાવ્યો) | હરીશ મીનાશ્રુ | 170 |
| માઈક્રો ઇંગ્લિશ ગ્રામર | ડૉ. અશોક વ્યાસ | 200 |
| English Speaking Tactics | ડૉ. અશોક વ્યાસ | 300 |
| ખલુ રમત સાધનમ્ (રમતજગત) | યોગેન્દ્ર પટેલ | 200 |
| રમત-વિકાસનું બીજ (રમતજગત) | યોગેન્દ્ર પટેલ | 240 |
| કેળવણી : કર્મ અને મર્મ | પ્રવીણ મકવાણા | 160 |
| 62 Solved Papers GPSC અને SPIPA | સંકલન : હિરેન દવે | 225 |
| 78 Solved Papers... GPSC અને SPIPA | હિરેન દવે | 350 |
| જનરલ નોલેજ | બંસીધર શુક્લ | 300 |
| સામાન્યજ્ઞાન | સંપા. હિરેન દવે | 375 |
| માતૃવંદના | સંપા. રાઘુનંદન | 250 |













ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઈમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

### લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*— મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**


- નવા વરસના ઊઘડતા પ્રભાતે ....... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ....... ૧૦
- માનવ સેવા એ જ પ્રભુ સેવા : ડૉ. હિમાંશુ શાહ ....... ૧૦
- કચ્છનું ગૌરવ - કચ્છી જૈન સમાજનું ગૌરવ : ડૉ. ધીરેન શાહ ....... ૧૧


**લેખ વિભાગ**

**ધારાવાહિક નવલકથા**


- ધારાવાહિક નવલકથા : છોરાંવછોઇ – (૩)
  મધુરજની અને લગ્નના નવા દિવસો ....... **હંસરાજ સાંખલા** ..... ૧૨


**અર્થ ચિંતન**


- **Demonetization : A Preliminary Investigation** ........ **Ketan K. Shah** ...... ૧૫


**ગાંધી વંદના**


- ગાંધીજી અને અમારો પરિવાર : મારા સંભારણા ....... **લીના મંગલદાસ** ..... ૧૯
- ગાંધી હજી જીવતા - જાગતા છે! ....... **કુમારપાળ દેસાઈ** ..... ૨૪
- રેંટિયાના તાર, હૃદયના તાર ....... **નારાયણ દેસાઇ** ..... ૨૭
- ગાંધીજીના પ્રિય ત્રણ વાંદરા : નૂતન અભિગમ ....... **સંજય તલસાણિયા (ડૉ.)** ..... ૨૮


**નાતાલ પ્રસંગે**


- ગાંધીજીનો સત્યાગ્રહ અને ઈસુનો જીવનપંથ ....... **જોન હોયલેન્ડ ● અનુ. ચંદ્રશંકર શુક્લ** ..... ૩૦


**કચ્છ વિશેષ**


- 'વાહ રે ભા, કચ્છી જો પાણી' ....... **જોન હોયલેન્ડ ● અનુ. ચંદ્રશંકર શુક્લ** ..... ૩૦
- કચ્છના તેરા ગામના ત્રણ ઐતિહાસિક સાંકળિયા તળાવો
  ગુજરાતને શીખવે છે જળસંચયની અનોખી પદ્ધતિ ....... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૩૮


**સંસ્મરણ**


- ભૂકંપ પહેલાની મૂલ્યનિષ્ઠ કચ્છની ગ્રામ છબી ....... **જયંતી જોષી 'શબાબ'** ..... ૩૯
- ભૂકંપ – વતનમાં, મનમાં અને તનમાં ....... **યોગેન્દ્ર વ્યાસ** ..... ૪૧


**કચ્છી વાર્તા**


- માજન ....... **નારાયણ જોશી** ..... ૪૪


**કચ્છી કથા**


- સુંહિણી - મેહાર ....... **સ્વામી સચ્ચિદાનંદ** ..... ૪૫


**લોક કથા**


- સંત મેકરણ ....... **ઝવેરચંદ મેઘાણી** ..... ૪૮


**નવલિકા**


- ઉછીની કૂખ ....... **લીલાધર માણેક ગડા** ..... ૫૫
- અનાગત ....... **માવજી મહેશ્વરી** ..... ૫૯


**પ્રજાતંત્રના પ્રશ્નો**


- ગાંધીધામ સંકુલની જમીનનો પ્રશ્ન ....... **શશીકાંત એમ. ઠક્કર** ..... ૬૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## ચિંતન


- સુખ ક્યાંથી મળે? ..... ડૉ. સુધીર શાહ ..... ૬૩
- પરીક્ષા આપવાની છે ..... ડૉ. સુધીર ચી. મોદી ..... ૬૪
- પવિત્ર કમાણીનો સદ્વ્યય કરો ..... ડૉ. ચંદ્રકાંત મહેતા ..... ૬૬
- હૃદય કરતાં વધુ જરૂર છે આપણી કામનાઓના કાર્ડિયોગ્રામની! ..... કુમારપાળ દેસાઈ ..... ૬૮


## રહસ્ય કથા


- હાથનો પંજો ..... ડૉ. સુશ્રુત પટેલ ..... ૬૯


## નિબંધ


- કિશોરવયનો ખજાનો ..... ભગીરથ બ્રહ્મભટ્ટ ..... ૭૪


## લેખ


- મેરે કાતિલ આપ હૈં! – મુબારક બેગમ ..... રજનીકુમાર પંડ્યા ..... ૭૫


## ટૂંકી વાર્તા


- તાળાને અનુરૂપ ચાવી ..... પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી ..... ૭૯


## ગરીમા


- મૂલ્યનિષ્ઠ સર્જકતાનું ગુરુશિખર ..... જશુભાઈ કવિ ..... ૮૦


## સમાજ ચિંતન


- સંબંધોના સથવારે : ભૂલશો નહીં મા-બાપને ..... ઇલા કે. શાહ ..... ૮૧


## શિક્ષણ


- આજના યુગમાં શિક્ષણની અનિવાર્યતા ..... રામ સોલંકી ..... ૮૩


## આરોગ્ય


- સાઠ પછીનું સ્વાસ્થ્ય – (૧) ..... હરેશ ધોળકિયા ..... ૮૫
- ભારતીય રસોઇ સંદર્ભે ખાદ્યતેલની પસંદગી ..... ડૉ. શિલીન શુક્લ ..... ૮૭


## હળવાશની ક્ષણોમાં


- ચાલો, નવેસરથી બારાક્ષરી શીખીએ ..... નલિની ગણાત્રા ..... ૮૮


## લઘુકથા


- ફૂલ પાછું લેતા જાવ ..... મદનકુમાર અંજારિયા 'ખ્વાબ' ..... ૮૯


## નિયમિત વિભાગો


- અન્ય સંસ્થાઓના સમાચાર ..... ૮૯
- બાલુડેં જયું ગાલિયું ..... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૯૦
- આંજો કાગર ..... ૯૧
- જાણવા જેવું ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૯૨
- *Nano Nine* શબ્દ રમત-૧૨૪ ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૯૩
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૮૧) ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૯૫
- વલોવતન ..... સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ ..... ૯૭
- સમાજ દર્પણ ..... ૯૯
- સંસ્થા સમાચાર ..... ૧૦૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ..... ૧૦૯
- ઊડતી નજરે ..... ૧૧૦


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## નવા વરસના ઊઘડતા પ્રભાતે

ઈસુના નવા વરસના ઊઘડતા પ્રભાતે 'મંગલ મંદિર'ના સુજ્ઞ વાચક સમુદાયને ભાવભર્યા નૂતન વર્ષાભિનંદન. આજે સમગ્ર વિશ્વ ગ્રેગેરિયન ખ્રિસ્તી કૅલેન્ડરને અનુસરતું હોઈ ધીમે ધીમે ભારતવર્ષ માટે પણ પરંપરાગત નવા વરસની શરૂઆત જાન્યુઆરીથી જ થવા લાગી છે, એને 'ગ્લોબલાઈઝેશન ઈફેક્ટ' જ કહી શકાય. અલબત્ત, આપણે આષાઢી બીજ, દિવાળી કે ચૈત્રી પ્રતિપદાથી આરંભાતા ભારતીય નવવર્ષની પરંપરા જાળવીએ તે આપણી 'અસ્મિતા'ના હિતમાં લેખાશે.

જાન્યુઆરીનો સૌથી મોટો ઉત્સવ તે 'મકર સંક્રાંતિ', જે ૧૪ જાન્યુઆરીએ જ આવતો હોવા છતાં ખ્રિસ્તી ફેસ્ટીવલ નથી, પરંતુ સૌથી શુકનવંતો અને માંગલિક ભારતીય મહોત્સવ છે. આ દિવસથી સૂર્ય મકર રાશિમાં ભ્રમણ કરતો હોઈ એને મકરસંક્રાંતિ જેવું રૂપકડું નામ મળ્યું છે. હકીકતમાં ભારત એ સૂર્યપ્રધાન દેશ છે. અહીં ભગવાન રામચંદ્રજી જેવા અને મહારાણા પ્રતાપ જેવા સૂર્યવંશી રાજાઓ થઈ ગયા છે. સૂર્યની ઊર્જાનો સૌથી વધુ લાભ સમગ્ર વિશ્વમાં કદાચ કોઈ એક જ દેશને મળતો હશે તો તે ભારતને જ મળે છે, એવું વિધાન કરવામાં ભાગ્ય જ કોઈ અતિશયોક્તિ લેખાશે. સૂર્ય તેજસ્વિતા અને સાત્ત્વિકતાનું પ્રતિનિધિત્વ કરે છે અને વિજ્ઞાનની વ્યાખ્યામાં તારો ગણાતો આ પ્રચંડ અગનગોળો તમામ ગ્રહોનો રાજા ગણાય છે. આપણી પૃથ્વી પણ 'બિગ બૅન્ગ' જેવી વિસ્ફોટક ઘટનાની જ સરજત છે. એ સૂર્યમાંથી છૂટી પડીને સૂર્યની પરિક્રમા કરતી રહે છે.

મકર સંક્રાંતિ એ માનવીય પ્રાણચેતનાના ઊર્ધ્વીકરણનું પર્વ છે. આ ઊર્ધ્વીકરણને આપણે પ્રતીકાત્મક રીતે પતંગ ચગાવીને ઊજવતા રહીએ છીએ. મહાભારતના મહાનાયક સમા ભીષ્મ પિતામહ પોતાના પ્રાણ ત્યજવા માટે પણ મકર સંક્રાંતિની પ્રતીક્ષા કરતા રહ્યા હતા, તે જ શું સૂચક નથી?

જાન્યુઆરી મહિનો ભારત માટે બીજી બે ઘટનાઓને કારણે સવિશેષ મહિમા ધરાવે છે. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે ભારતનું એનું લોકતાંત્રિક બંધારણ સાંપડ્યું, જેથી અધિકૃત રીતે ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસે અંગ્રેજોની ચુંગાલમાંથી આઝાદ થયેલું રાષ્ટ્ર તે દિવસે સાચા અર્થમાં 'પ્રજાસત્તાક - સાર્વભૌમ' રાષ્ટ્ર સ્વરૂપે પ્રસ્થાપિત થયું. છવ્વીસમી જાન્યુઆરીનો દિવસ એ દૃષ્ટિએ આપણું મહિમાવંતું રાષ્ટ્રીય પર્વ છે. વળી એ જ દિવસે બરાબર ધ્વજવંદનની ક્ષણોમાં જ કચ્છ પર ૨૦૦૧ની છવ્વીસમી જાન્યુઆરીની સવારે સદીનો સૌથી ગોઝારો ભૂકંપ પણ ત્રાટક્યો હતો, એ કેમ ભુલાશે?

માનવીના જીવનમાં શુભાશુભ ઘટનાઓનો ક્યારેક કેવો વિચિત્ર સંયોગ રચાતો રહે છે, તેની પ્રતીતિ કચ્છ સહિત આખા ગુજરાતને તે દિવસે થઈ હતી. આપણા એ કમનસીબ સ્વજનોની પવિત્ર સ્મૃતિને વંદન. કચ્છમાં તો ફિનિક્ષ પંખીની જેમ રાખમાંથી બેઠા થવાની અંતર્નિહિત ક્ષમતા રહેલી છે. એ કચ્છીયતને સો સો સલામ.

જાન્યુઆરીની ત્રીસમી તારીખે વીસમી સદીના સૌથી મોટા મહામાનવ, વિશ્વવંદ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની હત્યા થઈ હતી. ગાંધીને મારી શકાય, ગાંધી ચેતનાને નહીં. આજે આટલાં વર્ષો પછી ગાંધી દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રસ્તુત થતા રહ્યા છે. પ્યારા બાપુને અંતઃકરણની અંજલી આપી વિરમીએ. ■

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • રવિવાર, તા. ૨૨-૧-૨૦૧૭ બપોરે ૨.૫૯ કલાકથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ અને મહિલા ઉત્કર્ષ સમિતિના સંયુક્ત ઉપક્રમે | Right Parenting Changes Life (સાચું Parenting જિંદગી બદલી શકે છે) સેમિનાર (ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી) |
| • ગુરુવાર, તા. ૨૬-૧-૨૦૧૭ સવારે ૧૦.૦૦ કલાકથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ તથા રંગારંગ કાર્યક્રમ |
| • તા. ૬-૨-૨૦૧૭થી તા. ૧૦-૨-૨૦૧૭ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | ગૃહ ઉદ્યોગ સમિતિ | 'એક્યુપ્રેશર' – કોઈ પણ જાતની દવા વગર રોગ મટાડવાની ટ્રીટમેન્ટની તાલીમનો વર્કશોપ |
| • શનિવાર, તા. ૧૧-૨-૨૦૧૭ સવારે ૮.૦૦ કલાકથી | એબોટ રિસોર્ટ, નળ સરોવર રોડ | વયસ્ક સમિતિ | નળ સરોવર રોડ ખાતેના એબોટ રિસોર્ટમાં એક દિવસીય પિકનિક |

## અવનવું – રસપ્રદ

વર્ષ ૨૦૧૭ના ફેબ્રુઆરી મહિનામાં વારનો અનોખો સંગમ જોવા મળશે. આમ તો દર માસમાં વાર ચાર અને કોઇક માસમાં વાર પાંચ આવે છે. પરંતુ આગામી ફેબ્રુઆરી માસમાં સોમવારથી માંડી રવિવાર સુધી તમામ વાર ચાર-ચાર વાર આવશે. આમ ૨૮ દિવસીય આ માસમાં આવતો આ સંયોગ કહેવાય છે કે અનેક વર્ષ બાદ જોવા મળશે, જે ખરેખર રસપ્રદ અને યાદગાર બની રહેશે.

*સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

## માનવ સેવા એ જ પ્રભુ સેવા : ડૉ. હિમાંશુ શાહ

પર્યુષણ પર્વમાં જૈન ધર્મીઓ તપ સાધના, પ્રભુ ભક્તિ, સાધુ મહાત્માની સેવા, જીવદયાની પ્રવૃત્તિઓ, ધાર્મિક ક્રિયાઓ થકી કષાયના કર્મોના નિવારણમાં પ્રવૃત્ત રહે છે.

આવા જ એક જૈન ધર્મી મૂળ માંડવીના હાલે અમદાવાદ સ્થિત યુરોલોજી (પેશાબના રોગો) સંબંધિત રોગોના નિષ્ણાત તેમજ આ સંસ્થામાં સેવા આપતા અને કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય એવા ડૉ. હિમાંશુ શાહ, જૈન ધર્મના મૂળભુત સિદ્ધાંત માનવ સેવાને પોતાના જીવનમાં અભિગમ કરી સેવાના ઉમદા કાર્ય કરતાં રહે છે. છેલ્લા ૬ વર્ષથી આ સેવા કાર્ય તેમના દ્વારા કરવામાં આવે છે.

આવું જ એક સેવાકાર્ય વર્ષ ૨૦૧૬ના પર્યુષણ પર્વના અનુસંધાને કચ્છના અંજાર શહેરમાં પૂર્ણા નર્સિંગ હોમમાં યોજાયેલા મફત યુરોલોજી ઑપરેશન કેમ્પમાં ૨૦ દર્દીઓના નિઃશુલ્ક ઑપરેશન કરેલ હતા. આ કેમ્પમાં કિડનીના રોગો, પથરી તથા પ્રોસ્ટેટના દર્દીઓની ચકાસણી બાદ ઑપરેશન કરવામાં આવેલ હતા. જેમાં ડૉ. હિમાંશુ શાહે અમદાવાદથી અંજાર આવી નિઃશુલ્ક સેવા આપેલ હતી. આ અંગેની માહિતી આપતાં પૂર્ણા નર્સિંગ હોમના ડૉ. શ્યામસુંદર તથા ડૉ. વીરેન્દ્ર ઝોટાએ જણાવેલ કે અંદાજિત ૩૦થી ૩૫ હજારમાં આ ઑપરેશનનો ખર્ચ થતો હોય છે, તે ઑપરેશનો નિઃશુલ્ક કરવામાં આવે છે. આ પ્રસંગે સન્માન કાર્યક્રમમાં જૈન સમાજના અગ્રણી ડેની શાહે પર્યુષણ પર્વનું સાચું પુણ્ય માનવસેવા અને જીવદયાને શ્રેષ્ઠ ગણાવેલ. આ કાર્યક્રમમાં અંજાર સુધરાઈના પ્રમુખ પુષ્પાબેન ટાંક પણ હાજર રહેલ હતા. કાર્યક્રમનું સંચાલન મનીષભાઈ પંડ્યાએ કર્યું હતું જ્યારે આભારવિધિ ડૉ. શ્યામસુંદરે કરેલ હતી.

*અહેવાલ : દિનેશચંદ્ર જગજીવન શાહ*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

# કચ્છનું ગૌરવ - કચ્છી જૈન સમાજનું ગૌરવ

## ડૉ. ધીરેન શાહ



ડૉ. ધીરેન શાહ

કચ્છની ધીંગી ધરાનો ધીંગો માનવી એટલે આપણા જ કચ્છી જૈન ડોક્ટર ધીરેન શાંતિલાલ શાહ. સાહસ અને સૂઝથી પરિપૂર્ણ એવા ડૉ. ધીરેન શાહ મૂળ કચ્છ રામાણિયાના વતની છે. ઘણા વરસોથી અમદાવાદની વિવિધ હોસ્પિટલોમાં હૃદયની બાયપાસ સર્જરી કરતાં કરતાં અત્યારે અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે.

સાહસ જેમના રગેરગમાં રહેલ છે એવા યુવાન ડૉક્ટર શ્રી ધીરેન શાહ એપ્રિલ ૨૦૧૫માં સમગ્ર ભારતવર્ષમાં વગર શસ્ત્રક્રિયાએ હૃદય વાલ્વ પ્રત્યારોપણ કરનાર પ્રથમ તબીબ બન્યા. તેઓએ ૮૧ વર્ષના દર્દી પર જટીલ પ્રક્રિયા સફળ બનાવી તબીબી ક્ષેત્રે નવતર આશા પ્રગટાવી હતી. પણ એક સાહસથી સંતોષથી જંપીને બેસે એવા આ કચ્છી માડુ નથી. તેઓ સતત કાંઈક નવું કરવાની સાહસવૃત્તિથી ભરેલા છે. ગત તા. ૧૯-૧૨-૨૦૧૬ના દિવસે ન કલ્પી શકાય એવું સાહસ કરી ગુજરાતના તબીબી ક્ષેત્રના ઇતિહાસમાં પ્રથમ એવો હૃદય પ્રત્યારોપણનું ઑપરેશન સફળતાપૂર્વક પાર પાડી એક અનોખી સિધ્ધિ પ્રાપ્ત કરી છે.

ભાવનગરના બ્રેઈન ડેડ ૩૭ વર્ષના યુવાનનું હૃદય જામનગરના ૪૯ વર્ષીય આધેડ વ્યક્તિના શરીરમાં સફળતાપૂર્વક પ્રત્યારોપણ કર્યું. ભાવનગર નજીક થયેલ અકસ્માતમાં ૩૭ વર્ષીય મુસ્લિમ યુવકને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યો હતો. તે યુવાનના પરિવારજનોએ તેના અંગોનું દાન કરવાનું નક્કી કર્યું અને તેના માટે અમદાવાદની સિમ્સ હોસ્પિટલનો સંપર્ક કરવામાં આવ્યો. બીજી બાજુ જામનગરના એક દર્દીને હૃદયની બીમારીના કારણે ૧૫ દિવસથી સિમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતો અને તેનો એકમાત્ર ઈલાજ હૃદયનું પ્રત્યારોપણ હતું. ભાવનગરથી આવેલ સમાચારના અનુસંધાને ડૉ. ધીરેન શાહ તા. ૧૮-૧૨-૨૦૧૬ના રાત્રે ભાવનગર પહોંચ્યા હતા અને વહેલી સવારે હૃદય કાઢવાની પ્રક્રિયા શરૂ કરેલ હતી. પ્રથમ તો હૃદયની તમામ વેઈન સીલ કરી હૃદયના થીજવી દેવામાં આવ્યું હતું. અને તેને બરફના ખાસ બોક્ષમાં નિયત તાપમાને સ્થિર કરી ભાવનગર શહેરથી ઍરપોર્ટ માર્ગે ગ્રીન કોરીડોર બનાવી ત્યાં અગાઉથી તૈયાર રાખેલ ચાર્ટર્ડ વિમાન દ્વારા અમદાવાદ લાવવામાં આવ્યું હતું. પ્રત્યારોપણના ઑપરેશન માટે હોસ્પિટલમાં અગાઉથી સંપૂર્ણ તૈયારીઓ કરી રાખેલ હતી. તા. ૧૯-૧૨-૨૦૧૬ના રોજ સવારના બરાબર ૯.૩૦ વાગે ચાલેલ ઑપરેશનની સંપૂર્ણ પ્રક્રિયા બાદ બપોરના ૨.૦૨ વાગે ૪૯ વર્ષીય દર્દીની છાતીમાં ૩૭ વર્ષીય યુવાનનું હૃદય પુનઃ ધબકતું થઈ ગયું હતું.

આ પ્રત્યારોપણ કાર્યમાં ડૉ. ધીરેન શાહે તેમના ૪ સહયોગી સર્જનો, ૩ એનેસ્થેટિક્સ સહિત ૧૧ વ્યક્તિઓની ટીમ સાથે સતત કલાકની જહેમત બાદ ગુજરાતમાં હૃદય પ્રત્યારોપણની સર્વપ્રથમ સિધ્ધિ મેળવેલ છે. ભાવનગરની હોસ્પિટલમાંથી સફળતાપૂર્વક હૃદયને કાઢીને ઍરપોર્ટ સુધી ગ્રીન કોરિડોર રચી ઍરપોર્ટ પહોંચાડવામાં આવ્યું હતું. આ હૃદયને ખાસ વિમાનમાં અમદાવાદ લાવવામાં આવ્યું હતું તેમજ અમદાવાદ ઍરપોર્ટથી ગ્રીન કોરિડોર દ્વારા અમદાવાદની સિમ્સ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રક્રિયા ૮૨ મિનિટમાં પૂર્ણ કરવામાં આવી હતી. અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં પ્રત્યારોપણ ઑપરેશન લગભગ ૪.૩૦ કલાક ચાલ્યું હતું. આવી રીતે એક વ્યક્તિના શરીરમાં પ્રત્યારોપણ કરવાની સમગ્ર પ્રક્રિયા ભાવનગરની હોસ્પિટલથી અમદાવાદની સિમ્સ હોસ્પિટલ સુધીની સફળતાપૂર્વક ૭ કલાકમાં પાર પાડનાર સિમ્સ હોસ્પિટલના ડૉ. શ્રી ધીરેન શાહ તથા તેમની સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર છે.

ગ્રીન કોરિડોર એટલે જ્યાંથી પણ એમ્બ્યુલન્સ પસાર થાય તે રસ્તા ઉપર ટ્રાફિક ન નડે તે માટે રસ્તા બ્લોક કરાય છે. એમ્બ્યુલન્સની સાથે રસ્તામાં પોલીસ પાઈલોટિંગનું રક્ષણ અપાય છે. આ રીતે ભાવનગર હોસ્પિટલથી ભાવનગર ઍરપોર્ટ તથા અમદાવાદ ઍરપોર્ટથી સિમ્સ હોસ્પિટલ સુધીના માર્ગો ગ્રીન કોરિડોર જાહેર કરી દેવામાં આવ્યા હતા. આ રસ્તાને જોડતા અન્ય માર્ગોની પણ બ્લોક કરી દેવામાં આવે છે. જેથી એમ્બ્યુલન્સને ક્યાંય પણ ટ્રાફિક ના નડે.

ઉપર મુજબનું એક મોટું ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સૌ ટ્રસ્ટીગણો, કારોબારી સમિતિના સભ્યો તથા સમગ્ર સમાજના સભ્યજનો ડૉ. ધીરેન શાહ પ્રત્યે ખૂબ જ ગૌરવની લાગણી અનુભવે છે. તેમજ ડૉ. ધીરેન શાહ તથા તેમની સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

ડૉ. ધીરેન શાહ ઉત્તરોત્તર નવી નવી સિધ્ધિઓના સોપાન સર કરતા રહે તેમજ સમગ્ર માનવજાતને તબીબી ક્ષેત્રે નીત નવું યોગદાન પ્રદાન કરતા રહે તેવી શુભેચ્છા પાઠવે છે.

*અહેવાલ : પ્રતાપ નારાણજી દંડ તથા દિનેશચંદ્ર જગજીવન શાહ*

॥ ધારાવાહિક નવલકથા ॥

# છોરાંવછોઈ – (૩)

ધારાવાહિક નવલકથા

હંસરાજ સાંખલા

*વહી ગયેલી વાર્તા : કચ્છી પાટીદાર સમાજના ગ્રામજીવનની આ રઢિયાળી કરુણાંતિકાની શરૂઆત નાયિકાના પહેલા, નહીં ભોગવેલ પરણેતરના મૃત્યુના સમાચારથી થાય છે. યુવાવસ્થામાં પ્રવેશતી નાયિકા માટે જીવનના નવા તબક્કાની વિચારણાને અંતે નવી સગાઈની ચર્ચા ચાલે છે. અભાગણી નાયિકા પોતાને નવજીવન વિશે હજી સાશંક છે, પરંતુ સખીઓ એને પ્રોત્સાહિત કરી જૂનો ઘા વીસરી હવે પછીના શૃંગારિક ઘરસંસારની વાતોમાં પરોવવા મથે છે. એ પછી મધુરજનીનું પ્રકરણ તો કળાકીય ઊંચાઈ આંબે છે. એક નવોઢાની લજ્જા અને સંકોચનું આવું સહજ, મનોરમ્ય વર્ણન આટલા ટૂંકાણમાં કરીને લેખકે એમની ક્ષમતાનો પરિચય આપ્યો છે.*

*હવે આગળ વાંચો.*

## મધુરજની અને લગ્નના નવા દિવસો

રતન અને મણિલાલે ટમટમતી ચીમની (= નાનું ફાનસ, કંડીલ)ના ઝાંખાં અજવાળે મીઠી મધુરી મધુરજની ઊજવી. મણિલાલ રૂમમાં દાખલ થયો ત્યારે રતનનું હૃદય ખૂબ તેજ ગતિએ ધબકવા લાગ્યું. મણિલાલે વાતની શરૂઆત કરી. શરૂમાં રતન માથાના ઈશારાથી હા ના કહેતી હતી પછી ટૂંકા જવાબથી કામ ચાલ્યું ને પછી તો બીક અને શરમ મટતી ગઈ. અજાણ્યા તોય મણિલાલ એનું પોતાનું માણહ હતું ને?

એ મોડે સુધી વાતો કરતાં રહ્યાં. ઉજાગરો હતો તોય એને ઊંઘ નતી આવતી. છતાં રતને - દિનાં હુવા નીં મલે હવે હુંશું?

‘હું શું તોય ઊંઘ નીં આવે પણ હુઈયે.’ કહી મણિલાલ સૂઈ ગયો.

પહેલવહેલું આ રીતે એક જ ખાટલે રતનને સૂવાનું હતું અને પાછું ભાઈમણ ભેગું. વળી ખાટલોય ભરવાવાળાએ જાણે, જાણી જોઈને ન ભર્યો હોય, ઢીલોઢફ. એકબીજાને અડ્યા વગર હુવું હોય તોય ભેગા થઈ જવાય.

રતનને લાગ્યું ઇ એમે જલદી સૂઈ ગયા ઇ એક વાતે થોડું ઠીક થયું. છતાં થોડું ગમ્યું પણ નઈ. હું તો શરમાઉં. પણ ભાઈમણ થઈને ઇ શરમાય ઇ કેવું? હું થોડું હામેથી કઉં. આમ તો હારું થ્યું એમ કરતાં ગમે તેમ થોડી ભોઇયાણી તાં થૈ. એક મીઠી મનગમતી નવી ઓળખાણ તાં થૈ. હવે પોતમાડી મૂંઝ ઓછી થતી જશે.

પણ બેનપણીયું પૂછશે તો એને શું કહેવું? – એમાં બધું કહેવાનું થોડું હોય? – ના તો બેનપણીયું શેની?

– ઇયે તને બધું હાચું થોડું કેનારીયું હે.

– ઇ કે કે ન કે. ખોટું બોલીનેય ફાયદો શું? હાચેહાચું કેવું ખપે. નકાં બેનપણાંનો અર્થ ખરો? વળી એનીયે સુવાગરાત કેવી થઈ હશે? મોળી કે મીઠી? ઇયે મને ક્યાં ખબર હે?

એવું એવું વિચારતાં મોડેથી આંખ મળી ન મળી ને કંઈક અવાજથી આંખ ખૂલી ગઈ. તો નળિયામાંથી એકદમ અજવાળું દેખાતું હતું. જલદી જલદી ઊઠી - કપડાં સરખાં કરી લાજ કાઢી બહાર આવી.

દાતણપાણી ને નિત્યક્રમ પતાવ્યાં. ભગવાનના દીવાને પગે લાગી, રતન સાસુ-સસરાને પગે લાગી. મરઘાંમાને આ થોડું નવું લાગ્યું. પણ બહુ ગમ્યું. રતનને એની નણંદ લાલબાઈ સાથે બેસાડી - એની સાસુ મરઘાંમાએ સેવુંના બીરંજનું શિરામણ કરાવ્યું.

આવાં ચોખા ઘીના હખર શિરામણથી રતન ખુશ થઈ ગઈ.

એને એમ હતું ઊભું ઘર હે એટલે બધું લોભે લોભે હશે. પણ એને એવું જરાકે ન દેખાણું, રતનને એનાં દાદીમા જીવામાના શબ્દો યાદ આવ્યા. ‘ઘર ગરીબ હોય એનાથી કોય ગરીબ અમીર નથી કહેવાતું પણ દિલની ગરીબી અમીરીથી માણસ ગરીબ અમીર કે’વાયવર્યું.’ રતનને થયું, આ રીતે તો મારાં હાહરાનું ઘર મને અમીર લાગેર્યું. ને રતને જલારામ બાપાનું મનોમન સ્મરણ કરી આભાર માન્યો.

લગ્નના એ નવા નવા દિવસો રતનને બહુ મીઠા લાગતા’તા. એમાંય ભાઈવારી અને સગાંવહાલાંમાં રોજ નવા ઘેર વાનેલો જમવા (સગા-સંબંધી અને કૌટુંબિક ભાઈઓને ઘેર લગ્ન પછી જમવા જવાનો રિવાજ) જવાનું. રોજ સાસુના હાથની શિરામણી તો નીતનવા ઘેર ભતાર ને વાળું. મસ્ત મસ્ત ભાવતાં દેશી મિષ્ટાન્ન. ક્યાંક સેવલિયું કે ઘઉંનો શીરો તો ક્યાંક ઊભા રોટલા (ઊભા રોટલાનો ચોળેલો દેશી ઘીમાં લચપચતો લાડુ) સાથેનાં

ભોજન ને લઈને રતનના મોં ઉપર તેજ દેખાવા લાગ્યું.

પહેલેથી જ એ ધોળી ને રૂપાળી હતી ને રોજ આવા ખોરાકથી રતન થોડી ભર્યેઘાટે 'મતારી' પણ થૈ ગઈ. રતન સાસરાને ઘેર હજી મહેમાન જેવી જ હતી ને દરેક ઘેર મહેમાન થઈને જતી. આ રીતે એને દીયે ગમતો ને રાત તો એનાથીયે વધારે ગમતી.

એ દિવસોમાં રતનનું જીવન બિલકુલ ચિંતા વગરનું હતું.એ નવલી નવેલી હતી ને? હજી મજૂરે જવું કે કાંય કામ કરવું ન'તું પડતું. દિવસે જે થાય તે ઘરમાં જ કામ કરવાનું ને રાતે... ઇ અને મણિલાલ...!

બેચાર દિવસમાં એકાદ સમી સાંજે નાનબાઈ રતનને મલવા ને તેની પૂછા કરવા અવશ્ય આવતી. એ આવતી તેથી રતનનું દિલ ઘણું હળવું થઈ જતું. એ પણ રતનની જેમ ખુલ્લા દિલની હતી. થોડા દિવસમાં રતન અને નાનબાઈનાં સખીપણાં વર્ષો જૂની બેનપણીઓ જેવાં થઈ ગયાં.

નાનબાઈ આમ તો રતનના દૂરનાં સગાંની દીકરી હતી. જોકે એ નિકટનું સગું ન જ કહેવાય. છતાં માવતરના ગામનું કૂતરુંયે સાસરાંને ગામ સગાં જેવું વહાલું લાગે. એ રીતે બંનેને એકબીજાનો સહવાસ ગમતો.

ઉનાળાની રાત ભલે નાની હોય પણ ગામડામાં મજૂરિયા ઘરની (વાડી વગરનાં લોકોની) સાંજ વહેલી પડી જતી. તેથી રાત પણ ધજ મોટી થતી'તી હલંગ (ચાલ) ધીમે કાં કરી નાખેર્યો. એને સાંજનો સૂરજ ઉતાવળ વગરનો ટાઢાં ઠીબડાં જેવો લાગતો. એ ઘડી ઘડી (થોડી થોડી વારે) સૂરજ સામે જોતી ને થતું ક્યારે સાંજ પડે ને અંધારું થાય ને અમે મલીયે ને....

તે વખતે દિવસે તો ધણી સાથે વાત કરવાની મનાઇ જેવું હતું. વાત તો એક બાજુ રહી પણ ખુલ્લા મોંએ એનું મોં પણ જોઈ ન શકાતું. એનું મોં જોવું હોય તો સાડીની લાજમાંથી જોવું પડતું. વળી એ સાડીયે કેવી જાડી સુતરાઉ કાપડની (શહેરના જેવી પાતળી હોય તો ખપે શું? રિવાજ હોય એનાથીયે વધારે કાઢીએ) દિવસે પતિ સાથે વાત કરવાનું વિચારી પણ ન શકાતું. અરે પતિ પણ પત્ની સાથે વાત કરવાની હિંમત ન કરી શકતો.

અરે એ જમાનો હતો કે પત્નીએ અન્યોની હાજરીમાં તેના પતિની પણ જડબેસલાક લાજ કાઢવી પડતી.

રતનને ક્યારેક દિવસે મોકો મળતો ત્યારે અથવા માત્ર સમોવડિયા હોય ત્યારે છાનીછપની મણિલાલની થોડી આછી લાજ કાઢતી તો એ નાનકડા ગામમાં પોતે ચર્ચાનો વિષય બની હતી. ત્યારે નાનબાઈએ એને ભલામણ પણ કરેલી.

"થોડી હરખી લાજ કાઢતી હો તો?"

"કેની?"

"મારા બનેવીની. ઓમ મારા બનેવીની ને ઓમ આજુબાજુવાળાંની બીજી કેની?"

મોઢા ઉપર સ્મિત લાવી રતને કહેલું, "કાઢું જ રીને? એનાથી વધુ કેટલી કાઢું? એનાથી વધુ એની લાજ કાઢવાની થોડી હોય!"

"કેઈયેક હરખી નીં કાઢી હોય તૈઇયે જ ગામમાં વાતું થત્યું હશે ને?"

"અમે બે માહણ ગમે તેમ કરીએ એમાં બીજાને શું?"

"રાતનું તને જેમ કરવું હોય એમ કરજેને આગળીઓ દઈને. પછી કોંય આડું નીં આવે. તને બાકી દીનું માહણ વાતું કરે એવું ન કરતી. આ ગામડું ગામ હે નખત્રાણા જેવું શહેર થોડું હે."

રતને તે વખતે કંઈ જવાબ ન'તો આપ્યો. ક્યારેક એને આવા ખોટા નકામાં રિવાજો સામે બળવો કરવાનું મન થતું. પણ એ હજી નાની અને નવી હતી.

લાજ કાઢવાનાય કેવા રિવાજ? તેનાં સાસરાવાળાની લાજ કાઢવાની હોય તો ઠીક પણ આ તો આવી જ લાજ આખા ગામના ભાઈમણ (પુરુષો)ની કાઢવી પડતી. કમી-કસબીને મુસલમાન સહિત તમામ ઇતર કોમની પણ. શરૂઆતમાં પરિવારે તો નાનબાઈના પતિ મનસુખની પણ લાજ કાઢવાનું કહ્યું હતું. આમ તો મણિલાલ અને મનસુખ સરખી ઉંમરના જ હતા. માત્ર થોડા કલાક જ મનસુખ મોટો હતો. વળી નાનબાઈ તો તેની બહેન જ હતી ને? છતાં મનસુખની લાજ કઢાવતાં હતાં. બાકી ડોસીયું કેતીયું બેલાડિયાંના બે ભાઈ હોય તોય નાનાની વહુને મોટાની લાજ કાઢવી પડે. શાસ્તર એમ કેર્યાં."

એમ તો રતનને લાજ કાઢવામાં ક્યાં વાંધો હતો? રતનને એ જાડી સાડીની લાજમાંય જિંદગી જીવવા જેવી લાગતી'તી. એનું ઘર ગરીબ હતું પણ જ્યારે એ બે એકલાં મળતાં ત્યારે ગરીબાઈ ભુલાઈ જતી. એની બે વચ્ચેની લાગણીમાં ગરીબાઈ

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

ક્યારેય ન'તી નડી.

પણ સમાજના કેટલાક રિવાજો નડતા હતા. તેથી જ એ રિવાજ રતનને પસંદ ન'તા. પાંચ દસ દિ' ઈયાં તો પાંચ દસ દી ઉંવા (માવતરે). પછે ભોઇયાણાં (= પરિચિત) થતાં વાર તો લાગેને. વિવા પહેલાં એ મળ્યાં જ નોતાં. મળવાની વાત ક્યાં, એકબીજાનાં મોઢાંય જોયાં નોતાં. તોય થોડા દિવસમાં જ એકબીજાનાં 'પૂરા' ભોઇયાણાં થઈ ગયાં.

ઈ બેને ભોઇયાંણાં કરનાર રાત એને ટૂંકી લાગતી'તી. ક્યારેક તો એ આખી આખી રાત (વાતો કરતાં) જાગતાં, વાતો ખૂટતી જ નહીં. ખબર ન પડે એમ સવાર પડી જતી...!

ત્યાં 'હાતમ' નજીક આવી. એના 'બાપાવાળા' એ હમાચાર મૂક્યા 'હાતમ રમવા ક્યારે મૂકશો?' અને એ હાતમ રમવા પિયર ગઈ. રતનને તો એના ભેગી જ હાતમ રમવી હતી. પણ સમાજના રિવાજોમાં કોઈનાથી આઘુંપાછું ન કરાય. ડોસીયું કેતીયું આ બધા રિવાજ શાસ્તર મુજબ નકી થતા હતા.

એ હાતમ રમીને આવી પછી એક રાતે મણિલાલે કહ્યું.

"ફુઆની ટપાલ આવી હે. હાતમ કરીને જલદી આવી જજે. કામની સીઝન જલદી ખૂલશે એવું લાગેર્યું. એટલે કદાચ જલદી જવું પડશે."

"હું રજા ન દઉં તો?"

"તોય જવું પડશે!"

"તો એમ કોને મારા કરતાં તમને કામ વધુ હખ્ખર લાગેર્યું."

"વાલું લાગે કે ન લાગે, 'બારે' નેં જાઉં તો આપે ખાશું શું?" મણિલાલે જરા ગંભીર બની કહ્યું.

ઈયા જ કામ કરોને. તમે ક્યાંક 'વરહોંદી' ભરજોને હું છૂટક મજૂરે જઈશ. હોખદોખમાં ચાર આખું ભેળીયું તો ખરીયું.

"પણ માને પૂછ્યું હે" — મણિલાલ.

"માં કને હું રજા લઈ દઇશ." — રતન.

"પણ ફુઆ કને રૂપિયા લીધા હે એનું શું?" — મણિલાલ.

"દેશું. ના ક્યાં કઈયેર્યા." — રતન.

"વેવારમાં આઘું પાછું થોડું બોલાય? એને વ્યાજે થોડા દીધા હે. હું એને ત્યાં કામ કરૂર્યો એટલે એને આપડું કામ કર્યું હે."

"એના કરતાં બીજેથી લીધા હોત ને બીજે કામ કરત તો તો ફુઓ દેર્યા એના કરતાં પગારતાં વધારે મળત. ફુઆ કરતાં ડબલ પગાર દેવાનું ઓલ્યા વિરજી પટેલવાળા તમને નોતા કે'તા?"

"કેતા'તા પણ ફુઆને મૂકીને બીજાકને કામ કરીએ તો કેવું લાગે? એમ કરીયે તો આપણે હગા શેના? કોય કેમ ઘહાય, કોય કેમ ઘહાય."

"તો પછી ફુઓ આપણા કરતાં સાહુકાર હે. એને પગાર તો ભરાભર દેવો ખપે કે નીં તમને? હમજતા કેમ નથી કે પેલો લાંબો દાંતો ઘહાય."

"તને ઈ ખબર ન પડે. ફુઓ મને કેતાતા તું હમણાં કામ કર પડ્યો. પછી તને ધંધાનો ઠેવરો કરી દઈશ. કાં આમાં જ ભાગ દઈશ."

ઈ તાં શરૂઆતમાં બધાં હગાં એમ જ કેર્યાં. મારા બાપને ને કાકાને એના મામાવાળાએ આ રીતે ગોળ ગોળ વાતું કરી કોણીયે ગોળ ચોંટાડી વી વર હોદી ઓછા પગારે ઢેહડ્યા. મારો ભાગ હે આમાં. મારો ભાગ હે. કૈ, રાત દી બિચારા ઢેહડાંણા. જૈયે વાડીએ મશીન બેંહારવું તું તૈયે ભાગનો હિસાબ કરવાનું કહ્યું ને પૈસા માગ્યા તો કહે, પૈસા વગર ભાગ થોડો મળે?

છેવટે બાપાએ મામાનું કારખાનું રાજી ખુશીથી છોડી દીધું પેરે લૂગડે આટલા વર ઓછા પગારમાં ઢહેડો કર્યો ઈ બાબતનું કાંય ન બોલ્યાં.

"તો પછી બોલ્યું ખપેને?"

"ડાડીમાને ડાડાબાપો બાપાને કાયમ ભલામણ કરતા. પૈસા હારું કોઈની જોડે સંબંધ ન બગાડજે. 'પોહાણ' ન થાય તો રાજીખુશીથી છુટા થઈ જવું. મારા બાપાવાળા બોલ્યા વગર છૂટા થઈ ગયા. બીજે કામ કર્યું. તૈ યે પગાર ધજ મલ્યો. પછી લેબરમાં રાખી પોતાનો ધંધો કર્યો."

"જો તારા બાપની ખેતી હતી. કદાચ કોય 'તેડી' જવાવાળું ન મળે તો ખેતીમાં કામ કરત. પણ હું શું કરું કપીત (= પિયત વિનાની) જમીનમાં?"

"હમણાં મારા મોં હામે જોઈને આપડ્યું વાતું કરો. બીજી બધી વાતું મૂકો પરા. તમારી જમીન કપીત હે પણ હું તો કપીત નથી લાગતીને?" કહી મણિલાલના ગાલે ચૂંટલો ભરી બખ ભરી લીધી મણિલાલને, ને મણિલાલે પણ....

*(ક્રમશઃ)*

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# Demonetization : A Preliminary Investigation

અર્થ ચિંતન

Ketan K. Shah

The date 8th November 2016 will go down in the economic and financial history of independent India as the date on which a very bold step was taken by the incumbent government, at its own peril, to address the chronic problem of corruption. On this date the Prime Minister Shri Narendra Modi announced demonetization of Rs. 500 and Rs. 1000 rupee notes with immediate effect.

Generally demonetization is undertaken to solve the problems of inflation, corruption and fake currency. In our case the intention of introducing this drastic measure was to tackle the growing menace of corruption. Narendra Modi has hit many birds (problems) with one stone (demonetization) - corruption, fake currency, naxalism, terrorism, etc.

From the political dimension, Narendra Modi has also fulfilled one of the most important promises to the electorate given during the 2014 general election campaign - eradicating corruption from the veins of Indian polity and society. So from many angles the move is being dubbed by political analysts as a master stroke. Many economists believe it to be a game changer.

There are no precedents of a step taken by this government. Demonetization has been done in countries like Germany (after World War-II), Ghana (in 1982), Nigeria (in 1984), Myanmar (in 1987), Zaire (in 1993), Russia (after the breakup of the Soviet Union in 1991), Libya (after the fall of the Gaddaffi regime), Zimbabwe (in 2015) and Argentina (thrice in the twentieth century). In all these countries demonetization was undertaken either to arrest hyperinflation or overcome economic or political collapse. In this sense India's experiment is unique because demonetization has been introduced when India is experiencing a healthy growth rate and there are no major political problems in sight.

To begin with one needs to take note of the following two most important features of Indian economy as a backdrop to demonetization:

(i) The cash to GDP ratio in India is around 12% which is three to four times higher than that of a developing nation.

(ii) 60% of the total transaction are cash transactions in India [Belgium with 93% cashless transactions tops the list of countries using the least cash for all types of transactions.]

(iii) Estimates for black money in India range anywhere from 20 % to 70 % of the GDP which translates into the range of Rs.30 lakh crore to Rs. 90 lakh crore.

There are many who favour the step taken by the PM but at the same time criticize the government for ill-preparedness which has caused great hardship to the common man after the measure came into force. Here lies the catch. One needs to understand that the very success of demonetization depends on its secrecy. If government had started preparing for it even a fortnight in advance, it is impossible to imagine that the move could not have been anticipated by many in this era of social media and real time connectedness and the very purpose of demonetization would have got defeated. The government deserves absolute applause for keeping it a big secret till the last minute. One comic message doing rounds on whatsapp reads thus - 'Was it that Modi was not prepared or was it that Modi did not give time to the public to prepare'? It speaks a lot for all those who are frustrated by this surprise move of the PM.

**SHORT TERM EFFECTS OF DEMONETIZATION :**

In the short to medium-term, following effects can be expected:

1. Cash crunch leading to chaos and pain, especially in rural areas where it will take some time to make the necessary arrangements for exchange and issuance of new currency notes.
2. Adoption of barter (goods exchanged for goods) techniques to facilitate exchange in rural areas in the absence of sufficient cash.
3. GDP growth (economic growth) is likely to decline for the next two quarters (half a year) as many economic activities have either completely come to a halt or have slowed down. This is true for those sectors characterized by high cash transactions. Micro, Small and Medium Enterprises (MSMEs) have been the hardest hit. Transportation, real estate, automobiles, consumer durables and jewellery are other sectors which fall in this category.
4. Tax-to-GDP ratio is likely to increase as people are revealing their hidden income and will have to pay tax and/or penalty on the black money which was hoarded hitherto.
5. Fiscal deficit (difference between government's expenditure and income) is likely to come down as the government will find itself flushed with funds.
6. Government is planning to divert the income so earned for the welfare of the poor through various schemes. This will bring about a redistribution of wealth from the rich to the poor and marginally decrease inequality.
7. Demand for e-transactions (through e-wallets like Paytm, itzcash etc.) will increase. India will take a first step towards becoming a cashless country in true sense of the term.

**LONG TERM EFFECTS OF DEMONETIZATION :**

In the long term (after 15 to 18 months from today), assuming that government sustains its efforts to curb the menace of corruption by implementing complementing measures in other areas as well, the following can be expected:

1. Corruption likely to decrease.
2. Upgrading of Indian economy by international rating agencies and hence increase in our global goodwill.
3. FDI (Foreign Direct Investment) and foreign investment of all types likely to increase.
4. Increase in international value of Indian rupee in foreign exchange markets (brought about by reduced inflation and increased GDP growth rate).
5. Prices of real estate will go down (the extent of decline is really difficult to predict).
6. Overall price level as measured by CPI (Consumer Price Index) or WPI (Wholesale Price Index) also expected to decrease (this is due to the fact that bribe paid by businessmen to bureaucrats for various permissions becomes an inherent unofficial part of the cost of production in India. After fall in corruption levels this proportion of cost too should decline).
7. Prices of precious metals like gold and silver should also decline as not many will have unlimited cash to invest in these metals.
8. GDP growth will increase as the transactions which hitherto went unrecorded will now appear in books of account.
9. Number of bank accounts will increase and more people will start going to banks and use banking facilities. This is nothing but achieving the goal of financial inclusion. Many transactions will now be routed through banks.
10. Due to increased use of banks for deposits, it would be possible for the banks to lower lending interest rates which is expected to increase borrowing and give a boost to economic activities.
11. Cash to credit ratio will decrease as people start using internet banking or mobile banking or e-wallets to make payments. We will fast move towards cashless economy making the dream of DIGITAL INDIA a reality.

12. The informal sector or the unorganized sector which accounts for 45% of India's GDP and nearly 80 % of employment will get connected to the banking sector and derive all benefits from the latter.
13. Permanent rise in tax-to-GDP ratio to a new normal. This will increase the income of the government. With increased income it will become possible to spend more money on infrastructure which will enhance long term productivity of our country and thereby reinforce increased GDP growth.
14. Redistribution of wealth from the rich to the poor through various welfare schemes due to increased tax collections. Long term inequality likely to decrease substantially.
15. Decline in anti-social activities of all sorts (drugs, crime) including terrorism.

According to me the most beneficial long-term impact of demonetization is going to be in the nature of changing habits, behavior and attitudes of people towards using cash and corruption. People will by habit and attitude prefer to be honest and transact in credit rather than cash. It may take a decade or more for all these effects to unfold.

All these need to be read with a word of caution that if people use their ingenuity to find means to subjugate government's moves to curb the problem of black money then the effects may not unfold exactly in the fashion as described above. Demonetization may succeed in addressing the problem of black money from its stock dimension but it cannot be expected to change morals of the society at large in a much bigger way.

It needs to be admitted that presently people are facing a lot of problems in getting cash and financing their daily needs. The government could have definitely planned its implementation in a much better way but I would give the benefit of doubt to the government as for the first time an exercise of this type on a massive scale is being undertaken. We have no history to learn from and so the government is trying to plug all the loopholes as and when they come to its notice. Even the banks have not played the role they were expected to. Many bankers have helped the rich people convert their black money to white by using various dubious means at the cost of hardship to the honest people standing in queues under the heat. This is evident by the enormous amount of cash (old as well as new currency) being caught by the police and income tax officials.

While evaluating any policy of the government it needs to be kept in mind that no government can ever be successful without the co-operation of its people. It also needs the support from all the stakeholders in their respective capacities. The government also needs unflinching backing of the bureaucracy through which the measures are going to get implemented. Any distortion anywhere can lead to the whole policy being a big flop show.

Demonetization has badly hit the traders and the big businesses which is traditionally believed to be the biggest vote bank of BJP. By taking such a big risk and that too at a time when the elections in UP (politically the most important state) are scheduled just five months from now, Modi has proved that his priority is not merely to retain political power but also to use that power for the betterment of India. For the first time I have seen a PM giving priority to good economics over good politics. For the first time I have seen a PM axing his feet for the good of the greatest numbers of centuries to come. It is being considered as a political folly by many political pundits but for me as a concerned citizen it the greatest testimony that Modi is selflessly working to make India a great country and restore its past golden glory. He is only obsessed with the development of our country in all dimensions. Now nothing can stop him and the country from progressing.

Before summing up I would like to mention that the problem of black money generation is a deep-rooted chronic problem. One of the important causes of it is the existing bureaucratic system where the bureaucrats have arbitrary discretionary powers enabling them to extract money from the public. Unless some serious thought is given to the

reforming of Indian bureaucracy in its present form, all other measures will meet only with transient success. With the help of modern technology (digitization) the government will have to become leaner (i.e. withdraw from many areas where it has outlived its necessity) in order for the citizens to breathe freely. Less the need for the people to come in contact with the government officials less will be the chance of corruption in the bureaucratic setup.

***Demonetization cannot be expected to lift morals of the society. That can come only through parenting and an education which emphasizes higher values of life and also makes one sensitive to contemporary problems.***

For now, it can definitely be said that Narendra Modi has been successful in infusing 'fear psychosis' among the corrupt and black money hoarders. Till he is the in the seat of PM it for sure that these unscrupulous elements will either put down their weapons or prefer to play safe.

*Assistant Professor & Head – Department of Economics*
*New L.J. Commerce College, Ahmedabad*

## કચ્છના તેરા ગામના ત્રણ ઐતિહાસિક સાંકળિયા તળાવો

**(અનુસંધાન : પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)**

ખડું કરે છે. પાણીના ઓવરફ્લોની વ્યવસ્થા પાછળ કુનેહ-દૃષ્ટિ રહેલી જોઈ શકાય છે. વર્ષો પૂર્વે પાડેલા કેટલાક ફોટોગ્રાફસમાં પાણી કેવી રીતે ગામના ચોકમાં થઈને પહેલા છતાસર તળાવમાં આવે છે અને ઊભરાઈને આગળ જવાના રસ્તા જુદી જુદી રીતે ડિઝાઈનપૂર્વક બનાવવામાં આવેલા છે તેનો ખ્યાલ આપે છે. આ તળાવો ક્યારે બન્યાં હશે તેની માહિતી મળતી નથી પણ એક વાત ચોક્કસ છે કે આવા ગામડાગામમાં જળ વ્યવસ્થાપન કરી શકે તેવા કોઠાસૂઝવાળા ભાટિયા ચત્રભુજ મોરારજીએ તાસર તળાવ બંધાવ્યું છે જેથી ભવિષ્યમાં તેરાની પ્રજાને પાણીની તંગી ભોગવવી ન પડે. ધરતીકંપે પ્રાચીન ત્રણે તળાવોની પાળને મોટું નુકસાન કર્યું છે. જે આજે સમારકામ માગે છે. ગામની દક્ષિણે ચતાસર તળાવની પાળે આવેલાં ત્રણ પ્રાચીન મંદિરો, દીવાલો અને પાયાને સારું એવું નુકસાન પહોંચાડ્યું છે. નાનકડા ગામ તેરામાં આજે બધાં મળીને પાંચ તળાવો છે. તેરા વિકાસ પરિષદ ગુજરાત ટુરિઝમ સાથે મળીને હેરિટેજ વિલેજ પ્રોજેક્ટ માટે ગામ પસંદ કરાયું છે એમ શ્રી હિંમત શાહ કહે છે. આપણા પૂર્વજોની કોઠાસૂઝ જોવી હોય તો કચ્છમાં તેરા ગામની મુલાકાત લઈ તેના તળાવોની વ્યવસ્થા જોવા અચૂક જજો.

*સંદર્ભ : જોરાવરસિંહ જાદવ, 'લોકજીવનનાં મોતી'*

**JETHABHAI DOONGARSHI TRANSPORT CO.**

**J. D. LOGISTICS**



**H.O. :** 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O. :** 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

# ગાંધીજી અને અમારો પરિવાર : મારા સંભારણાં

ગાંધી વંદના

લીના મંગલદાસ

*('શ્રેયસ્' જેવી નવતર - પ્રયોગશીલ શાળાનાં સ્થાપિકા લીનાબહેને પોતાના પરિવારનાં રસપ્રદ સંસ્મરણો લખ્યાં છે. અત્યંત સંપન્ન પરિવારનાં, શ્રેષ્ઠીવર્ય અંબાલાલ સારાભાઈનાં આ દીકરીએ ગાંધીજીના આગમન પછી તેમની સાથેના સંપર્કોથી જે પરિવર્તન અનુભવ્યું તેની થોડી વાતો તેમના પુસ્તક 'અખંડ દીવો' માંથી તારવી સારવીને અહીં મૂકી છે. 'અખંડ દીવો' એ એક જમાનાની અને જાજરમાન પરિવારની કથની છે, જ્યારે મોગલ સામ્રાજ્યનો અસ્ત થયો હતો અને અંગ્રેજ હકૂમતની જકડમાં દેશ આવી ગયો હતો, તેવે સમયે નવભારતનો પ્રાણ સળવળી રહ્યો હતો. એક વ્યક્તિ અને એક કુટુંબની કથનીની આસપાસ એ અજોડ કાળપરિવર્તનનું દર્શન આ પુસ્તકમાં થાય છે. અહીં તો તેમાંથી ગાંધીજી અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં આ કુટુંબના યોગદાનની થોડી પ્રસાદી. — સં.)*

અમે ૧૯૨૧માં ભારત પાછાં ફર્યા તે દિવસોનાં સંસ્મરણો તાજાં થાય છે. ૧૯૧૫માં ગાંધીજી અમદાવાદ આવી વસ્યા હતા ત્યારથી તેમનો પરિચય અંબાલાલ (પ્રસિદ્ધ શ્રેષ્ઠી, મિલ ઉદ્યોગના અગ્રણી અંબાલાલ સારાભાઈ) કુટુંબ સાથે ગાઢો થતો ચાલ્યો હતો. ગાંધીજી અસ્પૃશ્યતામાં માનતા ન હતા. મારા પિતાને પણ તે વિચાર-આચારસરણી રુચિકર હતી. કોચરબ આશ્રમમાં 'અંત્યજ' કન્યા લક્ષ્મીના પરિવારનો ગાંધીજીએ સ્વીકાર કર્યો ત્યારે તેમનો બહિષ્કાર થયો. તે વખતે અંબાલાલે ગાંધીજીને સહાનુભૂતિ આપી. આ પ્રસંગ પર જાતજાતના તર્ક-વિતર્ક થયા છે. 'ધી લાઈફ ઑફ મહાત્મા ગાંધી' ના લેખક તેંડુલકરે પુસ્તકમાં લખ્યું છે અને ગાંધીજીએ આત્મકથામાં નામ આપ્યા વગર ઉલ્લેખ કર્યો છે તેથી ગામલોકના અપવાદથી ડરીને અંબાલાલે નામ લીધા વિના ચૂપચાપ દસ હજારની ભેટ કરી એ વાત જે વહેતી મુકાઈ છે તે સત્યથી સાવ વેગળી છે. સાચે તો મારા પિતાને કોઈ જાતની પ્રસિદ્ધિ ગમતી નહોતી. 'જમણા હાથનું દાન ડાબો ન જાણે' એ વિચારથી તે દાનની ઘોષણા નહોતા કરતા. કોઈ આપેલા ધનનો ઉલ્લેખ કરે કે તેથી કરીને ઉપકારના ભારથી નમી પડે એમાં અંબાલાલનું સ્વમાન ઘવાતું.

ગાંધીજીએ આશ્રમમાં અગવડ-સગવડે જીવનનો પ્રારંભ કર્યો. સરલાદેવી (અંબાલાલનાં પત્ની) નું સ્વાભાવિક વલણ જે સાદાઈ અને ત્યાગ તરફ હતું તે ગાંધીજી પ્રત્યે એકદમ આકર્ષાયું. ગાંધીજી પણ સરલાદેવીના ગુણોને આવકારતા. પોતાની નાની નાની જરૂરિયાતો સરલાદેવી પાસે માગતાં તેમને સંકોચ ન થતો. તે દહાડાઓમાં ગાંધીસાહેબની નાની નાની ચિઠ્ઠીઓ સરલાદેવી પર આવતી એવું યાદ છે :

વહાલાં બહેન,

ડબલરોટી મળી છે.

*તમારો મોહનદાસ.*

હરિજનવાસમાં તેમના ઘરઆંગણે પ્રીતિભોજનમાં મારાં માતા-પિતા ગાંધીજી જોડે ઊલટભેર સામેલ થતાં. અમારા ઘરમાંથી આભડછેટ ચાલી ગઈ હતી. હરિજન, ખ્રિસ્તી અને મુસલમાન નોકરચાકરો ભેદભાવ વિના ઘરમાં કામ કરતાં હતાં. વળી પારસી અને યહૂદી શિક્ષકો અને ધાત્તીઓ અને પરોણાંની આગતાસ્વાગતા સમતાથી થતી હતી. આ વાતનું તારતમ્ય કે મહત્ત્વ આજે નહીં જણાય પણ તે કાળે આ વાત પર લોકમાનસ કેળવાયું નહોતું અને તેથી સતત વિરોધ જાગતો. ઘરમાં કોઈ જુદાં વાસણ રખાતાં નહીં. જુદી કોઈ પંગત બેસતી નહીં. સ્ત્રીઓનો માસિક ધર્મ, પ્રસૂતિમાં રખાતી આભડછેટ તો ક્યારનાંય નાબૂદ થઈ ચૂક્યાં હતાં. જે રિવાજો બુદ્ધિથી સમજાય નહીં અથવા સમય પ્રમાણે બંધબેસતા ન હોય કે અપ્રસ્તુત જણાય તેને અંબાલાલ ત્યાગી દેતા.

એ દિવસોમાં રાષ્ટ્રીય ચળવળ જોર પકડતી જતી હતી. ૧૯૨૨માં સરકિટ હાઉસમાં ગાંધીજી પર મુકદ્દમો ચાલ્યો. મુકદ્દમામાં જજ તરીકે કલેક્ટર પ્રૅટ હતા. ખાદી ટોપી, કફની અને પોતડીવાળા દૂબળા-પાતળા ગાંધીસાહેબને 'પાંજરાં' માં ઊભા રાખી જુબાની લીધી. એ સમયે હું તે કૉર્ટખંડમાં બેઠી હતી. એ આખો ઐતિહાસિક પ્રસંગ તાદશ થાય છે.

સત્યાગ્રહ આશ્રમ કોચરબથી સાબરમતી ગયો. ગાંધીજીનાં અઠંગ શિષ્યા તો અનસૂયા (અંબાલાલ સારાભાઈનાં મોટાં બહેન) બન્યાં. માથે રેતનાં તગારાં ઉઠાવતાં. ગાંધીજી, અનસૂયા અને અન્ય અંતેવાસીઓએ નદીની ઊંચી ભેખડો ખૂંદી ખૂંદીને આશ્રમનાં પહેલાં મકાનો બાંધેલાં.

આ સમયમાં મિલમજૂરોની અવદશા જોઈ અનસૂયાનું દિલ કકળી ઊઠ્યું. ચૌદ કલાકની કામગીરી, કામના કોઈ નિશ્ચિત કલાકો નહીં. નાનાં બાળકો અને સ્ત્રીઓની કાળી મજૂરી. માર પણ પડે અને રોજી ઓછી. મજૂરોની ગીચ અને ગંદી ચાલીઓમાં

ઘેર ઘેર ફરી બાળકોને એકઠાં કરવાં, નવડાવવાં અને ભણાવવાનું તેમણે શરૂ કર્યું. સૌ પ્રથમ તો તેમના વાળ મૂંડી, માથાં સાફ કરવાનું અને આંખ, નાક અને કાનને ચોખ્ખાં રાખવાનું કામ તેમણે હાથ ધર્યું. રાત્રે ફાનસના અજવાળે મજૂરોનાં આંગણામાં અનસૂયાબહેન રામાયણ વાંચતાં. 'ગાંધીસાહેબ' ની સલાહથી અનસૂયાબહેને મજૂર પ્રશ્નોને ઉપાડ્યા. આ વખતે મિલમાલિક મંડળના પ્રમુખ અંબાલાલભાઈ હતા. આ મામલા વિશે બહુ બહુ લખાયું છે : મજૂરોની હડતાલ, અનસૂયાબહેનનું સાબરમતીના પટની રેતીમાં તંબુમાં રહેવું, એક પક્ષે નાનો ભાઈ અને પ્રતિસ્પર્ધી પક્ષે મોટી બહેન. ગાંધીજી બંનેને પોતાની જોડે બેસાડી જમાડતા. બહેન - ભાઈને પીરસતાં. ભાઈ-બહેનની આદર્શ જોડી તો આવી જ કલ્પી શકાય. અંબાલાલને એક મિલમાલિકે સલાહ આપી : 'એક સ્ત્રી - જે તમારી બહેન છે - એમને મદદ આપવી બંધ કરો. જખ મારી નમતાં આવશે.''

અંબાલાલભાઈએ કહ્યું : ''એ મારાથી મોટાં છે. એ સ્ત્રી નહીં પણ પુરુષ જન્મ્યાં હોત તો તે મારા મોટા ભાઈ હોત. તેમને મારા જેવો જ સંપત્તિનો અર્ધો હિસ્સો મળ્યો હોત.''

દબાણની વાત જવા દો. ભાઈએ બહેનને પૂરી આર્થિક મદદ આપી. ભલે મતભેદ હોય પણ અનસૂયાબહેન પોતાની શ્રદ્ધા પર વર્તી રહ્યાં છે અને તેમને તેમ કરવાનો અધિકાર છે. વ્યક્તિગૌરવ અને વ્યક્તિસ્વાતંત્ર્યની મારા પિતાની ટેકે લોકસલાહને નમતું ના જોખ્યું.

હડતાળ, ગાંધીસાહેબના ઉપવાસ, મજૂર અને મિલમાલિકો વચ્ચે સમાધાન, લવાદ દ્વારા સમજૂતી પર આવી તોડ કાઢવાની પ્રથાની સર્વાનુમતે સ્વીકૃતિ થઈ. આમ અમદાવાદના ઉદ્યોગવિકાસ, આબાદી અને શાંતિ આ પ્રસંગને આભારી હતાં.

મજૂર મહાજનની સ્થાપના થઈ અને આદિ પ્રમુખ તરીકે અનસૂયાબહેનની વરણી થઈ અને આજીવન પ્રમુખ રહ્યાં.

આફ્રિકાથી ૧૯૧૫માં ભારત પાછા ફરેલા મોહનદાસ કરમચંદ ગાંધી સૌપ્રથમ અમદાવાદમાં શેઠ મંગળદાસ ગીરધરદાસને ત્યાં ઊતર્યા હતા. સાબરમતી રેતમાં બાવળના ઝાડ નીચે શેઠ મંગળદાસના હાથે જ ગાંધીજીએ નારંગીનો રસ પી પારણાં કર્યાં હતાં. શેઠ મંગળદાસનું મિલમાલિકોમાં ભારે વર્ચસ્વ હતું.

અનસૂયાબહેનને મજૂરો અને હરિજનોના કામ માટે ઑફિસ જોઈએ. દવાખાનાં, નિશાળો, છાત્રગૃહ, મકાનો ક્યાંથી લાવવાં? કોણ આપે? અંબાલાલભાઈએ તરત જ શહેરનાં પોતાનાં મકાનોમાં જોઈતી મોકળાશ કરી આપી. હરિજનો માટે કયો સવર્ણ મકાનો આપે? મિરજાપુરનો બંગલો અને તેનાં પેટામકાનો - 'આઉટ હાઉસીઝ' અનસૂયાબહેનનાં કામ માટે અપાઈ ગયાં. તેની સમીપમાં ભાઈએ એક સ્વતંત્ર બંગલો પણ આપ્યો. મિરજાપુરના બંગલામાં ગુજરાત કૉલેજ પણ શરૂ કરાયેલી. એ જગ્યાએ એક હિસ્સામાં સી.એન. બોર્ડિંગ (આજનું બૃહદ્ સી.એન. વિદ્યાવિહાર) અને બીજા હિસ્સામાં મજૂર મહાજન સંઘનું દફતર ચાલુ થયું. પહેલાં શંકરલાલ બેંકર, ગુલઝારીલાલ નંદા અને ખંડુભાઈ દેસાઈ અનસૂયાબહેનના કામમાં જોડાયા. સાઈકલ પર મજૂરોનાં કામ માટે ફરતા ગુલઝારીલાલ, અંબાલાલભાઈએ અનસૂયાબહેનને એક મોટર આપી અને તેમનું બેંકમાં ખાતું ખોલી આપ્યું. આ બેંકના ખાતાની ઑટોમેટિક - સ્વયં સંચાલિત વ્યવસ્થા કરવામાં આવી. ખાતામાં પૈસા ખૂટે, એટલે ભાઈએ હિસાબ માંગવો નહીં - બહેને હિસાબ આપવો નહીં અને બીજી રકમ બહેનના ખાતામાં તુરત ભાઈ ભરાવી જ દે. આમ ઘણી પહોંચવાળાં વ્યવહારકુશળ અનસૂયાબહેન હિસાબ બાબત બેફિકર રહ્યાં. હિસાબ રાખવાનો તેમને ખપ જ ના પડ્યો.

★

૧૯૨૪થી ૧૯૨૮ દરમિયાન અંબાલાલે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં સ્વતંત્ર પક્ષ શરૂ કર્યો. વકીલ દોલતરામ, મણિલાલ ચતુરભાઈ અને ડૉ. ટંકારિયાનો તેમને સધ્ધર ટેકો મળ્યો. આ વખતે વલ્લભભાઈ પટેલ સામે તેમણે સારી પેઠે ટક્કર ઝીલી પણ ઠેક સુધી તેમની મૈત્રીમાં કાંઈ આંચ ન આવી. વલ્લભભાઈ સાથે મણિબહેન આવતાં - વલ્લભભાઈ ગળા પરની તેમની શાલને બે હાથે ખેંચીને ત્રાંસી ભેદક નજરે સામે જોતા અને એક જબ્બર અટ્ટહાસ્ય કરી, જોસથી ધપ્પો મારતા. આવા ધપ્પા ખાવાનું સદ્ભાગ્ય છેક છેલ્લે સુધી મને પ્રાપ્ત હતું.

★

મહાત્મા ગાંધીજી સાથેના મારા પિતા, માતા અને ફોઈના પ્રગાઢ સંબંધ અથવા મૈત્રીને કારણે ગાંધીજીનાં બધાં જ મિત્રો અને શાગરીદો - તેમની પાસે આવનાર ઘણાખરા મુલાકાતીઓ - અમારે ત્યાં આવવા લાગ્યાં હતાં. કોઈ કોઈ વાર ઘરમાં પચાસ પચાસ જેટલા મહેમાનો હોય. આઠ બાળકોની માતા - સરલાબહેન શી રીતે આ સહુને પહોંચી વળતાં હશે એ વિચારતાં મારી અક્કલ કામ નથી કરતી. મારાં મમ્મીને બે હાથ નહોતા - ચાર હતા કારણ કે મારા પિતાના હાથ તેમને હંમેશાં સહાય કરતા જ હોય.

GIRISH ✆ 2567 5418 • MUKESH ✆ 2568 5279

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

૧૯૦૩માં શહેનશાહ ઍડવર્ડ સાતમાના દિલ્હી દરબારમાં અને કલકત્તા કોંગ્રેસમાં મારા પિતા એક તરુણ તરીકે ગયેલા. હવે ફરી કોંગ્રેસમાં હાજરી આપવાનો સમય ૧૯૨૧ના અમદાવાદના અધિવેશનમાં પ્રાપ્ત થયો. કેવો ભારે ફેરફાર થઈ ગયો હતો! અંગ્રેજી 'સાહેબો' ની નકલ કરતા નેતાઓની જગાએ મહાત્માના દૃષ્ટાંતથી નવીન મુદ્રાવાળા દેશસેવકોએ નેતૃત્વ ધારણ કર્યું હતું. વિપિનચંદ્ર પાલ, લાલા લજપતરાય, ચિત્તરંજન (સી.આર.) દાસ, સરલાદેવી ચૌધરાણી, સરોજિની નાયડુ અને તેમની બે દીકરીઓ પદ્મજા અને લીલામણિ અને વારંવાર હિંદુ અને ઈસ્લામમાં ધર્મપરિવર્તન કરતો તેમનો પુત્ર રણબીરા, ડૉ. મનસૂરી, ડૉ. અન્સારી, હકીમ અજમલખાન, મહમદઅલી અને શૌકતઅલી, ઝીણા, અબ્બાસ તૈયબજી અને તેમનો સારોય પરિવાર - રહેના વગેરે. મોતીલાલ નહેરુ, સ્વરૂપરાણી, જવાહરલાલ, સ્વરૂપ (વિજયાલક્ષ્મી) અને રણજિત પંડિત, બાબુ રાજેન્દ્ર પ્રસાદ, અબ્દુલકલામ આઝાદ, જમનાલાલ બજાજ, લાલન, એન. એમ. રોય, કમલાદેવી ચટ્ટોપાધ્યાય, શ્રીનિવાસ આયંગર વગેર વગેરે.

મિસિસ સરોજિની નાયડુનું ચકચકતું વ્યક્તિત્વ હતું અને ધારીલો ચમકીલો તેમનો વિનોદ વાર્તાલાપ હતો. તેમની આસપાસ દરબાર જામી જતો. તેમનાં રંગબેરંગી કપડાં અને ઘરેણાંના 'ઠઠેરા' તથા કસબની મોજડીથી 'બાપુ' ની ખાખી જમાતમાં તે અનોખાં ઊપસી આવતાં. યુવાન-યુવતીઓને મેળવતાં, સંડોવતાં, વળી કોઈવાર લડાઈઓ પણ કરાવતાં અને છૂટાં પડાવતાં. અને છૂટાં પડેલાંને ભેગાં પણ કરાવતાં. એ બધાં સાથે તેમનું લોહચુંબક જેવું વ્યક્તિત્વ ઘણું વહાલસોયું હતું. મને પણ હુલાવીને બોલાવતાં અને મોઢે ચઢાવતાં.

કેટલાક મહેમાનો 'રિટ્રીટ'માં આરામ માટે પણ આવતા. એવા હતા દીનબંધુ એન્ડ્રૂઝ. મહેમાનોના માંદગીના ખાટલાને પણ મારાં માતાપિતા સંભાળી લેતાં.

સરલાદેવી એક કાર્યદક્ષ ગૃહિણી હતાં. તેમને કોઈ લોચા કે ડૂચા ચાલે નહીં. ઘર ઘણું મોટું હતું. મુખ્ય મકાનમાં ચાર માળ અને તેમાં કાંઈ નહીં તો પચાસ ઉપર ઓરડા હશે - કમ્પાઉન્ડમાં 'આઉટ - હાઉસીઝ' અલગ ગણાય. ગૌશાળા, ઘોડાખાનું, મોટર ગરાજ અને ધોબીઘાટ વગેરે. વીસેક હમાલો, પાંચ-છ બાઈઓ, બે રસોઈયા, એક ખાનસામો ઉપરાંત શોફરો, ક્લિનરો, ઘોડાવાળા, રબારી, ધોબી, દરજી, વીજળીવાળો તે જુદા. દસેક પહેરાવાળા અને ત્રીસેક માળીઓ હતા-તે બહોળો રસાલો તો 'રિટ્રીટ' માં જ રહેતો. દસેક ઉપરાંત શિક્ષક કુટુંબો 'રિટ્રીટ' અથવા ખજૂરી બંગલે રહેતાં. સરલાદેવીને કોઈ ખૂણો ગંદો કે વાસ મારતો ન પરવડે. કોઈ મામલો તેમની નજર બહાર ન હોય. એક કાગળની ચબરખી કે કેશ કે કાપેલા નખ જેમતેમ ન નખાય. નોકરોને સરસ તાલીમ આપી તૈયાર કર્યા હતા. તેમના લેબાસ અને વાળ ચોખ્ખાં અને સુઘડ હોય. સમયસર બધું જ કામ થવું જોઈએ. માણસો સાથેનો વર્તાવ વિવેકભર્યો અને માયાળુ હતો પણ શિસ્તનો અભાવ ચલાવી ન લેવાતો. એ જમાનામાં મોટાં ઘરોમાં નોકરો ઉપદ્રવી બનતાં - બેસવા ઊઠવામાં, બોલચાલ ઇત્યાદિમાં ઉડાઉપણું, ખાયકી, લાંચરુશવત, ખટપટ-છૂટ અને બેઅદબી 'રિટ્રીટ' ના ઘરમાં ચાલતાં નહીં.

મહેમાનગતિ તો એમની જ. મહેમાનના ઓરડા ખૂણેખાંચરેથી તપાસી લે. નાવણિયાં, સાબુ, ટુવાલ, ઓરડા, પીવાનું પાણી, પવાલાં, લખવાનાં સાધન, કબાટનાં ખાનાં અને બિછાનાંને તેમની બારીક નજર ચૂકે ના. મહેમાનો માટે ફૂલો અને ફૂલહાર - સ્વાગત અને વિદાય, તેમની સાથે જમવું વગેરે પૂરા અતિથિભાવથી તે કરતાં. તેમના પ્રાચીન ભારતીય સંસ્કાર આમાં ખીલી ઊઠતા. મહેમાનોમાં શાહી, તો ઘણા સાવ ફકીર જેવા પણ હતા. તે ઉભય સાથેના વ્યવહારમાં પોતે તો નહીં પણ નોકરચાકર કોઈ પ્રકારે ભેદભાવ ન રાખે તેની મમ્મી-પપ્પા ઘણી ચિંતા સેવતાં.

૧૯૨૪માં પ્રથમવાર રવીન્દ્રનાથ ટાગોર 'રિટ્રીટ' રહેવા આવ્યા. તેમની સાથે દીનબંધુ એન્ડ્રૂઝ અને ક્ષિતિમોહન સેન આવ્યા હતા. આ મુલાકાત અંબાલાલ પરિવાર સાથે એક ગાઢ સંબંધમાં પરિણમી. એક સાંજે બગીચામાં સહુ બેઠાં હતાં. નાનો વિક્રમ (વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈ) આશરે પાંચ વર્ષનો ત્યાં રમતો હતો. રવીન્દ્રનાથ મસ્તિષ્કવિદ્યાના અભ્યાસી હતા. વિક્રમનું માથું અને કપાળ જોઈ તે બોલી ઊઠ્યા : 'કેવો અસાધારણ મેધાસંપન્ન આ બાળક છે!'

★

માર્ચ ૩૧, ૧૯૩૦ માં મહાત્મા ગાંધીએ દાંડીકૂચ આરંભી, મળસ્કે નદી ઓળંગીને અમે આશ્રમમાં ગયાં. મહાત્માને તેમના ૭૯ અનુગામીઓ સાથે ચાલી નીકળતા અમે જોયા. 'હૃદયકુંજ', એ તેમની કુટીરના પ્રાંગણમાં જૂઈ-ચમેલીના માંડવા હતા અને પાછળ પપૈયાની વાડી. "સ્વરાજ ન મળે ત્યાં સુધી પાછા નહીં ફરીશું." એવી પ્રતિજ્ઞા લઈ તેમણે આશ્રમ છોડ્યો. અમે તેમને મિલ ઑનર્સ સ્પેશિયલમાં સુરત પણ મળવા ગયાં હતાં. દાંડીકૂચને લઈને દેશભરમાં સ્વાતંત્ર્યની ચળવળનો મોટો જુવાળ ભભૂકી ઊઠ્યો.

૧૯૨૪થી ૧૯૩૧નાં વર્ષો પાછાં સ્મરણપટ પર ઊપસી આવે છે : બાપુ તેમના તકિયાને અઢેલી ઊંધે પગે બેસતા. કોઈવાર કાંતતાં કાંતતાં, તો કોઈ વાર ખાતાં ખાતાં વાતો કરતા હોય. તેમની ઓસરીનાં હીંચકે, બેઠેલાં, કે પાછળના રસોડે ગાંધીજીના આહારની તૈયારી કરતાં, કસ્તૂરબાઈ! મહાદેવ દેસાઈ, નરહરિ પરીખ અને મીરાંબાઈ (મિસ સ્લેડ) અને એકતારા સાથે સદા સાથે રહેતા ફરતા પંડિત ખરે. ટીખળી વલ્લભભાઈ મજાકમાં કહે, "આજે ખરે ગાય છે, કાલે ભેંસ થશે."

મારી બહેન મૃદુલા (મૃદુલા સારાભાઈ : પ્રસિદ્ધ સ્વાતંત્ર્ય સેનાની) દસ-બાર વર્ષની હશે. રેશમી વસ્ત્ર અને મોતીના

દાગીના પહેરવાની તે ભારે શોખીન, પણ તેણે બાપુને રાષ્ટ્ર માટે કામ કરવાનો કોલ આપી દીધો.

મૃદુલાબહેન, અમારી મોટી બહેન-એટલે અમારી ઘણી ભાળ સંભાળ રાખતી. માંદગીમાં તે અમારાં સહુની ચાકરી કરતી - અમે તેને 'નાઇટિંગેલ' ઉપનામ આપ્યું હતું. 'મૃદુ' ને રસોઈ શીખવા માટે મમ્મીએ ખાસ રસોડું કરાવી આપેલું અને કપડાંને ઝાળ ન લાગે તેથી રસોઈ માટે ખાસ રેશમી ઘાઘરી - ઓઢણી પણ કરાવેલાં. હવે તે ખાદી પહેરતી થઈ ગઈ. આમ સૌથી કોમળ તબિયતની ગણાતી તે વધુમાં વધુ ત્યાગ કરી, હાડમારી સહન કરવા લાગી. ૧૯૨૮માં અમારી સાથે છેલ્લી વાર પરદેશ આવ્યાં પછી તેવા 'શોખ' ને તેણે સદંતર તિલાંજલિ આપી દીધી. મારાં માતાપિતાએ તેને પૂરું અનુમોદન આપ્યું. છોકરીઓએ શણગાર સજી પરણવું જોઈએ એવા વિચાર તો તેમને હતા નહીં. પણ આટલી નાની વયે આવું સાવ ત્યાગનું તેનું વલણ માતપિતાએ આવકાર્યું.

ગાંધીજીએ રાષ્ટ્રીય શાળાઓ શરૂ કરી હતી. હવે રાષ્ટ્રીય વિદ્યાપીઠની સ્થાપના સાબરમતીને કિનારે એક નાની બંગલીમાં થઈ. આચાર્ય ગિડવાણી, ક્રિપલાણી, મલકાણી, સિપાઈ મલાણી અને કાકાસાહેબ કાલેલકર આ સહુનાં વ્યાખ્યાનોમાં તથા વિદ્યાપીઠના સમારંભોમાં અમે જતાં. પાઠક વાયોલિન વગાડતા. વિદ્યાપીઠના પ્રથમ વિદ્યાર્થીના જૂથમાં મારાં ફોઈ વસુબહેન અને ઈન્દુબહેન જોડાયાં. ઈન્દુબહેનને બૉમ્બે યુનિવર્સિટીમાં સર્વપ્રથમ મહિલા ઉમેદવાર તરીકે એટફીલ્ડ પ્રાઈઝ મળ્યું હતું. મૃદુલાબહેને વિનીતની પરીક્ષા આપી અને તે વિદ્યાપીઠમાં જોડાયાં. ગાંધીજી સત્યાગ્રહ આશ્રમથી વિદ્યાપીઠ કોઈવાર જતા એ અમને રમૂજ ઊપજાવતું.

આશ્રમમાં શાક સુધારતા અને પીરસતા ગાંધીજી પણ નજર આગળ પાછા તરવરે છે.

ધરાસણા અને દાંડીના લાઠીમારોને પરિણામે જખમી રાષ્ટ્રીય સૈનિકો માટે મિરજાપુરને અમારે બંગલે એક હૉસ્પિટલ ખોલવામાં આવી. મદ્યનિષેધ અને વિદેશી કાપડના બહિષ્કારને લઈને મૃદુલાબહેન, ભારતીબહેન, નિમાબહેન અને ઈન્દુબહેન પિકેટિંગમાં જોડાયાં. શ્રી મોરારજી દેસાઈ સરકારી નોકરીમાંથી રાજીનામું આપી અમદાવાદ આવ્યા અને તેમણે લડતમાં ઝંપલાવ્યું. જેલમાં જતાં મોરારજીભાઈએ સરલાબહેનને 'ડિક્ટેટર' નીમ્યાં. ધોળકામાં ભાષણ કરવા જતાં સરલાબહેન પકડાયાં. ખુરશીદબહેન નવરોજી (દાદાભાઈ નવરોજીના પૌત્રી) 'રિટ્રીટ' માં રહી, સવિનય ભંગનું સુકાનીપદ સંભાળી રહ્યાં હતાં. 'રિટ્રીટ' ના નીચલા માળના એક નાના ઓરડામાં તેમની આસપાસ સહુ એકઠાં મળતાં. મૃદુલાબહેન, ભારતીબહેન (લેખિકાનાં બહેન) અને સુહૃદભાઈ (લેખિકાના ભાઈ) આ આંદોલનમાં સારાં એવાં ખેંચાઈ ગયાં હતાં. મૃદુલાબહેનનું એક લાડકું નામ 'બૉસ' (બૉશી) અને 'પઠાણ' તરીકે પ્રચલિત બન્યું.

ગુજરાત કૉલેજમાં રોહિત મહેતાની આગેવાની હેઠળ હડતાળ પડી. ફિન્ડલે શિરાઝ કૉલેજના અંગ્રેજ પ્રિન્સિપાલ હતા. જે શિક્ષણ સંસ્થામાં ભણતાં હોઈએ તેના નિયમોનું પાલન કરવું - નિયમ ન પાળવા હોય તો સંસ્થા છોડી દેવી જોઈએ પણ હડતાળમાં ન જોડાવું એવું મારા પિતાનું દૃઢ માનવું હતું. ભારતી-સુહદ કૉલેજમાં જતાં તેથી તે 'બ્લેક શીપ' કહેવાયાં. છેવટે તેઓ મુંબઈ ભણવા ગયાં અને અંતે એક વર્ષ ભણવાનું છોડી દીધું.

ઘરમાં વિદેશી કાપડ આવતું-વપરાતું બંધ થઈ ગયું હતું. ઘણા સભ્યોએ ખાદી ધારણ કરી.

ગાંધીજીએ આમરણાંત ઉપવાસો પૂનામાં ૧૯૩૩ માં હરિજનોના પ્રશ્ન માટે આદર્યા. અમે તેમને મળવા પૂના ગયાં ત્યારે રવીન્દ્રનાથ પણ તેમને મળવા આવ્યા હતા. આંબાના ઝાડ નીચે ચારપાઈ પર સૂતેલા મહાત્માએ રવીન્દ્રનાથને હાથે ઉપવાસ છોડ્યા. આ એક ચિત્ર હૈયામાં જડાયેલું રહ્યું છે.

ગાંધી-ઈરવીન વાટાઘાટો પડી ભાંગતાં, ગાંધીજીએ દિલ્હીમાં ઉપવાસ કર્યા. તેની ખબર અમને અમદાવાદમાં મળી ત્યારે એકવીસ વર્ષના નેલસન રૉકફેલર અને તેનાં નવોઢા 'રિટ્રીટ' માં અમારાં મહેમાન હતાં. અમે સાથે દિલ્હી જવા ઊપડી ગયાં. હકીમ અજમલખાનને ત્યાં ગાંધીજીએ પારણાં કર્યાં.

૧૯૩૨માં મારી બહેન મૃદુલા ગિરફ્તાર થઈ અને જેલ ભોગવી ત્યારે મારા પિતાને ન કલ્પી શકાય એટલું દુઃખ થયું. ખરેખર ભાંગી પડેલા મેં તેમને ત્યારે જ જોયા. ન સંગીત સાંભળે, ન તેમને કોઈ ચીજમાં આનંદ લાગે. મૃદુલાબહેન જેલમાં છે અને જેલબહાર અમે બધાં અમનચમનમાં રહીએ છીએ તે એમને અસહ્ય લાગ્યું. મૃદુલાબહેનની જેલની નજદીકમાં રહેવા મમ્મી-પપ્પા બેલગાંવ અને પૂના લાંબો સમય રહ્યાં. તે જ વર્ષે મેં મૅટ્રિકની પરીક્ષા આપી હતી અને કૉલેજમાં જવાનું શરૂ કર્યું હતું. દર શનિ-રવિ અમે અમદાવાદથી પૂના પાસે માતાપિતા પાસે જતાં. આવા ગમગીન દિવસો મેં ક્વચિત્ જ જોયા હશે!

પંડિત જવાહરલાલ નેહરુથી મારા પિતા આઠ મહિના મોટા હતા. મોતીલાલજીને લઈને જવાહરનો પરિચય થયો. જવાહર ઈંગ્લૅન્ડથી બૅરિસ્ટર થઈને પાછા આવ્યા. બૅરિસ્ટરી ઠીક ચાલી નહીં. મને એવું યાદ છે કે મોતીલાલજીને સારુ એ ઘેરી ચિંતાનો

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

વિષય હતો. તેમણે મારા પિતાની પચરૂખી (બિહાર) ના સુગર વર્કસમાં તેમને કોઈ કામમાં જોડાવા પણ નિર્દેશ કરેલો, પણ જવાહરને લીધે આખા નહેરુ પરિવારના જીવનમાં ભારે પલટો આવ્યો. બૅરિસ્ટરી કે વેપારની મહત્ત્વાકાંક્ષાઓ જવાહરે ક્યાંય ઠુકરાવી દીધી અને રાજકારણમાં પૂરું ઝંપલાવ્યું.

જવાહર કોંગ્રેસના એક સેનાની, પછી સરસેનાપતિ અને છેલ્લે વડાપ્રધાન થયા એ બધા જ સમયમાં તે અમદાવાદ 'રિટ્રીટ' માં જ ઉતારો કરતા. મૃદુલા - ભારતી સાથે તેમને ઘણી મમતા હતી. હું તેમને દૂરથી નિહાળતી. ૧૯૩૨ની આસપાસ ગુલદાઉદીનાં ફૂલોના ક્યારાઓ વચ્ચે, ધરો પર મેં તેમને માટે નૃત્ય કર્યું હતું. જ્યારે તે અમને જોતા ત્યારે એકદમ સામેથી આવીને ભેટતા. કહ્યા વગર રહેતા નહીં, "ગ્રોઈંગ મૉર બ્યુટીફૂલ એવરી ડે."

૧૯૩૨માં અમે પૂના હતાં ત્યારે શ્રી જહાંગીરજી અને શ્રીમતી કુંવરબાઈ વકીલ 'પ્યુપીલ્સ ઓન સ્કૂલ" નામે એક શાળા નાની બંગલીમાં ચલાવતાં હતાં. વરંડામાં છાત્રનિવાસ એટલે ચારપાઈઓની એક હાર. જવાહર-કમલા, વિજયાલક્ષ્મી-રણજિત પંડિત અને કૃષ્ણા-સહુ જેલમાં હતાં. મોતીલાલજી હયાત નહોતા. આશરે તેર વર્ષની ઈન્દુ (ઈન્દિરા) અને વિજયાલક્ષ્મીની ત્રણ દીકરીઓ - દસ વર્ષની ચંદ્રલેખા, આઠની નયનતારા અને પાંચની રીના- અલાહાબાદથી ત્રીજા વર્ગના ડબ્બામાં એકલી પૂના આવતી અને વકીલ દંપતી - 'આન્ટી' તેમને ઉછેરતાં અને કેળવતાં. ઈન્દિરાનો બાંધો ખૂબ નાજુક લાગતો. બહુ ઓછાંબોલાં પણ ઘણાં મક્કમ અને નીડર દેખાતાં. મારાં માતાપિતા આ ચારે દીકરીઓની ખબર કાઢવા જતાં અને તેમને ઘેર બોલાવતાં.

★

૧૯૪૨ ના 'હિન્દ છોડો' ('ક્વિટ ઇન્ડિયા') આંદોલન વખતે ઘરમાંથી છ જણ જેલખાનામાં હતાં - નિમાબહેન, ઈન્દુબહેન, મૃદુલાબહેન, ભારતીબહેન, ગીતા અને ગિરા. સુહૃદભાઈની તબિયત ખરેખર નાદુરસ્ત હતી તેથી તબીબી સારવાર લઈને જેલમાં જવું છે, એવો મક્કમ નિર્ધાર કરી, તેમણે પોતાની પેટીમાં જેલમાં જવાનો સામાન ભર્યો, અને મુંબઈ ગયાં. તે વખતે હિંસા અને ભાંગફોડના વાતાવરણને લઈને ટ્રેનો ઉથલાવાતી હતી. મારો ભાઈ વિક્રમ, મદ્રાસમાં અમ્મુ સ્વામિનાથન પરિવારનાં મૃણાલિની (પ્રસિદ્ધ નૃત્યાંગના) સાથે લગ્ન કરવા માટે એકલો (મદ્રાસ) ગયો. અમારામાંથી કોઈ તેની સાથે ના જઈ શક્યું. મૃણાલિનીને આંખે ટિયર ગૅસના શેલથી ગંભીર ઈજા થઈ - આંખ જતાં જતાં બચી ગઈ.

સહૃદભાઈને બે બાળકો હતાં - મોટો ચાર વર્ષનો આનંદ અને નાનો દોઢ વર્ષનો - એનું નામ પણ નહોતું પાડ્યું. મનોરમા બે છોકરા સાથે સીમલા હતાં. મુંબઈમાં સુહૃદભાઈની માંદગીએ ગંભીર રૂપ પકડ્યું. અમે સર્વ મુંબઈ પહોંચી ગયાં. પેરોલ પર ભારતીબહેન, ગીતા અને ગિરાને દસ દિવસ માટે છોડ્યાં. ઈન્દુબહેન-નિમાબહેનને તો રજા જ ન મળી અને મૃદુલાબહેને કોઈ શરત નીચે બહાર આવવાનો ઉન્કાર કર્યો. બહુ બહુ ઉપચાર કર્યા છતાં, ત્રીસ વર્ષના મારા મોટાભાઈ સુહૃદનું - પંદર દિવસના મંદવાડ પછી - અવસાન થયું. મનોરમા અને તેના નાના નાના, બે પુત્રો! મારાં માતાપિતાએ તે વારે શું અનુભવ્યું હશે? સમુદ્રતટે બાણગંગાની કાળી શિલાઓ પર મારા ભાઈને અગ્નિસંસ્કાર દીધો અને રાત્રે અમે અમદાવાદ જવા નીકળ્યાં.

સુહૃદભાઈ નહોતા - પુત્રવધૂને પુત્રવત્ ગણી. કોઈ નિયંત્રણ કે રીતરિવાજનું બંધન ન લદાયું. ચાંલ્લો અને એ જ પહેરવેશ રહ્યો - બહાર જવું પ્રવૃત્તિ - વ્યવહાર - સર્વ એ પહેલાંની જેમ જ રહ્યાં.

પણ ત્યારથી એક ઓળો તો મારા માવતરના જીવન પર પથરાઈ ગયો જ. મારી માએ સફેદ સાડી અને કચકડાની બંગડી સિવાય અન્ય કાંઈ પહેર્યું જ નહીં. મારા પિતાનો પક્ષીઓ અને અન્ય શોખ પણ જાણે ધીમે ધીમે અસ્ત પામ્યો.

★

૧૯૪૬ પછી ગાંધીજીના આમંત્રણથી અને મારા પિતાના અનુમોદથી સરલાબહેને કસ્તુરબા નિધિનાં ગુજરાતના પ્રતિનિધિ તરીકેની કામગીરી ઉપાડી લીધી. આખા ગુજરાતમાં ગામડે ગામડે પ્રચાર અને કેન્દ્રોના રચનાર્થે મુસાફરી કરી અને કોબામાં કસ્તુરબા વિદ્યાલયની સ્થાપના કરી. શાહીબાગથી કોબાનું સોળ માઈલનું અંતર, મોટા ભાગે ખેતરોમાંથી પસાર થતા કાચા રસ્તા પરથી સરલાબહેન લગભગ રોજ કાપતાં. જમીન ખરીદી તે પછી સુરેન કોર પાસે નકશા કરાવ્યા, ઈંટો પાડીને બાંધવા સુધીની સમસ્ત જવાબદારી પોતાની દેખરેખ નીચે તેમણે ઉપાડી લીધી. આ એક હિમાલય જેવું કામ હતું. મારાં મમ્મીની વય પચાસ વર્ષ ઉપરની હતી. મારા પિતાએ પ્રોત્સાહન આપતાં કહ્યું : "આટલાં વર્ષ તમે ઘર અને કુટુંબ સંભાળ્યાં અને મને કામ કરવાની તક આપી. હવે હું ઘર અને કુટુંબને સંભાળીશ - તમે બહાર કામ કરો."

★

મૃદુલાબહેને ૧૯૩૪માં સ્ત્રીઓના રાહતકાર્ય માટે જ્યોતિસંઘ અને ૧૯૩૮માં વિકાસગૃહનું નિર્માણ કર્યું. તેને માટે મગનભાઈની હવેલીમાં જગા થઈ ગઈ. મૃદુલાબહેન ખાદી પહેરી, વિદ્યાપીઠમાં ભણ્યાં અને આશરે આઠ વર્ષ કારાવાસમાં વિતાવ્યાં. ભારત પાકિસ્તાનના ભાગલા વખતે બંને બાજુ મુશ્કેલીમાં સપડાયેલી બહેનોને છોડાવવાનું કાર્ય કર્યું. કાશ્મીરના પ્રશ્નને ઉઠાવ્યો ત્યારે વડાપ્રધાન પંડિત નહેરુ સાથે સંઘર્ષમાં આવ્યાં અને જેલ ભોગવી. ૧૯૫૫-૫૬ મારાં માતા-પિતા દરેક પખવાડિયે જેલમાં મૃદુલાબહેનની મુલાકાત લેવા ટ્રેનમાં દિલ્હી જતાં. આમાં તેમને ખૂબ શ્રમ અને ઘસારો પડ્યાં. મારા પિતાની છેલ્લી માંદગીમાં, એક વર્ષ માટે મૃદુલાબહેનને 'રિટ્રીટ' માં ભારત સરકારે હાઉસ એરેસ્ટ ફરમાવી જેથી ઘરના પ્રવેશ પર પોલીસનો પહેરો રહેતો.

*('અખંડ દીવો' માંથી, આ પુસ્તકમાં પ્રકાશનાદિ વિગત નથી, સંપાદકે આ પુસ્તક શ્રેયસ પ્રતિષ્ઠાન, અમદાવાદથી મેળવ્યું હતું.)*

# ગાંધી હજી જીવતા જાગતા છે!

કુમારપાળ દેસાઈ

મહાત્મા ગાંધીએ પંડિત જવાહરલાલ નહેરુને એક 'તાવીજ' આપ્યું હતું. આ 'તાવીજ' એટલે કે કસોટી. એમણે પંડિત નહેરુને કોઈ પણ કામનો પ્રારંભ કરતી વખતે શું વિચારવું, એનો માપદંડ આપ્યો. મહાત્મા ગાંધીજીએ બતાવ્યું કે 'તમે કોઈ પણ કામ શરૂ કરો, ત્યારે તમે નજરે દીઠેલા ગરીબમાં ગરીબ માણસને યાદ કરજો અને પછી એને યાદ કરીને જાતને સવાલ પૂછજો કે તમારા આ કામથી પેલા ગરીબને શું લાભ થવાનો છે?''

આ ગરીબમાં ગરીબને લાભ થવાના ગાંધીજીના વિચારે દુનિયાભરમાં શાંત ક્રાંતિ કરી છે. અત્યંત ભૌતિક, પરિગ્રહી, સ્વાર્થી અને સંકુચિત માનસ ધરાવતા સમાજને એક નવી રાહ બતાવી.

આજે ગાંધીજી આપણી વચ્ચે નથી, પરંતુ ગાંધીવિચારરૂપે એ અનેક વ્યક્તિઓમાં પ્રગટ થાય છે. રેડિકલ પાર્ટી કે ગ્રીન પાર્ટી તો ખુલ્લેઆમ જાહેર કરે છે કે આજે ગાંધીજી એ અમારા માર્ગદર્શક છે અને એમણે ચીંધેલા માર્ગે અમે ચાલી રહ્યા છીએ. એમના સિદ્ધાંતોના આધાર પ્રમાણે નીતિ-રીતિ ઘડી રહ્યા છીએ.

ગાંધીવિચારના પ્રાગટ્યની વાત કરીએ એટલે માર્ટિન લ્યૂથર કિંગ (જુનિયર) નું સૌથી પહેલું સ્મરણ થશે. મહાત્મા ગાંધીજીની અહિંસક સત્યાગ્રહની ભાવનાએ યુવાન માર્ટિન લ્યૂથર કિંગ (જુનિયર) પર ઊંડો પ્રભાવ પાડ્યો. એણે ગાંધીજીના સત્યાગ્રહને રંગભેદ સામે અવાજ ઉઠાવવાનું પ્રબળ શસ્ત્ર બનાવ્યું હતું. માર્ટિન લ્યૂથર કિંગે શાંતિકૂચ કરી. ઘણા લોકોએ એના પર હિંસક હુમલા કર્યા, પરંતુ માર્ટિનલ લ્યૂથર કિંગ (જુનિયર) મક્કમ રહ્યા. ગાંધીજી અને કિંગે પોતાનું જીવન શાંતિભર્યા માર્ગોની શોધમાં ગાળ્યું, પરંતુ હિંસાએ બંનેનો ભોગ લીધો. ગાંધીજીની માફક માર્ટિન લ્યૂથર કિંગની હત્યા પ્રત્યે આખા વિશ્વે વેદના પ્રગટ કરી.

ગાંધીજીની આત્મકથાનો પ્રભાવ ૧૯૮૦ નું નોબેલ પારિતોષિક મેળવનારા 'અડોલ્ફ પેરેઝ સ્વીવેલ' પર પડ્યો. એણે ગાંધીજીની ગ્રામ-સ્વાવલંબનની કલ્પના સાકાર કરી. જ્યારે ગાંધીજીની આત્મકથાનો પ્રભાવ ૧૯૯૧ નું નોબેલ પારિતોષિક મેળવનાર 'આંગ સાન સૂ કી' પર પડ્યો. ૧૯૬૦ માં એની માતા સાથે દિલ્હી આવેલી સૂકીએ દિલ્હીની પ્રાઈવેટ સ્કૂલમાં અભ્યાસ કર્યો. અહીં એણે મહાત્મા ગાંધીજીની તમામ પ્રકારનાં અનિષ્ટો સામે લડવાની પદ્ધતિનો અભ્યાસ કર્યો. પચીસ વર્ષ બાદ સૂકીએ એ જ અહિંસક અસહકાર દ્વારા બર્મામાં લોકશાહીની સ્થાપના માટે સફળ પ્રયાસ કર્યો.

માર્ટિન લ્યૂથર કિંગે સત્યાગ્રહને પ્રતિકારના શસ્ત્ર તરીકે અને અહિંસક જીવન જીવવાની શૈલી તરીકે જોયો. એ જ રીતે દક્ષિણ આફ્રિકાના નેલ્સન મંડેલાએ 'લોંગ વૉક ટુ ફ્રીડમ' નામની પોતાની આત્મકથામાં જીવનભર મળેલી મહાત્મા ગાંધીજીની પ્રેરણાનો ઉલ્લેખ કર્યો.

દલાઈ લામા પણ આજે ગાંધીજીની વિચારધારાનો પુરસ્કાર કરે છે અને એવી જ રીતે જગતભરમાં ગાંધીજીની પ્રેરણા પામેલી કેટલીક વ્યક્તિઓનો સુંદર આલેખ પ્રસૂન નિશાંત પાસેથી આ પ્રમાણે મળે છે.

ઇંડોનેશિયામાં ૧૯૨૧માં જન્મેલી ગેડાંગ બાગુ ઓકાએ ૧૯૫૬માં ગાંધીજીની આત્મકથા વાંચી. એ પછી એણે બીજું ગાંધીસાહિત્ય પણ વાંચવા માંડ્યું. એના પરથી એને લાગ્યું કે ઇંડોનેશિયાની જનતાને મહાત્મા ગાંધી અંગે વધારે માહિતી મળવી જોઈએ. એને લાગ્યું કે એના અનુસરણથી જ ઇંડોનેશિયા શાંતિપૂર્વક પોતાનો વિકાસ કરી શકશે અને પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી શકાશે. એણે ૧૯૭૦માં બાલી શાંતિ સેના ફાઉન્ડેશનની સ્થાપના કરી અને ગાંધીજીની આત્મકથાનું ભાષાંતર કરી અધ્યાપકો અને સમાજસેવકોમાં એનું વિતરણ કર્યું. પરિણામે અનેક લોકો એમની સાથે સામેલ થયા. એથી આગળ વધીને ગાંધીવિચાર પર આધારિત એક આશ્રમની સ્થાપના કરી. જે લોકોએ સત્ય અને અહિંસાને સારી રીતે સમજી લીધા છે અને જેમને એમાં રુચિ છે તેવા લોકોને જ આશ્રમમાં દાખલ કરે છે. આશ્રમ જનતામાં પવિત્રતાપૂર્ણ જીવન જીવવાની, આત્માની શાંતિની ખોજ અને પ્રકૃતિ તથા માનવ વચ્ચે તાલમેલ મેળવી જીવવાની રીતિ અંગે એક વૈચારિક જાગૃતિ લાવવામાં સફળ રહ્યો છે.

ફ્રાંસની રાજધાની પેરિસથી એક હજાર કિલોમીટર દૂર ખાડા-ટેકરાવાળી ૩૦૦ એકર જમીન પર આર્ક આશ્રમની સ્થાપના કરવામાં આવી છે. જે કોઈ જાય, તેને ત્યાં ગાંધીજીના ભારતના આશ્રમોની યાદ આવે છે. આ આશ્રમમાં વીજળી નથી અને ખેતીકામ હાથ વડે તથા ઘોડાની મદદથી થાય છે. લગભગ દોઢસો જેટલા આશ્રમવાસી એક કુટુંબની જેમ સામૂહિક જીવન જીવે છે. બધા જ શાકાહારી છે. સવારે પ્રાર્થના પછી બધા સફાઈ,

ખેતી, લાકડાં, ચીરવાં, પાઉં બનાવવા અને ગોપાલનનાં કામોમાં જોડાઈ જાય છે. કલાકે કલાકે ઘંટી વગાડવામાં આવે છે. ઘંટી વાગતાં જ બધા કામ છોડી બહાર પ્રકૃતિની ગોદમાં બે મિનિટ શાંત ઊભા રહી પ્રાર્થના કરે છે અને પાછા જઈને કામ પર ચઢી જાય છે.

આ આર્ક આશ્રમના સંસ્થાપક ગાંધીજીના શિષ્ય લાંઝા ડેલ વાસ્તો ઇટલીમાં જન્મ્યા હતા. એમને નાનપણથી જ સામાજિક ક્રાંતિનાં કામોમાં રસ હતો. લાંબા ગાળા સુધી વિચાર્યા પછી અને અનુભવે એમને દઢ વિશ્વાસ બેઠો કે હિંસાથી લવાયેલી ક્રાંતિ એનાથી મોટી હિંસાથી ખતમ થઈ શકે. ગાંધીજીના વિચારોમાં પણ એમને એ જ વાત મળી, તેથી એમનો વિશ્વાસ વધુ દઢ થયો. એ ગાંધીજીના અનુયાયી બન્યા અને પોતાનું નામ પણ શાંતિદાસ રાખ્યું. કામ માટે એમની તૈયારી એટલી કે આશ્રમનો વિચાર મનમાં આવ્યો કે તરત જ ભારત પહોંચ્યા અને જુદા જુદા આશ્રમોનું નિરીક્ષણ કર્યું. એમને કેવળ એના મકાન, નિયમ વગેરેમાં જ રસ નહોતો, એમને એની પાછળની ભાવના અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું પણઅધ્યયન કરવું જરૂરી લાગ્યું. હવે એમનો દેહ નથી રહ્યો. વૃક્ષોની ઘટાની નીચે એમની સમાધિ બનાવી છે.

આજની આધુનિકતા, મોટા ઉદ્યોગોથી ફેલાતું પ્રદૂષણ અને માનસિક અશાંતિથી ત્રાસેલાં કેટલાંય સ્ત્રી-પુરુષો આર્ક આશ્રમમાં આવે છે અને શાંતિ પામે છે. આર્કના નમૂના પ્રમાણે ઇટલી, સ્વિટ્ઝરલેન્ડ, જર્મની અને અમેરિકા વગેરે દેશોમાં આશ્રમો બનાવવાની યોજનાઓ ચાલી રહી છે. શાંતિદાસ પછી એમનું સ્થાન લેનાર પીટરે પણ પોતાનું નામ બદલી મોહનદાસ રાખી, આશ્રમની પરંપરા ચાલુ રાખી છે.

પીટરને થયું કે જર્મનીની જનતાને ગાંધીજીની અહિંસક પદ્ધતિની વાત જણાવવી જોઈએ. એ પોતાને ખર્ચે અને ઘણી મહેનતે ગાંધીજીના ફોટા, ચરખા, આશ્રમની ઝૂંપડીઓના નમૂના, નકશાને પુસ્તકો ભારતથી જર્મની લઈ ગયા અને ત્યાં એનું પ્રદર્શન ગોઠવ્યું.

૧૯૨૦માં જન્મેલા ચાર્લ્સ વાકરને પણ ગાંધી વિચારના દૂત ગણાવી શકાય. વિદ્યાર્થી હતા ત્યારથી એમને હિંસા પ્રત્યે અણગમો હતો અને વિશ્વયુદ્ધના પ્રખર વિરોધી હતા. આ માટે એમને જેલની સજા પણ થઈ. આ ગાળામાં એમણે ગાંધીજી પ્રત્યે પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી અને એમના જીવન તથા સામાજિક આંદોલનોનું ઊંડું અધ્યયન કર્યું. એક ગાંધીવાદી આંદોલનકારી તરીકે એમની નામના છે. શાંતિ માટેના પ્રયાસ, નાગરિક અધિકાર તથા માનવતાવાદી કારણોસર ચલાવાતાં આંદોલનોમાં એમણે મહત્ત્વભર્યો ભાગ ભજવ્યો છે. આ બધામાં એક સંગઠક તરીકે અને રાજસત્તા સામેનાં આંદોલનોમાં સંચાલક તરીકે એમણે સારી આવડત દાખવી છે. આજના સંદર્ભમાં ગાંધીજીનું મહત્ત્વ, સવિનય કાનૂનભંગના સિદ્ધાંત અને વ્યવહાર, અહિંસક આંદોલન અને સામાજિક પરિવર્તન વગેરે વિષયો પર એમણે ડઝનબંધ પુસ્તકો લખ્યાં છે. વર્લ્ડ પીસ બ્રિગેડ (વિશ્વ શાંતિસેના) અને પીસ બ્રિગેડ ઇન્ટરનેશનલ (આંતરરાષ્ટ્રીય શાંતિસેના) ના એ સ્થાપક છે. બંને સંગઠન આજે વિશ્વભરમાં શાંતિના કાર્યમાં સક્રિય છે.

સતીષકુમારે ૧૯૬૨માં ખાલી ખિસ્સે મોસ્કો, પેરિસ, લંડન અને વૉશિંગ્ટન એમ ચાર અણુસત્તાવાળી રાજધાનીઓની પગપાળા યાત્રા કરી. લંડન સ્કૂલ ઑફ નોન વાયોલન્સ દ્વારા એ યુવાનોને ગાંધીવિચાર શીખવે છે. એમણે ઇંગ્લેન્ડના દક્ષિણ પશ્ચિમે આવેલા એક ગામમાં 'ધ સ્મોલ સ્કૂલ' (નાનકડી શાળા) સ્થાપી છે અને એને ગાંધીવિચાર પ્રમાણે ચલાવે છે. અહીંનાં બાળકો સામાન્ય શિક્ષણના વિષયો ઉપરાંત રસોઈ, બાગકામ, વાસણ, કાષ્ઠકળા, પર્યાવરણ-સંરક્ષણ અને સામુદાયિક સેવાના ક્ષેત્રોમાં કુશળતા ધરાવે છે. હાલ લંડનમાં આ પ્રકારની આઠ શાળાઓ છે. એ શાળાઓમાં વ્યવહારુ શિક્ષણ અને વ્યાપક દૃષ્ટિવાળા વિચારોને અમલમાં મૂકવામાં આવે છે.

ડેન્માર્કમાં ખેડૂત કુટુંબમાં જન્મેલી મારી થોગર કોઈ પણ ખેડૂતની દીકરીની જેમ ખેતરમાં કામ કરતાં કરતાં ઊછરી. પરિણામે ગામડાંના ઉધ્ધારમાં એનું મન પરોવાયું. આ યુવતી મહાત્મા ગાંધી અને વિનોબાજીની સાચી ભક્ત છે. યુનેસ્કોના એક કાર્યક્રમ માટે ૧૯૫૨-૫૩માં ભારત આવી હતી. એ ગાળામાં એણે ખાદી ગ્રામોદ્યોગનું અધ્યયન કર્યું અને નિયમિત ખાદી ગ્રામોદ્યોગની વસ્તુઓ જ વાપરવા માંડી. એ પર્યાવરણપ્રેમી હોવાથી રાધા ભટ્ટ વગેરે સાથે મળીને 'ચિપકો આંદોલન' ને ચીપકી રહી. કેરાલામાં સાઈલન્ટ વેલીના આંદોલનમાં બરાબર રસ લેતી રહી, પરંતુ આ બધા કરતાં પણ મારી થોગર ડેન્માર્ક અને બીજા દેશોમાં ચાલી રહેલા શાંતિ આંદોલનો સાથે વધારે જોડાયેલી છે. એનાં લખાણ અને કામનું મહત્ત્વ ભારતમાં તેમજ વિદેશોમાં વધી રહ્યું છે. શાંતિ અને માનવસમાજ અંગેના એનાં લખાણોનું ખૂબ ઉત્સુકતાથી અધ્યયન થાય છે.

આર્જેન્ટિનાના ગાંધી તરીકે જાણીતા થયેલા પ્રો. આડોલ્ફો ડી. ઓબિએટાએ પોતાના વ્યક્તિગત જીવનમાં અને સાર્વજનિક જીવનમાં ગાંધીનાં આદર્શો અને મૂલ્યોને ધાર્મિકતાપૂર્વક હંમેશને માટે અપનાવ્યાં છે.

ઓબિએટા નિબંધકાર, કવિ અને વિચારક છે. એમનાં લખાણોમાં એમની ખ્રિસ્તી અહિંસક ભાવના સ્પષ્ટ વરતાઈ આવે છે. તેવી જ રીતે ગાંધીવાદી વિચારશીલ ઉગ્રતા પણ નજરે પડે છે. એમણે ગાંધીજી અનુસાર જીવન જીવવાના અને એનો પ્રચાર-પ્રસાર કરવાના પ્રયત્નો કર્યા છે. એ કેવળ સત્ય અને અહિંસાના પ્રચારક છે એમ નથી. ગાંધીજીના આદર્શોની કસોટીમાંથી પાર ઊતરે છે. પહેલાં કરતાં આજકાલ આર્જેન્ટિનામાં સત્ય, અહિંસા

અને શાંતિના સિદ્ધાંતોને વધારે જરૂરી માનવામાં આવે છે, તેનો યશ ઓબિએટાના વણથાક્યા પ્રયત્નોને આભારી છે. કોઈ પણ જાતના દંભ, આડંબર કે પ્રદર્શન વિના એ દૃઢ વિશ્વાસ સાથે ગાંધીના રસ્તે ચાલી રહ્યા છે.

ગાંધીવાદી મૂલ્યોનો વિદેશોમાં પ્રચાર કરવામાં કમલાની હોડમાં બીજું કોઈ આવી ન શકે. આ અમેરિકન મહિલાનું મૂળ નામ સેલી સ્લેક હતું, પણ ગાંધીવાદી કાર્યોમાં ડૂબ્યાં બાદ એ કમલા થઈ.

હાલમાં એ વોશિંગ્ટનમાં ગાંધી મેમોરીઅલ ફાઉન્ડેશન અને ગાંધી મેમોરીઅલ સેન્ટરમાં કાર્યરત છે. તેઓ પચાસ જેટલા કાર્યકર્તાઓને માર્ગદર્શન આપે છે. એમાં ૩૦ જેટલા આશ્રમવાસી કહેવાય છે. એ લોકો આ જગ્યાની સારસંભાળ રાખે છે.

કમલાએ કદાચ સૌપ્રથમ મહાત્મા ગાંધીના જીવન અને સંદેશના આધારે એક પત્રવ્યવહાર પાઠ્યક્રમ શરૂ કર્યો. હંગેરી અને જોહાનિસબર્ગ જેવા દૂરદૂરના વિસ્તારોમાં વિદ્યાર્થીઓએ આની પરીક્ષા પસાર કરી છે.

૧૯૭૬થી માંડી દર વર્ષે ગાંધીજયંતી અને બાપુ નિર્વાણ તિથિ પ્રસંગે અપાતા કમલાના ભાષણનું પ્રસારણ ન્યુયોર્કના 'ભારતવાણી રેડિયો' દ્વારા કરવામાં આવે છે. ગાંધીજયંતી પ્રસંગે ગાંધી સેન્ટર મારફતે જે કાર્યક્રમ થાય છે તેનું ભારતમાં પ્રસારણ કરવા માટે વોઈસ ઓફ અમેરિકા ટેપ કરી લે છે.

કમલાએ ગાંધીજી પર કેટલાંય પુસ્તકો લખ્યાં છે અને 'ગાંધી મેસેજ' (ગાંધીનો સંદેશ) નામનું એક ત્રૈમાસિક કાઢે છે. કમલાએ ભારતીય આધ્યાત્મિક પરંપરાનું વિશેષ રીતે પ્રતિનિધિત્વ કર્યું છે અને એના એ પ્રદાન બદલ એસોસિએશન ઑફ ઇન્ડિયન્સ ઈન અમેરિકા તરફથી કમલાને ભારતીય દર્શન અને મહાત્મા ગાંધીના આદર્શોની રાજદૂત તરીકે ઉપાધિથી નવાજવામાં આવી છે.

અમેરિકાના પ્રો. મેરી કિંગ, દક્ષિણ આફ્રિકાના આર્ચ બિશપ ડેસમન્ડ ટૂટૂ અને કોરિયાના ડૉ. યૂંગ સીક ગાંધીપ્રેરણાથી જીવનકાર્ય કરે છે. મહાત્મા ગાંધીજી આપણી વચ્ચે જ છે ને!

આ વિશ્વમાં જ્યારે જ્યારે માનવીને પોતાના અંતરાત્માની અભિવ્યક્તિ પ્રગટ કરવાની હશે, ત્યારે ત્યારે એને મહાત્મા ગાંધીજી પાસે જવું પડશે. આનું કારણ એ છે કે એમનું જીવન એ કોઈ વ્યક્તિનું જીવન નથી, પરંતુ પરમ સત્યની પ્રાપ્તિ માટેની મથામણનું જીવન છે.

એમણે કહ્યું કે, 'મારું જીવન એ જ મારી વાણી.' એમાં એક પરમ સત્ય છુપાયેલું છે અને એ છે જીવનમાં આચાર અને વિચારનું ઐક્ય. સત્યની સાધના કરતા ગાંધીજી પોતાના આત્માની ઓળખથી માંડીને છેક પરમાત્મદર્શન સુધી પહોંચે છે. એક સામાન્ય વ્યક્તિ સત્યને માર્ગે ચાલીને પૂર્ણતાની કઈ રીતે પ્રાપ્તિ કરે છે એનો આલેખ એમના જીવનમાં જોવા મળે છે.

આજે જગત હિંસાના આત્મઘાતક સિદ્ધાંત તરફ ગતિ કરે છે, ત્યારે અહિંસા-સત્યરૂપી શસ્ત્ર દ્વારા પરિવર્તન લાવનારી ગાંધીશક્તિ સ્થળ કે કાળ, સ્વદેશ કે પરદેશના સીમાડાઓ વીંધીને માનવઆત્માને ઢંઢોળતી રહેશે. આ સંદર્ભમાં ગાંધીવિચારક શ્રી નારાયણભાઈ દેસાઈએ કહેલો એક પ્રસંગ નોંધું છું, જેમાં ગાંધીજીની પ્રસ્તુતતા વિશે વાત કરી છે. તેઓ લખે છે :

'ન્યૂજર્સીમાં મારા યજમાને મને પોતાના દીકરાની ઓરડીમાં રાતવાસો આપ્યો હતો. દીકરાને વર્ગમાં જે લખાણને લીધે 'એ-વન' મળ્યો હતો, તેવું એક લખાણ એણે ઓરડીનાં બારણાં પર ચોંટાડ્યું હતું. બાર વરસના આ છોકરાએ 'ડીઅર ગાંધી' ને સંબોધીને પત્ર લખ્યો હતો.

'આ રજામાં મેં આપની આત્મકથા વાંચી, મને માત્ર એટલું જ દુઃખ છે કે તમે આટલા બધા વહેલા કેમ જન્મી ગયા. તમારી વધારે જરૂર તો આ જમાનામાં છે, પણ કાંઈ નહીં, અમે બેઠા છીએ ને તમારો બોધ અમારી પાસે છે. અમે અમારી માફક સત્યના પ્રયોગો કરતાં શીખીશું' આ છે આજના સમયે ગાંધીજીની પ્રસ્તુતતા.

*('સપ્રેસ' માંથી)*

---

## રેંટિયાના તાર, હૃદયના તાર

**(અનુસંધાન : પાના નં.-૨૭ ઉપરથી ચાલુ)**

રેંટિયો ચલાવી શકે એવી મુસ્લિમ બહેનો છે અને એમનું સૂતર કોઈ ખરીદી લેતું હોય તો પોતે કાંતીને પેટ ભરવાયે તૈયાર છે, ને જેને શીખવું હોય તેને શીખવવાયે તૈયાર છે. આ શોધથી ગાંધીજીને એટલો હરખ થયો કે પોતાની આત્મકથામાં એમણે 'મળ્યો' નામનું પ્રકરણ લખી નાખ્યું. પછી પ્રશ્ન આવ્યો પૂણીઓનો. ઉમર સોબાની જેવા હોમરૂલ લીગ અને ખિલાફત આંદોલનના મિત્રો પોતાની મિલમાંથી પૂણીના ટુકડા આપવા તૈયાર હતા. પણ ગાંધીજી જાણતા હતા કે મિલો તો હજી હમણાં આવી હતી. તે પહેલાં હાથે બનાવેલી પૂણીઓ તો દેશમાં બનતી જ હતી. આ બાજુ મગનલાલ ગાંધી આશ્રમમાં વણાટકાંતણ અંગે નવી નવી શોધો કરવામાં ગૂંથાયેલા હતા, તો પેલી બાજુ ગાંધીજી મુંબઈના મણિ ભવનમાં માંદગી પછી આરામ લેતા પડ્યા હતા, પણ એમનું ચિત્ત તો આશ્રમના ઉદ્યોગ મંદિરમાં જ ચોંટેલું હતું. એક દિવસ લેબર્નેમ રોડ પરથી અવારનવાર પોતાની પીંજણની તાંત પર ચપટી લગાડી 'પટ પેં પટ પેં' કરતાં પીંજારાને બોલાવી તેમણે તપાસ આદરી. આ પીંજારો તો ગાદલાનું રૂ પીંજી આપતો હતો, પણ થોડાં વધુ નાણાં લઈ કાંતવા સારુ પૂણીઓ બનાવી આપવાયે તૈયાર હતો. એમ આશ્રમમાં પીંજણ આવી અને પીંજણ પરના પ્રયોગો આવ્યા. ત્યારબાદ કપાસમાંથી રૂ લોઢવા સારુ ચરખી આવી. અને છેવટે હાથના કાંતણ સારુ કેવું રૂ વધુ અનુકૂળ આવે અને એને સારુ કેવો કપાસ જોઈએ તેની શોધખોળો ચાલી.

*("મારું જીવન એ જ મારી વાણી" દ્વિતિય ખંડ*
*લેખક : નારાયણ દેસાઈમાંથી.*
*પ્રેષક : ચિંતન પલણ)*

# રેંટિયાના તાર, હૃદયના તાર

નારાયણ દેસાઈ

સાળ પર બેઠેલા ગાંધીજી કાંઈક ઉદાસ, કાંઈક બેચેન લાગે છે. હાથ સાળ પર છે, પણ ચિંતા લાખો વણકરો અને કાંતનારી બહેનોની છે. એ વિચારે છે કે આજે તો મિલો પાસે આવું ઝીણું સૂતર વણવાની સગવડ નથી, પણ જે દિવસે સાબરમતી નદીને સામે કાંઠે ઊભેલી આ મિલો આવું સૂતર પણ વણવા લાગશે ત્યારે મારું શું થશે? અને મારું શું થશે, એટલે કે મારા જેવા હજારો વણકરોનું શું થશે? અને એક એક વણકરને સૂતર પૂરું પાડનાર ગામડાની બહેનોનું શું થશે? સાળ પર બેઠા બેઠા એમણે વણકરો સાથે પોતાના હૃદયના તાર જોડી દીધા હતા. એટલે બહુ નજીકના જ ભવિષ્યમાં આવી રહેલી બેરોજગારીના ઓળા અગાઉથી જોઈ શક્યા. એમનું એ પ્રાતિભદર્શન હતું. વૈષ્ણવજન વણકરોની પીડ જાણી ગયા અને તેમને વણકરોની રોજગારીને આધારે પોતાની રોજી રળતી બહેનોની પીડ પણ દેખાઈ ગઈ. એ ચિંતામિશ્રિત કરુણામાંથી ઊપજ્યો એક સંકલ્પ : 'હાથ કાંતણ અને હાથ વણાટનું પુનર્જીવન શરૂ થવું જોઈએ.' આ થઈ ૧૯૧૫ની વાત. તે વર્ષે જ ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા હતા. જ્યારે રેંટિયો કોને કહેવાય અને સાળ કોને કહેવાય એ તફાવત પણ તેઓ નહોતા જાણતા ત્યારથી દક્ષિણ આફ્રિકામાં જ ૧૯૦૯થી એમને એ સમજાઈ ગયું હતું કે હિંદુસ્તાનનો મૂળ રોગ ભૂખ નહીં, પણ કામનો અભાવ છે. અને ત્યારના સંયોગોમાં હાથકાંતણ અને હાથણાટ જ એવા ઉદ્યોગો છે કે જેને લીધે હિંદના સૌથી ગરીબ લોકોને કામ આપી શકાશે અને આમ કરવાથી ગરીબોની ભૂખ મટાડવાનો થોડો ઘણો ઉપાય થઈ શકશે. આશ્રમ વસાવ્યા પછી તરત તેમણે ત્યાં વણાટકામ શરૂ કર્યું. સૂતર મિલમાંથી લાવતા. ઘણીવાર એ પરદેશી મિલનું પણ હોય. ગાંધીજી થોડા વખતમાં એ સમજી ગયા કે સૂતર સારુ મિલો ઉપર આધાર રાખવાથી આપણી સાળ ચાલે નહિ. સૂતર આપણું પોતાનું જ, એટલે કે હિંદનાં ગામડાંઓમાં બનેલું જ હોવું જોઈએ. એટલે તે કેવી રીતે મેળવવું અને ક્યાંથી મેળવવું એની ચિંતા તેમણે કરવા માંડી. તેમને એ પણ સમજાઈ ગયું કે જો સૂતર આપણે પોતે કાંતી લઈએ તો જ પોતાના પગ પર ઊભા રહી શકાય. અમદાવાદમાં કાઠિયાવાડ બાજુથી આવેલ વણાટ શીખવનાર વણકર તો મળી ગયા હતા પણ કાંતનારા ક્યાંથી લાવવા? ગાંધીજી જ્યાં જ્યાં જાય ત્યાં તેમણે રેંટિયાની અને કાંતનારની શોધ કરવા માંડી. સાળ પણ એમને ઠેઠ કાઠિયાવાડ ને પાલનપુરથી મળી હતી. મગનલાલ ગાંધીએ આશ્રમમાં વણાટ ચાલુ કરવાનું બીડું ઝડપ્યું. તેઓ પોતે જ સાળ ગોઠવવાથી માંડીને વણાટ વણવા સુધીની બધી પ્રક્રિયાઓ શીખ્યા. આશ્રમવાસીઓએ પોતાને ત્યાં વણાયેલાં કપડાં પહેરવા માંડ્યાં. એમ મિલના સૂતરથી આશ્રમમાં વણાયેલું કાપડ આશ્રમવાસીઓના શરીર પર આવ્યું. આશ્રમવાસીઓ વણકર બન્યા એટલે તેમને હિંદુસ્તાનના વણકરોની અવસ્થાની જાણ થઈ. વણકરોને સૂતર મેળવવામાં જે મુશ્કેલી પડતી હતી તે સમજાયું, મિલો પાસેથી સૂતર મેળવતાં તેઓ કેવા છેતરાતા હતા તે સમજાયું અને દિવસે દિવસે તેઓ કેવા કરજદાર થઈ રહ્યા હતા એ પણ સમજાયું. આશ્રમવાસીઓએ હાથવણાટનું કાપડ જ પહેરવાનો સંકલ્પ કર્યો અને તેઓ પોતાની જરૂરિયાત પૂરતું કાપડ વણી તો શકતા નહોતા તેથી તેમને બહારના વણકરો પાસેથી કાપડ મેળવવું પડતું પણ એ વણકરોનેય સૂતર ક્યાંથી મળે? આશ્રમવાસીઓને એ પણ સમજાયું કે સૂતર સારુય મિલો ઉપર આધાર રાખ્યે ચાલશે નહિ. છેવટે તો સૂતર પણ જાતે જ કાંતી લેવું પડશે. પણ એના રેંટિયા ક્યાં? એને શીખવે કોણ? પોતાની મુસાફરી દરમિયાન ગાંધીજી જેમને મળે એની આગળ પૂછપરછ કરે પણ ત્યાર સુધીમાં હિંદુસ્તાનમાં જે કાંઈ પણ રેંટિયા બચ્યા હતા તે એના સૂતરના ગ્રાહકના અભાવને લીધે કામ વિનાના થઈને અભરાઈ કે માળિયે ચડી ગયા હતા. માન્ચેસ્ટર અને લેંકેશાયરની મિલો હિંદના કાપડ ઉદ્યોગને ઓહિયાં કરી ગઈ હતી. હિંદના કેટલાક ઉદ્યોગપતિઓએ પોતાનાં માથાં ઊંચકવા માંડ્યાં હતાં. એ બધું કાપડ તૈયાર કરી શકે એમ નહોતા. માટે જો ગાંધીજી જેવાઓ પોતે પોતાની મિલોમાં ન વણી શકે એવું સૂતર વણી આપનાર વણકરો શોધી આપે તો એવા વગર પગારના દલાલોને ખુશીથી વધાવી લેતા હતા. પણ જાતે સાળ પર બેસીને વણકરો સાથે તાદામ્ય સાધનાર ગાંધીજી એ ચિંતામાં નિમગ્ન હતા કે જ્યારે આ મિલોમાં બધું સૂતર કાંતી વણી લેવાની વ્યવસ્થા થઈ જશે ત્યારે પેલા વણકરોનું શું થશે?

સાબરમતી આશ્રમની વસ્ત્રવિદ્યા તરફની ગતિ એમ જોઈએ તો અવળી હતી. પહેલાં સાળ આવી, પછી ત્રણેક વરસની શોધખોળને અંતે ગંગાબહેન મજુમદાર નામનાં ભરૂચ તરફનાં એક વિધવા બહેનના અથાગ પરિશ્રમ અને રખડપટ્ટીને પરિણામે એટલી ભાળ લાગી કે ગાયકવાડી રાજમાં વિજાપુર તરફ હજીયે

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૬ ઉપર)

# ગાંધીજીના પ્રિય ત્રણ વાંદરા : નૂતન અભિગમ

સંજય તલસાણિયા (ડૉ.)

મહાત્મા ગાંધીના વિચારોને પ્રદર્શિત કરતા પ્રતીકાત્મક ત્રણ વાંદરા અને તેમાંથી નિષ્પન્ન થતા રહસ્ય વિશે આપ સુવિદિત છો. તેનો પડઘો પેલી ધૂન 'પહેલે રમકડે હો ડાહ્યા ત્રણ વાંદરા'' માં પહેલા વાંદરાએ બે હાથ વડે મોં બંધ કર્યું છે, બીજાએ આંખો અને ત્રીજા વાંદરાએ કાન બંધ કર્યા છે. તેની સમજૂતી ખૂબ સરળ છે જે અનુક્રમે ખોટું કે ખરાબ ન બોલવું, ન જોવું કે ન સાંભળવું એવો અર્થ ઘટવી શકાય. સૌ લોકો તેનું અનુસરણ કરે તો ''आधी दुनिया शांत हो सकती है'' — એવી છૂપી તાકાત એમાં છે એ સ્વીકારવું જ રહ્યું. એમાં પ્રદર્શિત ભાવનાની શૈક્ષણિક વિવેચના કરીએ તો આ રીતે કરી શકાય :

**(૧) મોં બંધ :**

વ્યક્તિની ભાષા કે બોલી તેના વ્યક્તિત્વની પરિચાયક છે. કોઈ સારું બોલતાં હોય તો કહે છે તેના મોંમાંથી ફૂલ ઝરે છે ને ઘણાંની વાણી કર્કશ હોય છે. પેલી પંક્તિ સહજ જ યાદ આવે

*''કોયલ નવ દે કોઈને - હરે કોનું કાગ?*
*મીઠા વચન સુનાઈ કે કોયલ લે અનુરાગ.''*

પહેલા વાંદરાના મોં પર હાથ એ અર્થ સૂચિત કરે છે કે અસત્ય ન બોલવું, ખરાબ કે અપશબ્દ ન કહેવા, હાજરી કે ગેરહાજરીમાં કોઈની નિંદા ન કરવી, માઠું લાગે તેવાં કટુ વચન (વ્યંગ્યોક્તિ) ન કહેવાં, કોઈની ચાડીચૂગલી ન કરવી કે કોઈની જૂઠી પ્રશંસા ન કરવી. આ વાત તો શાસ્ત્રોમાં પણ વર્ણવી છે. આ ઉપરાંત પોતા પર આવી પડેલી વિપત્તિથી ડરી, દુઃખી થઈ અન્ય પાસે દુઃખનાં રોદણાં ન રોવાં. જેનાથી આપણી રુગ્ણતા તો છતી થાય જ છે સાથે-સાથે આપણે હાંસીને પાત્ર બનીએ છીએ. ઘણાને સતત બોલવાની (બક-બક કરવાની) ટેવ હોય છે. આ વાતની પુષ્ટિ માટે ''લપલપિયા કાચબાની વાર્તા'' ઘણું કહી જાય છે. તો વળી ઘણા ''હું જ એ કરી શકું'', ''મારાથી જ એ થઈ શકે'' એ પ્રકારની મિથ્યા વાણી ઉચ્ચારે છે, એથી આપણું હીનપણું સાબિત થાય છે. આવી ટેવ કે આદત હોય તો છોડવી જોઈએ.

એથી વિપરીત જો કોઈ વ્યક્તિ સારું કાર્ય કરતી હોય, તો આપણા થકી તેની પ્રશંસા કરવી જ જોઈએ જેથી સામેની વ્યક્તિને પ્રેરણા અને પ્રોત્સાહન મળે છે. વળી જ્યાં કહેવું જ પડે ત્યાં કહેવું જ જોઈએ, એ સમયે મોં બંધ કરી બેસી રહીએ તો ન ચાલે. જેમ કે જળ, જમીન, વીજળીનો વ્યય, પર્યાવરણ દૂષિત થતું હોય ત્યારે આપણે મૂક-બધિર બની રહીએ તો આપણે સમાજ અને રાષ્ટ્રના દ્રોહી બનીએ છીએ. એ સમયે તેનો સખત વિરોધ કરી બુલંદ અવાજે હકીકતોનો ઘરસ્ફોટ કરવો એ જ તો જાગ્રત નાગરિકનું લક્ષણ છે.

આ ઉપરાંત આપણાં જ્ઞાન, સમજ, પ્રવૃત્તિ, કાર્ય જે કંઈ સારું અને સાચું છે તે અચૂક કહીએ એમાં જ તો સૌનું ભલું છે. એ સમયે મૂક બની બેસીશું તો તેનો લાભ સમાજ કે રાષ્ટ્રને નહીં મળી શકે. આપણો પ્રાચીન ભવ્ય વારસો નામશેષ થઈ ગયો તેનું કારણ એ જ્ઞાન, આવડત અન્યને ન કહેવાની સંકુચિત મનઃસ્થિતિને જવાબદાર છે.

સો વાતની એક વાત, જરૂર જણાય ત્યાં બોલવું, કહેવું અને જરૂર જણાય ત્યાં મૂક બની રહેવામાં જ બુદ્ધિમાની છે માટે જ કહ્યું છે : ''अति भला न बोलना, अति भली न चूप''

**(૨) આંખો બંધ :**

બીજા વાંદરાની બંધ આંખો કરવા પાછળનો અર્થ એ ઘટાવી શકાય કે ખરાબ ન જોવું. ખોટી કે બીભત્સતા ન નીરખવી. એ બરાબર પરંતુ જ્યારે કોઈ નિર્દોષ, લાચાર વ્યક્તિ પર અત્યાચાર, અન્યાય થતો હોય અને આપણે બાઘાની જેમ પ્રેક્ષક બની તમાશો જોઈએ અથવા આંખ આડા કાન કરી ''મારે શું?'' કહીએ અથવા આંખો બંધ કરી બેસી રહીએ એ દૃષ્ટિએ ગાંધીજીના આ વાંદરાનું અનુસરણ કરવાનું નથી. એ સમયે તેનો સામનો દૃઢતા અને સાહસપૂર્ણ કરવામાં જ આપણી માણસાઈ છે. સમાજ કે રાષ્ટ્ર વિરુદ્ધ અનૈતિક પ્રવૃત્તિ, કાર્ય થતું હોય અને આંખો બંધ ન કરતાં તેનો પર્દાફાશ કરીએ તો આપણે એક રાષ્ટ્રભક્તથી કમ નથી.

આ ઉપરાંત પ્રકૃતિએ ચોતરફ ઝરણાં, પર્વતો, નદીઓ, પુષ્પો નિર્માણ કરી સુંદરતા ઢોળી હોય અને આંખ પર હાથ ધરી બેસી રહીએ એ સર્જનહારની સૃષ્ટિનું અપમાન છે. એ વખતે તો સૃષ્ટિની સુંદરતાને મન ભરીને માણવી જ જોઈએ. કવિવર રવીન્દ્રનાથ ટાગોર વૃદ્ધાવસ્થામાં પણ દેખાવડા લાગતા હતા તેનું રહસ્ય એ કે તેઓ સુંદરતાના ચાહક હતા. આપણે માનસિક વૃદ્ધત્વ અને વિકૃતતાથી બચવું હોય તો ખુલ્લી આંખે પ્રકૃતિની ઉદારતાને માણવી જ જોઈએ. આંખનું શું મહત્ત્વ છે એ જાણવું હોય તો કોઈ સૂરદાસ (અંધ વ્યક્તિ) ને પૂછો તો ખ્યાલ આવશે. માટે જ્યાં સારું, સુંદર નવું એ સઘળું જુઓ, જાણો અને માણો જે થકી આપણી નિરીક્ષણ, અવલોકન, મૂલ્યાંકન શક્તિ પણ વિકસશે જે સ્વવિકાસનું પહેલું ચરણ છે; શિક્ષણનો જ હિસ્સો છે.

**(૩) કાન બંધ :**

ત્રીજા વાંદરાના બે હાથ વડે કાન બંધ કરવાનો આશય માત્ર એ કે કોઈની નિંદા, અપશબ્દો કે ખોટી પ્રશંસા ન સાંભળવી. વ્યવહારિક જીવનમાં ઘણી વખત એવું જોવા મળે છે કે એક જ વ્યક્તિની વાત સાંભળી અમુક નિર્ણય લઈ લઈએ છીએ જેથી સામેની વ્યક્તિને હાનિ કે નુકસાન થાય છે. એ વખતે સાચી હકીકત જાણી, સમજી, પરખી કોઈ નિર્ણય પર આવી આગળનો કદમ ઉઠાવવો જોઈએ. માત્ર એક વખત સાંભળી કાન બંધ ન કરવા જોઈએ.

આ ઉપરાંત પંખીના મધુર ધ્વનિ, નદીના કલનાદ, ઝરણાના ખળખળ સંગીત, ઊછળતાં મોજાં, પવનના સુસવાટા વગેરે કુદરત સર્જિત મધુરાં ગીત કાન પર હાથ ધરી ન સાંભળીએ તો એ દિવસ એળે ગયો સમજવો જોઈએ. આપણે એ ન ભૂલીએ કે અર્જુનને ગીતામૃતનું પાન કાન વડે પ્રાપ્ત થયું હતું, આપણી પ્રાચીન કેળવણી શ્રવણ આધારિત જ હતી. સંગીતની સૂર લહેરી, સંતો, મહાપુરુષોના જ્ઞાનામૃત અને અમૃત-વાણીનો લાભ કાન થકી જ થાય છે. એ સમયે કાન બંધ કરી બેસી રહીએ તો શું એ દ્વારા મળતો આનંદ અને પ્રસન્નતા સાંપડી શકે ખરાં??

દોસ્તો, આંખ, કાન, મોં અને સુંદર શરીર ઈશ્વર દ્વારા મળેલી બેનમૂન ભેટ છે. જો તેનો યથોચિત ઉપયોગ ન કરીએ તો તે પરમ પિતા પરબ્રહ્મે આપેલી અમૂલ્ય બક્ષીસનો અનાદર છે. તો ચાલો, આપણે સૌ વિદ્યાર્થીઓ, શિક્ષકો, સુજ્ઞજનો, ખરા અર્થમાં તેનો ઉપયોગ કરી મહાત્મા ગાંધીએ જે સુ (સ્વ) રાજ્ય અને 'રામ રાજ્ય' ની કલ્પના કરી હતી એ સાકાર કરવા પ્રયત્ન કરીએ, સુસંસ્કૃત નાગરિક બનીએ. આમિન!

*(સિ. લેક્ચરર, તાલીમ ભવન, ભાવનગર)*

## ગાંધીજીને પ્રિય કુષ્ઠસેવા

રક્તપિત્ત અને વિકલાંગો માટે સુંદર પ્રેરક રીતે પ્રવૃત્ત સંસ્થા સેવાતીર્થ તેમ જ સ્વાવલંબન ટ્રસ્ટના અહેવાલો તેમ જ અન્ય સાહિત્ય મળ્યું છે. સ્વાવલંબન ટ્રસ્ટના અહેવાલની વાત હવે પછી લઈશું.

'સેવાતીર્થ' (તરસાલી બાયપાસ, ધનિયાવી રોડ, વડોદરા-૯) છેલ્લાં પાંત્રીસ વરસથી રક્તપિત્ત નિવારણ અને વિકલાંગોના પુનર્વસનનું દષ્ટિપૂર્વક નિષ્ઠાભર્યું કાર્ય કરે છે. આ કાર્યને દેશ-વિદેશની અનેક સંસ્થાઓ વ્યક્તિઓએ બિરદાવ્યું છે. ગુજરાત રક્તપિત્ત નિવારણ સેવા સંઘ દ્વારા રક્તપિત્તપીડિત અને અન્ય વિકલાંગ આબાલવૃદ્ધ વિશે વ્યાપક સેવાકીય કાર્યો થાય છે. સંસ્થાના કેમ્પસ પર તે માટે પૂર્ણ સુવિધા છે અને વિવિધ વિભાગો કાર્યરત છે જ, ઉપરાંત રક્તપિત્તના રોગીઓને વિવિધ પ્રકારની સહાય આપે છે. 'કુષ્ઠસેવા' નામે એક સામયિક તેમ જ પુસ્તકોનાં પ્રકાશન પણ કરે છે.

*સંપર્ક : શ્રી પુરુષોત્તમ પંચાલ*
*ફોન : (૦૨૬૫) ૨૯૬૪૧૮૭*

# ગાંધીજીનો સત્યાગ્રહ અને ઇસુનો જીવનપંથ

નાતાલ પ્રસંગે

જોન હોયલેન્ડ • અનુ. ચંદ્રશંકર શુક્લ

૧૯૩૮ના આખર ભાગમાં મદ્રાસમાં દુનિયાના તમામ ભાગમાંથી - પણ ખાસ કરીને આફ્રિકા અને પૂર્વના દેશોમાંથી - આવેલા ખ્રિસ્તી પાદરીઓની એક પરિષદ ભરાઈ હતી. આધુનિક જગતના પ્રશ્નોનો ઈસુ ખ્રિસ્તના સંદેશની દૃષ્ટિએ વિચાર કરવાનો એ પરિષદનો આશય હતો. ખ્રિસ્તી ધર્મના ધનિક અને ઠાઠમાઠવાળા સંપ્રદાયોના કેટલાક પાદરીઓ, જેઓ આખા વિશ્વમાં વિખ્યાતિ પામેલા છે, તેઓ પણ તેમાં હતા. પરિષદ ભરાતાં પહેલાં એક અપૂર્વ ઘટના બનવા પામી. આમાંના કેટલાક પ્રસિદ્ધ ખ્રિસ્તી નેતાઓ હિંદુ નેતા ગાંધીજીનાં દર્શન કરવા ને તેમને ચરણે બેસવા ખાસ લાંબી મુસાફરી કરીને ગયા. ઈસુ ખ્રિસ્તનું અનુકરણ વધારે સારી રીતે કેમ કરી શકાય એ વિશે ગાંધીજીની સલાહ લેવાનો તેમનો ઈરાદો હતો. ખ્રિસ્તીઓની આવી ધર્મ પરિષદો અગાઉ ઘણીવાર થઈ છે, પણ તેના નેતાઓએ આવું પગલું કદી ભર્યું નહોતું. હવે ભર્યું છે એ પરથી બે વસ્તુ દેખાઈ આવે છે : એક તો એ કે ખ્રિસ્તી ધર્મ, મોટાભાગે આધુનિક ઉદ્યોગવાદ અને આધુનિક સામ્રાજ્યવાદની જોડે માંડવાળ કરી હોવાને કારણે, અવળે માર્ગે ચડી ગયો છે, એવી ઊંડી પ્રતીતિ ઘણા લોકોને થઈ છે. બીજું, ભારતવર્ષના આ મહર્ષિ ઈસુ ખ્રિસ્તનું માનસ આપણા કરતાં ઘણા વધારે પ્રમાણમાં સમજી શક્યા છે, ને ઈસુ ખ્રિસ્તને પગલે આપણા કરતાં વધારે ચાલી રહ્યા છે એ વિચાર પણ ઘણા લોકોના મનમાં બહુ ઊંડો ઊતરી ગયો છે.

★

આ ખ્રિસ્તી પાદરીઓ સાથેની વાતચીતમાં ગાંધીજીએ સૌથી પહેલો પ્રશ્ન પૈસાને લગતો છેડ્યો. તેમણે કહ્યું :

"મને હંમેશાં એમ લાગ્યું છે કે જ્યારે કોઈ પણ ધાર્મિક સંસ્થાની પાસે જરૂર કરતાં વધારે પૈસો થાય છે ત્યારે તે સંસ્થા ઈશ્વર વિશેની શ્રદ્ધા ગુમાવી બેસે અને પૈસાને પૂજતી થઈ જાય એવું જોખમ રહે છે. પૈસાના સદુપયોગ કે દુરુપયોગ જેવી કોઈ વસ્તુ નથી. આપણે એના પર આધાર રાખતા મટી જવું જોઈએ.

"દક્ષિણ આફ્રિકામાં મેં સત્યાગ્રહની કૂચ શરૂ કરી ત્યારે મારા ગજવામાં રાતી પાઈ નહોતી. પણ મારા મનમાં એનો જરાય ઉચાટ નહોતો. મારે ત્રણ હજાર માણસના કાફલાનો નિભાવ કરવાનો હતો. મેં મનમાં કહ્યું : 'કશી ફિકર નથી. ભગવાનની મરજી હશે તો તે બેડો પાર ઉતારશે.' પછી તો હિંદુસ્તાનથી પૈસાનો વરસાદ વરસવા લાગ્યો. મારે સામી ના કહાવવી પડી, કેમ કે પૈસા આવ્યા તેની સાથે મારી આપદા શરૂ થઈ. પહેલાં માણસો રોટીના ટુકડા ને ખાંડથી સંતોષ માનતા. તેને બદલે હવે તેઓ ભાતભાતની વાનીઓ માગવા લાગ્યા....ખરી વાત એ છે કે જે ક્ષણે પૈસા વિશે સલામતી ને નિશ્ચિંતતા આવી તે ક્ષણે જ આધ્યાત્મિક દેવાળું નીકળી જવાનું."

આ છેલ્લા કથનમાં ગાંધીજીનો આદર્શવાદ અતિ સ્પષ્ટ રૂપમાં દેખાઈ આવે છે. તેઓ ફરીફરીને આગ્રહપૂર્વક કહેતા આવ્યા છે કે કોઈ પણ હિલચાલ ચલાવનારા પાસે વ્યાજે મૂકવા જેટલી મૂડી ભેગી થઈ, કે જરૂર પૂરતા પૈસા મળી રહેવાની જોગવાઈ થઈ ગઈ, કે પછી એ હિલચાલમાં પ્રાણ કે શહૂર રહેવાનાં જ નહીં. જે લોકો અગાઉ સ્વેચ્છાએ સેવા કરતા ને આપભોગ આપતા તેઓ લાંચિયા બની જાય છે, ને હિલચાલમાંથી જે કંઈ હાથ લાગે તે મેળવી લેવા તેમાં દાખલ થાય છે. બીજી બાજુ, જે લોકો અગાઉ એમાંથી મદદ મેળવતા ને પોતાની ઉન્નતિ સાધતા તેઓ કંગાલ ને મફતિયું ખાનાર બની જાય છે. પછી એ હિલચાલ ને તેનાં નાણાં દૂધ દેનારી ગાય બની જાય છે; અને બીજાના કરતાં પોતે એ દૂધ વધારે ચતુરાઈથી ને વધારે પ્રમાણમાં કેમ દોહી શકે એ તરફ જ દરેક જણની નજર રહે છે. આમ પૈસા ઉચાપત થવા લાગે છે ને અવનતિ શરૂ થાય છે. દરેક પ્રકારના દંભ અને અસત્યને ઉત્તેજન મળે છે. આ લેખકને અનેક દેશમાં મરકી, દુકાળ ને લડાઈ પછી થતી સંકટનિવારણ ફંડની વહેંચણીનો કંઈક અનુભવ છે. તે પરથી તેની દૃઢ પ્રતીતિ થઈ છે કે ગાંધીજીની વાત સાચી છે. ખરેખરા આત્મબળના પાયા પર ઊભી થયેલી ને જીવતીજાગતી કોઈ પણ હિલચાલ બને એટલે અંશે પૈસા વિના ચલાવી લેશે; ને એમ ચલાવી લેવાથી તેના બળમાં અનંતગણો વધારો જ થશે.

★

તે પછી એમને પૂછવામાં આવ્યું કે "આપના જીવન પર જેની વધારેમાં વધારે અસર થઈ હોય, જેણે જીવનના ઘડતરમાં વધારે ફાળો આપ્યો હોય, અને અન્યાયના નિવારણ માટે અહિંસાનો પ્રયોગ કરવામાં જીવન સમર્પણ કરવાને આપને પ્રેર્યા હોય, એવા કયા અનુભવો આપને થયા છે?" ગાંધીજીએ મૅરિટ્ઝબર્ગના સ્ટેશન પરનો અનુભવ વર્ણવ્યો. આ ઘટનામાં

ગાંધીજીની બે સિદ્ધિઓ આપણે સ્પષ્ટ રૂપમાં જોઈ શકીએ છીએ. પહેલી સિદ્ધિ તે નિર્ભયતા. હિંદનો સામાન્ય માણસ ગોરાથી કેટલો ડરે છે અથવા ખરું કહીએ તો ડરતો — તેનો પશ્ચિમના દેશમાં, જ્યાં ઘણા મોટા ભાગની વસ્તી એકલા ગોરાઓની જ છે, ત્યાં રહેનારને ભાગ્યે જ ખ્યાલ આવે. ગાંધીજીએ એમના દેશભાઈઓને એક મોટામાં મોટો પાઠ એ શીખવ્યો કે ગોરાનો ડર છોડવો ને તેની સામે નીડરતાથી ઊભા રહેવું. ગાંધીજીએ હિંદીઓને અને ખાસ કરીને હિંદી ખેડૂતોને શીખવ્યું છે કે 'ટટાર ઊભા રહો. ડર્યા કે ગભરાયા વિના ગોરાઓની સામે છાતી કાઢીને ઊભા રહો. અને તેના હુકમોથી આપણા દેશનું અકલ્યાણ થાય એમ છે એવું લાગે તો જાણીબૂજીને એ હુકમોનો અનાદર કરો.' ભય ચેપી વસ્તુ છે તેમ નિર્ભયતા પણ ચેપી છે. ગાંધીજીમાં જે નિર્ભયતા છે તેનો ચેપ બીજાઓને લગાડવાની અદ્‌ભુત શક્તિ તેમનામાં છે, સરકારી અમલદારો ચાહે તે કરે છતાં અન્યાયી મહેસૂલ ભરવાની ના પાડવાની હિંમત હિંદી ખેડૂતોમાં તેમણે પેદા કરી છે.

મૅરિટ્ઝબર્ગ સ્ટેશન પરની એ ઘટના પરથી બીજી એક વસ્તુ દેખાઈ આવે છે. માણસ જાતે દુઃખ વેઠીને બીજાઓનો ઉધ્ધાર કરી શકે છે, એ શ્રદ્ધાને ગાંધીજીએ જીવનભર આચરણમાં ઉતારી છે. ગાર્ડે તેમને ટ્રેનમાંથી ઉતારી પાડ્યા અને ગાડીવાને તેમના પર હુમલો કર્યો. એ પ્રસંગ દેખીતો કદાચ નજીવો લાગે. પણ એ પ્રસંગમાં એક થથરતા ને લાગણીવાળા છોકરાએ હિંમતભેર, બીજા લોકોને કાજે, અપમાન ને દુઃખ વેઠ્યાં હતાં. એ પ્રસંગે જ ગાંધીજીના સત્યાગ્રહ સિદ્ધાંતનો જન્મ થયો, એટલું જ નહીં પણ તેની લડતનું બીજ પણ રોપાયું. ત્રીસેક વરસ પછી, સ્વરાજ લેવાને માટે, અઢી લાખ હિંદી સ્ત્રી-પુરુષો જે હર્ષ અને ઉત્સાહભેર જેલમાં જવાનાં હતાં તેનું બીજ, એક અર્થમાં, નાતાલના એ રેલવે સ્ટેશન પર એ છોકરાએ બતાવેલી હિંમતમાં રહેલું હતું. જગતમાં એવું કોઈ દુઃખ કે અપમાન નથી જે યોગ્ય ભાવે ઝીલ્યું કે વેઠ્યું હોય તો તેનો આ રીતે બીજાઓના ભલા માટે ઉપયોગ ન થઈ શકે. કેમ કે સત્યાગ્રહ એ સ્વદેશને માટે આઝાદી ને એકતા મેળવવાની, યા તો લશ્કરશાહી અને શસ્ત્રયુદ્ધ પર જીત મેળવવાની, યા ભૂંડી સામાજિક ને આર્થિક વ્યવસ્થાને સુધારવાની, કેવળ નાટકી રીત નથી. એની જડ એથી ઊંડી ગયેલી છે. સત્યાગ્રહ એ ઐચ્છિક કષ્ટસહનનો સનાતન સિદ્ધાંત છે. જે માણસ સત્યાગ્રહનો આ સાચો અર્થ કંઈક પણ સમજે છે તે પાછળ નજર નાખીને જગતના સમગ્ર ઈતિહાસનું અવલોકન કરે છે; અને જુએ છે કે માનવજાતિ ધીરેધીરે જે ઊર્ધ્વગતિ કરી રહી છે તે બધીમાં, અગણિત વ્યક્તિઓએ કષ્ટ વેઠીને દેહનાં બલિદાન આપ્યાં છે; અને મનુષ્યત્વનો જે પ્રકાર વિનાશમાંથી ઊગરી ટકી રહેવા નિર્માયેલો છે તે પ્રકારની પ્રગતિમાં ફાળો આપેલો છે. તે જુએ છે કે જગતમાં પહેલો માબાપનો પ્રેમ અને આગળ જતાં સામાજિક સહકાર - પહેલાં ધીમેધીમે ને પછી પ્રબળ વેગથી - પ્રવર્તે છે; તેની પાછળ વ્યક્તિનું આવું આત્મસમર્પણ અને આત્મવિલોપન રહેલું હોય છે. પોતાનાં સંતાનોનું અને આગળ જતાં પોતાનાં કોમ કે દેશનાં માણસોનું, હિત સાધવાને માટે માણસો ઘણીવાર સ્વેચ્છાએ કષ્ટ વહોરે છે, અને ક્વચિત જાતને પણ હોમી દે છે. જગતના ઈતિહાસમાં જેમ જેમ સૈકાઓ વીતતા જાય છે તેમ તેમ એ જ સિદ્ધાંત અધિકાધિક તેજથી પ્રકાશતો જાય છે.

આમ સત્યાગ્રહનો અભ્યાસી જોઈ શકે છે કે ગાંધીજીએ તેમના દેશભાઈઓને અહિંસક રહીને કષ્ટ સહેવાની સત્યાગ્રહની હિલચાલમાં દોર્યા છે, તેમાં તેમણે એક વિશ્વવ્યાપી ને જુગજૂના સિદ્ધાંતને જ ફરી પ્રકાશમાં આણ્યો છે, ને એ રીતે પોતાની પ્રતિભાનું દર્શન કરાવ્યું છે. પાશ્ચાત્ય સંસ્કૃતિની સ્વાર્થપરાયણતા, વિલાસપ્રિયતા ને નફાખોરીએ એ સિદ્ધાંતને આપણી આંખથી અળગો કરી નાખ્યો હતો. પશ્ચિમમાં મોટાં યંત્રો અને કારખાનાંનો યુગ શરૂ થયો ત્યારપછીનાં દોઢસો વરસમાં કર્મઠ ખ્રિસ્તી ધર્મે ઈસુના બલિદાનને વિશે ઉપદેશ તો ઘણો આપ્યો છે. પણ જગતમાં ચોમેર સ્વાર્થી હરીફાઈની વૃત્તિ ફેલાયેલી હોવાથી વધસ્તંભનો એટલે કે ઐચ્છિક કષ્ટસહન અને બલિદાનનો સિદ્ધાંત ગૌણ બની ગયો છે. લોકો માત્ર બુદ્ધિથી એ સ્વીકારે છે; અથવા તો એ કેવળ વ્યક્તિના જ મોક્ષનું સાધન બની શકે એમ માને છે. આપણી પેઢીને મોટું કામ એ કરવાનું છે કે એ સિદ્ધાંતને માત્ર બુદ્ધિથી સ્વીકારેલો મત ન રહેવા દેતાં તેને જીવંત અને શાશ્વત જીવનધર્મ બનાવવો; ને તેની મદદથી અન્યાય, શસ્ત્રયુદ્ધ અને હિંસાને નાબૂદ કરવાના પ્રયાસો કરવા.

વળી ઈસુ ખ્રિસ્ત એમ પણ માનતા કે માણસમાં ઈશ્વરને વિશે નવું ભાન જાગ્રત થયું હોય તો જ તે આવી રીતે કષ્ટ વેઠી શકે ને પોતાનું બલિદાન આપી શકે. આજે ગાંધીજીના સંદેશમાં પણ એ જ શ્રદ્ધા દેખાઈ આવે છે. ઈશ્વર આપણી આસપાસ અણુએ અણુમાં વ્યાપેલો છે એ ભાન આપણા મનમાં ફરી જાગ્રત થવું જોઈએ. તેને આપણે આપણી જીવનનૌકાનો કર્ણધાર બનાવવો જોઈએ. ઈશ્વર પોતે આવી રીતે અહિંસાની, આત્મબલિદાનની રીતે કામ કરે છે. આત્મબલિદાન એ, પાપના પરાજય અને અન્યાયના નિવારણ માટે, પ્રગટ કરેલી સનાતન અને જીવતા ઈશ્વરની ઈચ્છા છે. ઈસુ શીખવે છે કે ઈશ્વર એ વંઠેલા ને નાસી ગયેલા પુત્રનો પિતા છે; અને ભટકીને પાછા ફરેલા પુત્રને તેણે ઉદારતાથી આવકાર આપેલો. વળી તે ભલો ભરવાડ પણ છે; તે એક ખોવાયેલા ઘેટાને ખાતર ઘરબાર ને સુખચેનનો ત્યાગ કરે છે; અને ઘેટાને શોધી બચાવી લેવા માટે વનવગડે, ડુંગરે ડુંગરે, અંધારામાં, વાવાઝોડામાં, ને વસમી વાટોમાં ફરવા નીકળી પડે છે. પાપ અને અન્યાયની સામે મનુષ્યે પણ એવી જ રીતે વર્તવું એમ ઈશ્વર ઈચ્છે છે. એ ઈશ્વરની ઈચ્છા છે, ઈશ્વરનો રસ્તો છે, ઈશ્વરનો સાચો સ્વભાવ છે. ઈશ્વર પ્રેમસ્વરૂપ છે. તે મનુષ્યને વિશે સદ્‌ભાવ ધરાવે છે, તેને શોધવા

મથે છે, તેને પાપગર્તમાં પડતો બચાવી લે છે, ને તેનો ઉદ્ધાર કરે છે. એનો એ પ્રેમ અને સદ્‌ભાવ દુઃખે પીડાતા મનુષ્યને માટે સ્વેચ્છાએ કષ્ટ, જોખમ અને મૃત્યુ વહોરી લે છે; અને દુઃખી દુનિયા આખી ઉદ્ધાર પામે ત્યારે જ તે વિરમે છે. લડાઈ, ગરીબાઈ અને માનવજાતિ પર પડનારાં બીજાં દુઃખોનું નિવારણ આપણે કરવું હોય તો આપણે આ ઈશ્વરને માર્ગે, એની ઇચ્છા અનુસાર, ચાલવું જોઈએ. એને આપણા જીવનરથનો સારથિ બનાવવો જોઈએ.

પશ્ચિમને ઈસુ ખ્રિસ્તનો સંદેશો મળ્યે બે હજાર વરસ થવા આવ્યાં. છતાં પશ્ચિમની સંસ્કૃતિ એ સંદેશાને કદી અનુસરી શકી નથી, અને તેથી અત્યારે આપણી નજર આગળ જ તેના ભૂકા ઊડી રહ્યા છે. અત્યારે જે કંઈ બની રહ્યું છે, અને ભવિષ્યમાં બનવાનો ભય ઝઝૂમી રહ્યો છે, તેને વિશે પશ્ચિમમાં સર્વત્ર બેચેની ફેલાઈ ગઈ છે. એટલે, ઈસુ ખ્રિસ્તના ઉપદેશનું જે મુખ્ય તત્ત્વ છે - સ્વેચ્છાએ સ્વીકારેલા, પ્રતિકાર ન કરનારા, ને ઉદ્ધારક એવા કષ્ટસહનનો જે સિદ્ધાંત ઈસુના શિક્ષણના સારરૂપ છે - તેને ફરી સજીવન કરવાનો પ્રયાસ જે પુરુષે આદર્યો છે ને તેને પોતાનું જીવન સમર્પ્યું છે, અને જે પ્રાચીન વિશ્વવ્યવસ્થા ઘણી રીતે ઘસાઈ ગઈ હતી તેમાં ફરી પ્રાણનું સિંચન કર્યું છે, તે પુરુષની પાસે આ ખ્રિસ્તી નેતાઓ ગયા એ ઉચિત જ હતું. એ પુરુષના પ્રયત્ન વડે ઈસુના બલિદાનનો સિદ્ધાંત જગતમાં ફરી વાજતેગાજતે, એક ઈતર ધર્મના વાતાવરણમાં, સજીવન થવા પામ્યો છે.

★

એ વિવેચન દરમિયાન ગાંધીજીએ કહ્યું : "હું અહિંસાનો પાઠ મારી પત્ની પાસેથી શીખ્યો. હું એને હંમેશાં મારી ઇચ્છા આગળ નમાવવા મથતો. એ એક તરફથી મારી ઇચ્છાનો નિશ્ચર્યપૂર્વક દઢપણે સામનો કરતી અને બીજી બાજુએથી હું મારી જડતાનો માર્યો એના ઉપર જે જે કંઈ વિતાડું તે બધું શાંતિપૂર્વક બરદાસ કરતી. એના આ શાંતિમય વિરોધે અંતે મારી આંખ ઉઘાડી, મને મારી શરમનું ભાન કરાવ્યું; અને હું એના પર ધણીપણું ચલાવવાને સારુ જન્મ્યો છું એ મૂર્ખાઈભર્યા મનોરોગમાંથી સાજો થઈ ઊગરી ગયો. આમ અંતે એ મારી અહિંસા શીખવનાર ગુરુ બની. મેં દક્ષિણ આફ્રિકામાં જે કંઈ કરી બતાવ્યું તે કસ્તુરબાઈએ નામરજીપૂર્વક પણ પોતાની અંગત વર્તણૂકમાં જે કંઈ કરી બતાવ્યું હતું તેનો વિસ્તારમાત્ર હતો."

ગાંધીજીના એ વિવેચન પરથી સત્યાગ્રહને લગતો બીજો પણ એક અતિ અગત્યનો સિદ્ધાંત સમજાયો. સત્યાગ્રહની હિલચાલમાં સ્ત્રીઓ પણ પુરુષોના જેટલો જ ભાગ લઈ શકે છે. એટલું જ નહીં, પણ આગેવાની લેવાને સ્ત્રીઓ વિશેષ લાયક છે. સેંકડો વરસ થયાં ધીરજપૂર્વક કષ્ટ સહેવું એ સ્ત્રીવર્ગનું મોટામાં મોટું હથિયાર રહ્યું છે. તેની સાથે તેમનામાં હિંસા અને જુલમની સામે સ્પષ્ટપણે બોલવાની હિંમત પણ હોય છે. હવે એ જ ભાવના અને કાર્યપદ્ધતિ વાટે જગતનો ઉદ્ધાર સાધવાની હિલચાલમાં તેને આગેવાની લેવાનું કહેવામાં આવ્યું છે.

સત્યાગ્રહના મૂળમાં રહેલી ચાર મુખ્ય કલ્પનાઓ આપણે યાદ કરીએ :

(૧) જગતમાં બૂરાઈ અને અન્યાય પ્રવર્તે છે.

(૨) એ બૂરાઈ અને અન્યાયનું નિવારણ કરવું જોઈએ.

(૩) બૂરાઈ અને અન્યાયનું નિવારણ હિંસાથી કરી શકાતું નથી. હિંસાથી તો ઊલટું બૂરાઈને અન્યાય કરવાની ઇચ્છા વધારે ઊંડી ને મક્કમ બને છે. એને ગમે તેટલી સખતાઈથી દબાવી દીધી હોય તોપણ એ કોઈક દિવસ પાછી દસગણી હિંસાથી ફાટી નીકળ્યા વિના રહેવાની નથી.

(૪) બૂરાઈને અને અન્યાયને ધીરજપૂર્વક કષ્ટ સહીને જ શમાવી શકાય. પ્રેમ અને સદ્‌ભાવપૂર્વક એવું કષ્ટ વહોરી લેનાર અન્યાય કરનારના ઘા હસતે મોઢે ઝીલે છે, અને વખત આવ્યે મોતની પણ ભેટ કરે છે.

આ ચારેય પાયાના આદર્શોની બાબતમાં સ્ત્રી જગતના આદિકાળથી સત્યાગ્રહનું આચરણ કરતી આવી છે. તેણે પોતે જે દુઃખોને જુલમ વેઠ્યાં છે તેથી, જગતમાં અન્યાય ચાલે છે એ વાત તો તેના મન પર દઢપણે ઠસી ગઈ છે. ધીમે ધીમે તેના મનમાં એ વાત પણ ઊગતી ગઈ છે કે આ જુલમનો અંત આણવો જોઈએ. એ વિશેનો તેનો નિશ્ચય ધીરેધીરે પાકો થતો ગયો છે. એ અંત તે હિંસાથી તો લાવી શકે એમ હોતું નથી. વળી એ સાધનના ઉપયોગથી સ્ત્રી-પુરુષ સંબંધના કોયડાનો ઉકેલ આવી શકે એમ છે જ નહીં, એટલું જાણવા જેટલી સમજ તેનામાં છે. એટલે તે બીજે રસ્તે વળી છે; અને ઘરમાં તેમજ દેશના રાજકાજમાં જુલમની સામે નીડરપણે પોકાર કરવા લાગી છે. જુલમગાર ગમે તેટલા જુલમ વરસાવે, તેને તે શાંતિથી અને બીજાઓની ખાતર પોતે સ્વેચ્છાએ દુઃખ સહેવાની ભાવના મનમાં રાખીને, સહી લે છે. સ્ત્રીઓની હિલચાલમાં આગેવાનો જ નહીં, પણ લાખો રાંક અને અજ્ઞાત સ્ત્રીઓ પણ એ પ્રમાણે વર્તે છે. બાળકોનું જનન અને સંગોપન કરવામાં સ્ત્રીઓને સત્યાગ્રહના સિદ્ધાંતનો કેવળ પરિચય જ નથી થતો, તેમને એ સિદ્ધાંતનું ખરેખર આચરણ પણ કરવું પડે છે. જનેતા સ્વેચ્છાએ કષ્ટ સહે ત્યારે જ બાળક જન્મ પામે છે; અને બીજાને કાજે સર્વ પ્રકારનાં કષ્ટ ઉઠાવવાનો સ્વભાવ જે પ્રેમમાં છે તેવા પ્રેમ વડે જ માતા બાળકને ઉછેરી શકે છે.

આપણે પુરુષો જગતમાં જીવીએ છીએ, એ હકીકત જ બતાવે છે કે આપણી માતાઓએ સત્યાગ્રહ આચર્યો હતો. તેઓ ઈસુ ખ્રિસ્તને - સ્વાર્પણ અને આપભોગને - રસ્તે ચાલી હતી. આપણને જન્મ આપતાં તેમણે જે પ્રસૂતિની પીડા વેઠી, એટલું જ નહીં પણ આપણા બાળપણમાં હજારો પ્રસંગોમાં - જેનું આપણને સ્મરણ પણ નથી રહ્યું - તેમણે જે અપાર ક્ષમા રાખી, એ એમનો સત્યાગ્રહ હતો. તેમણે આપણે માટે સ્વેચ્છાએ એ

હર્ષભેર દુઃખ વેઠ્યું, કેમ કે તેમને આપણા પ્રત્યે પ્રેમ હતો. આજે આપણને જે હાકલ કરવામાં આવે છે તેનો અર્થ એ છે કે આપણે આખી માનવજાતિના ઉદ્ધાર માટે એવા જ હર્ષથી દુઃખો ઝીલવાની તૈયારી મનથી કરીને નીકળી પડવું. આપણામાં જો જરા પણ અક્કલ અને સમજ હોય, તો આપણે પુરુષો સમજીએ કે આ કામમાં સ્ત્રીઓ આપણાથી ઘણી આગળ પહોંચી ગઈ છે, અને તેથી આપણને રસ્તો બતાવવાની ને પોરસ ચડાવવાની લાયકાત તેમનામાં છે. એમની આગેવાની વિના આપણે નિષ્ફળ જ નીવડવાના છીએ.

★

એક પ્રશ્નકર્તાએ બીજો એક કોયડો રજૂ કર્યો. પશ્ચિમના સરમુખત્યારો-ડિક્ટેટરો - ને નીતિને નામે કંઈ પણ કહેવું નકામું છે, કેમ કે નીતિની વાત તેઓ કાને ધરે એમ જ નથી. એમની સામે અહિંસાનો પ્રયોગ નકામો ન નીવડે? એમનો હૃદયપલટો કેવી રીતે થાય?

ગાંધીજીએ કહ્યું : "આ દલીલ કરતાં તમે એમ માની લીધેલું છે કે આ સરમુખત્યારોનો ઉદ્ધાર અશક્ય છે. પણ અહિંસા વિશેની શ્રદ્ધાના મૂળમાં તો એવી કલ્પના રહેલી છે કે મનુષ્યસ્વભાવ મૂળે એક છે, અને તેના પર પ્રેમના વર્તનનો પડઘો પડ્યા વિના રહેતો નથી. સંગઠિત અહિંસામય સામનાનો પ્રયોગ હજુ માણસે ક્યાંયે પૂરતા પ્રમાણમાં થયેલો જોયો નથી એમ કહી શકાય. તેથી જ્યારે તે એવો પ્રયોગ જોશે ત્યારે તેનું ચડિયાતાપણું કબૂલ કર્યા વિના નહીં રહે. વળી મેં ઝેક પ્રજાને સૂચવેલા અહિંસક પ્રયોગની સફળતા સરમુખત્યારોના સદ્‌ભાવ ઉપર અવલંબતી નથી; કારણ સત્યાગ્રહી કેવળ પ્રભુબળે ઝૂઝનારો હોય છે અને અશક્ય દેખાતી મુસીબતો વચ્ચે એ ઈશ્વરશ્રદ્ધાને જોરે ટકી રહે છે. તેની શ્રદ્ધા તેને અજેય બનાવે છે."

અહિંસક પ્રતિકાર યા સત્યાગ્રહ એ જ સર્વ સંજોગોમાં સર્વોત્તમ સાધન છે, એમ સમજાવીને તેમણે કહ્યું :

"વળી હિટલર તથા મુસોલિની દુનિયાના લોકમતને સાવ અવગણી શકે એમ પણ હું નથી માનતો. આજે તેઓ તેમ કરીને સંતોષ માની શકે છે, કારણ કહેવાતાં 'મહારાજ્યો'માંના કોઈના હાથ ચોખ્ખા નથી, દરેકની માથાવટી મેલી છે, અને એ મહારાજ્યોએ અગાઉ આ પ્રજાઓને કરેલા અન્યાયો તેમને ખટકે છે. થોડા દિવસ પર એક સન્માન્ય અંગ્રેજ મિત્રે મારી પાસે કબૂલ કર્યું હતું કે 'આજનું નાઝી જર્મની એ ઈંગ્લેન્ડનાં પાપનું ફળ છે, અને વર્સેલ્સની સંધિએ જ હિટલરને પેદા કર્યો છે."

ગાંધીજી અહિંસા યા સત્યાગ્રહની વાત કરે છે ત્યારે એમનો આશય ઈસુના બલિદાનની જ વાત કહેવાનો હોય છે. આપણે ખ્રિસ્તીઓ આપણો પોતાનો ધર્મ શું કહેવા માગે છે તે ક્યારે સમજીશું? આ મહાન હિંદુનાં વચનો-અને એ વચનો કરતાંયે વધારે પોતાના સિદ્ધાંતોનું તેમનું આચરણ - ખ્રિસ્તી સમાજની જાગૃતિનો દિવસ નજીક લાવે એવી આશા આપણે રાખીએ.

★

આ જે ખ્રિસ્તી નેતાઓ ગાંધીજીને મળવા ગયા હતા તેમાંના કેટલાક જૂના વખતમાં કેવા વિચારો ધરાવતા હતા એ જાણવા જેવું છે. હું કેમ્બ્રિજમાં વિદ્યાર્થી હતો ત્યારે તેમાંના એક પ્રસિદ્ધ નેતા ત્યાં આવેલા; અને તેમણે છટાદાર ભાષણ કરીને કહેલું કે આખા જગતને આ પેઢીમાં જ ખ્રિસ્તી બનાવવું જોઈએ. એની પાછળ ખ્યાલ એ હતો કે આપણને - પશ્ચિમના પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓને - સત્ય મળી જ ગયું છે. સવાલ માત્ર એટલો જ છે કે એ સત્ય બાકીની દુનિયાને કેમ આપી દેવાય. નહીં તો પૂર્વના દેશોમાં તો મોટી આફત આવી પડવાનો ભય છે; ને એ સત્ય ત્યાં વેળાસર પહોંચાડાય તો જ એ આફત ટળી શકે એમ છે.

તે પછી તો મહાયુદ્ધ આવ્યું. અને હવે પરિસ્થિતિ કેવી બદલાઈ ગઈ છે! આપણે જોઈ શક્યા છીએ કે જે પુરુષ પોતે હિંદુ હોવા માટે ગર્વ ધરાવે છે તેઓ ઈસુના ને તેમના બલિદાનના - સત્યથી આપણા કરતાં ઘણા જ વધારે નજીક છે. આપણા નેતાઓ પેલા જૂના નેતાઓ જ - ખ્રિસ્તી ધર્મનું રહસ્ય જાણવા - સમજવા માટે એ મહાપુરુષને ચરણે જઈને બેઠા એ યોગ્ય છે; ને એમ કરવામાં એ નેતાઓએ ડહાપણ જ વાપર્યું છે.

*('ગાંધીજીને જગવંદના' માંથી ટૂંકાવીને,*
*સં. ડૉ. રાધાકૃષ્ણન, અનુ. ચંદ્રશંકર શુક્લ)*

## કચ્છમેં હેમંત ઋતુજા રંગ...

**હેમઋતુ પવન, હેમસેં જલ થલ ભર્યા;**
**હેમસેં શીત બદન, થર થર કંધે ધ્રુજ્યા.**
**સિગડી તાપ વસાય, તપે હરજન ઉન તાપે;**
**ખીચડી મેં ઘી ઠાય, ખેં મીડે ભલી ભાતે.**
**ગરમ મસાલો શાગ, કરીયેતા ઉરમેં બફારો;**
**અંગ ઉત્સાહ ન માય, 'રશ્મિન' હેમંત હેમારો.**
**હેમારો અચંધે સખા, સહુ તલસાંકડી ખાય;**
**છરડે છટારી છાય, પીંયે દૂધ મસાલે ધાર.**
**કઈ પાક ને પકવાન, વિધ વિધ ભનાય;**
**તરૂણ-તરૂણી હોંસસેં, ભલી ભાતસેં ખાય.**
**હેમંત મેં રાતીયું વડીયું, ગમે પથારી સેજ;**
**બંધ કરીને બારણા, માડુ ઘરમેં રેજ.**
**કરે પવન સુસવાટા, ઘોડા જીંય વિને પૂરપાટે;**
**યોગ મિલનજી રાતડી, અચે હેમંતજે ફાળે.**

*'રશ્મિનજો રણકાર : ભાગ-૧' માંથી સાભાર*

**શુભેચ્છક : હંસરાજ લાલજી મસાલાવાલા**
"સંગમ મસાલા"
**૧૫, રાજ રાજેશ્વરી એપાર્ટમેન્ટ, નારાયણનગર, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬. ફોન : ૨૫૧૧૨૯૩૪**

# 'વાહ રે ભા, કચ્છી જો પાણી'

કચ્છ વિશેષ

ધનજી ભાનુશાલી 'કડક બંગાલી'

ગઈ ૨૧મી ફેબ્રુઆરીએ 'માતૃભાષા' દિવસ તરીકે ઊજવવામાં આવ્યો છે... એ આપણને યાદ જ હશે. ઘરમાં જે ભાષા બોલાતી હોય કે વ્યવહારમાં લેવામાં આવતી હોય એ જ ભાષા, જ્યારે નાનું બાળક ત્રણ વર્ષનું થાય ત્યારે અન્યને સાંભળી સાંભળીને જાણી લે છે અને એ પોતે પણ એવી ભાષા બોલવાનો પ્રયત્ન કરતો હોય છે.

આજે મારે વાત કહેવી છે કચ્છી ભાષાની ને તે પણ દુનિયાભરમાં જ્યાં જ્યાં કચ્છી ભાષા બોલવામાં આવતી હોય કે વ્યવહારના ચલણમાં હોય તેની જ વાત કરવી છે. ગ્રિબ્સન નામના એક અંગ્રેજે સન ૧૯૨૯ના વર્ષમાં ભાષા ઉપર એક સર્વે કર્યો હતો. તે પ્રમાણે ૧૭૯ માન્ય થયેલી ભાષાઓ અને ૫૪૪ બોલી હોવાની નોંધ એમણે મૂકી હતી. જ્યારે ભારત સરકારે સને ૧૯૬૧ની વસતિ ગણતરી કરાવી ત્યારે માતૃભાષા બોલવાવાળા ભાષકોની સંખ્યા ૧૬૫૨ અને બોલીની સંખ્યા ૪૯ છે એવી નોંધ પણ વાંચવામાં આવે છે. કેમ કે સરકારી નિયમ પ્રમાણે જે ભાષાના દસ હજાર જેટલા જ બોલનારા હોય એ ભાષાને ગણતરીમાં લેવામાં આવી નથી. જ્યારે સને ૨૦૧૦ માં ભાષા સંશોધન અને પ્રકાશન-વડોદરા દ્વારા પણ જીવતી ભારતીય ભાષાઓની સંખ્યા ૭૮૦ જેટલી બતાવવામાં આવી છે. એટલું જ નહીં પણ જનજાતિ તેમજ વિચરતી જાતિઓની પણ ૪૮૦ જેટલી સંખ્યા બતાવવામાં આવી છે. આ રીતે અલગ અલગ જગ્યાએ અલગ અલગ આંકડા આપણને વાંચવા મળે છે. આખરે, અવધકુમાર નામના એક જાણકારના અનુમાન પ્રમાણે ભારતમાં ૧૬૦૦ ભાષાઓ અને બોલીઓ અત્યારે વ્યવહારમાં છે.

પણ આપણને અલગ અલગ જગ્યાએ વાંચવામાં અને સાંભળવામાં આવે છે કે કચ્છી ભાષા ઘસાતી જાય છે... તેને બચાવો... આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વાતને આગળ વધારીશ.

જેનું મોસાળ કચ્છમાં હતું એવા દરિયાઈ નવલકથાઓના આપણા લેખક ગુણવંતરાય આચાર્યએ એક જગ્યાએ કહ્યું છે તેમ 'કચ્છના દરિયાને બોલાવશું તો એ પણ કચ્છીમાં જવાબ આપશે...' એવી બોલવામાં અને સમજવામાં સરળ અને ચોટદાર કચ્છી ભાષાની વાત કરતાં આપણા રુંવાડાં ઊભાં થઈ જાય છે. આજે દુનિયાભરમાં એવી કોઈ ભાષા નથી જ્યાં કચ્છી ભાષા બોલનારો આપણને એક પણ માણસ ન મળે.

ઈસુની સાતમી સદીની આસપાસ નજર નાખી કહી શકાય કે સિંધના દખણાદા ભાગને 'લૉઅર સિંધ' કહેવામાં આવે છે જેમાં કરાંચી, ઠઠ્ઠો, મિઠ્ઠી, બદીન જિલ્લાનો સમાવેશ થતો હતો. એ સમયે એ ભાગને 'કારી કચ્છ' પણ કહેવામાં આવતો હતો. એવા કારી કચ્છને હમણા આપણે જ્યાં રહીએ છીએ એ છે 'કચ્છ' ને અહીં કચ્છી ભાષા બોલવામાં આવે છે ને રોજબરોજના ચલણમાં ઉપયોગ થાય છે.

કચ્છી ભાષા બોલવામાં બળૂકી, જોમવાળી ને થોડામાં વધારે વાત સમજાઈ જાય એવી છે. એટલું જ નહીં પણ એ સમજવામાં છે સરળ. એક ઉદાહરણ આપું. કચ્છમાં પાદરી તરીકે આવેલ સજ્જને સને ૧૮૩૪માં એટલે કે આજથી પોણા ત્રણસો વર્ષ પહેલાં 'મેથ્યુજી ઘર અખાણી' નામે એક ભાષાંતર કર્યું હતું. એ ભાષાંતરની ચોપડી આજે પણ આપણા મિત્ર વ્રજ ગજકંધની લાઇબ્રેરીમાં છે.

વળી, આપણા પૂજનીય સંત હરિદાસજી મહારાજ કચ્છી ભાષાને વેદોની ભાષા કહે છે. એટલે કે સાક્ષાત 'રુદ્રી' સમાન છે એવું એમણે તા. ૨૦-૦૩-૨૦૧૧ ના રોજ મુરચબાણમાં યોજાયેલા કચ્છી સેમિનારમાં વટભેર જાહેરમાં કહ્યું હતું.

ભારતના જિલ્લા ૬૧૪ છે. તેમાં મોટામાં મોટો જિલ્લો નેફા છે ને બે નંબરે કચ્છ જિલ્લાને ગણાવામાં આવે છે. જોકે, કચ્છની વસતિ હંમેશાં પાંખી રહી છે, પણ હાલે ૨૦ લાખની વસતી કચ્છની છે. જ્યારે પાંખી વસતિ હતી ત્યારે લોકકવિ ઓઢા જામના મોઢે કહેવડાવ્યું છે ને : 'હલ્લો હોથલ, પાં ઉન કચ્છ, જ્યાં માણસો સવા લાખ...' એમાં કેટલાય વર્ષોથી કચ્છમાં કચ્છી ભાષા બોલાય છે અને રોજબરોજના વ્યવહારમાં લેવાય છે. એટલું જ નહીં પણ દક્ષિણ ધ્રુવ સુધી આપણો કચ્છી પહોંચી ગયો છે ને ત્યાં કચ્છીનો 'ક' વ્યવહારમાં લે છે.

## • કચ્છી કોણ બોલે છે?

કચ્છમાં મુખ્ય વસતિ લોહાણા, જૈન, ભાનુશાલી, નાગર, હિન્દુ, મુસ્લિમ, ખત્રી તેમજ એમની હરેક કોમ ઘરમાં કચ્છી ભાષા બોલે છે. જોકે, સિંધમાં ઘણી વસતિ કચ્છી બોલે છે તેમજ ગુજરાતી, હિન્દી, મેમણી કચ્છીને હમણાં અંગ્રેજી પણ બોલવામાં આવે છે. જ્યારે ગાંધીધામ-આદિપુર વિસ્તારમાં સિંધી ભાષા બોલવામાં આવે છે. જો હરિયા, લોહારવાઢા, રાયમા, હિંગોરજા, સંઘાર, જત, રાઠોડ, હિન્દુ-મુસ્લિમ ખત્રી ભટ્ટી, ખલીફા, મેમણ,

ભાડાલા, માલમ, ઘાંચી, જમોઈ, વાઢેર, જુણેજા, લોહાણા, ભાટિયા, ભાનુશાલી, બ્રાહ્મણ, માલધારી અને બીજી ઇતર કોમમાં પણ કચ્છી ભાષા બોલાય છે.

### • તો કચ્છી ભાષાની ઉંમર કેટલી?

પણ ખરેખર આપણી કચ્છી ભાષા કચ્છમાં ક્યારથી બોલાય છે તે અંગે મતભેદ છે. આપણા જાણીતા સંશોધક-સાહિત્યકાર સ્વ. રામસિંહજી રાઠોડ બારસો - સાડા બારસો વર્ષ પહેલાંથી કચ્છી ભાષા બોલાય છે તેમ કહે છે. જ્યારે આપણા બીજા ભાષા સંશોધક સ્વ. શિવાજીભાઈ બારોટ તો ૯૯ હજાર વર્ષ પહેલાંથી એટલે કે લાખેક વરસો પહેલાંથી કચ્છમાં તે બોલચાલમાં અને લખવામાં આવે છે એમ કહે છે. વળી, સને ૮૭૨ જે અરસામાં મામૈદેવની ભવિષ્યવાણીના ફકરા પણ આપણને વાંચવા અને સાંભળવામાં આવે છે. ટૂંકમાં, કચ્છી ભાષાની ઉંમર બહુ જ છે.

### • કચ્છી ક્યાં ક્યાં બોલાય છે?

હવે આપણે કચ્છી ભાષા ક્યાં ક્યાં બોલાય છે તે અંગે વિચાર કરીએ, તો પ્રથમ વિચારે કહી શકાય કે કચ્છમાં કચ્છી ભાષા બોલાય છે, એવો આપણો અડસટ્ટો સાચો પણ છે. જ્યારે બીજી રીતે વિચારતાં આ વાત સાચી પણ નથી. કેમ કે કચ્છમાં અડધાથી વધારે કચ્છી ભાષા બોલનારા છે એટલે ૫૦ ટકા કચ્છી ભાષા બોલવાવાળા છે. બાકીની અડધા ઉપરાંતની વસતિમાંથી ૨૫ ટકા વસતિ કચ્છી ભાષાને સમજી શકે છે, જ્યારે ૨૫ ટકા વસતી કચ્છી ભાષાથી દૂર છે.

### • તો કચ્છ બહાર કચ્છી ભાષા બોલાય છે?

હવે આપણને વિચાર આવશે કે કચ્છ બહાર પણ કચ્છી ભાષા બોલાય છે? હા...હા ભા, હા...! કચ્છ બહાર પણ કચ્છ કરતાં વધારે માણસો કચ્છી ભાષા બોલે છે. અહીં આપણે પહેલાં ગુજરાતની વાત કરીએ. સૌરાષ્ટ્રના કાંઠાળ વિસ્તારમાં જામનગર જિલ્લો લગભગ, વડોદરા, સુરત, વલસાડ, વાપી, ઉમરગામ તેમજ ઉત્તર ગુજરાતના બધા જિલ્લામાં ને કેટલાક ગામોમાં અને શહેરી વિસ્તારના કેટલાક ભાગોમાં કચ્છી ભાષા બોલાય છે. કેમ કે ત્યાં કચ્છી ભાંડુઓ વસ્યા છે. સાબરકાંઠાના કેટલાક કમ્પાઓમાં પણ કચ્છી ભાષા બોલાય છે.

### • ગુજરાત બહાર પણ...

જ્યારે ગુજરાત બહાર આપણી નજરને લંબાવીએ તો જાણી શકાય છે કે મહારાષ્ટ્રના અડધા ભાગમાં કચ્છી બોલનારા છે. એટલું જ નહીં પણ મુંબઈમાં તો જ્યાં જઈએ ત્યાં કચ્છી ભાષી આપણને જોવામાં આવે છે. અહીં તો મુલુંડ, ઘાટકોપર, બોરીવલી, કાંદિવલી, થાણા, કલ્યાણ વગેરે જાણે મરાઠી ભાષી કરતાં કચ્છી ભાષા બોલનારા અને સમજનારા મોટી સંખ્યામાં હોય એવો તાલ છે. આખા મહારાષ્ટ્રમાં જ્યાં આપણી નજર પહોંચે ત્યાં ત્યાં કચ્છી ભાષી જોવામાં આવે છે. એટલે તો મુંબઈને બીજું કચ્છ કહીએ છીએ.

### • ભારતના બીજા ભાગોમાં કચ્છી બોલાય છે?

હવે આપણે કચ્છ અને ગુજરાતથી પણ બહાર, ભારતના જે ભાગોમાં કચ્છી બોલાય છે તેનો વિચાર કરીએ. આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, આસામ, કેરાલા, તામિલનાડુ, કર્ણાટક, ઓરિસ્સા, ગોવા ને ભારતના બીજા ભાગોમાં આપણે કચ્છી બોલનારા, તો ભાગલા પછી કચ્છ અને સિંધમાંથી આવી વસેલા ભાનુશાલીઓ તેમજ બીજી જ્ઞાતિઓની વસતિ આ ભાષા જાણનાર ભાઈઓ વસે છે. આ બધા સિંધી મિશ્રિત કચ્છી ભાષા ઘરમાં બોલે છે.

અહીં એક વાતની નોંધ લેવી જોઈએ કે આપણા કચ્છના બન્ની પ્રદેશ અને કચ્છની ઉત્તરીય સીમાવર્તી ગામડાઓમાં તો માત્ર કચ્છી ભાષા જાણવાવાળા માણસો જ વસે છે. એ લોકો કચ્છી ભાષા સિવાય બીજી કોઈ ભાષા જાણતા નથી.

### • કચ્છીની લિપિ છે?

લાખેક વર્ષથી કચ્છી ભાષા કચ્છમાં બોલાય છે એમ આપણે ઉપર કહી ગયા છીએ તો પછી આપણી સમક્ષ એવો સવાલ ઊભો રહી જાય છે કે કચ્છી ભાષાને પોતાની લિપિ છે? અહીં પણ જવાબ 'હા' અને 'ના' એમ બંને રીતે આપી શકાય તેમ છે. કચ્છી ભાષાની લિપિ માટે તો સદીઓથી પ્રયત્ન કરવામાં આવતા હતા પણ આજની તરીખે કચ્છી ભાષાની લિપિ પ્રચલિત થઈ શકી નથી.

આપણી નજરને લાંબી કરીએ તો આપણને જાણવા મળે છે કે કચ્છી ભાષાની ઉત્પત્તિ સંસ્કૃત ભાષામાંથી થઈ છે. સંસ્કૃતમાંથી પ્રાકૃત થઈ ને પછી કચ્છીમાં આવી છે, પણ કચ્છી ભાષાની લિપિ આજે પણ નથી એ હકીકત સોળેસોળ આના સાચી છે.

સને ૧૯૩૬ માં નારાણજી વિશનજી ઠક્કુર તરફથી કચ્છી લિપિ તૈયાર કરવામાં આવી હતી, પણ એ લિપિ કચ્છમાં જામી નહીં. એવી જ રીતે સને ૧૯૪૮માં નલિયાવાળા લાલજી નાનજી વકીલ-તેરાવાળાએ પણ કચ્છી લિપિ તૈયાર કરી હતી. એટલું જ નહીં પણ લાલજીભાઈ તો પોતાની ચોપડી 'ઝારે જો જુદ્ધ' નામની પોતાની ચોપડીમાં પણ તેને છપાવી હતી, પણ તેના હાલ બેહાલ થયા હતા.

જામનગર જિલ્લાના ધ્રોલમાં મેમણ મહંમદ હુસેન કરીમમામદ કોટડાવાળાએ પણ કચ્છી લિપિ બનાવી છે. 'આજીભા' ના નામે બનેલી એવી લિપિને પાંચ-દસ વર્ષ થયાં છે, પણ એ લિપિ ક્યાં છુપાઈ ગઈ તે પણ જાણી શકાતું નથી.

એક જાણવા જેવી હકીકત એવી પણ છે કે ઉપર ઉલ્લેખાયેલા પ્રયત્નો પહેલાં પણ 'ખાનાઈ ખોજા' ના ધર્મગ્રંથમાં આપણને

એક લિપિ જોવા મળે છે. આ લિપિને 'ખોજકી લિપિ' કહેવામાં આવે છે.

હાલે જ આપણા ભાઈબંધ-ધોસ્ત વ્રજ ગજકંધે પણ કચ્છી લિપિ બનાવી છે એ વાતની ઘણાને ખબર નહીં હોય

- **પણ હવે લિપિની જરૂરત છે?**

તો હવે આપણી સામે સીધો સવાલ આવે છે કે હવે આપણને કચ્છી લિપિની જરૂરત છે? બહુ વિચાર્યા વગર કહી શકીએ કે હવે કચ્છી ભાષાને પોતાની આગવી લિપિની જરૂરિયાત નથી... નથી... ને નથી જ. આપણે લાંબો વિચાર કરીને જોઈએ તો જાણવા મળે છે કે આજે દુનિયાને જે ભાષા વગર ચાલી શકે તેમ નથી એવી અંગ્રેજી ભાષાને પણ પોતાની લિપિ ક્યાં છે? અંગ્રેજી ભાષાને પોતાની લિપિ નથી. એ રોમન લિપિથી પોતાનો વ્યવહાર ચલાવે છે. એવી જ રીતે જર્મની, રશિયન, ફ્રેન્ચ કે આપણી હિન્દી ભાષાને પણ પોતાની લિપિ ક્યાં છે? હિન્દી દેવનાગરી લિપિમાં લખવામાં આવે છે. એ જ રીતે કોંકણી, મરાઠી, કાશ્મીરી, રાજસ્થાની, મારવાડી વગેરે ભાષાઓને પોતાની લિપિ નથી. એ રીતે જોતાં પોતાની લિપિ ન હોય તો પણ બીજી ભાષાઓની લિપિમાં લખીને કચ્છી ભાષાનો વિકાસ થઈ શકે છે.

ઉપર આપણે ચર્ચા કરી છે તે પ્રમાણે 'કચ્છીને પોતાની લિપિ નથી એટલે તેનો વિકાસ થઈ શકે તેમ નથી' એવા ગીતો ગાવાનો સમય હવે નથી. હવે દેવનાગરી કે ગુજરાતીમાં કચ્છી ભાષાને લખી-એની લિપિનો ઉપયોગ કરી કચ્છીભાષાને બળૂકી બનાવી શકાય તેમ છે.

- **ભારત બહાર કચ્છી ભાષા છે?**

અત્યાર સુધી આપણે ભારતમાં ક્યાં ક્યાં કચ્છી ભાષા બોલાય છે તેની વિગત ચર્ચી છે. આ રીતે કારી કચ્છમાં ઈસુની સાતમી સદીથી પહેલાં કચ્છી ભાષા બોલાતી હતી અને આજે પણ એ જ રીતે વ્યવહાર કરવામાં આવે છે. જો કે, અહીંની કચ્છી ભાષા સિંધી મિશ્રિત હોય તે સ્વાભાવિક છે. 'લૉઅર સિંધ' માં ગુજરાતી ભાષા તો બોલાતી નથી. લૉઅર સિંધના રાજવહીવટમાં સિંધી ભાષા કઈ રીતે દાખલ થઈ તેનો પણ એક ઈતિહાસ છે. સને ૧૮૪૩ના અરસામાં અંગ્રેજોએ સિંધનો કબજો લીધો ત્યારે ત્યાંની રાજવહીવટની ભાષા ફારસી હતી, પણ ફારસીને બદલે સિંધી ભાષા રાજવહીવટમાં દાખલ કરવા તે સમયે એક આંદોલન ચાલતું હતું. એવા આંદોલનને કારણે સફળતા મળતાં સને ૧૮૫૨ માં અરેબિક લિપિવાળી સિંધી ભાષાને માન્ય કરવામાં આવી... પછી સને ૧૮૫૭માં અરેબિક લિપિવાળી સિંધી ભાષાનો વ્યવહારમાં ઉપયોગ કરવાની શરૂઆત થઈ. આમ છતાં એક હકીકતની નોંધ લેવા જેવી છે કે સિંધી ભાષાને અરેબિક લિપિમાં લખી શકાતી નથી, કચ્છી ભાષાને અરેબિક લિપિમાં લખી શકાતી નથી.

- **કરાંચીમાં કચ્છી ભાષા :**

સિંધમાં કચ્છી ભાષા બોલાય છે ને વ્યવહારમાં તેનું ચલણ છે એનો અર્થ એવો નથી થતો કે પાકિસ્તાનના બીજા ભાગોમાં કચ્છી બોલવાવાળા નથી. જૂની રાજધાની કરાંચીમાં કચ્છી બોલનારા એટલા બધા છે કે ત્યાં પણ કચ્છીનો માહોલ છે અને ત્યાં કચ્છી ગલી પણ છે. એ જોઈ આપણને વિચાર આવે કે આ ભાગ પાકિસ્તાનનો છે કે કચ્છનો છે. ટૂંકમાં કરાંચી અને થરપારકરમાં કચ્છી ભાષા બોલનારા લગભગ ૩,૫૦,૦૦૦ એટલે કે સાડાત્રણ લાખની વસતિ કચ્છી ભાષા બોલે છે ને સમજી શકે છે.

- **આફ્રિકામાં :**

ભારત બહાર સિંધ પ્રાંત, થરપારકર અને કરાંચી સિવાય આફ્રિકામાં પણ કચ્છી ભાષા બોલાય છે તેની વાત તો બહુ જ રોમાંચક છે. સને ૧૯૯૫ ની સાલના આંકડાને ધ્યાને લઈએ તો જાણવા મળે છે કે કેન્યામાં ૧૦,૦૦૦ માણસો કચ્છી બોલે છે. નાઈરોબી, મોમ્બાસામાં પણ કચ્છી બોલનાર છે. આફ્રિકાની આવી વસતિ અંગ્રેજીની સાથે સ્વાહિલી અને કચ્છી ભાષા બોલે છે. જેમાં કડિયા, વેપારી, કેનેડિયન, રશિયનો વગેરે હિન્દુ, મુસ્લિમ, મેમણ, શિયા ઈસ્માઈલી ખોજા, ખ્રિસ્તીઓ ને કેટલાક કણબીઓ પણ કચ્છી ભાષા બોલે છે. ટૂંકમાં કચ્છમાંથી ત્યાં કમાવવા જે ગયા ને ત્યાં રહ્યા તેમાંથી ૭૦ ટકા માણસો કચ્છી ભાષા બોલે છે જ્યારે ટાન્ઝાનિયામાં શહેરી વિસ્તારમાં પણ કચ્છી ભાષી સારા પ્રમાણમાં છે.

- **અફઘાનિસ્તાનમાં :**

જ્યારે અફઘાનિસ્તાનમાં પુશ્તુ ભાષા સાથે કચ્છી ભાષા બોલનારાની સંખ્યા પણ ગણનાપાત્ર છે. અફઘાનિસ્તાનમાં કચ્છી ભાષા બોલાય છે એમ આપણને કોઈ કહે તો ભરોસો ન બેસે. પણ એ હકીકત સાચી છે કે આપણા બન્નીના જતો જેવી ત્યાં માલધારી કોમ રહે છે. એને 'નોમાડ' અને 'સેમિ-નોમાડ' જાતિના ગણવામાં આવે છે. એવી 'નોમાડ' અને 'સેમિ-નોમાડ' પ્રજા કચ્છી ભાષા બોલે છે એ જાણી આપણને આશ્ચર્ય થાય તેમ છે. અલબત્ત, 'નોમાડ' અને 'સેમિ-નોમાડ' પ્રજાને આપણા જેવા સ્થાનફેર (સ્થળાંતર) થોડા ઓછા થયા છે. ઉપરાંત અફઘાનિસ્તાનના બંધારણમાં પણ એ અંગે જોગવાઈ થયેલી છે તે મુજબ આર્ટિકલ ૧૪ પ્રમાણે 'નોમાડ' અને 'સેમિ-નોમાડ' પ્રજાને બંધારણ મુજબ ૧૦ બેઠકો આપવામાં આવેલી છે. એ પ્રજામાં ઘણા આગેવાનો થયા છે. ખાસ જાણીતું નામ છે સમત ગની આમદઝાઈ. એ પ્રજાને અફઘાનિસ્તાનના બંધારણમાં જ અફઘાનિસ્તાનની લડાઈ પહેલાં એમની ઉન્નતિ અને સુખાકારી માટે અનેક જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવેલો છે. વળી એમ પણ કહેવામાં આવે છે કે એ દેશની પ્રગતિમાં 'નોમાડ' અને 'સેમિ-નોમાડ' નો ફાળો ૩૦ ટકા જેટલો નોંધવામાં આવ્યો છે.

બોક્સમાં આપેલા આંકડા પ્રમાણે લગભગ ૨૪ લાખ લોકો કચ્છી ભાષા બોલે છે, રોજબરોજના વ્યવહારમાં તેનો ઉપયોગ કરે છે, સમજે છે. એ રીતે જગતભરમાં ૨૪ લાખ માણસો કચ્છી ભાષી છે. એક છ વર્ષ પહેલાં ઇન્ટરનેટ ઉપર પ્રસિદ્ધ થયેલા આંકડા પ્રમાણે છે. હાલે આ આંકડામાં વધારો થયો હશે એમાં શંકા નથી. આ રીતે હાલે દુનિયામાં ૨૪ લાખ માણસો કચ્છી ભાષી છે અને કચ્છી ભાષાનો વાવટો હવામાં ફરકાવી રહ્યા છે એમ કહેવું બરાબર છે.

એટલે તો કહેવાયું છે કે –

*'બોલ બોલ મથા કુલભાન થેજો થીએ મન,*
*જડેં અચે કન કચ્છબાર બોલી કચ્છજી.'*

- **ભયનો ડંકો :**

ઉપર પ્રમાણે કચ્છી ભાષા બોલનારા-જાણતલ માણસોની વિગતે વાત કરી છે, પણ અહીં ભયનો એક ડંકો પણ સામે વાગે છે જે આપણે સાંભળી શકતા નથી. ગુજરાત અને ભારતમાં હાલની નવી પેઢી અંગ્રેજી ભાષા પાછળ ઘેલી બની છે... અને અંગ્રેજીમય બની રહી છે એવો ખતરો આપણને જોવામાં આવતો નથી? આજે આપણા ઘરમાં ત્રણ-ચાર વર્ષનો બાબો નર્સરીમાં ગયા પછી ચમચાને સ્પુન કહે છે, શિક્ષક-ગુરુને 'સર' કહે છે. આપણે શરૂઆતમાં કહ્યું છે તેમ અમદાવાદથી પ્રગટ થતા 'ઉદ્દેશ' નામના એક સામયિકના તંત્રી પ્રબોધ રમણલાલ જોષીએ ૨૦૧૦ના માર્ચના અંકમાં 'મને કઈ ભાષામાં સપનાં આવે છે...' એવા મથાળાથી લખ્યું છે કે '૨૧મી સદી પૂરી થયા સુધીમાં દુનિયાની ૭૦૦૦ ભાષાઓમાંથી અડધા કરતાં પણ વધારે ભાષાઓનો નાશ થશે...' એટલે કે જે ભાષાનો વ્યવહાર થતો નથી, બોલવામાં આવતી નથી અને લખાણમાં જેનો ઉપયોગ થતો નથી, એવી ભાષા આખરે તો ખલાસ થઈ જાય છે... ને એક સમય એવો આવશે કે કચ્છી ભાષાને પણ આપણે ભૂલી જશું એવી હાલત પણ આવી પહોંચી છે.

- **કચ્છી સાહિત્ય અકાદમીની સ્થાપના :**

પણ કચ્છમાં અને ભુજમાં આ લેખ લખનાર, ભાઈ વ્રજ ગજકંધ અને માધવ જોષી 'અશ્ક' એ કચ્છી સાહિત્યસભાની સ્થાપના સને ૧૯૭૫ના અરસામાં કરી હતી. એ સંસ્થાએ કચ્છી ભાષાના ઉત્કર્ષ માટે ઘણું કામ કર્યું છે. આજે કચ્છીમાં લખતા લગભગ બધા જ લેખકો-કવિઓ એ કચ્છી સાહિત્ય સભાની દેન છે એમ કહી શકાય... અરે, કચ્છી સાહિત્ય સભાની કામગીરીને તા. ૨૦-૬-૨૦૦૫ના કચ્છી સાહિત્ય અકાદમીની સ્થાપનાથી બળ મળ્યું છે. કચ્છી સાહિત્ય અકાદમીએ કચ્છી લેખકોને સારી એવી સહાય આપી છે.

- **છેલ્લી વાત :**

ઉપર મુજબ વાંચ્યા સમજ્યા પછી એક સવાલ સામે આવી ઊભો રહે છે કે આજે કચ્છી લેખકો અલગ અલગ જોડણીવાળી કચ્છીમાં લખે છે એમાં કંઈક કરવા જેવું છે. પહેલાં ગુજરાતી પણ એ જ રીતે અલગ અલગ જોડણીમાં લખાતી હતી પણ સને ૧૯૩૪ ની ગુજરાત વિદ્યાપીઠની એક સભામાં પૂ. ગાંધી બાપુએ પોતે જાહેર કર્યું કે 'આજથી ગુજરાતી આ રીતે લખાશે...' અને તે દિવસથી ગુજરાતી ભાષા નિશ્ચિત જોડણીવાળીની રીતે લખાય છે. તો શું એવો માહોલ આપણે કચ્છી ભાષા માટે ન કરી શકીએ? ઘણા વખતથી આ અંગે પ્રયત્નો તો થયા છે પણ પરિણામ? વાત કરવા જેવી નથી.

અડધા જગતની સંસ્કૃતિને સંઘરીંધલ કચ્છી મા બોલીને વધુને વધુ ઉજાગર કરવાનો સમય આવી ગયો છે. આમ પણ કચ્છીઓની કચ્છી ભાષાને જીવતી રાખવા માટેની જિજીવિષા પણ ગજબની છે. લાભશંકર પુરોહિત નામના એક સંસ્કૃતના પંડિતે ભુજના એક કાર્યક્રમમાં કચ્છીઓની જિજીવિષાને 'જબર ભાષા-જિજીવિષા' કહી કચ્છીઓના આ વલણને વખાણ્યું છે ત્યારે કચ્છીઓની આવી જિજીવિષા બીજી જગ્યાએ આપણને જોવા મળતી નથી. આ વાતથી આપણને આનંદ આવે છે. એટલે જ કહ્યું છે કે,

*'કચ્છ-કચ્છી હિકડા મિડે, હિકડા ધર્મ-ઈમાન,*
*કચ્છી માજે પેટમ્યાં, ગિને અચે ઈ ગિનાન.'*

*છેલ્લે કારાણીજીને યાદ કરીને કહું તો :*

*'વંકા કચ્છી વિરલા, વંકી કચ્છી પાગ,*
*જન્મે કચ્છ ધરા મથે, તેજા તા ધનભાગ,*
*વંકી કચ્છ વતનજી વાણી,*
*વાહ રે ભા કચ્છી-ભાષા-નું પાણી!'*

*સંદર્ભ : (૧) લેખકનો આર્ટીકલ 'કચ્છી જી વિશ્વવાપી અસર,' (૨) શ્રી કીર્તિભાઈ ખત્રીનો 'મધુવન' પૂર્તિમાં છપાયેલો લેખ., તા. ૧૫-૩-૨૦૧૫ના 'વાંઢાય' માં થયેલા સેમિનારમાં લેખકના કચ્છી લેખનો ગુજરાતી.*

Prakash®
**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

# કચ્છના તેરા ગામના ત્રણ ઐતિહાસિક સાંકળિયા તળાવો ગુજરાતને શીખવે છે જળસંચયની અનોખી પદ્ધતિ

ડૉ. મિહિર એમ. વોરા

આપણા તળાવો, સરોવરો અને જળાશયો વર્ષોથી ગ્રામ પ્રજા માટે અનિવાર્ય બની રહ્યાં છે. કચ્છમાં ૬૫૦ જેટલા ગામોમાં અને કાઠિયાવાડમાં ૨૦૦૦ ઉપરાંત ગામડાંઓની પાણીની જરૂરત આ તળાવો પૂરી કરી રહ્યાં છે. આપણી ઉદાસીનતાને કારણે અને નબળા ચોમાસાને કારણે તળાવો લુપ્ત થઈ રહ્યાં છે. કાળ-દુકાળે માનવીને તળાવો અને કૂવા સાંભરે છે. કચ્છના તેરા ગામનાં ત્રણ ઐતિહાસિક સાંકળિયાં તળાવો હજારેક વર્ષ પહેલાં જ્યારે તેરા ગામ બંધાયું હશે ત્યારથી આ તળાવોનું આયોજન થયું હશે. તેરા ગામના તળાવોના ઘાટ, પાળ, પગથિયા તથા દરવાજા મળીને સુંદર દૃશ્ય ખડું કરે છે. ચોમાસામાં વરૂણ દેવ રીસામણે ગયા હોય એમ મેહૂલિયો મન મૂકીને વરસ્યો નહિ. વરસાદના અભાવે પાણી નદી, નાળા અને દરિયામાં વહી ગયા. નદી, સરોવર અને ડેમનાં તળિયાં દેખાવા માંડ્યાં. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતનાં ગામડાંમાં તો પાણીના દુકાળનાં ડાકલાં વાગવા મંડાણાં. આપણે વૃક્ષ વનરાજી, પર્યાવરણ અને મૂલ્યવાન પાણીને જાળવવામાં બેદરકારી દાખવી એના ગંભીર પરિણામો નજર સામે દેખાવા માંડ્યાં છે. કહેવતમાં સાચું જ કહ્યું છે કે, 'સુખમાં સાંભરે સોની અને દુઃખમાં સાંભરે રામ.' એમ સંકટ સમયે આપણને પાણી માટેના વાવ, કૂવા, કૂંડ, કૂઈ, તળાવો અને પાણી શેરડા અને વીરડા સાંભરે. પાણીના દુકાળના પડઘમે સમાજ અને સરકારની ઊંઘ ઉડાડી મૂકી છે.

આવા સંજોગોમાં આજે વાત માંડવી છે આપણા વડવાઓના પીવાના પાણીની સમસ્યા હલ કરવાની કુનેહ, ઈજનેરી કૌશલ્ય, અગમચેતી અને કોઠાસૂઝની. એને માટે બાળકોને લઈ જવાં છે, કચ્છના નપાણિયા વિસ્તારના રજવાડી એવા 'તેરા' ગામે. કચ્છમાં અબડાસા તાલુકાનું અગત્યનું ગામ ગણાતું તેરા ભુજથી ૮૨ કિ.મી. ભુજ - નલિયા, હાઈવેની દક્ષિણે આવેલું છે. સ્ટેટ હાઈવે દ્વારા મુંદ્રા, માંડવી, નખત્રાણા, અંજાર, ભુજ, ભચાઉ વગેરે મોટાં શહેરો સાથે સંકળાયેલું છે. તેરા ગામ ૧૦૦૦ વર્ષ પુરાણું હોવાનું મનાય છે. ૪૫૦ વર્ષે પૂર્વ કચ્છના ભાયાતોએ વિકસાવ્યું હતું. કચ્છના મહારાવ દેશળજી (સને ૧૮૧૯ થી ૧૮૬૦) એ પોતાના નાના હમીરજી ઉર્ફે ગગુભાને તેરાના જાગીદાર બનાવી બાવન ગામની જાગીર તેમને સોંપી. એ પછી તેરામાં ગઢ, બંગલા, રાજમહેલ, મેડીમાઢ, ઘોડાદાર કોઠારો તથા બાગબગીચા બનાવડાવી નાનું રજવાડું ઊભું કરેલું. આ ઐતિહાસિક તેરા ગામમાં છતાસર, સુમરાસર અને ચતાસર નામનાં એકબીજાની સાથે જોડાયેલાં ત્રણ તળાવો છે. તે 'ત્રિતેરા' તરીકે જાણીતાં છે. તેના પરથી આ ગામનું નામ પડ્યું હોવાનું કહેવાય છે. કચ્છમાં છેલ્લાં ૫૦ વર્ષમાં ૨૯ દુષ્કાળો ત્રાટક્યા છતાં તેરા ગામનાં ત્રણ તળાવનાં નીર કદી ખૂટ્યાં નથી. તળાવનું પાણી બારેમાસ સ્વચ્છ અને પીવાલાયક જ રહે છે. આ છે આપણા વડવાઓની કોઠાસૂઝની કમાલ. અહીં પાઈપલાઈનનું પાણી આવે ન આવે, ગામલોકો તળાવના પીવાલાયક પાણીનો જ ઉપયોગ કરે છે. આવો આપણે આ તળાવો ઉપર ઊડતી નજર કરી લઈએ.

હજારેક વર્ષ પહેલાં જ્યારે તેરા ગામનું તોરણ બંધાયું હશે ત્યારથી જ આ તળાવોનું આયોજન થયું હશે એમ જણાય છે. કચ્છના આ વિસ્તારની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ગામથી ઉપરવાસના આઠથી દસ કિ.મી. દૂર આવેલા ટેકરાઓમાં વરસાદી પાણી પડે તે નાનકડા કાંસ દ્વારા અગ્નિખૂણેથી ગામના ચોકમાં ફેલાઈને છતાસર તળાવમાં દાખલ થાય છે. ભૌગોલિક રચના તથા બાંધકામની રીતે તળાવ અમુક લેવલ સુધી ભરાઈ જાય પછી છલતી દ્વારા સામે છેડે બનાવેલ ઓવરફ્લો ચેનલ દ્વારા સુમરાસર તળાવમાં આવે છે. આ તળાવ ભરાઈ જાય પછી ઊભરાઈને ગામના અગ્નિખૂણે આવેલા ચતાસર તળાવને ભરે છે. આ તળાવ ભરાઈ જાય એટલે તેનું વધારાનું પાણી વહેણ દ્વારા વહી જઈને ગામના વાયવ્ય ખૂણે કોતરોમાં થઈ નદીમાં વહી જાય છે. તેરા ગામના લોકોએ પોતાની પાણીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ચોથા તળાવની પાળ અને તેના કૂવાની યોજના પણ બનાવી છે. આ પાણી સંગ્રહાય તો આજુબાજુના કૂવા રિચાર્જ થાય અને સિંચાઈ માટે ઉપયોગી બને. આ યોજના મંજૂરીની અપેક્ષાએ સિંચાઈ ખાતા પાસે પડી છે. ૧૬ લાખ રૂપિયાની આ યોજના મંજૂર થવાની શક્યતા ગામ લોકોને જણાય છે. આ ત્રણેય તળાવોની આસપાસ એકદમ વ્યવસ્થિત રીતે પાળ તથા ઓવારા બનાવેલા છે. ગામ તરફથી ઓવારા ઉપર પહોંચવા માટે દરવાજા બનાવેલા છે, જેના દ્વારા તળાવનાં પાણી સુધી લોકો પહોંચી શકે છે. ગામ લોકોની સમજણ પણ આપણને માન ઉપજાવે એવી રહી છે. લોકોએ સાથે મળીને સર્વાનુમતે સમજૂતી એવી કરી છે કે પહેલું તળાવ છતાસર નહાવા ધોવા માટે, બીજું સુમરાસર તળાવ પીવાના પાણી માટે તથા ત્રીજું ચતાસર ઢોરને પાણી પાવા, નહાવા અને બાંધકામ જેવા અન્ય ઉપયોગમાં લેવું. આવી ગોઠવણને લઈને સુમરાસર તળાવનું પાણી પ્રમાણમાં ચોખ્ખું અને પીવાલાયક બારેમાસ રહે છે. આ તળાવને કાઠિયાવાડમાં સાંકળિયાં તળાવો કહે છે. તેરા ગામના તળાવોના ઘાટ, પાળ, પગથિયા તથા દરવાજા મળીને સુંદર દૃશ્ય

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૮ ઉપર)

# ભૂકંપ પહેલાની મૂલ્યનિષ્ઠ કચ્છની ગ્રામ છબી

સંસ્મરણ

જયંતી જોષી 'શબાબ'

"જોશીજી, આપ વ આપકા પરિવાર સભી ઠીક તો હૈં ન? હમારે કેન્દ્રકે સભી કર્મચારી ભી ઠીકસે હૈં? કોઈ જાનહાનિ તો નહીં ન હુઈ? બોલિયે, મૈં આપકે લિયે ક્યા કર સકતા હૂં? મેરે યોગ્ય કામકાજ બેઝિઝક બતાઇયે!"

આપમી વહાલી ભૂમિ કચ્છમાં ઉદ્‌ગમબિંદુ ધરાવતા મહાવિનાશક ભૂકંપ પછી ત્રીજા દિવસે જ્યારે અમારા દિલ્હી કાર્યાલય પરથી ઉપમહાનિદેશક અને સંવેદનશીલ એવા કવિ ડૉ. રતન હરિયાણવી સાહેબનો ફોન મને ઓફિસે મળ્યો ત્યારે એમને બધી સ્થિતિ અને વિગતોથી અવગત કરાવ્યા. ફોન પત્યા પછી મન એમની સાથે ગાળેલી પળોમાં સરી પડ્યું.

૧૯૯૮ના અંતભાગે, આકાશવાણી ભુજ કેન્દ્રના નિરીક્ષણ - પર્યવેક્ષણ અર્થે દિલ્હીથી ખાસ પોતાની ટીમ સાથે તેઓ પધાર્યા હતા. અને, એમના કાર્યક્રમ વચ્ચે રવિવાર પડતો હોઈ એમણે કચ્છનાં યાદગાર સ્થળો જોવાની ઇચ્છા વ્યક્ત કરી.

સાવચેતીપૂર્વક, એમની રસરુચિને ધ્યાને લઈ મેં આયોજન ગોઠવ્યું. નાનકડી રેકોર્ડિંગ ટીમ અને એ વરિષ્ઠ અધિકારી તથા એમની ટીમના વહીવટી કર્મચારીને સૌપ્રથમ કચ્છના અભિનવ સ્વાસ્થ્યતીર્થ જેવી બિદડા સર્વોદય હોસ્પિટલ બતાડી. શ્રદ્ધેય મુરબ્બી શ્રી બચુભાઈએ ભાવભીનો આવકાર આપ્યો ને સંકુલમાં ફેરવી સેવાપ્રવૃત્તિનો સુપેરે પરિચય આપ્યો. દેશના છેવાડાના અને તે પણ ગ્રામવિસ્તારમાં આવી નમૂનેદાર, શ્રેષ્ઠ અને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાયુક્ત એ હોસ્પિટલ જોઈ તેઓ ખૂબ જ પ્રભાવિત થયા.

તે પછી, બાજુમાં જ આવેલા પૂજ્ય વેલજીબાપાની સ્મૃતિ સાચવી બેઠેલા સત્સંગ આશ્રમે તેઓને તેડી ગયો. પરિસરના શાંત, રમણીય અને અધ્યાત્મસભર વાતાવરણનો પ્રભાવ, ઉપરાંત એ સાધના આશ્રમની વિરલ કહી શકાય એવી લાઇબ્રેરી તથા પૂ. વેલજીબાપાના પોતાના અનુયાયીઓ સાથેના પત્રવ્યવહારની એમને પરમાદરણીય મુરબ્બી શ્રી ભવાનજીભાઈએ જાણકારી આપી. એ દિવંગત આત્માનો સંબંધ મહર્ષિ અરવિંદ સાથે હતો એ જાણી તથા અત્યંત દુર્લભ એવા અંગ્રેજી તેમજ અન્ય ભાષાનાં પુસ્તકો જોઈ તેઓ અભિભૂત હતા.

સાહેબની રસરુચિ સાથે કર્મચારીઓના ગમા-અણગમાનો પણ ખ્યાલ હતો. એટલે 'ઇતરે જનાઃ મિષ્ટાન્નં ઇચ્છન્તિ' ને ધ્યાનમાં લઈને, માંડવીમાં ભોજન કરાવી થોડોક સમય દરિયા કિનારે ગયા. મને ખબર હતી કે એ સમય થોડોક યોગ્ય નહોતો. પરંતુ દિલ્હી કે રાજસ્થાનવાસીઓને તો દરિયાનું ઘેલું હોય છે. એમને એ ભાગ્યે જ જોવા - માણવા જેવો પ્રસંગ હોય છે. તેથી સમુદ્ર દર્શન કરાવી સહુને તત્કાલ મોડપીરના સ્થાનકે અને ત્યારબાદ બાડા ખાતે 'ધમ્મસિંધુ' સાધના કેન્દ્ર બતાડી બધી વિગતો આપી.

ત્યાંનું બધુંય નિરીક્ષણ લગભગ મૌન રહી કર્યા પછી, રસ્તે વાહનમાં એમણે સહુની વચ્ચે મને એક ધારદાર પ્રશ્ન કર્યો :

"જોશીજી, ધમ્મસિન્ધુ કેન્દ્રકી હમારી ભેંટ મેરે જીવનકી એક ઉપલબ્ધિ હૈ. પરન્તુ એક સવાલ જો મનમેં ઊઠતા હૈ વહ યહ હૈ કિ યહાં પર જ્યાદાતર સાધક તો બાહરસે યા વિદેશસે આયે હુએ હૈં, તો યહાં કી સ્થાનીય પ્રજા ઇસસે ક્યોં લાભ નહીં ઉઠાતી હોગી?"

મેં એમને જે જવાબ આપ્યો હતો એ મને આજેય યાદ છે. એ વાતને આપણી રીતે મૂકું તો, મેં એમને જણાવ્યું હતું કે....

જ્યાં જ્યાં ભૌતિકતા ભરડો લેતી હોય અને એષણાઓ માણસનો પીછો છોડતી ન હોય ત્યાં માણસ દુઃખી અને બેચન થઈ આધ્યાત્મ અને ચિંતન તરફ વળતો હોય છે. જ્યાં લોકોની અપેક્ષાઓ અને એષણાઓ સીમિત હોય ત્યાં લોકો પોતાના દૈનિક જીવનમાં જ આધ્યાત્મ અને ચિંતનને જીવતા હોય છે. એમને કોઈ કેન્દ્રોમાં જઈ આર્યમૌનની તાલીમ લેવી નથી પડતી.

આ સાંભળી ડૉ. હરિયાણવીજી કહે, "ક્યા ઇસકા કોઈ ઉદાહરણ દે પાયેંગે?" તો મેં કહ્યું, "સર, કઇ કઇ ઉદાહરણ દિયે જા સકતે હૈં પર ફિલહાલ દો-ચાર સે કામ ચલ જાયેગા. હૈ ન?" પછી જે ઉદાહરણો મૂક્યાં તે આ રહ્યાં...

**(૧)** ગઇકાલે ભુજના મહેરઅલી ચોકની બજારમાં આપની હાજરીમાં જ થયેલી એ વાતચીતની યાદ અપાવું તો એક ઘરાકે દુકાનદારને ફાનસનો ભાવ પૂછતાં તે એને વીસ રૂપિયા કહે છે. ઘરાક કહે છે કે બાજુની દુકાન પર તો એ અઢાર રૂપિયામાં મળે છે. આ સાંભળી એ દુકાનદાર કહે છે કે ત્યાંથી ખરીદી લેવું યોગ્ય રહેશે. શક્ય છે કે એનો માલ જૂની ખરીદીનો હોઈ સસ્તો હશે. મને ઓગણીસમાં પડેલો માલ હું અઢારમાં ન આપી શકું. અને ઘરાક વધુ રકઝક કર્યા વિના વીસ રૂપિયામાં ફાનસ ખરીદી ચાલતો થાય છે!

અહીં ઘરાકને બેસાડી, ચા-પાણી પાઈ કે પછી એક પર એક મફતની સ્કીમમાં લલચાવીને મૂંડવાની વૃત્તિ વેપારીમાં નથી. એનો સીમિત નફો એના સંતોષની વાત કહી જાય છે. ઘરાક પણ પછી માલ ઓગણીસ કે સાડા ઓગણીસમાં આપવા આગ્રહ ન રાખતાં, વેપારીના સામાન્ય નફાને સ્વીકારી કોઈ પણ દલીલ વગર પૂરી રકમ ચૂકવી માલ લઈ જઈને પણ છેતરાયાનો અનુભવ નથી પામતો. ગુણવત્તા, ભાવ અને વજનના ત્રિવિધ કષ્ટથી મરણાસન્ન અવસ્થાને પામતા 'કસ્ટમર'ની પાશ્ચાત્ય વિભાવનાનો અહીં છેદ ઊડી જાય છે.

**(૨)** રોજ સવારે ગામના ઘર આંગણેથી ગાય-ભેંસ છોડી ધણ સાથે વગડે વિચરતા અને ઠેઠ સાંજે ગોધૂલી સમયે પશુઓ પાછાં ઘરોઘર પહોંચાડતો ગોવાળ આખો દિવસ વગડામાં કોની સાથે વાતો કરે છે? એનું નિર્મળ અને નિરભ્ર મન વિચારોથી ઓગનતું નથી કે ન તો અસંબદ્ધ વાર્તાલાપ કે નિંદાકુથલીમાં રાચે છે. તેથી એનું એ મન અને વાણીનું મૌન કોઈ સાધનાકેન્દ્ર નહીં પરંતુ જિવાતા જીવન વિશેનું આર્યમૌન છે જે ભીતર અને બહારની શાંતિની ગંગોત્રી છે.

**(૩)** ગામડાંના વાડી વિસ્તારમાંથી ખેતરેથી મરચાની ગુણી વીસેક કિલોમીટરે આવેલા શહેરની બજારે કાછિયાને પહોંચતી કરવા ખેડૂતનો દીકરો પોતાની સાઈકલ પર બેસીને, શહેર પહોંચી, કાછિયાને માલ સોંપી તુરંત પાછો પોતાના ઘરે - ખેતરે પાછો ફરે છે. મારી નજર સમક્ષ એવો આખેઆખો સમાજ છે. એ તરુણોને ન તો થિયેટરો ખેંચે છે, ન હોટલો આકર્ષે છે કે ન તો બગીચાઓનું સૌંદર્ય મોહે છે! દાયકાઓ સુધી એ જ કામ નિરંતર કરતા એમને એય ખબર નથી કે પિત્ઝા કઈ બલાનું નામ છે કે પછી શાહરૂખ ખાન કોણ છે!

બધાંય આકર્ષણોની વચ્ચેથી જેને ફક્ત ને ફક્ત પોતાનો માર્ગ દેખાય છે અને ત્યાં જવું તો ઠીક, એ આકર્ષણોનો વિચાર પણ નથી આવતો એમણે પોતાનું કામ છોડી કોઈ સત્સંગાશ્રમ કે ધ્યાન કેન્દ્રમાં જવાની જરૂર હોય છે ખરી?

**(૪)** રણ સીમાડે કોઈ પીરની સલામે આવેલા યાત્રીઓને પોતામાં સમેટી આવેલી બસમાંથી એ ભાવિયા નીચે ઊતરે ત્યારે ત્યાંની કોઈ વ્યક્તિ ખાલી બસમાં બારી પાસે બેસી દૂર સુદૂર નજર કરે, લોકો સલામ ભરી પાછા આવે ત્યારે નીચે ઊતરી એ લોકોને બેસવા જગ્યા કરી આપે અને બસ ઊપડી જાય. દાયકાઓ સુધી જેણે ચાલતી બસમાં બેસવાનો પ્રયત્ન તો ઠીક, સ્વપ્ન પણ ન જોયું હોય... ફક્ત 'દિલ હૈ છોટા સા, છોટી સી આશા'ની જેમ ફક્ત ઊભેલી જ બસમાં બે-ચાર પળ બેસી રાજીપો ભેગો કરી લીધો હોય.... ને તે પણ કોઈ ફરિયાદ, કોઈ રંજ વિના... તો એને વૃત્તિસંક્ષેપના પાઠ ભણવા કોઈ સંસ્થામાં જોડાવવું જરૂરી હોય છે?

વાતચીત લાંબી ચાલી હોત પરંતુ અમે સહુ પાછા ભુજ આવી ગયા હતા. રાત્રિભોજન પછી એમને 'ઉમેદ ભુવન' મૂકવા ગયો ત્યારે મેં એમના ચહેરા પર સંતોષ જોયો હતો. બીજા દિવસે સવારના ભાગમાં જે સૂચનો તેમણે મને કાર્યાલય વિષે આપવાના હતા તે આપ્યા અને બપોર પછી જ્યારે હું અને મારા લેખાપાલ (એકાઉન્ટન્ટ) એમને વળાવવા ભુજના વિમાની મથકે ગયા ત્યારે એમણે મને 'ગુડબાય' કહીને હાથમાં એક ચબરખી આપી કહ્યું, 'જોશીજી, ઇસમેં મેરા એક મુક્તક હૈ. ઇસી બહાને આપ કભી કભી હમેં યાદ તો કરેંગે.'

ઉત્સુકતાવશ પાછા વળતાં મેં એ ચબરખી વાંચી. એમના મુક્તકથી લેખ પૂરો કરું છું.

***"વો સુન લેં જો સદા ફિરતે હૈં રોટીકે ચક્કરમેં***
***કિ ખુદા રાઝિક હૈ, ગિઝા દેતા હૈ કીડેકો પથ્થરમેં***
***હવામેં ભર કુલાંચેં કિ લગા ગોતે સમંદરમેં,***
***ન પાયા ન પાયેગા ઉસસે જ્યાદા જિતના લિખ્ખા મુકદ્દરમેં!"***

---

## ભૂકંપ – વતનમાં, મનમાં અને તનમાં

**(અનુસંધાન : પાના નં.-૪૧ ઉપરથી ચાલુ)**

પછી તરતમાં એક અન્ય નિમિત્તે જવાનું થયેલું ત્યારે ખરેખર બધું છિન્નભિન્ન થયેલું જોઇ હાયકારો નીકળી ગયેલો. પણ કચ્છી માડુઓની હિંમતને દાદ દેવી પડે! પહેલાં જેવો જ આવકાર, આતિથ્ય અને સૂંઠ-ગંઠોડાં નાંખેલો ગોળનો ગરમ ગરમ શીરો.

એ પછી પાંચેક વરસે ગયો ત્યારે અને દસેક વરસ પછી ગયો ત્યારે થયું કે આ તો ફિનિક્સ પંખીવાળો ઘાટ થયો! આખી સિકલ જ બદલાઈ ગઈ! અમદાવાદ તો ઠીક, મુંબઈની ટક્કર લે તેવાં શહેર, તેવા રસ્તા, તેવી સગવડો, તેવાં મકાન. એક મિત્ર કહે છે તેમ, 'જાણે પરદેશમાં ફરતા હોઈએ તેવું લાગે!'

પણ આ જ વાત મારી ઉંમરના કેટલાક મિત્રોને ખૂંચી જ હશે. પહેલાં કચ્છી કે કાઠિયાવાડી મિત્ર મળે એટલે કહે, 'વરસમાં એક-બે વાર દેશમાં જઈ આવીએ એટલે તાજામાજા થઈ આવીએ.' દેશમાં એટલે વતનમાં – પેલાં જૂનાં ઘરો, જૂની શેરીઓ આખું નાનપણ ફરીથી જીવી જવાય ને તાજામાજા થઈ જવાય. પણ હવે એ લોકો 'દેશમાં' જતા હશે ત્યારે એમને ય 'પરદેશ'માં જ ફરતા હોય એવું લાગતું હશેને? અને કદાચ હિજરાતા પણ હોય, ક્યાં ગઈ મારી એ શેરી? મારું એ જૂનું ઘર? જો કે હવે મારી ઉંમરના એવા 'દેશ'માં જવાના અભરખા અને ઉત્સાહ કરનાર પણ કેટલા રહ્યા હશે? પણ જે કોઈ રહ્યા હશે તેમના વતનમાં આવેલો ભૂકંપ તેમના મન અને તનમાં તો હજુય આંચકા (આફ્ટર શૉક્સ) આણતો હશે.

***૩૪૭, સરસ્વતી નગર, હિંમતલાલ પાર્ક સામે,***
***આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***

# ભૂકંપ – વતનમાં, મનમાં અને તનમાં

યોગેન્દ્ર વ્યાસ

છવ્વીસમી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ સવારે સવા આઠના સુમારે રોજની જેમ હું સ્નાન કરતો હતો. અચાનક બારણું જોર જોરથી ખખડવાનો અને પત્નીની બૂમોનો અવાજ સંભળાયો. 'જલદી કરો, જલદી બહાર નીકળો.' આખા શરીરે સાબુ ચોળેલો એટલે બંધ આંખે જ મેં જવાબ આપ્યો, 'પણ આખો બાથરૂમ કેમ હલાવે છે? હું સ્ટૂલ ઉપરથી ગબડી પડીશ.' (અકસ્માતને કારણે ઘૂંટણમાં બોલ્ટ નાખ્યા છે. તેથી વરસોથી હું ઘૂંટણ વાળી શકતો નથી – જે જાણ સારું.) 'હું બાથરૂમ નથી હલાવતી, ધરતીકંપ આવ્યો છે. જલદી નીકળો...' લગભગ ચીસ પાડી એ બોલી. એનો અવાજ દૂર જતો સાંભળી મને નિરાંત થઈ કે 'હાશ! (કે કાશ!) એ તો બચી જશે.' જલદી જલદી શરીર પર ડબલાં રેડી, જેમ તેમ ટુવાલ વીંટી હું બહાર નીકળ્યો ત્યાં સુધીમાં તો ઘરનાં બધાં બહાર દોડી ગયેલા. દરમિયાન બધું સ્થિર થયેલું અનુભવી, મેં સ્થિરતાથી કપડાં પહેર્યાં.

રસોડામાં ઘોડો (તબડક તબડકવાળો નહીં, લાકડાનો) આડો પડી ગયો હતો. અંદરના ડબ્બા - બાટલી - બાટલા વેરણછેરણ. કેટલીક બાટલી ફૂટી ગયેલી (બાટલીઓ આમે જલદી ફૂટી જાય એવું હશે?) બાટલા ખૂલી ગયેલા - અથાણા, મધ, ખાંડ, મીઠું, છૂંદો, ગોળયું, રાયતું બધાના અદ્‌ભુત મિશ્રણનો રગડો રેલાતો હતો. ડાઈનિંગ ટેબલ ઉપર દૂધની તપેલી આડી પડેલી ને તેમાંનું દૂધ રેલાઈને નીચે સુધી પહોંચેલું.

મેં બહાર નીકળી બૂમ પાડી, 'ભૂકંપ ગયો, અંદર આવી જાવ.' તેણે સામેથી એનાથીય વધારે મોટી બૂમ પાડી, 'આફ્ટર શોક આવશે. તમે બહાર આવી જાવ.'

આખી સોસાયટી રસ્તા પર ઊતરી આવેલી. બધા 'કોનું શું થયું હશે?'ની ચિંતા કરતા હતા. પત્ની પણ પિયરનાની, મામાની, માસીની, નવ માળના ટાવરમાં રહેતા દિયરની અને પાંચમે માળે રહેતી નણંદની અતિશય ચિંતા કરતી હતી. એ વખતે મોબાઈલનું આવું અને આટલું ચલણ નહીં. તેથી મેં કહ્યું, 'ઘરમાં જઈ ફોન કરીને બધાના સમાચાર જાણી લઈએ.' પત્ની કહે, 'ગાંડા થયા છો? અંદર જઈએ, ને ફરીથી ભૂકંપ આવે તો?' 'તો પછી જેનો ઉપાય નથી તેની ચિંતા છોડી આફ્ટર શોકની વાટ જોઈએ' મેં કહ્યું. 'તમને જેમાં-તેમાં મજાક જ સૂઝે છે!' પત્નીએ છણકો કર્યો. 'ચિંતા દૂર કરવા માટે એ સિવાય બીજો ઉપાય નથી.' એમ મેં કહ્યા છતાં પત્નીએ ચિંતા કર્યા જ કરી અને એની સાથે મનેય ચિંતા થાય છે એવો ખોટો ખોટો દેખાવ મેં પણ કર્યા કર્યો.

બે કલાક આફ્ટર શૉકની વાટ જોયા છતાં એ કંઈ દેખાયો નહીં. વચ્ચે વચ્ચે કેટલાક અતિસંવેદનશીલ સજ્જનો - સન્નારીઓને થોડી થોડી ધ્રુજારી અનુભવાઈ. મેં કહ્યું, 'આ જગત ખરેખર જેવું છે એવું આપણે અનુભવતા જ નથી, પણ આપણે જેવું અનુભવીએ છીએ તેવું જ છે એમ માનીએ છીએ એમ તો શાસ્ત્રોમાં પણ કહ્યું છે.' મારું કહ્યું કેટલાને સમજાયું એ તો રામ જાણે પણ બે કલાકને અંતે બધાએ બીતાં બીતાં, એકબીજાની દેખાદેખી ગૃહપ્રવેશ કરવાનું શરૂ કર્યું.

ઘરમાં જઈને જોયું તો ફોન તો સાવ મૂંગો થઈ ગયેલો. લાઈટ ચાલુ હતી. તેથી ટી.વી. ચાલુ કર્યો. ટી.વી.વાળા તો મચી પડેલા. ઈંટોના ઢગલામાં ફેરવાઇ ગયેલા ફ્લેટો, ઊંડા ખાડામાં રૂપાંતરિત થયેલા રસ્તાઓ, હોસ્પિટલે લઇ જવાતાં ઘાયલો, રઘવાયાં બનેલાં માણસો બતાવી બતાવીને પ્રેક્ષકોને પણ તેઓ રઘવાયા બનાવતા હતા. ટી.વી.એ જ સમાચાર આપ્યા કે બધાં શહેરોમાં ખાનાખરાબી થઈ છે પણ કચ્છમાં તેનું એપીસેન્ટર છે. એટલે ત્યાં સૌથી વધારે ખાનાખરાબી થઈ છે.

થયું! કચ્છમાં કોઈ સગાં તો નહીં પણ વહાલાં ઘણાં. ફોન બંધ હતો. તેથી ટી.વી. સિવાય ત્યાંની સ્થિતિ જાણવાનો બીજો ઉપાય ન હતો. ૧૯૬૯ના આવા જ જાન્યુઆરીના અંતમાં હું પહેલ-વહેલો કચ્છ ગયેલો. બત્રીસ વરસમાં તો ત્યાં કેટકેટલીવાર જવાનું થયેલું! ત્યાંના માયાળુ માણસોની માયા આંખમાં, કાનમાં, જીભ પર અને સૌથી વધુ તો દિલમાં એવી વ્યાપેલી! પત્નીને એની બહેનપણીઓ યાદ આવે અને મને મારા વિદ્યાર્થીઓ - મિત્રો, ટી.વી. પર જોયા કરીએ! ઈશ્વરને પ્રાર્થના કર્યા કરીએ કે કેમેરાની અડફેટે કોઈ પરિચિત ચહેરો ન ચડી જાય!

બીજા દિવસે ફોન ચાલુ થયો. અને સામેથી ફોન આવવા શરૂ થયા. 'ચિંતા ન કરશો, અમે સાજા-સમા છીએ. તમે કેમ છો?' ભારે હિંમત - જબરી સ્વસ્થતા! 'ટી.વી.માં તો બધું ભાંગીને ભુક્કો થયેલું બતાવે છે!' અમે કહીએ. 'એમ છતાં અમે સકુશળ છીએ. ચિંતા ન કરશો. દોડી ન આવશો.' સામેથી સધિયારો મળે.

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૦ ઉપર)

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

## સૌ ચાલો ગિરીવર તથા ગુરૂવરોને ભેટવા....

## શ્રી અચલગચ્છ જૈન સંઘ માટે અનેરો અવસર

*તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબની નિશ્રામાં પાલીતાણા મધ્યે ભવ્યાતિભવ્ય કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.*

- 卐 **૯૯ યાત્રા ચાલુ છે.**
- 卐 **તા. ૩૦-૧-૨૦૧૭ના રોજ ગુરૂ ભગવંતોને પદવી પ્રદાન સમારંભ.**
- 卐 **તા. ૧-૨-૨૦૧૭ના ગુણોદયપુરમમાં બિરાજમાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિ જિનબિંબોની અંજનશલાકા.**
- 卐 **તા. ૨-૨-૨૦૧૭ના પ્રતિષ્ઠા મહોત્સવ.**
- 卐 **તા. ૩-૨-૨૦૧૭ના દ્વારોદ્‌ઘાટન. નવ્વાણું યાત્રાના સંઘપતિઓની સંઘમાળ.**
- 卐 **તા. ૪-૨-૨૦૧૭ના ૧૨ ગાઉ યાત્રાનું પ્રયાણ.**
- 卐 **તા. ૧૦-૨-૨૦૧૭ના છ'રી પાલિત સંઘની બહુમાળ તેમજ દાદાની ધ્વજા ચડાવવાનો કાર્યક્રમ.**

*આપણા સંઘમાંથી વધુને વધુ આપણે સૌ પાલીતાણા જઈએ અને મહોત્સવમાં સહભાગી થઈ ગચ્છ અને ગુરૂની શાન વધારીએ. તે માટે શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ તરફથી નીચે મુજબના પાંચ સંઘપતિઓના સથવારે પાલીતાણા જવાનું આયોજન છે.*

**કાર્યક્રમ :**

- ★ તા. ૨૯-૧-૨૦૧૭ના રોજ અમદાવાદથી પ્રયાણ.
- ★ તા. ૩૦-૧-૨૦૧૭ના રોજ પદવીદાન સમારંભમાં હાજરી.
- ★ તા. ૩૧-૧-૨૦૧૭ના રોજ ગિરીરાજની યાત્રા.
- ★ તા. ૧-૨-૨૦૧૭ના રોજ ગિરીરાજની યાત્રા. રાત્રે અંજન શલાકા વખતે રાત્રિ જાગરણ સાથે જાપના અનુષ્ઠાનમાં ભાગ લેવાનું.
- ★ તા. ૨-૨-૨૦૧૭ના પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થવાનું.
- ★ તા. ૨-૨-૨૦૧૭ના રોજ બપોર બાદ પાલીતાણાથી અમદાવાદ તરફ પ્રયાણ.

ઉપરોક્ત પ્રસંગોમાં સંઘ સાથે આવવા ઈચ્છનાર દરેક ભાગ્યશાળીએ **તા. ૧૫-૧-૨૦૧૭ સુધીમાં** પોતાના નામ **નવનીત વિવિધલક્ષી ભવન**, પ્રભુદાસ ઠક્કર કૉલેજ રોડ, પાલડી મધ્યે રૂા. ૨૦૦/- ડિપોઝીટ સાથે લખાવવાના રહેશે. અથવા **વિજયભાઈ દેઢિયા** (વિજય સ્ટોર્સ, રાજકમલ બેકરીની બાજુમાં, વલ્લભવાડી, મણિનગર) પાસે પણ લખાવી શકાશે. ડિપોઝીટ વગર કોઈના પણ નામ લખવામાં આવશે નહીં.

ડિપોઝીટની રકમ પાલીતાણાથી પરત ફરતી વખતે આપને પરત આપી દેવામાં આવશે.

**• સંઘના સંઘપતિઓ •**

| | | |
|---|---|---|
| ૧. | **અ.સૌ. પ્રભાબેન શાંતિલાલ મુરજી સાવલા** | **તુંબડી** |
| ૨. | **માતુશ્રી ભાણબાઈ ઠાકરશી ગાલા** | **ગઢશીશા** |
| ૩. | **માતુશ્રી પાનબાઈ કેશવજી ગડા (હા. માનવ ચંદ્રકાંત ગડા)** | **ગઢશીશા** |
| ૪. | **માતુશ્રી રતનબેન પાસુભાઈ શાહનંદ** | **ડુમરા** |
| ૫. | **માતુશ્રી વિજ્યાબેન વીરેન્દ્ર લોડાયા** | **બાંઢીયા** |

***લી. શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ***

***શાંતિલાલ મુળજી સાવલા - પ્રમુખ***

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

॥ સકલ સંઘ નિમંત્રણ ॥

## શ્રી આર્યગુણ ગુરૂકૃપા જૈન તીર્થ રામજીકા ગોલ

### ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

**પુણ્યપ્રભાવી નિશ્રા : સૂરિગુણસિંધુ પટ્ટાલંકાર રાજસ્થાન દક્ષિણ દીપક ગુરૂકૃપા તીર્થપ્રેરક પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

શ્રી મેરૂતુંગ ગોડી પાર્શ્વ જિનાલય સહ પ્રથમવાર નિર્મિત
દ્વાદશ રાશિ દેવકુલીકા દાદાવાડીની ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સહ
વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો આયોજીત થશે.

**• મંગળ મહોત્સવ •**

**બુધવાર, તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૧૭થી**
**રવિવાર, તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૧૭**

**તીર્થપતિ મૂળનાયક**
**શ્રી મેરૂતુંગ પાર્શ્વનાથ ભગવાન ભરાવવાનો**
**સામૂહિક લાભ : રૂા. ૨૭,૦૦૦/-**
(લાભાર્થીના બે નામ આમંત્રણ પત્રિકામાં તથા બે નામ શિલાપટ પર લગાવવામાં આવશે.)

**• પાવન પ્રતિષ્ઠા મહોત્સવ •**

**શનિવાર,**
**તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૧૭**

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવ**
**આધારસ્તંભ યોજના**
**સંપૂર્ણ પ્રતિષ્ઠા મહામહોત્સવનો લાભ**
**રૂા. ૧,૦૦,૦૦૦/-**
(લાભાર્થીના બે નામ આમંત્રણ પત્રિકામાં તથા બે નામ શિલાપટ પર લગાવવામાં આવશે.)

*ઉપરોક્ત પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપવા જવાનું શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ દ્વારા આયોજન કરવામાં આવેલ છે. જેના અંતર્ગત તા. ૨૦-૧-૨૦૧૭ના રોજ રાતના ૧૧.૦૦ વાગે વિનય માર્કેટ - મણિનગરથી બસ દ્વારા રામજીકી ગોલ જવા નીકળી તા. ૨૧-૧-૨૦૧૭ના રોજ સવારે ૫.૦૦ પહોંચીશું. ત્યાંથી બપોરે નીકળી રાતના અમદાવાદ પરત પહોંચીશું. આ ૧ દિવસના કાર્યક્રમનો નકરો રૂા. ૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. (રૂપિયા જમા કરાવીને નામ લખાવશો.)*

**• નામ લખાવવા માટે સંપર્ક •**

- ★ વિજય દેઢિયા : મો. ૮૧૨૮૮ ૮૪૬૦૦
- ★ કિશોર વીરા : મો. ૯૯૦૯૪ ૨૪૨૨૯
- ★ સુનીલ શાહ : મો. ૯૯૭૮૪ ૦૭૧૩૧
- ★ જયેશ લોડાયા : મો. ૯૮૨૪૦ ૧૪૯૫૩

*લી. શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ*
*શાંતિલાલ મુળજી સાવલા - પ્રમુખ*

કચ્છી વાર્તા

# માજન

કચ્છી વાર્તા

નારાયણ જોશી

સેઠ હરધોર હીયૂં ભંધ થીંધે અલપલ વારમેં લમેં પીંયાણે હલી નિકર્યા, ન કો છતી ફુરિયાધ ક ન કો પધરી માંધાઈ હૈયો વિઞણૂં ઈતરે વિઞણૂં! તેં કે અજ ત્રીં ડીં ઉગો. અજ સાંજી ચાર નૂં છ બેસણું - પ્રાર્થનાસભા - હૂઈ.

ગૈધર ભીમું ચંઈ વગેં નૂં મોંધ-મોંધ અચી પુગો, ઈનજે ડિત વિગરજે મોં તેં કઈક ચિતર આરખાંણાં નેં ભૂંસાંણાં તે, ભીમે કે અચીંધો ડિસી સેઠ જેં પુતરેં હથ જોડ્યો ને ભીમૂં વિઞી સાવ પુઠિયા-પુઠિયાં ભિતભર વિઠો.

ઈનજે સામેંજ હથસેં આરખલ મોવન જી વડી છબી નેં તેં જે પગેંવટ ટેબલતેં રખલ શેઠ હરધોરજો મુરકંધલ ફોટૂ.

જિમણાજીજો આરો અડાબીડ કદમજે વણજી ઉંચી વડી-ટાર તેં-પગેં મેં આંટી ભરાય ચપેંતેં વંસી રખી રખી મોવન સુર કલ્યાણ વાયોંતે-તેડો ભીમેંકે ભાસ થ્યો, ચઇ ડિસેં મોરલા નિડી ફૂલાય ફૂલાયનેં માવેકે માન ડીંયણ વંસીજે સુર સેં સુર સાધ્યોંતે, હેંણીયા કન ચુસા કરે સુર કલ્યાણમેં રમમાણ થઈ ચુકાવા-સુર કે પી વિઞણ લા જાણે જિમણાજા જલ થંભી વ્યાવા!

વંસીજે પડવા ભેરોજ હથમેં જિકીં કી કમ વે તેંકે છડી ગોપીએંજા ઘેરેંજા ઘેરા અચી પુજી મોવનજી મૂરત મેં સામાજી હથ જોડે મથા નામ્યોંતે, ભીમેં ચિતરકે વાંચેજ તે! તેં કે ડિસી ફોટૂમેં વિઠલ હરધોર સેઠ મુરક્યાતે!

ધોરા લૂઘડા પેરલ, ન લેખાજે તિતરો મનખ સેઠજે ખુરખુરેલા આયોંતે, વિઠોતે નેં પાઉપ વર્યો તે, પ ભીમેજી મીટ તાં મોવનજે ચિતર ડીંયાં જ હૂઈ, નેં ઈન મનોમન મોવન કે પુછી વિધેં...

'કારા કાનૂડા! તો કે હેડો ઘા ન કેણૂં હો,...હાંણે તૂં જ ચો મૂંજા કેડા હાલ થીંધા ભલા?! ભીમેજી નજર છબીતેંજ હૂઈ- ભગવાન મુરક્યાતે!

મુંજો સા વિઞણમેં આય તોય મોવન-તોકે વંસી સુજેતી! કીંકતાં ઘણગુરોથી વલા! જગ આધાર મૂંજી બુડંધલ બેડી નંઈ તારીયે?! ભીમેજી નજર ઉતિઈ ઉત ખુતલ હૂઈ, મથે માવો નેં તેંજે પગેં વટ સેઠ હરધોર જો ફોટૂ-બોય મુરક્યા જ તે! 'આઉં કસભી ગૈધર...રોજ કમાઈયાં ને બચા પારિયાં, તેંકે તો વરી ડિને કજા, ભુત સબાલો પ છાતી જે ડુખાવે મારે છડેં, ગોઠજે ડાગધર ભુજજા જાડ વતાંય ને ભુજવારે રાજકોટ, અમદાવાદ ક મુભઈ વિઞેજી સલા ડીંધે ચ્યોં- 'બાયપાસ કરાયણૂં પોંધો હીંયેંજિયેં નસેંમેં રત જામી પ્યો આય-હૂં તાં તકડ કેણીં ઈ ફાયધેમેં રોંધી તય ડુખાવો ઉપડેત હી હિકડી ગોરી પાણીભેરી ગિડકાય વેજા!' નેં થોડીક ખરચજી પ ગાલા બોલ થઈ.

નેં પગ જલ્યા હરધોર શેઠજા, ત તોતાં સમૂરો શેઠ કે જ જટે ગિડે હી કેડો અનીયા મોવન?'

હે જગનાથ, નોધારેજા આધાર, હે ડાતાર, પારણહાર મંજારી જે બચેં કે જેં બચેં કે ભેંકાર ભાય મિંજા ઉગારે તીં મૂંજી વાર ચડવલા!

ગોઠજો મોભી માજન તાં તો જટે ગિડે. હાંણેંતાં તો વસ જ મૂંજી બેડી આય મોવન!

જવાબ ડે..., આઉં બટૂકર અઈયાં વાણ ધરીયા વિચ આય નેં મથાં તો હલાય વાંચડીયો... વા...જે...માવા...વા...!!

સેઠ જેં કુટમિયેં કે અચીંધલે થાધાર્યોતે, સાવ સનેં સુરેં સુરીલેં શ્લોકેંજી કેસેટ વગી વિઠે, તમામ કુટમ હુક્યો વો-બાજયેજે ઘેરે વિચાં ગંગા સેઠાણી-નોરે, ધીયરેં નેં સમધીએંકે સામઉં આબર-બર ડીંધાવે તેડા સના સુર સુજાણાં તે 'જવાબ...ડે!'' ભીમૂં હઝાં ઉનજ રટણામેં રમણાં કે તેં. 'ભીમા...ભીમા...!' જનમણૂં ને મરણૂં ઈતાં માડૂ માતર લા હુક આય, સચ આય, તૂં હરધોરલા ન પ તોકે ડિનલ આબર અલોપ થ્યો તેં કે હૂવેંતો ન? ઠા મેં અચ હર માડૂ પિંઢજા કરમ ફલ ભોગવે તો!' 'હે...'!! મનોમન ગેભી પડવા સુણી કિવી વિઞલ ભીમેં રડ વિધે...

ઓરાંરજી વેંધો તેડો લગંધે મૂરમેં વિઠલ-ઈનજો ખંભો જલી બલકારીંધે ચે... 'થીયે ભા...કુધરત વટ માડૂ લાચાર આય. શેંઠજો થંભ છણીપ્યો-ઓખો તાં લગે પ વે તિતરીજ ખાવાજે.'

ભીમૂં થોડોક ઠામે આયો, ઈ-વીચારણ લગો ક મૂં સો આયતીં પગર વારીંધલેંજો સરીર કાયમ સબાલો રે તો ભીમારી પગર ભેરી વઈ વિઞેતી, ત-આઉં તાં પાયણ ઘડીધલ ગૈધર, સજોડીં કારી મજૂરી જેડો કમ નેં કમ તેં પ સાઈકલ સેં ટંગા હણીં હણીં નેં પૂજાંતો ત પોય હીસે વરી કેડી હીંયે જયેં નસેંજી કજા!

છ વજણમેં હૂવા...ઘાટા ઘાટા માડૂ રવાના થઈ ચુકા હૂવા-રતજા સમંધી હેકબેંકે ભાંકર વિજી ઘડજી ઘડજી નેં ખુરખુરો ક્યોંતે, ભીમૂં પ જુરલ પગેં ઉથ્યો સાલ ડુલેં તેં વિધેં, મૂરમેં રખલ ફુલ પાંખડીયેં જે ત્રાંસ મિંજાં બુક ભરેં નેં ભગવાન મોવન જે ચિતર કે મથો નાંઈ, હરધોરજી શેઠ જી છબી ડીંયાં ન્યારે

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૨ ઉપર)

કચ્છી કથા

# સુંહિણી - મેહાર

કચ્છી કથા

સ્વામી સચ્ચિદાનંદ

પરાક્રમ કથાઓમાં જેટલી પરાક્રમની પ્રધાનતા રહેતી હોય છે તેટલી જ પ્રધાનતા પ્રેમકથાઓમાં પણ પરાક્રમની રહેતી હોય છે. ધિંગાણાં અને યુદ્ધ પરાક્રમ વિના ન થાય, તેમ પ્રેમ પણ પરાક્રમ વિના ન થાય. બંનેનું અંતિમ ચરણ તો બલિદાન જ બનતું હોય છે. આવું જ ભક્તિકથાનું પણ કહી શકાય. જે પરાક્રમી હોય તે જ ભક્ત થઈ શકે. પરાક્રમ વિનાનો નમાલો માણસ ન યુદ્ધ કરી શકે, ન પ્રેમ કરી શકે, ન ભક્તિ કરી શકે. આ ત્રણે માર્ગો ખાંડાની ધાર ઉપર ચાલવા જેવા છે.

કચ્છના એક નાના ગામમાં રહેતો એક મુસ્લિમ કુંભાર વધુ સારી કમાણી માટે સિંધ ગયો અને સિંધુ નદીના કિનારે એક નાના ગામમાં વાસણ ઘડવાના કામમાં રોકાઈ ગયો. ત્યારે સિંધપ્રદેશ ભાંગ્યાનો ભેરુ ગણાતો. આજુબાજુના સૂકા-દુષ્કાળિયા પ્રદેશની જનતા ભૂંડા દિવસોમાં સિંધ તરફ ધસી આવતી. સિંધની સિંધુ નદીના બંને કિનારા સૌને આશ્રય આપતા. અહીં નદીના કાંપના કારણે ફળદ્રુપ જમીન હોવાથી પુષ્કળ ખેતી થતી અને પુષ્કળ ઘાસ થતું. તેથી માલધારીઓ માટે આ પ્રદેશ સ્વર્ગ જ ગણાતો. સિંધમાંથી સિંધુનદીના બંને કિનારાના પ્રદેશને બાદ કરો તો કશું જ ન રહે. સમૃદ્ધિમાં પ્રદેશ પણ મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે.

આ પ્રદેશમાં પેલો કચ્છી કુંભાર પોતાનું ખોરડું બનાવીને રહેવા લાગ્યો. કુંભારને હિંદુ ધર્મમાં પ્રજાપતિ કહેવાય છે. પ્રજાપતિ એટલે બ્રહ્મા. પેલો બ્રહ્મા જેમ જીવસૃષ્ટિ રચે છે તેમ આ પ્રજાપતિ પણ ઘડાઓની રચના કરે છે. ઘટ ઘટ ઘડવાથી આ પણ ઘડવૈયો પ્રજાપતિ કહેવાયો છે. પ્રજાપતિનાં ચાર મુખ છે : (૧) લોખંડ વગેરે ધાતુઓ, (૨) કાષ્ઠ વગેરે લાકડાં, (૩) પથ્થર વગેરે પાષાણ અને (૪) માટી વગેરે. આ ચારમાંથી સૃષ્ટિરચના થતી હોવાથી વિશ્વકર્મા પ્રજાપતિનાં ચાર મુખ બતાવ્યાં છે. આ ચારેમાં સૌથી વધુ મહત્ત્વ કુંભારનું મનાવું જોઈએ, કારણ કે લોખંડ-લાકડું-પથ્થર તો શ્રીમંતોની જરૂર કહેવાય, પણ માટીની જરૂર તો સૌની કહેવાય.

કુંભાર જ્યારે કચ્છથી સિંધ આવ્યો ત્યારે તેની સાથે તેની ઘરવખરી, ભેંસો વગેરેની સાથે તેની પત્ની અને એક નાનકડી દીકરી પણ હતી. વિકટ સ્થિતિમાં જ્યારે કોઈ ઉચાળા ભરે ત્યારે ઘરનું ઝાડુ પણ સાથે લઈ જાય. ત્યારે વસતિ બહુ ઓછી હતી અને જમીન ઘણી હતી. જેથી જેને જ્યાં ઠીક લાગે ત્યાં વસી જતું. કોઈ રોક-ટોક ન રહેતી.

કુંભારનું કામ ખૂબ ચાલવા લાગ્યું. તેનાં વાસણો ખૂબ વખણાય. દૂર દૂરથી ખરીદવા લોકો આવે. કુંભાર નવરો જ ન પડે. જોતજોતામાં પેલી નાનકડી કન્યા મોટી થઈ. તે અત્યંત રૂપાળી અને યૌવનભરપૂર હોવાથી ખીલેલા ફૂલની માફક ચારે તરફ મઘમઘવા લાગી. રૂપ સહજ દર્શનીય હોય છે. રૂપ નજર ખેંચી જ લે. કુદરતી રૂપ જોવા લોકો કાશ્મીર જેવા પ્રદેશોમાં જતા હોય છે, પણ માનવીય રૂપ તો કુદરતી રૂપ કરતાં પણ વધુ આકર્ષક બની જતું હોય છે. પશુ-પક્ષીઓ રૂપભૂખ્યાં નથી હોતાં, માત્ર પેટભૂખ્યાં જ હોય છે; પણ માણસને તો પેટભૂખ કરતાં પણ રૂપભૂખ વધારે હોય છે. આમાં થોડા અપવાદો હોય છે તેની ના નહીં. ઇતિહાસ બતાવે છે કે પેટભૂખ કરતાં રૂપભૂખનો અગ્નિ વધુ પ્રચંડ થઈને લોકોને બાળતો રહે છે.

કુંભારે પોતાની અતિરૂપાળી કન્યાનું નામ સુંહિણી (શેણી) પાડ્યું હતું. સુંહિણી બાપને ખૂબ મદદગાર થાય. કારીગરોનાં સંતાનો બચપણથી જ બાપદાદાના ધંધામાં પરોવાયેલાં રહેતાં હોવાથી બચપણથી જ કામધંધામાં લાગ્યાં રહેતાં હોય છે. એમ કહી શકાય કે કારીગરોનો પૂરો પરિવાર કમાતો હોય છે. સુંહિણી માટી લાવે, પલાળે, ખૂંદે, ટૂંપે, પિંડા બનાવે, વાસણો ઉતારે સૂકવે, પકવે અને વેચે પણ ખરી. કારીગરોનાં બાળકો રોજીની દૃષ્ટિએ અપંગ ન હોય, બધાં સ્વાવલંબી હોય.

કુંભારના ગામથી નજીક જ એક ખાનદાન મોગલ પરિવાર વસે. ઉચ્ચ ખાનદાન હોવા છતાં પરિસ્થિતિવશ તે ઘસાઈ ગયો હતો. ઉચ્ચ ગણાતા લોકો જલદી ઘસાય અને તેમનો ઘસારો જલદી ભરપાઈ પણ ન કરી શકાય. મોગલ પરિવારનો એક છોકરો સુંહિણીના ગામે જઈ ચઢ્યો. તેની નજર માટીમાં લથબથ થઈને માટીકામ કરતી સુંહિણી ઉપર પડી. શણગાર વિનાનું રૂપ જ સાચું રૂપ હોય છે. શણગારેલું રૂપ બહુ વિશ્વાસપાત્ર ન ગણાય. મેકઅપ ધોવાઈ ગયા પછી ચહેરો ચુડેલ જેવો પણ દેખાય - કાંઈ કહેવાય નહીં. સાચા રૂપને મેકઅપ કે શણગારની જરૂર જ નથી હોતી. મોગલ યુવાન, જેને લોકો મેહાર (મહિવાલ) કહેવા લાગ્યા હતા તે સુંહિણી ઉપર મોહી પડ્યો. મોહ એ પ્રેમનું જ મૂળ છે. મોહ જ્યારે શુદ્ધ થાય ત્યારે પ્રેમ બનતો હોય છે. મોહ ન હોય તો પ્રેમ પણ ન હોય. નિર્મોહીને પ્રેમ ન હોય, તે વીતરાગ થાય. તેની પ્રેમકથા ન હોય. મોહ પ્રેમની શુદ્ધિ

સુધી ન પહોંચે તો ડુબાડનારો થઈ જાય. મોહમાં સ્વસુખની પ્રધાનતા રહે છે, જ્યારે એ જ મોહ પ્રેમની શુદ્ધિ પ્રાપ્ત કરે ત્યારે 'સ્વ'સુખની જગ્યાએ 'તવ'સુખ પ્રધાન થઈ જાય, અર્થાત્ તું સુખી થા. પણ જો મોહ જ ન હોય તો આકર્ષણ જ ન હોય. વિજાતીય આકર્ષણ કુદરતી છે. આ આકર્ષણ જ્યારે એક જ કેન્દ્રમાં સ્થિર થઈ જાય ત્યારે તે શુદ્ધ પ્રેમ બની જતું હોય છે. આકર્ષણ જ્યારે બહુકેન્દ્રી અર્થાત્ અનેકકેન્દ્રી બનતું હોય છે ત્યારે વિકારી મોહ રહેતો હોય છે. પછી તે પ્રેમકથા ન થઈ શકે, કામકથા થઈ જાય. આખા ગામની એક જ કન્યા અને એક જ યુવાન જ્યારે પરસ્પર આકર્ષાય અને એકકેન્દ્રી બને ત્યારે પ્રેમ કહેવાય. પણ આખા ગામની બધી કન્યાઓ અને બધા યુવાનોને કેન્દ્ર બનાવવામાં આવે તો પ્રેમકથા ન બનતાં કામકથા થઈ જાય અને કામ પણ વિકારી કામ થઈ જાય.

મોગલ ખાનદાનનો સાહડ જેને હવે મેહાર (મહિવાલ) કહીશું તે કુંભારને ત્યાં નોકરી કરવા રહી ગયો. તેની વધુમાં વધુ ઇચ્છા સુંહિણીની સમીપ રહેવાની અને તેને જોયા કરવાની હતી. પ્રેમ-ખાસ કરીને શુદ્ધ પ્રેમ દર્શનધન્ય પણ હોય છે, અર્થાત્ પ્રેમીનું દર્શન મળે તો પણ તે ધન્ય થતો રહે. માત્ર દર્શન માટે પણ તે બધું કરવા તૈયાર થઈ જાય.

સુંહિણી અને મેહાર કુંભાર પિતાના ઘરમાં જ રહેવા લાગ્યાં અને સાથે જ માટીકામ કરવા લાગ્યાં. મેહાર મહેનતુ અને કુશળ માણસ હતો. તેણે જોતજોતાંમાં કુંભાર પિતાનો બધો ભાર ઉપાડી લીધો. વૃદ્ધ કુંભારને પણ સારું લાગ્યું. જીવનના ભારથી માણસ વૃદ્ધાવસ્થામાં થાકતો હોય છે તેમાં પણ જેને ભાર ઉપાડનાર કોઈ વારસદાર ન હોય તે તો વહેલો થાકતો હોય છે. આવી સ્થિતિમાં જો કોઈ ભાર ઉપાડનાર કે ટેકો આપનાર મળી જાય તો તો ઘણી રાહત મળે. વૃદ્ધાવસ્થા રાહત ઝંખે છે. કુંભાર પિતાને રાહત મળી. પણ તેને ખબર નહીં કે અંદરઅંદર એક નવો અગ્નિ પ્રગટ થઈ ચૂક્યો છે. તે અગ્નિ હતો પ્રેમઅગ્નિ. સુંહિણી અને મેહર અંદરઅંદર એટલાં બધાં આકર્ષાયાં હતાં કે તેઓ પરસ્પર પ્રેમ કરવા લાગ્યાં હતાં. મા વિનાની જુવાન દીકરી અને બાપ વિનાનો જુવાન દીકરો નજીક સંપર્કમાં આવે તો અગ્નિ પ્રગટવાનો જ છે, જે પ્રગટ્યા પછી તેને બુઝાવી શકાતો નથી. જે અગ્નિ પ્રગટીને બુઝાઈ જતો હોય છે તે પ્રેમાગ્નિ નથી હોતો, તે વાસનાગ્નિ હોય છે. તેની કથા નથી હોતી, પણ જે હજાર ઘડા પાણીના નાખીને પણ બુઝાવી ન શકાય તે પ્રેમાગ્નિ કહેવાય.

ધીરેધીરે ગામમાં ચડભડ થવા લાગી. લોકો પ્રેમકથા અને વ્યભિચાર કથામાં કશો ભેદ નથી કરતા હોતા, તેથી આવી હલચલ ઘૃણાને પાત્ર થઈ જતી હોય છે. કોઈ ઘરની પ્રેમકથા બહાર આંટો મારીને પછી ઘરમાં આવતી હોય છે, અર્થાત્ પહેલાં ગામલોકોને ખબર પડે, પછી ઘરનાં વડીલોને ખબર પડે અને તે પણ ગામચર્ચા દ્વારા. પહેલાં વડીલો બચાવની મુદ્રામાં આવી જાય, પણ પછી જ્યારે પાણી નાક સુધી પહોંચે ત્યારે પાળ બાંધવા ફાંફાં મારે, પણ ત્યાં સુધી ઘણું મોડું થઈ ગયું હોય.

કુંભાર પિતાએ બંનેને ખૂબ તતડાવ્યાં, રોકવા ધમકાવ્યાં, પણ વ્યર્થ. ગામમાં ચર્ચા વધવા લાગી. જ્યાં જુઓ ત્યાં એક જ વાત સુંહિણી અને મેહારની જ. લોકોને આવી કથા કરવામાં અતિરસ પડતો હોય છે. તેમાં પણ જે સુંહિણી ઉપર આખા ગામના યુવાનો તાકીને બેઠા હતા તે સુંહિણી બહારથી આવેલા એક નોકર સાથે આકર્ષાય તે તો કેમ સહન થાય? પ્રત્યેક ગામમાં એક નિંદા-ઓટલો કે ચોક હોય છે. ગામના નવરા માણસો ત્યાં ભેગા થઈને આવી જ વાતો કરતાં રહેતા હોય છે. પશ્ચિમમાં આવો ઓટલો કે ચોરો નથી હોતો અને લોકો નવરા પણ નથી હોતા, તેથી વ્યર્થ લોકચર્ચા પણ નથી થતી અથવા ઓછી થાય છે.

ગામનિંદા અને ચર્ચા કુંભાર-પિતાના કાને આવવાથી તેની આંખ ઊઘડી. તેણે બંને ઉપર નજર રાખવા માંડી. તેને વાત સાચી લાગી. પણ આ પ્રેમના પૂરને પાછું ધકેલી શકાય તેમ ન હતું. તેને કોઈએ ઉપાય બતાવ્યો : બંનેને જુદાં કરી નાખો. જે નજરથી દૂર તે મનથી દૂર. થોડા જ સમયમાં બંને એકબીજાને ભૂલી જશે. પછી શાંતિ.

કુંભારે મેહારને સિંધુનદીના પેલા કિનારે પોતાની ભેંસો વગેરે પશુધન લઈને મોકલી દીધો : હવે ત્યાં જ રહીને ચરિયાણમાં પશુધન ચારજે. અહીં આવવાનું જ નહીં. મેહાર ભેંસો લઈને પેલા તટે જતો રહ્યો. ત્યાં પુષ્કળ ચરવાનું હતું. ભેંસો ચારતો રહ્યો અને સુંહિણીને ભૂલી જવા પ્રયત્ન કરતો રહ્યો. દેહ સંબંધોને જલદી ભૂલી શકાય છે અને બુદ્ધિના સંબંધોને પણ ભૂલી શકાય છે, પણ હૃદયના સંબંધો જલદી તો શું મર્યા પછી પણ ભુલાતા નથી. જેમ જેમ ભૂલવા મથો તેમતેમ તે વધુ ને વધુ સમુદ્રનાં મોજાંની માફક ઘુઘવાટા કરતા યાદ આવ્યા કરે.

મેહાર આખો દિવસ ભેંસો ચારે અને વાંસળી વગાડે. પ્રેમવિયોગીઓનું સૌથી મોટું સહાયક તત્ત્વ સંગીત હોય છે. સંગીતની ઉત્પત્તિ પ્રેમવિયોગમાંથી થતી હોય છે. સંગીતનો દુશ્મન કદાપિ પ્રેમી ન હોઈ શકે.

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : Rolex SQUARE DABBA & TIFFIN

એક અજવાળી રાત્રે મેહાર વાંસળીમાં તન્મય હતો ત્યાં પાણીથી લથબથ કપડાંવાળી સુંહિણી તેના ખોળામાં આવીને પડી. તે ઝબક્યો, પણ પછી ભાનમાં આવ્યો. ખરેખર સુંહિણી સિંધુનદીનો વિશાળ જળપ્રવાહ તરીને પોતાના પ્રેમી પાસે પહોંચી ગઈ હતી. પણ તે તરી કેવી રીતે? પોતાના જ ઘડેલા એક મોટા ઘડાનો કાંઠો પકડીને! પ્રેમાકર્ષણ જેટલું સાહસ કરાવે તેટલું બીજું કોઈ ન કરાવે. આખી રાત બંને ઓતપ્રોત થઈ ગયાં. વહેલા પરોઢિયે તે જ મોટો ઘડો લઈને સુહિણી પાછી સિંધુનદી તરીને ઘેર પહોંચી ગઈ.

હવે તો આ ક્રમ રોજનો થઈ ગયો. પોલાદના કિલ્લામાં પ્રેમને કેદ કર્યો હોય તો ત્યાંથી પણ તે રસ્તો કાઢી લેતો હોય છે. પણ થોડા જ દિવસમાં કુંભારપિતાને ખબર પડી ગઈ. એક રાત્રે દરિયા જેવાં મોજાં વચ્ચે ઘડો લઈને તરતી-તરતી સુંહિણીને પેલે પાર જતી તેણે જોઈ લીધી. પિતા માટે આ દૃશ્ય અસહ્ય હતું. આબરૂદાર બાપને કલંકિત કરનારા આ દૃશ્યથી ભારે આઘાત લાગ્યો, પણ તે કશું બોલ્યો નહીં. તેણે કાયમી ઉકેલ શોધી કાઢ્યો. પેલા ઘડા જેવો જ એક કાચો ઘડો બનાવ્યો. પેલા જેવો જ રંગીને, ચિતરામણ પણ કરી લીધું અને રાત્રે પાકો ઘડો લઈને તેની જગ્યાએ કાચો ઘડો મૂકી દીધો.

પ્રેમદીવાની સુંહિણી ઘડો લઈને નદીમાં પડી. તે તરતી-તરતી આગળ વધવા લાગી. કિનારો હવે નજીક જ હતો ત્યાં કાચો ઘડો ગળી ગયો. થોડી જ વારમાં તે માટીનો લોંદો થઈને પાણીમાં બેસી ગયો. હવે સુંહિણીએ તરવા માંડ્યું. પણ નદીનો પટ બહુ વિશાળ હતો, મોજાં જબરાં હતાં. ઘુઘવાટો પણ કાન ફાડી નાખે તેવો હતો. તેણે જોર કરીને બૂમ પાડી : 'મેહાર! મેહાર! મેહાર...'' પણ કોણ સાંભળે! ફરી-ફરીને તે બૂમો પાડતી રહી. હવે તે ડૂબવા લાગી હતી. તેની છેલ્લી બૂમ મેહારના કાને પડી. આજે હજી સુધી સુંહિણી કેમ ન આવી - તેવી વ્યગ્રતામાં તે જાગી રહ્યો હતો અને નદી તરફ તાકી રહ્યો હતો. છેલ્લી બૂમે તેને કાંઈક સંજ્ઞાન થયું. તે જળમાં કૂદી પડ્યો અને ઝડપથી ડૂબતી સુંહિણી પાસે પહોંચી ગયો. સુંહિણી ઘણું પાણી પી ગઈ હતી તોપણ તેને કાંઈક ભાન હતું. તે મેહારને વળગી પડી. હવે જીવવાની કોઈ આશા ન હતી. બંને એકબીજાને એટલાં વળગી પડ્યાં કે નદીનાં પ્રચંડ મોજાં પણ તેમને જુદાં ન પાડી શક્યાં.

સિંધના મહાન સૂફી સંત શાહ લતીફે સુંહિણી-મેહારની પ્રેમકથાને પોતાની સિંધી કાફીઓમાં એવી રીતે વણી લીધી છે કે પથ્થરદિલ પણ રડ્યા વિના રહે નહીં.

મા વિનાની સુંહિણી અને મા-બાપ વિનાનો મેહાર લોકમાતા સિંધુમાં ગરકાવ થઈ ગયાં. આજે સિંધુ મા બની ગઈ. તેણે પોતાના ખોળામાં બંનેને સમાવી લીધાં. હવે બહાર નથી જવું. પ્રેમની દુશ્મન દુનિયાની નજરે નથી ચઢવું. હવે તો માતાના અતાગ જળમાં જ જન્નતનશીન થવું છે. સિંધુએ બંનેને પોતાનામાં એવાં સમાવી લીધાં કે પછી તેમનો પત્તો જ ન લાગ્યો. ■

## ગાંધીધામ - મુંબઈ વચ્ચે શિયાળુ વેકેશન સ્પે. ટ્રેન દોડશે

શિયાળુ વેકેશન દરમિયાન કચ્છ અને મુંબઈ વચ્ચે મુસાફરોની સંખ્યામાં વધારો થતાં પશ્ચિમ રેલવે દ્વારા ગાંધીધામ - મુંબઈ વચ્ચે સ્પે. ટ્રેન વિશેષ ભાડા સાથે દોડાવાશે. આ સ્પે. ટ્રેન દર સોમવારે ગાંધીધામથી અને દર મંગળવારે બાંદ્રા ટર્મિનસ (મુંબઈ)થી ઉપડશે.

ટ્રેન નં. ૦૯૪૩૪ ગાંધીધામ - બાંદ્રા સ્પે. ટ્રેન ૮.૪૦ વાગે ગાંધીધામથી ઉપડી રાત્રે ૧.૫૫ વાગે અમદાવાદ તથા બીજા દિવસે સવારે ૧૦.૨૦ વાગે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. વળતી વખતે ટ્રેન નં. ૦૯૪૩૩ બાંદ્રા ટર્મિનસ - ગાંધીધામ બપોરે ૩.૨૫ વાગે બાંદ્રાથી ઉપડી મધ્ય રાત્રિના ૧૨.૧૫ વાગે અમદાવાદ તથા બીજા દિવસે સવારે ૫.૫૫ વાગે ગાંધીધામ પહોંચશે.

સેકન્ડ એ.સી., થર્ડ એ.સી. સ્લીપર તથા જનરલ કોચ સાથે ૧૮ ડબ્બાની આ ટ્રેન માર્ગમાં ભચાઉ, સામખિયાળી, વિરમગામ, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી તથા બોરીવલી રેલવે મથકો પર ઊભી રહેશે તેવું પશ્ચિમ રેલવેની યાદીમાં જણાવાયું છે. ■

પંચગની હવાફેર
પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવાફેર કરવા પધારો.
શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
રાજલક્ષ્મી આરોગ્યધામ
મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709

Estd. 1955
Laxmichand Dharshi
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
H.O. : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
L. D. Yard (Jasai, JNPT) : 6522 3399

# સંત મેકરણ

લોક કથા

ઝવેરચંદ મેઘાણી

## (૩) બે પશુઓ

ડુંગરા જ્યાં થંભી જાય છે ત્યાંથી કચ્છ સિંધ વચ્ચેનું કારમું રણ ધરતીનો કબજો લે છે. એને ખાવડાવાળું રણ કહે છે. એ રણે ઊંટોની વણજારો ગાયબ કરી છે. પોઠ્યો ને પોઠ્યો એ રણના પેટમાં સમાઈ ગઈ છે. જીવતાં માનવીઓને એ વેરાને પોતાના જઠરમાં ઉતાર્યા છે. તાપ, વંટોળિયા અને ઝાંઝવાં એ રણમાં કાળનૃત્ય કરે છે. પવન વાય છે અને મોટા અસુરો શા વંટોળ એ રણની છાતીમાંથી હૂહૂકાર કરતા ઊઠે છે, ગાઉઓના ગાઉ ત્યાં નિર્જળાને ખારા પડ્યા છે. ઠઠા, થર, સિંધ અને પારકર જવાનો ધોરીમારગ એ રણને ફોસલાવતો પટાવતો ચાલ્યો જાય છે.

"મારું થાનક આંહીં જ હોય" એવું વિચારીને મેકરણે ત્યાં એક જગ્યા ગોતી. વસેલી દુનિયાનું છેલ્લું ગામ ધ્રંગ - લોડાઈ. ત્યાં મેકરણે ઝૂંપડી વાળી અને ધૂણો ચેતાવ્યો.

પરોઢ થાય છે ને હંમેશ એ ઝૂંપડીએ કોઈ પોચો પગરવ સંભળાય છે.

"લાલારામ! મોતીરામ! વેળા થઈ ગઈ કે?" એમ જવાબ દેતો જોગી મેકરણ ઝૂંપડીનું બારણું ઉઘાડે છે.

ઝૂંપડીને આંગણે ઊભનારા એ લાલારામ ને મોતીરામ મનુષ્યો નહોતા. મનુષ્યોથી કંઈક વિશેષ હતા - એક ગધેડો અને એક કૂતરો હતા.

મેકરણ સાધુ એ ગધેડાને માથે છાલકું મૂકતા અને છાલકાનાં બેઉ ખાનામાં અક્કેક પાણી ભરેલ માટલું ગોઠવતા ગોઠવતા એ ગધેડા લાલારામના ગુણ ગાતા

*લાખિયો મુંજો લખણે જેડો*
*હુંદો ભાયા જેડો ભા!*
*બ કાં ચા લખ ધોરે ફગાયાં*
*લાલિયા, તોજી પીછડી મથા.*

"લાલિયા, મારા ભાઈ જેવા ભાઈ! લખવા જેવું તો તારું ચરિત્ર છે. અરે લાલિયા, તારી તો એક પૂંછડી માથે પણ હું બેચાર લાખ માનવીઓને ધોળ્યાં કરી ફેંકી દઉં; તુચ્છ ગણું. તારા જેવા ગુણો મને કયા માનવીમાં જડશે?"

"અરે મોતિયા!" સાધુ પોતાના પડખામાં પેસીને હાથ ચાટનારા કૂતરાને કહેતા : "તને હું ભૂલી ગયો છું એમ તેં માન્યું? લે, આ તારા નામની સાખી :

*મોતિયો કુતો પ્રેમજો*
*ને ડેરી વીંધી હીરજી*
*જીયાં મન પોંચે ઈયાં લે જાય*

"જાવ ભાઈ! મારા સાચા બે ટેલવાઓ! ઊપડો હવે."

ગધેડો ને કૂતરો રણની દિશામાં ચાલી નીકળતા. ગધેડા પર લદાયેલ બન્ને માટલાં ઉપર એક પાણીનું ડબલું મૂકવામાં આવતું અને પાછળથી મેકરણ સાધુ સાદ કરતા :

"મોતિયા, જોજે હોં, જે કોઈ જળ પીવે, તે ઊંચેથી પીવે. ડબલું મોઢે ન માંડે હો! હિંદુ, મુસલમીન કે ઢેડભંગી, કોઈ કોઈનો જીવ ન દૂભવાય."

લોકો કહેતા કે બાવો ચક્કર છે. પણ લાલિયો ને મોતિયો મેકરણના મનની વાત પામી જતા. વાણીના ભેજ જનાવરોને સુગમ છે. જનાવરો હૈયાના બોલ ઝીલે છે. ધીકતા સૂરજની હેઠળ એ રણના ઊંડાણમાં મુસાફરોને આ બે પ્રાણીઓ મળી જતાં. ડબલું ભરીને મુસાફરો પાણી પીતાં. ડબલું કોઈ મોઢે માંડતું તો મોતિયો કૂતરો એનું કપડું ખેંચીને સાન કરતો કે ગુરુએ બોટવાની ના પાડી છે!

ચારપગું આ પાણી-પરબ ચારે પહોર રણમાં ભમતું. ઝાંઝવાંની માયાવી નદીઓમાં પાણી માટે ફાંફાં મારતા એકલદોકલ વટેમાર્ગુની પણ મોતિયાને ગંધ આવતી. મોતિયો 'ડાઉ ડાઉ' ના લાંબા અવાજ કરતો; લાલિયો મોતિયાની પછવાડે પછવાડે પગલાં માંડતો. અનેક માર્ગભૂલ્યાના કંઠે આવેલા પ્રાણ લાલિયા-મોતિયાની વહાર વડે પાછા વળતા.

પાણી ખૂટતું ત્યારે બેઉ પશુ પાછાં વળતાં. ઝૂંપડીએ ઊભેલો જોગી એ બેઉને લાડ કરવા તૈયાર હતો. રણકાંઠાનાં ને પહાડગાળાનાં ગામડાંમાંથી કાવડ ફેરવીને ભીખી આણેલા રોટીના ટુકડામાંથી પહેલા બે ભાગ આ લાલિયા-મોતિયાના જ નીકળતા.

દિવસોના દિવસ મેકરણે ખારાં રણ ખૂંદ્યાં હશે. પાણીની મટકી માથા પર ઉઠાવીને ફેરવી હશે. તે પછી જ આ બે પશુઓ પાળ્યાં હશે ને બેઉને રણના કેડાકેડીઓમાં પલોટ્યાં હશે.

રાહદારી રસ્તાને કાંઠે ઊભેલું મેકરણનું થાનક દિનપ્રતિદિન

જાણીતું થયું. રણમાં મેકરણે સરાઈ વસાઈ દીધી. મુસાફરખાનું બાંધ્યું મેકરણે. જાતલ અને આવતલ મુસાફરોની ત્યાં ઠઠ લાગતી ગઈ, તેમ તેમ મેકરણનાં ખભ્ભાં કાવડ ફેરવી ફેરવીને ફાટવા લાગ્યા. વધુ વધુ ગામ માગવાની ફરજ પડી. રોટીની એણે કદી કોઈને ના ન કહી. રોટી આપવાની એને કચ્છીઓએ પણ ના ન પાડી.

## (૪) રા'દેશળનો મેળાપ

કચ્છના કોઈ એક ગામડામાં ભળકડે ઘંટી ફેરવતું કોઈ ગાતું હતું :

*જામણો જો જૂડિયો બાવા!*
*એવો ધ્રંગ જો અખાડો જી મેં બાવા!*
*તોજી ગાલ જો મુકે સચો સા,*
*મેકરણ તું મુંજો ભા.*

તું મારો ભાઈ છે ઓ મેકરણ, તારી વાતોમાં મને સાચો સ્વાદ આવે છે ઓ ભાઈ મેકરણ!

કોઈક મીઠે, આર્દ્ર સ્વરે ગાતું હતું :

*પંજસો જો પટકો તોજે*
*લાય ડનું દેસલ રા,'*
*મેકરણ તું મુંજો ભા!*

તને પાંચસો રૂપિયાનું કપડું લાવીને કચ્છના રા'દેશળે દીધું, ઓ ભાઈ મેકરણ!

*મેકરણ વજાયતે મોરલી*
*કાપડી હુવો કોડ મંજા, મેકરણ*
*સત ભાંતીલી સુખડી*
*ભેણજે ઘરે તું ભોજન ખા. મેકરણ*

ઓ ભાઈ, સાત જાતની સુખડી તારે સારું બનાવી છે મેં. બહેનને ઘેર એક દિવસ જમવા તો આવ.

*હીમા ચારણ્ય વીનવું*
*પોયરો મુંજો પલે પા!*
*મેકરણ તું મુંજો ભા!*

હું હીમા ચારણી વીનવું છું, મારી મજૂરીનો સ્વીકાર કર, ઓ મારા ભાઈ મેકરણ!

કોઈ કહે છે હીમા ચારણી : ને બીજો બોલે છે આયરોની દીકરી લીરબાઈનું નામ. મેકરણ કાપડીએ એને રણમાં મરતી બચાવી હતી? કે માત્ર ભક્તિથી આકર્ષી હતી? તાગ મળતો નથી. પણ એક કોઈ જુવાન બાઈનું નામ મેકરણની સાથે જોડવામાં આવે છે. સગાંવહાલાંઓએ રંજાડેલી એ કન્યા ધ્રંગ-લોડાઈના થાનકમાં આવીને સમાઈ ગઈ હતી. આયરોએ મેકરણને મારવાના એક કરતાં વધુ પ્રયત્નો કર્યા હતા. તેના જવાબમાં મેકરણે સાખી ગાઈ હતી કે :

*સકરકે ન સંજણે*
*ધુરકે વખાણે;*
*મોબત જ્યું મઠાયું*
*વચાડા કુણબી કો જાણે!*

સાકરને ન ઓળખનારા અક્કલહીનો ગોળને વખાણે છે. પણ કણબીઓ (ખેડૂતો) બિચારા સાકરની મીઠાઈઓને શું જાણે?

*સંગત જેં જી સુફલી*
*જનમેં રામ નાય રાજી*
*જેં જે પૂછડે પ્યા પાજી*
*તેંજી બગડી વઈ બાજી.*

બૂરી સંગત જેઓ કરે છે, તેમાં રામ રાજી નથી. જેમને પૂંછડે પાજી લોકો પડ્યા છે તેમની બાજી બગડી ગઈ છે.

એક દિવસ કચ્છના રાજા રા'દેશળજી શિકારે નીકળ્યા છે. સાથે બીજા સાથીઓ પણ છે. સાંજ પડી ગઈ છે.

"ઓલ્યાં બે જાનવર કોણ હાલ્યાં જાય છે ડુંગરામાં?" રા'દેશળે ચકિત બનીને પૂછ્યું.

"એક ગધેડો ને એક કૂતરો છે." સાથીઓએ સમજ પાડી.

"આ પહાડોમાં ગધેડો ને કુત્તો!' રા'ને નવાઈ લાગી. આંહી તો ચિત્તાઓનો વાસ છે. આંહી મારા એ શિકારનાં જાનવર ગધેડા કૂતરાને જીવતા જ કેમ રહેવા દ્યે?"

"નધણિયાતાં નથી બાપુ! એનો ધણી જબ્બર છે."

"કોણ?"

"એક જોગી છે. નામ મેકરણ. એનાં પાળેલાં છે બેઉ."

"રેઢાં રખડે છે.?"

"ના, ભુજની ખેપે જઈને આવે છે."

"ભુજ જઈને? રેઢાં? શા માટે?"

"બાવો મેકરણ એને અનાજ લેવા મોકલે છે. કૂતરાની

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

ડોકે બાવો ચિઠ્ઠી બાંધે છે. ગધાને લઈને કુત્તો ભુજના શેઠિયાઓ કને જાય છે. ચિઠ્ઠી પ્રમાણે અનાજ લુવાણાઓ ગધાની પીઠે લાદી આપે છે. ગધાની રક્ષા કુત્તો કરતો હોય છે. એની ગંધમાત્રથી પણ આપણા પહાડી ચીતરા ભાગી નીકળે છે.''

''આ દાણાદૂણીનું બાવો શું કરે છે?''

''રણને કાંઠે ભૂખ્યાંદુખ્યાંને રોટલા ખવરાવે છે.''

''ચાલો, જોઈએ તો ખરા એનું મુકામ.''

ગધો અને કુત્તો ચાલ્યા જતા હતા તેને ધ્યાનમાં રાખીને પહાડની ગાળીની અંદર રા'દેશળે ઘોડાં હાંક્યાં.

થાનકની ઝૂંપડીએ ગધેડાનાં છાલકાં ઉતારતા ઉતારતા મેકરણ તાવમાં ધ્રૂજતા હતા. એનું ઉઘાડું શરીર રણના શિયાળુ પવન-ઝપાટાની સામે મહામુસીબતે ટક્કર લેતું હતું. દિવસ આથમી ગયો હતો. ડુંગરા વચ્ચે અંધારું હતું. મેકરણ એ બેઉ પ્રાણીઓને કહેતા હતા :

''ઠકર શેઠિયાઓએ પૂરું અનાજ ન આપ્યું કે લાલિયા? કાંઈ ફિકર નહીં, આવતે અવતાર એની વાત છે. ગધાડાંને માથે મરણતોલ ભાર ભરીને પોતાનાં જાનવરોના નિસાસા લેનાર લુવાણાઓને હું બરાબર પોગીશ.

*ઘાઘલ થીંદા ગડોડા,*
*આં થીંદોસ ધુવાર;*
*ભાડા કીંઘોસ ભુજ્જા*
*દીઘોસ ધોકેજા માર.*

''લોહાણા (ઘાઘલ) બધા ગધેડા જન્મશે, ને હું એનો ગોવાળ બનીશ. પછી ભુજનાં ભાડાં કરતો કરતો એને ધોકાના માર મારીશ.

*કૂડિયું કાપડિયું કે'*
*લુવાણા ડીદા લાઉં;*
*મેકણ ચે, ભેરિયું ક્યું હલે*
*હકડા ગડોડાને બ્યું ગાઉં.*

''કાપડીને અને લુવાણાને તે શે બને? ગધેડાં અને ગાયો ભેગાં કેમ હાલી શકે?

''કાંઈ ફિકર નહીં બેટા લાલિયા મોતિયા! હવે કેટલીક આવરદા કાઢવી રહી છે? આજનો દિન તો ગુજરી ગયો!''

*આજ અજણી ગુજરઈ*
*સિભુ થીંધો બ્યો;*
*રાય ઝલીંધી કિતરો,*
*જેમેં માપ પેઓ!*

''આજનો દિન વીતી ગયો. કાલ સવારે બીજો ઊગશે. જે અનાજના ઢગલામાં માપ પડ્યું છે, પાલી અથવા માણું ભરાઈ ભરાઈ ને ઠલવાવા લાગેલ છે, તેને ખૂટી જતાં કેટલીક વાર! વળી હું તે શા માટે કડવા શબ્દો બોલું છું!

*જીઓ તાં ઝેર મ થિયો,*
*સક્કર થિયો સેણ;*
*મરી વેધાં માડુઆ,*
*રોંધા ભલેંજા વેણ.*

''હે સ્નેહીજનો! જીવતાં સુધી ઝેર ન બનજો, સાકર બનજો. હે માનવીઓ, આપણે તો મરી જવાનાં. રહેવાનાં છે ફક્ત સજ્જનોનાં વેણ.''

ટાઢિયા તાવમાં થરથરતા મેકરણ પોતાના ધૂણા માથે બેઠા હતા ત્યારે રા'દેશળજી ઓચિંતા આવીને ઊભા રહ્યાં.

''જી નામ!'' જોગીએ અતિથિને આવકાર આપ્યો, પણ આસન ન છોડ્યું.

માણસોએ કહ્યું : ''ડાડા! રાવ દેશળજી છે.''

રાવના દેહ ઉપર ઝળહળતો રાજપોશાક મેકરણને આથી વધુ કાંઈ અસર ન કરી શક્યો.

રાવે આસપાસ જોયું. ઠંડા પવનનાં કરવતો વહેતાં હતાં. તે વચ્ચે કાપડી ખુલ્લે શરીરે થરથરતો તાવેભર્યો રહેતો હતો.

''ટાઢ નથી વાતી?'' એણે મેકરણને પૂછ્યું.

''વાય તો ખરીજ ને. પણ કાયા એનો ધરમ બજાવે છે.''

''આ લિયો.'' કહીને રા'દેશળે પોતાના શરીર પરથી સાચી જરીભરેલ શાલ ઉઠાવીને જોગીના શરીર પર ઓઢાડી દીધી.

જોગીએ હળવા હાથે શાલ ખેંચી લઈને સામે સળગતા ધૂણામાં ધરી દીધી.

''કેમ કેમ?'' રા' ને નવાઈ થઈ.

જોગીએ કહ્યું : ''રા'દેશળ, જેમ તારો એ મહામૂલો પટોળો તેમ મારો આ ધૂણો એ છે મારો પટારો. આવી મહામૂલી પાંભરીને હું મારા પટારામાં સાચવીને મૂકી દઉં છું, કોઈ ચોર ચોરી ન શકે, કોઈ દી પાંભરી જૂની ન થાય, કે ફાટી ન જાય.''

''પણ મેં તો પટોળો ઉમંગથી આપ્યો'તો''

''સાચું સાચું, બાપ રા'દેશળ પણ

*કીંડનો કીં કિંધા,*
*હિન પટન મથે પેર;*
*મરી વેંધા માડુઆ,*
*રોંધા ભલેંજા વેણ.*

આ જગતમાં શું દીધું, ને શું દેશું આપણે? ઓ માનવી! મરી જશું ત્યારે રહેવાનું છે એક જ વાનું. ભલા મર્દોનાં વેણ રહી જાશે. બીજું તમામ ખાક બની જશે.''

"ડાડા, કાંઈક માગો. તમે કહો તો રાજમાંથી કોરિયું મોકલું." મેકરણે જવાબ વાળ્યો :

*કોરિયું કોરિયું કુરો કર્યો*
*કોરિયેં મેં આય કૂડ;*
*મરી વેંધા માડુઆ!*
*મોંમેં પેંધૂ ધૂડ.*

"કોરિયું કોરિયું શું કરો છો ભાઈ, કોરિયુંમાં તો કૂડ ભરેલ છે. હે માનવી, મરી જશું ત્યારે તો મોંમાં ધૂળ જ પડવાની છે. "અને હે રા!

*કૈંક વેઆ કૈં વેંધા,*
*કુલા કર્યોંતા કેર*
*માડુએ ધરાં મેકણ ચે,*
*મું સુઞા ડિઠા સેર.*

"કંઈક ગયા, કંઈક ચાલ્યા જશે. ઓ માનવી, શા માટે કેર કરે છે? મેકરણ કહે છે કે મેં તો શહેરોનાં શહેરો માનવી વગરનાં સૂનાં બનેલા દીઠાં છે.

*હીકડા હલ્યા, બ્યા હલંધા,*
*ત્ર્યા ભરે વિઠા ભાર;*
*મેકણ ચેતો માડુઆ!*
*પાં પણ ઉની જી લાર.*

"રા' દેશળ! એક તો ગયા, બીજા જશે, ત્રીજા પોતાની ગઠડી બાંધીને જવાની તૈયારીમાં બેઠા છે. હે માનવી! મેકરણ કહે છે કે આપણે પણ એની જ હારોહાર હાલી નીકળવાનું છે."

"મને કાંઈ જ્ઞાન દેશો? કાંઈ ગેબી શબ્દ સંભળાવશો?"

"કોને સંભળાવું? અધિકારી ક્યાં છે?

*મોતી મંગીઓ ન ડિજે,*
*(ભલે) કારો થીએ કેટ;*
*જ્યાં લગ માલમી ન મિલે*
*ત્યાં લગ તાળો ઘો હટ.*

"જ્ઞાન રૂપી મોતી, જેવાતેવા અપાત્રની માગણીથી તેને આપવું નહીં. ભલે એ પડ્યું પડ્યું કટાઈ જાય. ખરેખરો ગ્રાહક મળે, ત્યારે તેની પાસે જ હૈયારૂપી હાટ ઉઘાડવું જોઈએ.

*મોતી મંગેઆ ન ડિજે,*
*મર તાં ચડે કિટ;*
*ભેટે જડેં ગડજેં પારખું,*
*તડ ઉઘાડજે હટ.*

"ભલે કાટ ચડી જાય, પણ સાચા પારખુ ન ભેટે ત્યાં સુધી માનવી! જીવનનાં જ્ઞાનરૂપી મોતી કોઈને આપીશ મા!"

"ત્યારે મારી કાંઈક તો વિનંતી સ્વીકારો!"

"તું પાસે તો એક જ વાત માગવી છે, રા'દેશળ! કે આંહી મારી જગ્યાની આસપાસ શિકાર ન ખેલવો."

તે દિવસથી ત્યાં આજ પણ રાજ-શિકારનો પ્રતિબંધ ચાલ્યો આવે છે.

## (૫) મેકરણ-વાણી

***સીમમાં કોઈ સ્થળે ઊતરેલા મેકરણ ભજન ગાતા હતા :***

સાયરાં હુદાં સૂર
એ જી વાલીડાનાં નેણુંમાં વરસે ઝીણાં નૂર
એ આવો! આવે તો મળીએંજી
મળતાની સાથે આપણે હળીમળી રહીએં ને
કાઢીએં દલડાનાં કૂડ,
એમાં સાયબોજી મારો રાજી રિયે
ફાગણ ફૂલ્યો ઝીણે ફૂલ
એ આવો! આવો તો મળીએં જી.
ખોટાબોલાનો આપણ સંગ ન કરીએં ને,
આદ અનાદનાં બોલે કૂડ;
એવાંની સગત આપણે કેદી ન કરીએં
(એની) આંખુમાં નાખો ઝીણી ધૂડ
એ આવો! આવો તો મળીએં જી.
હરિજન હોય તેને ઝાઝેરી ખમ્મા
એનાં કેશવરણાં હોયે નૂર;
એની તો સંગતું આપણ તોડી દોડી કરીએં ને
જમડાને ઈ તો રાખે દૂર
એ આવો! આવો તો મળીએં જી.
કાયા માયાનો તમે ગરવ ન કરજો
આંઈ તો રે'વાનું છે કૂડ;
મેકણ કાપડી એણી વિધે બોલ્યા રે,

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263
જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

જાવું છે પાણીહંદે પૂર

એ આવો! આવો તો મળીએં જી.

સંત મેકરણનો રાગ સૂરીલો નહોતો. એ ગાતા ત્યારે બરાડા જેવું લાગતું. એક કુંભાર ત્યાં દોડ્યો આવ્યો. જોઈને પાછો વળ્યો.

"કેમ ભાઈ!" મેકરણે પૂછ્યું.

"કાંઈ નહીં ડાડા!"

"ના, ના કહો તો ખરા."

"ઈ તો મારો ગધેડો ખોવાણો'તો, તે ગોત કરવા નીકળેલ છું ડાડા!"

મેકરણ સમજી ગયા. પોતાનો સૂર ગધેડા જેવો છે! થોડીવાર દુઃખ પામ્યા. પણ પછી એકાએક મસ્તીમાં આવી જઈને પૂરી ખુમારીભરી સાખી લલકારી :

*ન જાણું રાગ ન રાગણી,*
*ઈ તો રઢજાં રડાં;*
*હકડો રીજાવું નાથ કે*
*બ્યાને પેદારસે હણાં.*

"રાગ અને રાગિણીઓ હું નથી જાણતો. ગાનાર તો ગાડર (ઘેટા) ની જેમ આરડે છે. ભલે ભાંભરડા દેતા. મારે કાંઈ મનુષ્યોને રીઝવવાં નથી. હું તો ફક્ત એક ઈશ્વરને રીઝવવા ચાહું છું. બીજાને તો હું જોડે જોડે મારું."

ને આ સૂરીલા ગાનારાઓ કેવા છે?

*ઝાંઝકૂટા અને પેટમૂઠા,*
*ઝિંઝ્યું ડિયેતા ધાઉં;*
*ઠાકર યેતો ઈની પોઓ*
*મુઠો અઈયાં આઉં.*

ઝાંઝા કૂટનારાઓ અને પેટભરાઓ મોટા મોટા બરાડા પાડે છે. ઠાકોરજી તો કહે છે કે એવાઓની પાછળ હું જ મૂઓ પડ્યો છું.

*કૂટ્યું કુટિયેં કુંજિયું,*
*ડિયેં ઝાંઝેકે જોર*
*હિકડા ભૂખ્યા ભતજા,*
*બ્યા રનેજા ચોર.*

જોરથી ઝાંઝ બજાવનારા અને મંજીરા વગાડનારા ખોટા છે. એમાંના કોઈક મીઠું મીઠું ખાવાના લાલચુ છે. ને કોઈક સ્ત્રીઓના ચોર છે.

*જે નર રામ ન ભુજિયા*
*સે સરજ્યા ઢગા;*
*ખેડી ખેડી આપો ડઈ રિયા*
*અખિયું કઢીતા કગા.*

રામને જેઓએ નથી ભજ્યા, તેઓ બળદનો અવતાર પામે છે, ખેતરો ખેડી ખેડીને જ્યારે મરણશરણ થાય, ત્યારે તેમની આંખો કાગડા ઠોલતા હોય છે.

*જે નર રામ ન ભુજિયા*
*સે સરજ્યા ગધા;*
*મીઠેજ્યું છાંટું ખણીને*
*સેરીએ સેરીએ ભગા.*

રામને ન ભજનારાઓ ગધેડાનો અવતાર પામે છે. પછી મીઠાંનાં છાલકાં ઉપાડી ઉપાડીને એ શેરીએ શેરીએ ભાગતા હોય છે.

*જે નર રામ ન ભુજિયા,*
*સે સરજ્યા કૂતા;*
*ભૂખ ભડવે જે પેટ મેં*
*સેરીએ સેરીએ સૂતા.*

રામને ન ભજનારા કૂતરા સરજ્યા. પછી એ નાલાયકો ભૂખ્યા પેટે શેરીઓમાં સૂતા હોય છે.

મંદિરોને, મૂર્તિપૂજાને, કીર્તનકારોનાં કૂડને, બાહ્ય ક્રિયાકાંડને સોટા લગાડતા મેકરણનું જ્ઞાન અનેક ગૂઢાર્થો ઉકેલતું અંતર્મુખ બનતું ગયું. પણ એનો સાચો પારખુ ન સાંપડ્યો. એણે પોકાર કર્યો કે

*ગૂઢારથ જ્યું ગાલિયું*
*વધી વડ થઈયું;*
*તાણે કે ન પૂછિયું;*
*મું પણ ન ચઈયું.*

જીવનના નિગૂઢાર્થોની વાતો મારા હૃદયમાં વધી વધીને વડ જેવડી મોટી થઈ ગઈ. પણ ન કોઈએ મને એ સાચી સમસ્યાઓ પૂછી, કે ન મેં કોઈને વગરપૂછ્યે કહી.

*ગાલડિયું ગૂઢેરથ જ્યું*
*વધી વધી વડ થયું;*

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

*અંગે માડુએ ન પૂછ્યું*
*દલજી દલને રિયું.*

ગૂઢાર્થોની વાતો મારા હૃદયમાં વધી વધીને મોટા વડ જેવડી બની ગઈ, પણ મને કોઈ સારા માણસે એ ન પૂછી. એટલે એ દિલની વાતો દિલમાં જ રહી ગઈ.

અને મને પૂછવા આવનારા કોણ હતા? મારી પાસેથી કોઈ વરદાન લેવા આવ્યા. કોઈ સંસારી લાભ લૂંટવા આવ્યા.

*વડા ધણીજી વિનતિયું*
*જાગી કોન કિયું;*
*વણ કમાણીએ મોજું માગે,*
*(ભડવે કે) લાજુ કો ન થિયું!*

મહાન ધણી ઈશ્વરની માગણીઓ, તો કોઈએ પૂરી કમાણી કર્યા વગર તેઓએ ઈનામો માગ્યાં. નાલાયકોને શરમ પણ ન આવી!

એ ગૂઢાર્થોનું જ્ઞાન મેકરણે ક્યાં જઈને મેળવ્યું?

*જાં વિઝાં જરાણમેં,*
*તે ભાવરે માથે ભાર;*
*ખિલી કેં ન ખીંકારેઓ*
*કેં ન કેઓ સતકાર.*

હું કબ્રસ્તાનમાં ગયો ત્યાં તો મારા ભાઈઓ (માટીના) ભાર તળે ચંપાયેલા હતા. મને કોઈએ હસીને બોલાવ્યો નહીં, કોઈએ મારો સત્કાર કર્યો નહીં.

*જા વિંઝાં જીરણમેં*
*કરિયાં સેણે કે સડ;*
*મિટ્ટી ભેરાવ્યા મિલી*
*હુંકારો ડિયે ને હડ.*

હું સ્મશાનમાં ગયો. સ્વજનોને મેં સાદ પાડ્યા. પણ એ તો માટીમાં મળી માટી બની ગયા છે. એમનું હાડકું પણ હોંકારો આપે તેમ નહોતું.

*જાં વિઝાં જીરાણમેં,*
*ત કોરો ઘડો મસાણ;*
*જડેં તડેં માડુઆ!*
*ઈ પલ થિંદી પાણ.*

હું સ્મશાનમાં ગયો. ત્યાં કોરો ઘડો ચિતા પર પડ્યો હતો. અરે માનવો, જતે દિવસ આપણી પણ એ જ પળી આવી પહોંચશે.

*ઊ ભુંગા ઊ ભેણિયું,*
*ઊ ભિતેં રંગ પેઆ;*
*મેકણ ચેતો માડુઆ!*
*રંગીધલ વેઆ.*

આ એ જ ઝૂંપડાં છે, એ જ જગ્યાઓ છે. ભીંતો પરના એ જ રંગ કાયમ છે. પરંતુ મેકણ કહે છે કે, અરે લોકો, અને રંગનારા ચાલ્યા ગયા.

*કુરો કરિયાં, કિત વિંઝાં,*
*કે'કે કરિયાં સડ!*
*જમ જોરાણું થૈ મુંકે,*
*આડી ડઈ વ્યો અડ.*

હું શું કરું? ક્યાં જાઉં? આ જમ જુલમી થયો અને મારી આડે પડદો નાખી ગયો.

કોણ તર્યું? કોણ ખાટી ગયું? આ અસારતામાંથી કોણ ઉગર્યું? મેકણ કહી ગયા :

*ખારાઈધલ ખટેઆ;*
*મેડીધલ મુઠાઃ*
*સરધાપુરજી સેરીએ,*
*મું ડીધલ ડિઠા.*

ખાટી ગયા તો ખવરાવનારા; ધનને એકઠું કરનારાને તો સાથે માત્ર મૂઠો જ આવ્યો. સ્વર્ગભુવનની શેરીએ તો દાતાજનોને દીઠા છે. અને બીજા કોણ તરી ગયા?

*જિની જુવાણી જારવઈ*
*મોડે રખેઓ મન,*
*સરધાપુરજી સેરીએ*
*કલ્લોલું તા કન.*

જેમણે જુવાની જાળવી, અને મનને દાબીને જેમણે અંકુશમાં રાખ્યું, તેઓ જ સ્વર્ગાપુરની શેરીએ કલ્લોલ કરી રહ્યા છે.

## (૬) સમાધ

મેકણ બાવાએ બેઉ રંગો જીવનમાં જાળવી જાણ્યા. જડ્યું તેટલું લોકોને દીધું અને જુવાનીની વિશુદ્ધિ જાળવી. પછી એણે

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

સંસારલીલાનો સંકેલો કર્યો. સંવત ૧૭૮૬ના આસો વદ ૧૪ના રોજ દિવાળીના આગલા પ્રભાતે ધ્રંગલોડાઈના સ્થાનકમાં એણે સમાઈ જવા માટે સમાધ ગળાવી.

દસ જણા એની જોડે સમાધ લેવા તૈયાર થયા. અગિયારમો એક ઢેડ હતો. એનું નામ ગરવો.

બીજા શિષ્યો સુગાયા. જગતે તિરસ્કાર કર્યો. અધમ ઢેડને પણ સાથે સમાધ?

ત્યારે મેકણે જગતને જવાબ દીધો :

*કેં કે વલિયું કોરિયું;*
*કેં કે વલા વેઢ;*
*વલે કના વલા,*
*મુંકે ઢાઢી બેઆ ઢેઢ.*

"ઓ ભાઈઓ! કોઈને કોરીઓ (દ્રવ્ય) વહાલી, તો કોઈને વેઢવીંટીના દાગીના વહાલા, મને તો સૌથી વધુ વહાલા એ ઢાઢીઓ ને ઢેડો છે, કે જેમને જગતે અધમ વર્ણ ગણી અળગા કર્યા છે.

"અને શો વાંધો છે એમાં?

*પીપરમેં પણ પાણ*
*નાય બાવરમેં બ્યો;*
*નિયમેં ઊ નારાયણ*
*પોય કંઢેમેં કયો?*

"પીપળામાં પણ પોતે જ (ઈશ્વર) છે અને બાવળમાં પણ બીજો નથી. લીમડામાં પણ એ જ નારાયણ છે, ત્યારે ખીજડામાં વળી બીજો કયો હોય?"

"વળી અંતકાળે હું મારાં વહાલાં સ્વજનો સિવાય બીજાં કેને પાસે રાખું?"

*વિઠે જિની વટ*
*સે સો ઘટે શરીર જો,*
*મોંઘા ડઈ ને મટ,*
*પરિયન રખજે પાસમેં.*

"જેમની પાસે બેસવા માત્રથી શરીરનું દુઃખ ઓછું થઈ જાય, એવાં પ્રિયજનોનો તો મોંઘાં મૂલ દઈને પણ પડખામાં જ રખાવાં જોઈએ.

"માટે ભાઈ લાલિયા, ભાઈ મોતિયા, તમે બેઉ પણ ભેગા જ ચાલો. તમને હું અળગા કેમ પાડું? મારા સાચા ટેલવા તો તમે જાનવરો છો. મોતિયા-લાલિયાની પણ સમાધ ગાળી રાખો, ભાઈ!"

એમ મેકણે મૃત્યુમાં પણ જગતનાં ભ્રષ્ટોનો સાથ સ્વીકાર્યો.

સમાધો તૈયાર હતી. ઉત્સવ ઊજવાઈ ચૂક્યા. સમાધમાં બેસવાનું ટાણું થયું. તે વખતે ઢેડ ગરવો બહારગામથી આવ્યો.

"ગરવા, ભાઈ, ચાલો."

ગરવાએ વિનંતી કરી :

"બાપુ, આંઉ છોકરેકે કૂછિયાં?" (હું મારા છોકરાઓની રજા લઈ આવું?)

"ભાઈ, મોડું થઈ જશે."

"હમણાં જ પાછો વળીશ."

"ભલે ભાઈ, જઈ આવ."

પૂરી વાર વાટ જોયા પછી પણ ગરવો ન આવ્યો. વેળા થઈ ચૂકી. ચોઘડિયું ચાલ્યું જતું હતું. મેકણે કહ્યું, "ભાઈઓ, ગરવો તો ન આવ્યો :

*ગરવે ગોદડ ખાણિયાં*
*ઉગમતે પરભાત;*
*ગરવા બચારા ક્યા કરે!*
*માથે ઢેઢનકી જાત.*

"એમાં ગરવાનો બાપડાનો વાંક નથી. જાતનો સંસ્કાર નડ્યો એને. ચાલો ભાઈઓ! જી નામ!"

"જી નામ!" પોકારીને સર્વે સમાધમાં બેઠા, તે જ વખતે દોડતો ગરવો આવી પહોંચ્યો ને બોલ્યો :

"બાપુ, હણે અચાં?" (બાપુ, હવે આવું?)

"હાણે અભા! અતે જ રે'જે." (હવે તો ભાઈ, ત્યાં જ રહેજે.)

પછી તો અગિયાર જણા એક પંક્તિમાં સમાયા, લાલિયો, મોતિયો મેકણની સામે સમાયા, ને ગરવા ઢેડે થોડે છેટે સમાધ લીધી.

આજે એ થાનકમાં અગિયાર સમાધો દેવળની અંદર છે. લાલિયા, મોતિયાની સમાધોને સંસારી લોકોએ બહાર રાખી છે. ગરવાની સમાધ પણ થોડી દૂર છે.

હિંદુ, મુસ્લિમ, હરિજનો, સર્વના ત્યાં મેળા ભરાય છે.

***(સમાપ્ત)***

With Best Compliments From

**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**

**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**

**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

# ઉછીની કૂખ

નવલિકા

લીલાધર માણેક ગડા

નીતાએ માતાનો પત્ર વાંચવાનું પૂરું કર્યું ત્યારે એને લાગ્યું કે પગ નીચેથી ધરતી સરકી રહી છે. નાની બહેન પારૂ આવી ભૂલ કરશે એની કલ્પના નીતા કરી શકી નહીં. બાબત આટલે સુધી પહોંચે અને પારૂ એને જાણ ન કરે એ શક્ય ન હતું. કારણ કે નીતા અને પારૂ સગીબહેનો કરતાં સખી વધારે હતી. પોતાના જીવનની પ્રત્યેક ઘટનાથી પારૂને વાકેફ કરતી અને તેથી બેઉ બહેનો જ્યારે ભેગી થતી ત્યારે બે મુલાકાતો વચ્ચેના ગાળાની નાની મોટી હકીકતોની વાતોમાં રાત્રિ ઓછી પડતી. પ્રસંગોપાત કે પછી અમથી અમથી બેઉ બહેનો મુંબઈ-વડોદરા આવનજાવન કરતી.

પરંતુ છેલ્લા ચાર-પાંચ મહિના દરમ્યાન નવીનની વ્યસ્તતાને કારણે નીતા વડોદરા ગઈ ન હતી અને પારૂ પણ મુંબઈ આવી ન હતી. ગયા ડિસેમ્બર-જાન્યુઆરી મહિનામાં નીતાની બીમારીને કારણે પારૂ મુંબઈ રોકાઈ હતી. પરંતુ ત્યાર પછી એ આવી નથી. માર્ચ મહિનામાં મમ્મી એકલી આવી. છેલ્લા બે મહિના દરમ્યાન પારૂનો ફોન પણ નથી આવ્યો. નહીં તો રવિવારે બેઉ બહેનો ખાસ્સી પંદર મિનિટો ફોન પર વાતો કરતી. નીતાએ બે-ત્રણ વખત ફોન કર્યો ત્યારે પારૂ બે-ત્રણ મિનિટોમાં ઔપચારિક વાતો કરી ફોન મૂકી દેતી. પારૂના આવા વર્તન માટે નીતાને આશ્ચર્ય પણ થતું. નીતાએ નવીનને એ અંગે વાત કરી ત્યારે નવીને વાત ઉડાડી દીધી. નીતાએ માન્યું કે કદાચ એને એક્ઝામનું ટેન્શન હશે. મમ્મીએ ફોન પર જણાવ્યું ખરું કે પારૂ હમણા મૂંઝાયેલી, ખોવાયેલી રહે છે. ઘરમાં બહુ બોલતી નથી. આખો દિવસ પુસ્તકો વાંચે છે અથવા કેસેટો સાંભળે છે. નીતાએ માન્યું કે પારૂનો કદાચ પ્રેમ પાંગર્યો હશે. મીઠી મૂંઝવણ હશે અથવા કશ્મકશ પણ હશે, ત્યારે એણે મમ્મીને કહ્યું પણ ખરું કે નવીન મે મહિનામાં કોન્ફરન્સ માટે વિદેશ જશે ત્યારે તે વડોદરા આવશે અને પારૂ સાથે વિગતવાર વાતચીત કરશે.

પરંતુ મમ્મીનો પત્ર વાંચી એ ફસડાઈ પડી. એના હોશકોશ ન રહ્યા. મમ્મીએ આટલી ગંભીર ઘટના અંગે ફોનથી જાણ કરવાને બદલે પત્ર શા માટે લખ્યો? મમ્મીનો પત્ર નવીનને બતાવવો કે નહીં તેની મૂંઝવણ થઈ પણ પછી એને થયું કે નવીનની ગેરહાજરીમાં વડોદરા વાત કરશે.

'હલ્લો, મમ્મી, હું નીતા.'

'નીતા' અને એટલા શબ્દો સાથે વિજયાબેન રડવા લાગ્યાં.

'મમ્મી, પ્લીઝ રડ નહીં... હિંમત રાખ.'

'નીતા, હું સાવ ભાંગી પડી છું. હતાશ થઈ ગઈ છું.'

'મમ્મી, તેં પત્રમાં વિગત લખી છે તે સાચી છે? મને માનવામાં નથી આવતું.'

'હા, નીતા, તદ્દન સાચી. ફોન કરી તને જણાવવાની હિંમત ન હતી એટલે પત્ર લખ્યો છે.'

'આ બધું થયું કેવી રીતે? મમ્મી...'

'મને શી ખબર? પારૂ કશું જણાવતી નથી.'

'પારૂ ક્યાં છે? મારે એની સાથે વાત કરવી છે.'

'પારૂ સવારથી ગઈ છે અને જતાં જતાં કહ્યું છે કે બપોરે બહાર જમીને આવશે.'

'તેં એને જવા શા માટે દીધી? ક્યાંક ન કરવાનું કરી બેસશે.'

'મેં એને ના પાડી તો મને કહે કે એની ચિંતા કોઈએ કરવી નહીં.'

'એની ચિંતા બીજું કોણ કરશે? ઘરમાં તમે બેઉ જણી છો.'

'હા, નીતા, મારી માનસિક સ્થિતિ બહુ ખરાબ છે. મને કોઈ રસ્તો સુઝાવો.'

'મમ્મી, તું હિંમતમાં રહેજે. શનિ કે રવિવારે હું અને નવીન વડોદરા આવશું.'

'તમે આવીને શું કરશો?'

'સાથે મળી કોઈ રસ્તો વિચારશું. પણ મમ્મી, એને કેટલા મહિના થયા?'

'લગભગ ચારેક મહિના થયા હશે. આમ તો એને માસિક અનિયમિત આવે છે. એટલે ત્રણ મહિના સુધી મને ખ્યાલ રહ્યો નહીં. ગયા રવિવારે પારૂએ સામે ચાલીને મને વાત કરી ત્યારે હું તો ફસડાઈ પડી. પારૂની કબૂલાતના શબ્દો હજુ મારા કાનને છેદી નાખે છે નીતા...'

'મમ્મી, તું ધીરજ રાખ. ત્રણ-ચાર મહિના થયા હશે તો એનો રસ્તો નીકળશે.'

'પરંતુ પારૂએ એમટીપી-ગર્ભપાતની સાફ ના પાડી છે.'

'મમ્મી, પારૂએ તારી સાથે પેટ છૂટી વાત કરી ત્યારે એણે

જણાવ્યું કે એની સાથે કોનો સંબંધ છે? એ વ્યક્તિ સાથે લગ્ન કરશે?'

'પારૂ વધારે કશું કહેતી નથી. નામ પણ નથી આપતી. માત્ર એટલું જ કહે છે કે તે બાળકને જન્મ આપવા ઇચ્છે છે. નીતા, મને સમજાતું નથી મારે શું કરવું?'

'મમ્મી, બે-ત્રણ દિવસ થોભી જા. અમે આવીએ છીએ ત્યારે કોઈક રસ્તો કાઢી લઈશું.'

'જો કોઈ માર્ગ નહીં નીકળે તો તારે માર્ગ કાઢવો પડશે. નીતા, મારી માનસિક સ્થિતિનો ખ્યાલ કર. એક ખોટું આળ મૂકીને તારા પપ્પાએ મને ત્યજી દીધી અને છૂટાછેડા આપ્યા. મેં સભાનપણે તમારી બંનેની જવાબદારી સ્વીકારી. મને કોઈ કહો કે હું ફરજ બજાવવામાં ક્યાં નિષ્ફળ ગઈ. બંને દીકરીઓનો ઉછેર મેં કેવી રીતે કર્યો છે એ સંઘર્ષકથાની તમે બેઉ બહેનો સાક્ષી છો. હવે પાછલી વેળાએ મારા માટે આવા સંજોગો નિર્માણ થયા. નીતા, હું વધારે સહન નહીં કરી શકું.'

'મમ્મી, તું મનોબળ મક્કમ રાખજે. અમે આવીએ નહીં ત્યાં સુધી પારૂ સાથે કોઈ ચર્ચા કરતી નહીં. હું હવે ફોન મૂકું છું.'

નીતાએ ફોન મૂકી દીધો. પણ એને લાગ્યું કે મમ્મીએ હજી પણ ઊભરો પૂરેપૂરો ઠાલવ્યો નથી. નીતા વિચારવા લાગી કે પારૂએ ક્યારેય પણ કોઈ વ્યક્તિ સાથે સંબંધ હોવાનો અણસાર પણ નહોતો આપ્યો. બેઉ બહેનો વચ્ચે બહુ જ આત્મીયતા હતી. વ્યક્તિગત કે જીવનની તમામ ખાનગી બાબતો બેઉ બહેનો નિખાલસતા અને વિશ્વાસપૂર્વક ચર્ચતી. બંનેની વયમાં ખાસ્સો છ વર્ષનો ફરક હતો. પરંતુ પારૂ ઉંમરના હિસાબે વધારે પુખ્ત અને સમજદાર હતી. આમ તો માતા વિજયાબેન અને બે પુત્રીઓ એમ ત્રણ જણ વચ્ચે મિત્રતાભાવ વિશેષ હતો. પિતાએ તરછોડી દીધા પછી માતાએ શિક્ષિકા બની સ્વતંત્રપણે ઘર ચલાવ્યું. બેઉ બહેનોને અભ્યાસની પૂરેપૂરી તક આપી. કોલેજના બીજા વર્ષમાં સામે ચાલીને સારું માંગું આવતાં નીતા નવીનને પરણી ગઈ. લગ્ન પછી નવીને સારો પ્રોગ્રેસ કર્યો. મલ્ટીનેશનલ કંપનીમાં ઉચ્ચ ઓફિસરને પદે હતો. પારૂ નીતાથી છ વર્ષ નાની, કોલેજનું છેલ્લું વર્ષ પૂરું કર્યું હતું.

સો વાતે સુખ હોવા છતાં લગ્નજીવનમાં દસ વર્ષ પછી પણ નીતા માતૃત્વ પામી નહીં એનું દુઃખ હતું. લગ્ન પછીના શરૂઆતના ચાર વર્ષ દરમ્યાન સંયુક્ત કુટુંબમાં બાળકની ખોટ વર્તાતી ન હતી. દિયરના લગ્ન પછી અને નવીનને બઢતી મળી એટલે કંપનીના મોટા ફ્લેટમાં નવીન અને નીતા એકલાં રહેવા આવ્યાં ત્યારે ઘરમાં બાળકની જરૂરિયાત લાગી અને નીતાની માતૃત્વની ઝંખના પ્રબળ થઈ. બે વર્ષ ડોક્ટરી તપાસ અને સલાહમાં ગયાં. નવીનમાં કોઈ દોષ હતો નહીં. તપાસનાં તારણો જેમ જેમ નીતાની વિરુદ્ધમાં આવતાં ગયા તેમ તેમ તે માનસિક રીતે તૂટતી ગઈ. બ્લડ ટેસ્ટ, એક્સ-રે, સોનોગ્રાફી, હિસ્ટેરોસ્કોપી, લેપ્રોસ્કોપી આ બધી વિધિઓ કર્યા પછી ફલિત થયું કે નીતા કુદરતી રીતે માતા બની શકે તેમ નથી. બાળકની તીવ્ર ઈચ્છાએ નીતાને માનતાઓ, બાધાઓ, જ્યોતિષશાસ્ત્ર જેવા માર્ગે જવા પ્રેરી. છેલ્લાં બે વર્ષ દરમિયાન વિજ્ઞાનનાં નવાં સંશોધનોનો આધાર પણ લીધો. નવીન નીતાને પૂર્ણ સહકાર આપતો હતો. એસઆઈએફટી (સ્પર્મ ઈન ઈન્ટ્રા ફેલોપિયન ટ્યૂબ્સ), જીઆઈએફટી (ગામેટ ઈન ઈન્ટ્રા ફ્લોપિયન ટ્યૂબ્સ), આઈવીએફ (ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન), આઈસીએસઆઈ (ઈન્ટ્રા સિસ્ટોપ્લેસમિક સ્પર્મ ઈન્જેક્શન) જેવી વૈજ્ઞાનિક ઢબે ગર્ભદાનની ક્રિયાઓમાંથી નીતા જેમ જેમ પસાર થતી ગઈ તેમ તેમ જાતીય સુખ પ્રત્યે ઉદાસીનતા આવતી ગઈ. રસક્રીડા પ્રત્યે અપસુખ થતું ગયું.

પારૂ જ્યારે મુંબઈ આવતી ત્યારે શારીરિક તપાસ તેમજ અન્ય પ્રક્રિયાઓ વખતે નીતાની સાથે રહેતી. નીતાના સ્વભાવનું પરિવર્તન પારૂના મનમાં ચિંતા ઊપજાવતું હતું. નીતાના મનમાં ધીરેધીરે એક વાત ઘર કરી ગઈ કે જો તે સંતાન ધારણ ન કરી શકે તો જાતીય સુખનો કોઈ અર્થ નથી. નીતાના જાતીય જીવન પ્રત્યેની ઉદાસીનતા અને નવીનની એ પ્રત્યેની તત્પરતા બંને વચ્ચે સહેજ અને સુલભ લાગણીઓનો અભાવ ઉત્પન્ન કરતા હતા. આ માનસિક દ્વંદ્વનું પરિણામ પારૂ કલ્પી શકતી હતી. પારૂને લાગ્યું કે નીતા હવે સાઈકિક પેશન્ટ બનતી જાય છે.

છ મહિના અગાઉ નીતાને ડિપ્રેશન આવ્યું. નવીનને ડર હતો કે પોતે ઓફિસમાં હોય અને નીતા ઘરે એકલી હોય ત્યારે ડિપ્રેશનની કોઈ ઘડીમાં અમંગળ બની જશે. નવીને પોતાની ચિંતા વિજયાબેનને વ્યક્ત કરી ત્યારે વિજયાબેને મનોમન મુંબઈ જવાનું નક્કી કર્યું. પરંતુ વિજયાબેનનું સર્વિસનું છેલ્લું વર્ષ હતું અને તેથી નીતાને સાથે આપવા પારૂ મુંબઈ આવી. નવીન અને પારૂ બેઉ જણ મળી નીતાને ડિપ્રેશનમાંથી બહાર લાવવા સહિયારો પ્રયત્ન કરતાં, ખૂબ મોકળા મને ચર્ચા કરતાં. વૈજ્ઞાનિક સંશોધનોનો આધાર લઈ એનાં વિવિધ પાસાઓ અંગે છણાવટ કરતાં. વાતચીત દરમ્યાન એકાએક નીતા ઊભી થઈ બેડરૂમમાં ચાલી જતી. જીઆઈએફટી, એસઆઈએફટી, આઈસીએસઆઈ તેમજ ટેસ્ટ ટ્યૂબ બેબીની મર્યાદાઓ અંગે ચર્ચા થતી ત્યારે મોટેથી રડી પડતી અને 'હેલ વિથ ધ લાઈફ' કહી ડિપ્રેશનમાં સરી પડતી.

ડિપ્રેશનનું પ્રમાણ વધતાં એને ક્લિનિકમાં દાખલ કરવી પડી. બે ત્રણ અઠવાડિયાં દરમ્યાન એને ક્લિનિકમાં શૉક ટ્રીટમેન્ટ આપવી પડી. જેનાથી તબિયત થોડી સુધરી પણ ખરી પરંતુ તે સંપૂર્ણ સાજી થઈ ન હતી અને તેથી પારૂના કુંવારી માતા બનવાના સમાચારે તેને વધારે વ્યથિત કરી.

નવીનને ઓચિંતાનું કોન્ફરન્સ માટે પરદેશ જવાનું થયું

એટલે શનિવારે સાંજે નીતાને વડોદરાની ફ્લાઈટમાં બેસાડી તેણે રાતની વિદેશની ફ્લાઈટ પકડી. પારૂ નીતાને લેવા ઍરપોર્ટ પર ગઈ. રસ્તામાં માત્ર ઔપચારિક વાતો થઈ. રાત્રે વાળુ લઈ વિજ્યાબેન, નીતા અને પારૂ વાતો કરવા બેઠાં ત્યારે શરૂઆતમાં જ પારૂએ જણાવ્યું.

'હું ઈચ્છું છું કે મારી પ્રેગનન્સી અંગે મને કોઈ સવાલ નહીં પૂછો. પ્રેગનન્સી કોનાથી થઈ છે એનો હું કોઈ ઉત્તર નહીં આપું. હું એમટીપી (ગર્ભપાત) નહીં કરાવું. કારણ કે હું બાળકને જન્મ આપવા માગું છું. મારી આ બાબત અંગે કોઈએ માનસિક તાણ અનુભવવાને બદલે આપણે એકબીજા સાથે સાહજિકતાથી, સરળતાથી અગાઉ વર્તતાં, વાતો કરતાં તેવું જ કરીએ. હું આપની કોઈની નાલેશી થવા નહીં દઉં એટલે આઠ પંદર દિવસમાં હું વડોદરાથી દૂર ચાલી જઈશ અને આપને મારા સ્થાનની પૂરેપૂરી જાણકારી આપીશ.'

પારૂના આટલા ખુલાસા પછી એ બાબત અંગે વધારે ચર્ચા કરવાનો કશો અર્થ ન હતો. માત્ર વાતાવરણ ભારેખમ થઈ ગયું.

બીજા દિવસે પારૂની ગેરહાજરીમાં નીતા અને વિજ્યાબેન અનુમાનો કરવા બેઠાં. પારૂને કોઈએ ફસાવી છે? કે પારૂનો એક મિત્ર મયંક જે બે મહિના અગાઉ અમેરિકા ગયો છે તેના થકી પણ આ કૃત્ય થયું હોય. પારૂએ સ્વયં એની મૈત્રી લગ્નસંબંધોમાં ફેરવાઈ જાય એવો સંકેત આપ્યો હોત તો વિજ્યાબેન કે નીતાએ ના પાડી ન હોત અને આ પરિસ્થિતિમાં પારૂનું મૌન વધારે અકળાવતું હતું. પારૂ આ વિશે કોઈ વાત કરવા જ માગતી ન હતી તેથી મૂંઝવણ ઔર વધતી હતી. બે દિવસમાં નીતા કંટાળી ગઈ અને એને નવીન યાદ આવ્યો. લોંગ ડિસ્ટન્સ કોલ પર તેની સાથે વાત કરવાની ઇચ્છા થઈ. વળી થયું કે નવીન કોન્ફરન્સમાં હોય ને ન મળે તો વધારે તકલીફ થાય. બીજી તરફ માતાનું દુઃખ પણ સહન થતું નહોતું.

ત્રીજે દિવસે પારૂએ જણાવ્યું કે એને એક પ્રોજેક્ટનું એસાઈનમેન્ટ મળ્યું છે તે નિમિત્તે બે ત્રણ મહિના માટે સાઉથ જવું પડશે. વળતા દિવસે ટિકિટ લઈ આવી અને બે દિવસમાં બેંગ્લોર જવા રવાના થઈ.

પારૂ વડોદરા નિયમિત પત્રો લખતી અને વચ્ચે વચ્ચે નીતાને પણ મુંબઈ પત્રો લખતી. વિજ્યાબેનને પારૂની ચિંતા થતી. 'પારૂને હવે સાતમો ચાલુ હશે. તબિયતની કાળજી નહીં રાખે અને કામમાં જ ગૂંથાયેલી હશે.' પત્ર લખી વડોદરા બોલાવવાનું મન થયું. નીતાએ નવીનને માંડીને તમામ હકીકતો જણાવી ત્યારે નવીને પણ ભલામણ કરી કે પારૂને મુંબઈ બોલાવી લઈએ. વિજ્યાબેને પત્રને બદલે ફોન પર વડોદરા આવવાનું પારૂને જણાવ્યું. ત્યારે પારૂએ જવાબ આપ્યો કે તે ડિલીવરી બેંગ્લોર કરાવશે. વિજ્યાબેનની બેંગ્લોર પહોંચી જવાની વાતનો પારૂએ વિગતવાર જવાબ આપ્યો કે તેને હવે નવમો મહિનો ચાલે છે. બેંગ્લોરના એક ખ્રિસ્તી ચર્ચના આશ્રમમાં આવી છે. બાળકનો જન્મ ચર્ચ સાથેની હોસ્પિટલમાં આપશે. અહીં તેની કાળજી બરોબર લેવાય છે અને તેથી કોઈએ બેંગ્લોર આવવાની તસ્દી લેવી નહીં. ડિલીવરી પછી બે ત્રણ મહિને વડોદરા આવશે.

પારૂએ બાળકને જન્મ આપ્યાના સમાચાર વિજ્યાબેનને એ જ દિવસે મળ્યા. અકળ મૂંઝવણ સિવાય બીજો ભાવ વ્યક્ત કરી શક્યાં નહીં. વિજ્યાબેને નીતાને ફોન પર માત્ર એટલા સમાચાર આપ્યા અને મોટેથી રડી પડ્યાં. નીતા સાથે વધારે વાતચીત કરી દુઃખ વ્યક્ત કરવા ઈચ્છતા ન હતાં કે રખેને નીતાને ફરી પાછું ડિપ્રેશન આવી જાય તો! વિજ્યાબેનને બેંગ્લોર જવાની ઈચ્છા તો થઈ પણ ઈચ્છાને મનમાં દબાવી દીધી. પારૂનો દર રવિવારે ફોન આવતો. તદ્દન સાહજિકપણે વાતો કરતી. વિજ્યાબેનને બેંગ્લોર ધક્કો ખાવાની ના પાડતી કારણકે પોતે થોડા દિવસોમાં વડોદરા આવવાની છે.

★

બાળકના જન્મના ત્રીજા મહિના પછી નીતાને પારૂનો પત્ર મળ્યો.

*બહેન નીતા,*

*પત્ર મળતાં તને આશ્ચર્ય નહીં થાય. તને ખાતરી હશે કે પારૂ ક્યારે પણ તારાથી કશું અછાનું નહીં રાખે અને તેથી તેં પત્ર મળતાવેંત અપેક્ષા રાખી હશે કે પત્રમાં ખુલાસો હશે, હકીકતનું બયાન હશે, કબૂલાતનામું હશે, પરંતુ એમાંનું કશું નથી.*

*હું માત્ર એટલું જ જણાવવા ઈચ્છું છું કે હું વડોદરા વાયા મુંબઈ થઈને જઈશ. તારી પાસે બે દિવસ રોકાવાની ઈચ્છા છે, જો તારી મરજી હોય તો. નહીં તો વડોદરા ડાયરેક્ટ જાઉં.*

*બાબો મજામાં છે. જેને રમાડવો તને ગમશે. પત્રનો જવાબ ફોન પર આપશે તો હું તે પ્રમાણે ટિકિટ બુક કરાવું.*

*અને હા... હવે કશું ખાનગી નહીં રાખું. મારા કૃત્ય અંગેનો ગુસ્સો, નારાજગી, તિરસ્કાર બધું તારામાં હશે અને તેથી હું મારો ખુલાસો આપી મને નિર્દોષ દાખવવાની કોશિશ પણ નહીં કરું. માત્ર વાતો કરીશ અને તે પણ ઊભરો ઠાલવવા નહીં, પૂર્વવત્ સાહજિકતા અને સરળતાથી આપણે વાતો કરીશું.*

*લિ. તારી બહેન*
*પારૂ*

પંદર દિવસ પછી પારૂ મુંબઈ આવી. પારૂના મોઢા પર અપરાધનો ભાવ વર્તાતો ન હતો. સુંદર હૃષ્ટપુષ્ટ બાળકને રમાડવાની નીતાને ઈચ્છા થઈ પરંતુ નીતા બાળકને લેવા આગળ આવી નહીં ત્યારે પારૂએ નીતાના હાથમાં બાળકને સોંપતા કહ્યું, 'સંકોચ મારા પ્રત્યે હોય એ સ્વાભાવિક છે પરંતુ તારા ભાણેજ પ્રત્યે શા માટે?' અને ખુલ્લા દિલથી પારૂ હસી પડી.

નવીનને રાત્રે ડિનર પાર્ટી હતી એટલે મોડો આવવાનો હતો. જમી પરવારી બેઉ બહેનો વાતો કરવા બેઠી. નીતા હજી કંઈક પૂછે તે પહેલાં પારૂએ શરૂઆત કરી.

'નીતા, મારા આટલા એપિસોડ પછી તું માનસિક રીતે અસ્વસ્થ થઈ છે પરંતુ ડિપ્રેશનમાં નથી ગઈ તેનો આનંદ છે. તું મારી વાત જાણવા ઉત્સુક હશે પરંતુ હું વાત જણાવવી કે નહીં એની વિમાસણમાં છું.'

'તેં તારા પત્રમાં લખ્યું છે કે કશું ખાનગી નહીં રાખે.'

'હા, એટલે જ એ વિમાસણને વિસારીને વાત માંડીશ.'

'નીતા, તું ગર્ભધારણ નહીં કરી શકે એ જાણી તને કેટલો આઘાત લાગ્યો હતો. કૃત્રિમ રીતે ગર્ભધારણ કરાવવા તેં વૈજ્ઞાનિક પદ્ધતિઓનો આધાર લીધો ત્યારે ધીરેધીરે તારા જીવનમાં સેક્સ માટે ઉદાસીનતા આવી ગઈ. તારી અને નવીન વચ્ચે તાણ ઊભી થઈ. તું ડિપ્રેશનમાં ગઈ. શોક ટ્રીટમેન્ટ માટે તું નર્સિંગ હોમમાં દાખલ થઈ... અને.... અને કોઈ નબળી પળે હું અને નવીન ભૂલ કરી બેઠાં.'

મને પ્રેગ્નન્સીની જાણ થતાં એમટીપી ગર્ભપાત કરાવી લઈ ભીનું સંકેલી લેવાની ઈચ્છા થઈ. મારી સ્થિતિનો કોઈને ખ્યાલ આવે તે પહેલાં જ આ બધું થઈ શકતું હતું. એક રાત્રે એ નિર્ણય પણ લઈ લીધો. રાત્રે નજર સામે તારો ચહેરો વારંવાર આવવા લાગ્યો. બાળક માટેની તારી ઈચ્છા અને ગર્ભધારણ કરવાની તારી મર્યાદા, કૃત્રિમ ગર્ભધાન માટે તારી તૈયારી પણ સાથેસાથે એની સફળતા અંગેની મર્યાદાઓ – બધું વિચારવા બેઠી ત્યારે લાગ્યું કે....'

'પારૂ, પ્લીઝ વધારે કશું કહીશ નહીં. હું તારો એકરાર સહન નહી કરી શકું.'

'નીતા એકરાર તો હું હવે કરું છું. અત્યાર સુધી તો માત્ર ઘટના કહી છે....'

'કૃત્રિમ રીતે ગર્ભધાનની પ્રક્રિયામાં હું પોતે પસાર થાત. પારૂ, હું કોઈની કૂખ ઉછીની લેત.'

'નીતા, ઘડીભર ભૂલી જા કે હું તારી બહેન છું. આપણે એકબીજાને ઓળખતાં નથી અને હું મારી કૂખ ઉછીની આપું છું....'

પારૂ, નહીં... એ બની ન શકે.'

'નીતા, હું ઈચ્છું છું કે એમ જ બને. એ રાત્રે મેં વધારે વિચાર્યું ત્યારે મને થયું કે મારી અક્ષમ્ય ભૂલમાંથી મારી બહેનને એક લાભ થાય. તારી ઉદાસીનતા તને માતૃત્વ આપવા સફળ થવા નહીં દે અને જો તું તારા ખોળામાં બાળકને નહીં રમાડે તો તારા ખોળાનો સૂનકાર તારા અસ્તિત્વમાં વ્યાપી જશે. માત્ર એ જ ખ્યાલથી મેં ગર્ભપાત કરાવ્યો નહીં. હું મારી ભૂલ સરળતાથી છુપાવી શકત પરંતુ ભૂલને લાભમાં બદલવા બદનામી સહન કરીને મારી હકીકત સ્વીકાર્ય બનાવી શકું તો... નીતા....'

પારૂએ ડૂસકું ભર્યું અને રડતાં રડતાં માત્ર એટલું જ બોલી કે....'

'મારી કૂખ ઉછીની લેવામાં....'

પારૂ અટકી ગઈ.

દરવાજે ઘંટડી વાગી. નવીન આવ્યો હશે એટલું કહી નીતા દરવાજો ખોલવા ઊભી થઈ. બે ડગલાં પાછળ હટી, બાળકને હાથમાં લઈ દરવાજો ખોલતાં બોલી....

'નવીન, પ્લીઝ કોન્ગ્રેચ્યુલેટ મી... હું મા બની છું....'

## દુ:ખના અનુભવ વગર સુખની કિંમત નહીં

એક સોદાગર વહાણ લઈને પરદેશ કમાવા જતો હતો. તેની સાથે એક ગુલામ હતો. ગુલામે કદી દરિયો જોયો નહોતો અને આ પહેલાં વહાણમાં એ કદી બેઠો નહોતો. એ વહાણને ભયાનક જાનવર સમજતો હતો અને 'આ જાનવર મને ખાઈ જશે' એવું સમજી, બી ને એ રાડારાડ તથા બૂમાબૂમ કરતો હતો. એનો ઉપદ્રવ એટલો બધો વધી ગયો કે કોઈ ઘડી શાંતિથી બેસી શકે નહીં. સોદાગરના માણસોએ એને સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા, પણ એ શાંત થયો નહીં.

ત્યારે વહાણમાં બેઠેલા એક વિદ્વાને કહ્યું, 'રજા હોય તો હું એને શાંત કરું!'

સોદાગરે કહ્યું : 'ખુશીથી! અમે તમારો ઉપકાર માનીશું.'

હવે વિદ્વાને નાવિકોને હુકમ કર્યો : 'છોકરાની કેડે દોરડું બાંધી એને નાખો દરિયામાં.'

નાવિકોએ તેમ કર્યું. છોકરો પાણીમાં ડૂબકી ખાવા લાગ્યો અને જીવ બચાવવા તરફડવા લાગ્યો. એ ખૂબ થાક્યો અને હવે ડૂબી જશે એવું લાગ્યું. એટલે વિદ્વાનના હુકમથી નાવિકોએ એને ઉપર ખેંચી લીધો.

હવે એ બિલકુલ શાંત થઈ ગયો.

વિદ્વાને કહ્યું : 'ડૂબી મરવાની યાતનાનો અનુભવ નહોતો થયો ત્યાં લગી છોકરાને વહાણમાં કેવી સલામતી છે તેની ખબર નહોતી. તેથી એ વહાણમાંથી ભાગી છૂટવા તોફાન કરતો હતો. પણ દરિયામાં પડ્યો ત્યારે તેને વહાણના સુખની ખબર પડી. એટલે હવે એ શાંત છે.'

ખરેખર દુ:ખના અનુભવ વગર માણસને સુખની કિંમત સમજાતી નથી. સ્વર્ગની પરીઓને પૃથ્વી દોજખ લાગે પણ દોજખમાં પડેલાને તો પૃથ્વી સ્વર્ગ સમી લાગવાની!

***ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

# અનાગત

માવજી મહેશ્વરી

આસો માસના વૈભવ જેવી શરદ પૂનમની સાંજ પડી. સૂરજે ચંદ્રને મોકળું મેદાન આપ્યું. શણગારેલું છાત્રાલય છોકરીઓના કલશોરથી ગાજી ઊઠ્યું. પંદરેક દિવસથી તૈયારીઓ કરતી છોકરીઓ આજે ઉત્સાહથી થનગનતી હતી. પાંત્રીસેક જેટલી છોકરીઓનો આ આવાસ આજે સાવ બદલાઈ ગયો હતો. પાંચમાથી બારમા ધોરણની છોકરીઓ અહીં રહેતી હતી. જો કે બારમાની પાંચ જ છોકરી હતી પણ એ પાંચ થકી છાત્રાલયના ગૃહમાતા અંજનાબહેનને ઘણી નિરાંત હતી. સફાઈથી શિસ્ત સુધીની બધી વ્યવસ્થાઓમાં એ પાંચ જણીની ખાસ્સી મદદ અંજનાબહેનને મળતી. આજના કાર્યક્રમની વ્યવસ્થા જળવાય તે માટે અંજનાબહેને એ પાંચ જણીને જ ક્યાંય નહોતી રાખી. પાંચમાંથી સ્મિતા જરા નારાજ દેખાતી હતી. સ્મિતા આમેય બોલકી હતી. એ પોતાની નારાજગી છાની નહોતી રાખી શકતી. અંજનાબહેને નોંધ્યું કે સ્મિતાએ આજે આખોય દિવસ હસીને વાત નહોતી કરી. જો કે અંજનાબહેનને સ્મિતા ગમતી. છાને ખૂણે થોડો પક્ષપાત પણ ખરો. સ્મિતા હતી પણ એવી કે કોઈનેય ગમી જાય. થોડી ચંચળ, હસમુખી અને અત્યંત દેખાવડી. છતાં સ્મિતા લુચ્ચી નહોતી. ડાહી હતી પણ ચતુર નહોતી. અંજનાબહેનને ક્યારેક ચિંતા થતી.

આમ તો આ છાત્રાલય અનાથ છોકરીઓ માટે હતું. ખાનગી ટ્રસ્ટ દ્વારા ચાલતા છાત્રાલયમાં દરેક છોકરીની અલગ અલગ કથા હતી. કોઈના મા-બાપ નહોતા એટલે તેઓ અનાથ હતી તો કોઈ છતે મા-બાપે અનાથ હતી. સ્મિતા એમાંની એક. એના મા-બાપ છૂટા પડી ગયા હતા. સ્મિતા એની મા સાથે રહેતી હતી. એની દેખાવડી મા એક પુરુષને ગમી ગઈ. પણ પેલાએ છોકરી સ્વીકારવાનો ઇન્કાર કર્યો. થોડું થોડું સમજવા લાગેલી સ્મિતા અંજનાબહેનને મા સમજવા લાગેલી. બહારનાં કામો સ્મિતા કરી આવતી. ટ્રસ્ટીઓને ઘેર જવું હોય કે કોઈ કચેરીમાં જવું હોય સ્મિતાં હંમેશાં તૈયાર રહેતી.

અંજનાબહેનને અહીં બે વરસ થઈ ગયા હતાં. બે વરસમાં તેમણે છાત્રાલયને અંદર અને બહાર બેય રીતે બદલી નાખ્યું હતું. મોટાભાગે ચૂપ રહેતા, ખપ પૂરતી વાત કરતા. સાવ સાદાં કપડાં, કોઈ ટાપટીપમાં ન માનતાં અંજનાબહેનને જોઈ ટ્રસ્ટીઓને નવાઈ લાગતી કે આ યુવતીમાં એવું તે શું છે કે છોકરીઓ એનો પડ્યો બોલ ઝીલી લેવા તૈયાર રહે છે. જો કે ઇન્ટરવ્યૂ વખતે જ ટ્રસ્ટીઓને ખ્યાલ આવી ગયો હતો કે આ સ્ત્રી જરા જુદી માટીની છે. પહેલું કારણ એ હતું કે એમને જ્યારે પૂછવામાં આવેલું : કેટલા પગારની અપેક્ષા રાખો છો? ત્યારે તેમણે કહેલું મને કામ કરવા દો. મારું કામ જોઈને નક્કી કરજો કે મને પગાર આપવો કે નહીં...? અને આમ પગાર વગર ચાર મહિના વીતી ગયા. સામાન્ય કામકાજ માટે એકાંતરે છાત્રાલયમાં આવતા એક ટ્રસ્ટીના હોઠ પર રોજ આ વાત આવે પણ તે અંજનાબહેનને કહી ન શકે. છાત્રાલય બરાબર ચાલતું હતું. છોકરીઓ ભણતી હતી. એટલું જ નહીં. પહેલાં કરતાં વાતાવરણમાં એકદમ પલટો આવી ગયો હતો. કોઈ ફરિયાદ નહોતી. અંજનાબહેનને કોઈ અપેક્ષા નહોતી. ટ્રસ્ટીઓ મૂંઝાયા. વેતન વગર કામ કરતી આ યુવતી પાસેથી ક્યાં લગી કામ લેવું? ટ્રસ્ટીઓની મિટિંગ થઈ. અંજનાબહેનને ફરી પૂછવામાં આવ્યું. ફરી અંજનાબહેને ટ્રસ્ટીઓને મૂંઝવ્યા. આખરે ટ્રસ્ટીઓના અતિ આગ્રહથી તેમણે મહિને માત્ર હજાર રૂપિયા લેવાની હા પાડી. ટ્રસ્ટીઓ માટે આ યુવતીનું આશ્ચર્ય અને રહસ્ય વધતું જતું હતું જેનાં દેખીતાં પણ કેટલાંક કારણો હતાં.

બે વરસમાં ન તો અંજનાબહેન ક્યાંય ગયાં હતાં કે ન તો એમને મળવા કોઈ આવ્યું હતું. અંજનાબહેન પોતે ત્યક્તા હતાં. પોતે મહેસાણા જિલ્લાનાં વતની છે એવું ઇન્ટરવ્યૂ વખતે કહેલું. એમના અભ્યાસનાં પ્રમાણપત્રો પણ એ તરફનાં જ હતાં. છતાં પ્રશ્નોનાં જાળાં હતાં, જે ટ્રસ્ટીઓને સમજાતાં નહોતાં. હા, અંજનાબહેનનો છોકરો એમની સાથે રહેતો હતો. ટ્રસ્ટીઓ તેમના કામથી ખુશ હતા. એમને ઝાઝી પડપૂછમાં પડવું નહોતું. અંજનાબહેને બે વરસમાં છાત્રાલયને ખરા અર્થમાં એક છાત્રાલય બનાવ્યું હતું. ટ્રસ્ટીઓને તેમના પર વિશ્વાસ બેસી ગયો હતો.

આ શરદપૂનમની રાતે નાનકડો એવો સાંસ્કૃતિક કાર્યક્રમ થાય, ટ્રસ્ટીઓ હાજર રહે, શહેરનો અન્ય વેપારીવર્ગ હાજર રહે એવું આયોજન થયેલું. છોકરીઓ હરખની મારી સરખું જમી પણ નહોતી. પણ આજે ચંદ્રગ્રહણ હતું અને રાતની શરૂઆતમાં જ હતું. એટલે ગ્રહણ પત્યા પછી કાર્યક્રમ શરૂ થવાનો હતો. ગ્રહણ દરમિયાન પ્રાર્થના-ધ્યાન જેવી પ્રવૃત્તિઓ ગોઠવાઈ હતી. અંજનાબહેને બધી છોકરીઓને હૉલમાં ભેગી કરી. હારબંધ બેઠેલી છોકરીઓએ આંખો બંધ કરી. સામે પલાંઠી વાળીને બેઠેલાં અંજનાબહેને ઊંડા શ્વાસ ભર્યા. આંખો બંધ કરી. છોકરીઓએ ઓમનાદ શરૂ કર્યો. બહાર ક્યાંક રમતો તેમનો દીકરો એકદમ દોડી આવ્યો અને જોરથી બોલ્યો : ''મમ્મી, ગ્રહણ એટલે શું?''

મોટાભાગની છોકરીઓની આંખો ખૂલી ગઈ. અંજનાબહેને કોઈ જવાબ ન આપ્યો. તેમણે સ્મિતાને ઈશારો કર્યો. સ્મિતા જ અંજનાબહેનના છોકરાને રમાડતી સાચવતી. સ્મિતા છોકરાને કાખમાં તેડી ચાલી ગઈ. છોકરીઓએ ફરીથી આંખો બંધ કરી. ઓમનાદ કર્યો. હૉલમાં છોકરીઓનો એક સરખો લય ગુંજતો હતો. પણ અજંનાબહેને કેટલોય પ્રયત્ન કર્યો છતાં હંમેશની જેમ છોકરીઓ સાથે જોડાઈ શક્યાં નહીં. એમની બંધ આંખો સામે ખીલેલા ચંદ્રને ધીમે ધીમે લાગતું ગ્રહણ દેખાતું હતું. છોકરીઓ આંખો બંધ કરી ધ્યાનમાં બેઠી હતી. અંજનાબહેનની આંખો એમની જાણ બહાર ખૂલી ગઈ. પ્રાર્થના-ધ્યાન પૂરાં થયાં. બહાર ટ્રસ્ટીઓ આવી ગયા હતા. સ્મિતા ત્યાં હતી. થોડીવારે તે અંજનાબહેનના છોકરાને લઈને પાછી આવી. અંજનાબહેનને સમજાયું નહીં કે સ્મિતાનો ઊતરેલો ચહેરો અચાનક શા માટે ખીલી ગયો હતો? એની નારાજગી દૂર થઈ ગઈ હતી. તે ચંચળ હરણીની જેમ વ્યવસ્થા માટે આમતેમ ફરવા લાગી.

છાત્રાલયનું કાર્યાલય મહેમાનો અને ટ્રસ્ટીઓથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. છોકરીઓને વ્યવસ્થા સોંપી અંજનાબહેન કાર્યાલયમાં ગયાં. ગૃહમાતાના નાતે તેમણે આજના આખાય કાર્યક્રમની વિગત આપી. ટ્રસ્ટીઓ સાથે જરૂરી વાતચીત કરી. એક ખુરશી પર બેસી ગયાં. સૌને ખબર હતી કે અંજનાબહેન ઓછું બોલે છે. એટલે બિનજરૂરી વાતો અંજનાબહેનની હાજરીમાં ભાગ્યે જ થતી. ટ્રસ્ટીગણમાં જેમનું વધુ વજન પડતું હતું તેમણે અંજનાબહેન સામે જોતાં કહ્યું : “બહેન, કાર્યક્રમ પત્યા પછી હું સ્મિતાને તેડી જઈશ.”

થોડીવાર અંજનાબહેન એમની સામે જોઈ રહ્યાં, એમણે કોઈ જવાબ ન આપ્યો. ટ્રસ્ટીએ પૂછ્યું : શેના વિચારમાં પડી ગયાં બહેન? અંજનાબહેનના કપાળમાં સળ પડ્યા. બોલવું ગમતું ન હોય એવો આછો ભાવ આવ્યો છતાં તેમણે કહ્યું : “રાતના ક્યાં તેડી જશો?”

ટ્રસ્ટીએ જરા સ્મિત સાથે કહ્યું : “બહેન, તમે તો જાણો છો એ છોકરીએ અમારા સૌના દિલ જીતી લીધાં છે. મારા ઘરના સભ્ય જેવી જ બની ગઈ છે સ્મિતા. મારા છોકરા-છોકરીઓને સ્મિતા વગર ગમતું જ નથી. એમણે સામે દરિયાકિનારે ઉજવણીનો કાર્યક્રમ બનાવ્યો છે. મારા છોકરાએ કહ્યું છે કે સ્મિતાને તેડતા આવજો.”

“એ નહીં બને.” અંજનાબહેનના જવાબથી ઑફિસમાં સોપો પડી ગયો. એકબીજાના શ્વાસ સંભળાય એટલી શાંતિ પથરાઈ ગઈ. ટ્રસ્ટીના કપાળની નસો ખેંચાઈ. એમણે જે સાંભળ્યું તે એમના ધાર્યા બહારનું હતું. છતાં એમણે મોં હસતું રાખીને પૂછ્યું : “કેમ બહેન, તમને શો વાંધો છે?”

“વાંધો છે સખત વાંધો છે.”

ફરી અંજનાબહેને બધાંને સ્તબ્ધ કરી નાખ્યા. તેઓ જેમની સાથે વાત કરી રહ્યા હતા તે ટ્રસ્ટી કોઈ સામાન્ય વ્યક્તિ ન હતા. પણ ઓચિંતું વાતાવરણ બદલાયું. બે વરસથી ચાલતો લય થોડી ક્ષણોમાં જ ખોરવાયો. ટ્રસ્ટીની ભાષામાં સત્તાની છાંટ તેજ થઈ. દઝાડી નાખે તેવી ઠંડકથી તેમણે કહ્યું : બહેન, તમે કોની સાથે વાત કરો છો એ ભૂલી ગયાં લાગો છો!

અંજનાબહેને ઝુકાવેલી નજર ઊંચી કરી. ટ્રસ્ટીની આંખોમાં આંખ નાખીને કહ્યું : “હું અહીંની ગૃહમાતા છું. પાંત્રીસ છોકરીઓની મા છું એટલું મને બરાબર યાદ છે.”

જાણે ભરબજારે કોઈએ થપ્પડ મારી હોય એવા ભાવ ટ્રસ્ટીના મોં પર આવી ગયા. તેમણે આસપાસ જોયું. કોઈને વચ્ચે પડવાનું સૂઝતું ન હોય એમ બધા ચૂપ બેઠા હતા. એ ટ્રસ્ટીએ જરા અવાજ ઊંચો કરીને કહ્યું : ‘તમે કાલે કદાચ અહીં ન હો એ યાદ હોય એવું લાગતું નથી. તમે કોણ છો, એની ખબર નથી તમને!’

‘મને મારા કર્તવ્યની ખબર છે. હું રાતના કોઈ છોકરીને ક્યાંય જવા નહીં દઉં અને રહી મારા અહીં હોવાની વાત — તો હું હમણાં જ મારું રાજીનામું લખી આપું છું. પછી તમને યોગ્ય લાગે તેમ કરજો.’

વાત એકદમ જુદે પાટે ચડી ગઈ હતી. આખાય કાર્યક્રમનો આનંદ છેદ છેદ થઈ જશે એવું લાગતાં મુખ્ય ટ્રસ્ટી જે એકધારું અંજનાબહેનને જોઈ રહ્યા હતા તેમણે શાંત સ્વરે કહ્યું : ‘બહેન, હું તમારી ફરજને વખાણું છું પણ આ તો આપણા ટ્રસ્ટી છે. એમની સાથે કોઈ છોકરી જાય તો તમને શો વાંધો છે? રજા ન આપવાનું કારણ શું?’

અંજનાબહેન ચૂપ થઈ ગયાં. બહારથી એમનો છોકરો દોડી આવ્યો. અંજનાબહેને છોકરા સામે જોયું. એમની પીઠ જરા ટટ્ટાર થઈ, આંખોમાં સહેજ પાણી ફરી વળ્યું. ઓફિસમાં ભયંકર સન્નાટો ફેલાઈ ગયો હતો. અંજનાબહેન હવે શું કહેશે તે તરફ સૌ તાકી રહ્યા હતા. બોલવામાં શ્રમ પડતો હોય તેમ તેમનું ગળું ખેંચાયું. એમણે છોકરાના માથા પર હાથ ફેરવતાં કહ્યું : ‘સાહેબ, બધી બાબતોનાં દેખીતાં કોઈ કારણ ન પણ હોય. હા, આજે કેટલીક સ્પષ્ટતાઓ બધાંની વચ્ચે જ કરી દઉં. તમે લોકોએ ઘણી વખત પૂછ્યું છે કે કેમ હું ક્યાંય જતી નથી, કોઈ મને મળવા આવતું નથી? પણ મારું કોઈ છે જ નહીં. હું અનાથ હતી. છાત્રાલયમાં જ ભણતી હતી આ છોકરો મારો છે પણ...’

તેઓ ક્ષણેક અટક્યાં. બધા એમને તાકી રહ્યા. ‘હું ભણવામાં તેજ હતી. ગૃહમાતા અને ટ્રસ્ટીઓ, સૌને વહાલી હતી. પણ મારી ગૃહમાતા ગાફેલ હતી. હું ગાફેલ નથી. મેં મારી વાત કહી દીધી છે હવે તમારે જે નિર્ણય લેવો હોય તે લઈ શકો છો.’ અંજનાબહેનની આંખો ભાવશૂન્ય બની ગઈ. ઑફિસમાં સ્તબ્ધતા હતી. બહાર ચંદ્ર ગ્રહણમુક્ત બની ગયો હતો.

*૧૯૯/૬, ‘સારંગ’, મહાદેવ નગર, અંજાર, કચ્છ.*
*મો. ૯૮૨૫૭ ૨૫૫૯૬*

# ગાંધીધામ સંકુલની જમીનનો પ્રશ્ન

પ્રજાતંત્રના પ્રશ્નો

શશીકાંત એમ. ઠક્કર

ગાંધીધામ સંકુલની જમીનોના પ્રશ્ન અંગે કંડલા પોર્ટ ટ્રસ્ટ દ્વારા યોજાયેલી બેઠકમાં અંજારના નાયબ કલેક્ટરશ્રી પંડ્યાએ ગાંધીધામ સંકુલની જમીનોનું રાજ્ય સરકારના મહેસૂલી ચોપડે અસ્તિત્વ જ ન હોવાથી ફ્રી હોલ્ડની પ્રક્રિયા અટકી પડી છે તેમ જણાવ્યું હોવાના અહેવાલ તા. ૧૮-૧૧-૨૦૧૬ ના 'કચ્છમિત્ર'માં પ્રસિદ્ધ થયા છે. આથી આ પ્રશ્નની ગંભીરતા નજરે અગાઉ થયેલ કાર્યવાહી કેમ અને શા કારણે અટકેલી છે તે તરફ સૌ સંબંધિત તંત્રોએ ધ્યાન આપવું જરૂરી છે.

ગાંધીધામ સંકુલની જમીનો અંગે આથી મારી કોલમમાં તા. ૧૩-૧-૨૦૦૯ના લેખમાં આ વિસ્તારમાં સંપાદન થયેલ જમીનો અને તેની પૂર્વભૂમિકાની વિગતો આપવામાં આવી હતી. ત્યારબાદ તા. ૦૩-૦૨-૨૦૦૯ ના લેખમાં વિવિધ તબક્કે થયેલ કાર્યવાહીની વિગતો આપીને આ પ્રશ્ને કેન્દ્ર દ્વારા નિમાયેલ ઉચ્ચ કક્ષાની સમિતિ અંગેની વિગતો આપી હતી અને છેલ્લે તા. ૧૦-૦૨-૨૦૦૯ ના લેખમાં આ અંગેની બંધારણીય જોગવાઈઓની વિગતો આપી હતી. આ ત્રણે લેખોની નકલો સાથે તા. ૨૯-૦૧-૨૦૦૯ ના પત્રથી તત્સમયના ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈને ગુજરાતની આ મિલ્કતમાંથી ઉત્પન્ન થતી કરોડોની આમદની રાજ્યને મળતી નથી, ગાંધીધામ સંકુલને જરૂરી માળખાકીય સગવડો મળતી નથી, રાજ્યને મહેસૂલ મળતી નથી અને પ્રજા ચાર ચાર સત્તા મંડળો વચ્ચે પિસાય છે તે તરફ ધ્યાન દોરતો પત્ર લખ્યો હતો જેનો સત્તાવાર પહોંચ પત્ર પણ તેમના કાર્યાલય દ્વારા આ લેખકને મળ્યો હતો.

આ પછી રાજ્ય સરકાર દ્વારા આ જમીનોની માપણી કરાવી મહેસૂલી દફતરે ચડાવવાની કાર્યવાહી સંબંધે કંઈક હુકમો થયા હતાં તેના સંદર્ભે તત્સમયના નાયબ કલેક્ટરશ્રી અંજાર દ્વારા એક બેઠક ગોઠવાયેલ જેમાં મને પણ હાજરી આપવા જણાવાતાં હું પણ હાજર રહ્યો હતો. અને જરૂરી માહિતી અંગેની ચર્ચા-વિચારણા થઈ હતી. પરંતુ ત્યારબાદ આ અંગે શું કાર્યવાહી થઈ તેની કોઈ જાણકારી મળી નથી. તત્સમયે કેન્દ્રમાં યુ.પી.એ. ની સરકાર હતી. પરંતુ ત્યારબાદ જ્યારે કેન્દ્રમાં પણ ભાજપ સરકાર સત્તામાં આવી ત્યારે તા. ૨૨-૦૮-૨૦૧૪ નાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનને પણ પત્ર લખી આ અંગે જરૂરી કાર્યવાહી કરાવવા સૂચિત કર્યું હતું. સાથોસાથ કલેક્ટરશ્રી મહેન્દ્રભાઈ પટેલને પણ આ બાબતની વિગતો આપી હતી.

આજે જ્યારે ફરીથી આજ બાબત ચર્ચાની એરણ પર આવી છે ત્યારે કેટલીક કાનૂની માહિતી ફરીથી સૌના ધ્યાને મુકવી જરૂરી ગણાય છે.

ભારતના બંધારણના આર્ટીકલ-૩ હેઠળ પાર્લામેન્ટને કાયદાથી રાજ્યોની પુનઃરચના કરવા અને તેને આનુસંગીક જોગવાઈઓ કરવાની સત્તા આપવામાં આવી છે. આ સત્તાના આધારે પાર્લામેન્ટે સને ૧૯૫૬નો ૩૭મો કાયદો એટલે કે રાજ્યોની પુનઃરચના અંગેનો કાયદો ૧૯૫૬ પસાર કરી તેનો અમલ તા. ૦૧-૧૧-૧૯૫૬ થી કરવાનું ઠરાવ્યું. આ કાયદાની કલમ-૧૨ મુજબ બંધારણના પ્રથમ પરિશિષ્ટમાં સુધારો કરી "ક" વર્ગના રાજ્યોનો વિભાગ રદ કરી નવા રાજ્યો અને કેન્દ્રીય વિસ્તારો નક્કી કર્યા અને તે અનુસાર કલમ-૮ મુજબ કચ્છ રાજ્યનો વિસ્તાર મુંબઈ રાજ્યમાં ભેળવવામાં આવ્યો.

આ કાયદા મુજબ "ક" વર્ગના રાજ્યો જે કેન્દ્ર હેઠળ હતાં તેમની મિલ્કત અને જવાબદારીઓ અંગેની જોગવાઈઓ ભાગ-૭માં કલમ-૯૪ થી ૧૦૧ માં કરવામાં આવી છે. કલમ-૯૪(બી) માં "કેન્દ્રીય હેતુઓ" (યુનિયન પર્પસીઝ) ની વ્યાખ્યા આપવામાં આવી છે. આ વ્યાખ્યા મુજબ બંધારણમાં આપેલા સાતમાં પરિશિષ્ટમાં યુનિયન લીસ્ટમાં જે બાબતોનો સમાવેશ છે તે બાબતો સંબંધીના હેતુઓને "કેન્દ્રીય હેતુઓ" ગણવામાં આવ્યા છે અને કલમ-૯૫ મુજબ કેન્દ્રીય હેતુઓ માટેની મિલ્કતો સિવાયની રાજ્યના રાજ્ય અમલ માટેની મિલ્કતો તા. ૦૧-૧૧-૧૯૫૬ થી નવા રચાયેલા રાજ્યની માલિકીની બને છે અને કલમ-૯૬ મુજબ જમીન મહેસૂલ સહિતના કોઈપણ (સ્ટેટ લીસ્ટમાં સમાવિષ્ટ) કરો ની બાકી લેણી રકમો પણ નવા રચાયેલા રાજ્યની માલિકીની બને છે.

આ જોગવાઈઓના અનુસંધાને તપાસવામાં આવે તો રાજ્યના કોઈપણ વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, કોર્પોરેશનો, સંબંધિત વિષયો, જમીન અને જમીન મહેસૂલના વિષયો, રાજ્યમાં આવેલ જમીનો અને મકાનો અને તેના પર લેવાના થતાં કરવેરાની બાબતો વગેરે વિષયો બંધારણના સાતમાં પરિશિષ્ટના સ્ટેટ લિસ્ટમાં એન્ટ્રી નં. ૫-૧૮-૩૨-૩૫-૪૫-૪૯ માં સમાવિષ્ટ છે. આથી ટાઉનશીપનું નિર્માણ અને તેનો વિકાસ એ રાજ્ય લિસ્ટમાં સમાવિષ્ટ થાય છે. એટલુંજ નહીં પણ બંધારણમાં પાછળથી થયેલા સુધારા દ્વારા ઉમેરાયેલા આર્ટીકલ-૨૪૩W અન્વયે રાજ્ય સરકાર મ્યુનિસિપાલિટીઓને કાયદાથી આપી શકે તેવી સત્તાઓની જોગવાઈ કરવામાં આવી છે તે હેઠળ

ઉમેરાયેલા પરિશિષ્ટ-૧૨ ની આઈટમ-૧ માં સ્પષ્ટ રીતે "અર્બન પ્લાનિંગ ઈન્ક્લુડીંગ ટાઉન પ્લાનિંગ" નો સમાવેશ કરાયો છે.

સાતમાં પરિશિષ્ટમાં જે યુનિયન લિસ્ટ છે તેમાં ક્યાંય આવા હેતુ અંગેની કોઈ એન્ટ્રી નથી. આ લિસ્ટની એન્ટ્રી નં. ૨૭ માં માત્ર મેજર પોર્ટ, તેનો વિસ્તાર અને તેના સત્તા મંડળની રચના અને નિમણૂકની બાબત સમાવાઈ છે. આ મુજબ માત્ર કંડલા પોર્ટ માટે નિયત થયેલા હદ વિસ્તારની જમીનની જ માલિકી બંદર પ્રશાશનની થાય તે સિવાયની જમીનો અને મિલ્કતો રાજ્યની આપોઆપ બને છે. એન્ટ્રી-૩૨ મુજબ કાનૂની મિલ્કત અને રેવન્યુ પણ જે રાજ્યમાં હોય તે રાજ્યની ધારાકીય સત્તાને આધિન છે સિવાય કે પાર્લામેન્ટે કાયદાથી અન્યથા ઠરાવ્યું હોય. આમ, ઉપરોક્ત જોગવાઈઓ અનુસાર ગાંધીધામ ટાઉનશીપ માટે અપાયેલી જમીનો અને એસ.આર.સી. ને અપાયેલ જમીનોની માલિકી અને નિયંત્રણ તા. ૦૧-૧૧-૧૯૫૬થી મુંબઈ રાજ્ય સરકારની અને તા. ૦૧-૦૫-૧૯૬૦થી ગુજરાત સરકારની સત્તા હેઠળ જ આવે છે તેમાં કોઈ શંકા રહેતી નથી. એટલું જ નહીં પણ આ બધી જમીનો સરકારના જમીન મહેસુલને પાત્ર રહે જ છે. તા. ૦૧-૧૧-૧૯૫૬થી મુંબઈ સરકારે આ મિલ્કતોના વહીવટ અને નિયંત્રણ માટે રાજ્ય પુનઃ રચના કાયદાની કલમ-૧૨૨ ના અધિકાર હેઠળ કંડલા ડેવલપમેન્ટ કમિશનરની જગ્યાએ કચ્છના કલેક્ટરને આ જમીનો અંગેના કાર્યો બજાવવા નિયુક્ત કરવા જોઈતાં હતા અને આ જમીનોના સમગ્ર વહીવટનો હવાલો લઈ લેવો જોઈતો હતો. કમનસીબે તેમ થયું નથી. એટલું જ નહીં, પણ આ જમીનોનો વહીવટ આવક રળવા અને નફાકારક હેતુઓ માટે થતો હોવા છતાં તેના ઉપર જમીન મહેસૂલની આકારણી કરવામાં ન આવ્યાના કારણે રાજ્યની કરોડોની આવક કેન્દ્રમાં જાય છે. તે તો ઠીક પણ રાજ્ય સરકારની કોઈ કચેરીનું મકાન બનાવવા જરૂરી જમીન મેળવવા માટે પણ કેન્દ્રના મોહતાજ થવું પડે છે.

રાજ્ય પુનઃરચનાના કારણે ઊભી થતી વહીવટી મુશ્કેલીઓ નિવારવા અંગેના હુકમો કરવાની સત્તા પણ કલમ-૧૨૮ મુજબ કેન્દ્ર સરકારને છે જ. ગુજરાત સરકારે ઉચ્ચ કાનૂની નિષ્ણાતો પાસેથી આ સમગ્ર પ્રશ્નની વિસ્તૃત ચકાસણી કરાવી કેન્દ્ર પાસે પોતાનો દાવો કાનૂની રીતે રજૂ કરવો જોઈએ અને તે માટે કંડલાના બંદર પ્રશાસન પાસેથી ૧૯૫૬થી અત્યાર સુધીની આંકડાકીય માહિતી મેળવવા અને બંદર પ્રસાશનને ક્યાં ધોરણે અને કઈ શરતોએ આ જમીનો કોણે કયા હુકમથી સુપરત કરી સમય મર્યાદામાં તૈયાર કરાવવી જોઈએ. એક તરફ ગાંધીધામ ટાઉનશિપમાં આંતરમાળખાની મ્યુનિસિપલ સેવાઓ કંડલા પોર્ટ દ્વારા અપાતી નથી અને બીજી તરફ આ ટાઉનશિપની કરોડોની આવક, ડેવલોપમેન્ટ ચાર્જ, ટ્રાન્સફર ફી, મોર્ગેજ ફી વગેરે વિવિધ બહાના હેઠળ પોર્ટ અન્ય હેતુઓ માટે વાપરે છે. આમ છતાં પણ આજે ૬૦ વર્ષ પછી પણ સંપાદન થયેલી કેટલીય જમીનોનો હજુ ન તો વિકાસ કરવામાં આવ્યો છે કે ન તો તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે હેતુ માટે જમીન અપાય છે તે હેતુ માટે ઉપયોગમાં લેવાયા સિવાયની જમીનો રાજ્ય સરકાર પરત પણ માંગી શકે છે અને સંપાદન થયેલી જમીનો જો સંબંધિત હેતુઓ માટે ૧૦ વર્ષથી વધારે સમયથી વપરાયા વિનાની હોય તો તે જમીનો જેની પાસેથી સંપાદન કરવામાં આવી હતી તે ખેડૂતોને બજાર કિંમત લઈ પાછી આપવાપાત્ર બને છે તે જોગવાઈ પણ કાનૂની નિષ્ણાતો દ્વારા તપાસવી ઘટે છે. આ બાબતમાં ગુજરાત હાઈકોર્ટનો ૨૦૦૭(૩) જીએલઆર-૨૩૧૦ વાળો ચુકાદો કેટલાક અંશે ઉપયોગમાં લઈ શકાય તેમ છે તે નોંધવું રહ્યું.

આમ, આ સમગ્ર પ્રશ્ન ઉચ્ચ કક્ષાના નિષ્ણાતો દ્વારા તપાસાઈને યુદ્ધના ધોરણે જરૂરી કાર્યવાહી ગુજરાત સરકારે કરવી જરૂરી બને છે અને ગુજરાતની કરોડોની આમદની બહાર જતી અટકાવીને ગાંધીધામની પ્રજાને ચાર-ચાર ઓથોરિટી વચ્ચેના ઘંટીના પડથી મુક્ત કરાવવી જોઈએ.

કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ કચ્છમાં પાસપોર્ટ કચેરી નિયમિત ધોરણે કામ કરે તેવા પ્રયત્નો અવિરતપણે કરીને આખરે આ કચેરી ભુજમાં કાર્યરત કરાવવા મંજૂરી મેળવી છે જે માટે તેમને ખૂબ-ખૂબ ધન્યવાદ આપવાની સાથે તેઓ ગાંધીધામ સંકુલની જમીનોનો પ્રશ્ન પણ કેન્દ્ર અને રાજ્ય સ્તરે ઉઠાવીને આ એક મહત્ત્વના પ્રશ્નનો ઉકેલ લાવે તેવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય. ■

---

## કચ્છી વાર્તા : માજન

**(અનુસંધાન : પાના નં.-૪૪ ઉપરથી ચાલુ)**

- ફુલ પાંખડિયૂં ચાડે હથ જોડેં નેં રવાનૂં થ્યોજ તે તાં હરધોર સેઠજે પુતર વિસનજી તેંકે સભર કરી વિઠેલા હથસેં સમજાય. નેં ભીમૂં સીયાં-વીયાં મોયં ભીત પર વિઝીં વિઠો.

ખમીં રોંધલે મિંજા નીંયણિયૂં, કૂટમી ભા, નાનાણેંજા કુટમ પિંઢપાર પિંઢેમેં સનેં માડુએંલા સા-પ્રાણ ડીંધલ શેઠ હરધોરજે ગુણેંકે જાધ કરી કરીને સાર્યોતે.

વિસનજીભા-ભીમજી કાકા કે હથમે હોરે સેં હકલ કર્યો, અણૂંસરો થઈ માઠામૂઠ વિઠલ ભીમું પુઠિયાં પુઠિયાં શેઠજી બેઠકમેં વિઝી પુગો. તેંકે વ્યારે, થાધારે ઉનજે હથમેં કવર રખંધે ચ્યો. 'ભીમજી કાકા હી આંજી ઉમાણ. અધા મૂંકે કવર પુજાય જો ચ્યોં હોં...હથો હાથ પુજાય જી ઈનીંજી ભરામણ સીકાર્યો. પંજ પટીયેંજો ચેક તાં આયજ ૫ આઊંપ આંજો ભાત્રીયો અઈયાં મોકે-પ્રસંગે જાધ કજા' નેં વિસનજી જયૂં અખિયૂં પુસઈયૂં.

નેં ઉતઈ ઉત ભીમે વટાં ઢંઢકાર નિકરી વઈ તેંકે થાધારે વિસનજી હોલમેં કોઠે આયો. કીંક ઠોંણીમેં અચલ ભીમે ન્યારે ત મોવનજી તા હઆ વંસીતેં સુર કલ્યાણ વાયોં તે નેં ફોટૂમેં વિઠલ હરધોર સેઠ ભીમેં સામઉં મુરક મુરકમુરક્યાતે! ■

# સુખ ક્યાંથી મળે?

ચિંતન

ડૉ. સુધીર શાહ

સંપત્તિ, સમૃદ્ધિ કે સફળતા થોડે અંશે સુખની અનુભૂતિ કરાવે છે, પણ સુખની પૂર્ણ અનુભૂતિ તો આધ્યાત્મિકતાથી સાંપડે છે. હવે વિચારીએ કે આધ્યાત્મિકતા આપણને કેવી રીતે આનંદ આપી શકે? આપણે જે મેળવવું છે, જેના માટે આપણે અહીં એકઠા થયા છીએ, તેનો વિચાર વિમર્શ કરીએ.

ભૌતિક જીવનમાં આપણે કંઈક મેળવવા ચાહતા હોઈએ છીએ. એને આપણે બહાર જઈને, આસપાસની દુનિયામાંથી શોધીએ છીએ અને તે ત્યાંથી મળે છે. જ્યારે અધ્યાત્મની દુનિયામાં કશું મેળવવું હોય તો કશું ગુમાવવું પડે છે. જેમ કે, તમારે આનંદ જોઈતો હોય તો એના માટે તમારે કોઈને આનંદ આપવો જોઈએ.

કારણ કે આધ્યાત્મિકતા કહે છે સુખ બહાર છે જ નહીં, સુખ તો અંદર છે, ભીતરમાં છે!

આધ્યાત્મિક રીતે વાત કરીએ તો આપણી પાસે સુખ જ સુખ છે. બાહ્ય દુઃખનું કારણ અવિદ્યા છે. તે બાહ્ય આવરણને ખસેડો એટલે અંદર પૂર્ણ સુખનું વિશ્વ વિલસી રહ્યું છે. આખી જિંદગી સુખ અને શાંતિની શોધ કરીએ છીએ, પણ આપણને સાચી ખબર પડે ત્યારે ખૂબ મોડું થઈ ગયું હોય છે. ઘણીવાર આખી જિંદગી જીવીએ, ત્યાં સુધી ખબર નથી પડતી.

શ્રીમદ્ રાજચંદ્ર જેવી વ્યક્તિને સાત વર્ષે ખબર પડી ગઈ હતી કે ભાઈ, સુખ બહાર નથી, અંદર છે. સુખની પ્રાપ્તિ દુઃખનાં કારણોની નિવૃત્તિમાં છે. આ ખૂબ અગત્યનું કથન છે. હવે વાત એ છે કે આપણા દુઃખનું કારણ શું? આપણા પોતાના વિચારો જ આપણને પજવે છે. આપણી ઈચ્છાઓ અનંત છે. આપણી સંવેદનાઓ, આપણા રાગ દ્વેષ વગેરે આપણને જંપીને બેસવા દેતાં નથી. મન આ ક્ષણમાં રહેતું જ નથી. હંમેશાં ભૂતકાળ અને ભવિષ્યમાં જ ભમ્યા કરે છે એટલે દુઃખ થાય છે. આપણો અહમ્, આપણું મનસ્વી વલણ - એ દુઃખનું કારણ બની રહે છે. આમ દુઃખની ઉત્પત્તિનું કારણ શોધીને એમાંથી નિવૃત્ત થઈએ, તો જ આપણે સુખની પ્રાપ્તિ કરી શકીશું.

“We are what we think. All that we are arises with our thoughts. With our thoughts we make the world.' આપણે વિચારીએ છીએ તેવું જગત છે. આપણે એક ખોટું કામ કરીએ, તો એ તમારું સુખચેન હણી લેશે અને દુઃખોની પરંપરા ઊભી થશે.

'Your worst enemy cannot harm you as much as your own unguarded thoughts.' આપણે પોતાના વિચારો કાબૂમાં રાખી શકીએ નહીં, તો આપણને કદી સુખ મળી શકશે નહીં.

તૃષ્ણાઓ વિશે ભગવાન બુદ્ધ કહે છે : “There is no fire like desire.” તૃષ્ણાથી મોટી કોઈ આગ નથી.

પ્રેમ અને શાંતિથી મોટું સુખ નથી. આપણી અસીમ ઈચ્છાઓને જ્યારે આપણે નાથી શકીએ, ત્યારે આપણા જીવનમાં સુખનો સૂરજ ઊગશે. જે દિવસે તમારી મહત્ત્વાકાંક્ષાઓ આથમવા લાગશે, ત્યારે સુખની પ્રથમ આભા દેખાવા માંડશે.

મૃત્યુ વખતે પાંચ લાખ રૂપિયા બેંકમા પડી રહ્યા હોય, તો એ બધી મજૂરી ખોટી કરી. એને બદલે ભાઈ, તું શાંતિથી બેઠો હોય, મજા કરી હોય, તો કેટલો સુખી થયો હોત! એટલે જ કહ્યું છે કે ઈચ્છાઓ રહી જાય અને શ્વાસ ખૂટી જાય એને મૃત્યુ કહેવાય. ઈચ્છાઓ પૂરી થાય અને શ્વાસ ખૂટી જાય તે જીવનસાફલ્ય કહેવાય. એ આ સંદર્ભમાં સાચું છે.

આમાં આપણું વલણ મહત્ત્વનું બને છે. વસ્તુઓ તો એની એ જ રહે છે, પરંતુ આપણું વલણ આપણી જિંદગી બદલે છે. જીવનમાં ક્ષમાભાવના જરૂરી છે. આપણાં દુઃખોનું મુખ્ય કારણ અહમ્, એષણા, રાગ-દ્વેષ વગેરે છે.

એક શેર છે :

*ગાલિબ હમને જિંદગી કો યૂંહી આસાન કર દિયા*
*બહુતોં કો માફ કર દિયા, બાકી સે માફી માંગ લી!*

જ્યારે આપણે માફી માગીએ છીએ અથવા કોઈને ક્ષમા આપીએ છીએ, ત્યારે આપણને થોડી હળવાશ લાગતી હોય છે.

ભગવાન મહાવીરનો જૈન ધર્મનો પાયાનો સિદ્ધાંત અહિંસા છે. સર્વ ધર્મો આ જ વાત કરે છે. જૈન ધર્મમાં આ વાત વિશેષ ભારપૂર્વક કહેવામાં આવી છે. અન્ય વ્યક્તિઓ સાથેના સંબંધમાં ખૂબ સાચવવું જોઈએ. કોની સાથે મૈત્રી કેળવવી, કોના કયા ગુણોની પ્રશસ્તિ કરવી, કોનાથી દૂર રહેવું અને કોના માટે કરુણા રાખવી, એ બહુ અગત્યનું છે. નહીં તો આપણે દુઃખી જ થયા કરીએ. 'પેલો મારી વાત માનતો નથી, કેવો છે?' 'આટલી બધી વાર કહ્યું, તોય સમજતો નથી!' આ દુઃખની પરંપરા છે.

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૫ ઉપર)

# પરીક્ષા આપવાની છે

ડૉ. સુધીર ચી. મોદી

દવાખાનું, પેશન્ટો અને ઘણી બધી જૂની યાદો મારા જીવનમાં વણાઈ ગયાં છે. પર્યુષણ ચાલી રહ્યું હતું અને અચાનક મને દવાખાનામાં બેઠાં બેઠાં ૨૫ વર્ષ પહેલાની વાત યાદ આવી ગઈ.

ધીરજબેન લગભગ ૬૫ વર્ષની ઉંમરનાં. નાજુક બાંધો, વિધવા હોવાથી હંમેશાં સફેદ સાડી અને બ્લાઉઝમાં તેમજ માથામાં થોડા સફેદ વાળ તેમના વ્યક્તિત્વને શોભાવતા હતા. તેમનો દીકરો તેના કુટુંબ સાથે અલગ રહેતો હતો. ધીરજબેનનો સ્વભાવ ખંતીલો અને ધાર્યું કરવાવાળો. એકંદરે સાલસ અને હસમુખાં.

તે સમયે પર્યુષણના ૧૫ દિવસ પહેલાં મારે ત્યાં તાવની તકલીફ લઈને આવ્યાં. હું તપાસવાનું શરૂ કરું તે પહેલાં જ બોલ્યાં : સાહેબ, મને કાલ સુધીમાં સારું કરી દો. પરમદિવસે રવિવારે મારે પરીક્ષા આપવાની છે. મેં તો તપાસવાનું બાજુએ મૂકી આશ્ચર્યથી પૂછ્યુ : ધીરજબેન તમારે આ ઉંમરે શેની પરીક્ષા આપવાની?

હા, પ્રશ્નોના જવાબો લખવાના છે. મારા આશ્ચર્યમાં ઓર વધારો થયો. પરીક્ષા, પ્રશ્નોના જવાબો લેખિતમાં આપવાના? આ બધું શું છે? મેં કહ્યું ધીરજબેન જરા વિગતથી વાત કરો તો મારા મનને આશ્ચર્યમાંથી બહાર કાઢી શકું.

ધીરજબેન બોલ્યાં : હું જૈન છું. રોજ સવારે અને બપોરે દેરાસર અને અપાસરે જવાનું. અમારાં મહાસતીજી ખૂબ સરસ વ્યાખ્યાન આપે છે અને સમજાવે છે. જૈન ધર્મ વિશે જ્ઞાન આપે છે. થોડા દિવસો પર તેમણે કહ્યું, તમો બધાં જૈન ધર્મ અને તીર્થંકરો વિષે કેટલું જાણો છો તે જોઈએ તો ખરાં. જેમને આ નાની પુસ્તિકાઓ વાંચવી હોય તે લઈ જાય. આ રવિવારે હું દરેકને પ્રશ્નો લખીને આપીશ. તેના જવાબો ૧ કલાકમાં લખવાના. મને તો આનંદ થયો. ચાલો, આટલાં વર્ષો આખ્યાનો સાંભળ્યાં અને જૈન ધર્મ વિશે વાંચ્યું તેનું મારું મૂલ્યાંકન પણ થશે. જીવનમાં કેટલું સમજ્યાં છીએ અને ઉતાર્યું છે તે ખબર પડશે. હું તો આ રવિવારે પરીક્ષા આપવાની જ છું.

મને તો તેમનો ઉત્સાહ, જૈન ધર્મ પ્રત્યેની ભક્તિ તેમજ મનોબળ જોઈ ખૂબ આનંદ થયો. આ ઉંમરે પણ જીવનનો ઉત્સાહ, કંઈક જાણવાની ધગશ અને તેમનો આનંદ બિરદાવવા લાયક છે. મને થયું કે આવાં કારણોને લીધે તેઓનું પાછલી ઉંમરે જીવન સારું હોય છે. નિરાશા અને હતાશા સ્પર્શતી નથી. જીવન જીવવાનું જોમ મળી રહે છે.

જૈન ધર્મનાં ઉપાશ્રયો પણ કેટલાં સારાં. ચીલાચાલુ રોજ ધર્મનાં પ્રવચનો હોય, પરંતુ સાથે સાથે શ્રાવકોને કંઈક નવીન રીત બતાવવાની, ધર્મ પ્રત્યે ઉત્સાહ લાવવાની આવી રીતો પણ કરે.

આવી જ કંઈક વાત ૧૦ વર્ષ પહેલાં ૫૬ વર્ષના યોગેશભાઈએ કરી. તેમણે કહ્યું : હું અત્યારે LL.B. નો અભ્યાસ કરું છું. મેં પૂછ્યું, આ ઉંમરે અભ્યાસ કરવાનું મન થયું? તેઓએ કહ્યું, જુઓ! હવે બે વર્ષ બાદ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થવાનો. મારે યુવાનીમાં LAW ભણવો હતો, અને વકીલ પણ થવું હતું. પરંતુ ઘરના સંજોગોને કારણે સરકારી નોકરી મળતી હતી તે લઈ લીધી. હવે મારી LAW ભણવાની ઇચ્છા પૂરી કરીશ. તેનાથી વધારે તો નિવૃત્ત થયા બાદ કંઈક ગમતું કામ કરી શકીશ. ઘરમાં બેસીને સમય વેડફવો અથવા નકામી વાતોમાં ટાઈમ બગાડવા કરતાં આ શું ખોટું! મને પણ તેમની વાત જચી ગઈ. ખરેખર! નિવૃત્ત થતાં પહેલાં દરેક વ્યક્તિએ થોડું આયોજન કરવું જોઈએ અથવા જીવનના શોખ સંજોગોને કારણે મનમાં રહી ગયા હોય તે પૂરા કરવા જોઈએ. નિવૃત્ત થયા બાદ કશું કામ કે પ્રવૃત્તિ ના હોય અને મગજમાં તૈયારી ના હોય તો ડિપ્રેશન આવે અથવા વહેલું ઘડપણ આવી જાય.

આનાથી પણ અદ્‌ભુત વાત હમણાં ગયા વર્ષે જોઈ. મનોરમાબેન અને તેમનું કુટુંબ ઘણા વર્ષોથી મારાં પેશન્ટ. તેમના સાસુ સસરાની સારવાર પણ મેં કરેલી. મનોરમાબેન એકદમ સામાન્ય ગૃહિણી. જ્યારે જોઈએ ત્યારે રસોઈ, ઘરની સફાઈ, કપડાં, લોટ દળાવી આપવાનાં વગેરે ઘરના કામો જ કરતા હોય. ઘરકામ એ જ તેમનું જીવન. ૧૨ વર્ષ પહેલાં દીકરો પરણ્યો. મનોરમાબેનને થોડી રાહત થઈ. તેઓ નજીકના વડીલો માટેના એક પ્રવૃત્તિ કેન્દ્રમાં સભ્ય થયાં. ત્યાં સોમવારથી શુક્રવાર રોજ ૪થી સાંજના ૬ વાગ્યા સુધી જવાનું. ઘરથી નજીક એટલે ચાલતાં પહોંચી જવાય. આ વડીલોનું કેન્દ્ર સુંદર પ્રવૃત્તિઓ કરાવે છે. મહેમાન વક્તાને બોલાવી નવી જાણવાની વાતો કે જ્ઞાન, સંગીત અને વાંચન વગેરે પ્રવૃત્તિઓ કરાવે. તેમજ તેમનો વાર્ષિકોત્સવ દર વર્ષે ઊજવે. તેમાં સભ્યો ભાગ લે, તેમની અભિવ્યક્તિ માટે એક સરસ પ્લેટફોર્મ મળી જાય.

આવો તેમનો એક વાર્ષિકોત્સવનો કાર્યક્રમ જોવા ગયો. તેમાં ૨૦ મિનિટનો એકપાત્રીય અભિનય પણ આવ્યો. કોણ કરતું હતું? પેલાં સામાન્ય ઘરરખુ ગૃહિણી મનોરમાબેન. ઈશ્વર પેટલીકરની ખૂબ જાણીતી અને સરસ વાર્તા 'લોહીની સગાઈ' માં આવે છે કે મંગુ નામની દીકરી માનસિક અસ્થિર હોવાથી, તેને ગાંડાંની હોસ્પિટલમાં મૂકવાનું નક્કી થાય છે. મંગુની માને મંગુ માટે એટલું બધું વહાલ અને લાગણી હોય છે. મંગુને હોસ્પિટલ મૂકવાના ત્રણ દિવસ પહેલાંથી જ તેમના મગજમાં મંગુના વિચારો ઘૂમ્યા કરે. હવે મંગુનું શું થશે? ત્યાં કોણ ખવડાવશે? કોણ સાચવશે? વગેરે વગેરે. મગજમાં આ જ વિચારો અને બેચેની રહ્યા કરે. મંગુની માની વ્યથા, ચિંતા, મા તરીકેની લાગણી અને વલોપાત – આ બધું મનોરમાબેને એકપાત્રીય અભિનયમાં એટલી સરસ રીતે ભજવ્યું કે હું પણ સ્તબ્ધ થઈ ગયો. શું આ જ મનોરમાબેન છે જેમને મેં અત્યાર સુધી સામાન્ય ગૃહિણી તરીકે જોયાં છે? તેમનામાં આવી સુંદર અભિનયશક્તિ તેમજ સ્ટેજ પર આટલા બધા પ્રેક્ષકો સામે હિંમત અને સાહજિક સરસ અભિનય કરવાની શક્તિ પડેલી હતી.

વાહ! દરેક વ્યક્તિમાં કંઈક શક્તિ રહેલી જ હોય છે. તેને બહાર આવવાની તક અને સમય મળતાં જ ખીલી ઊઠે છે. આટલી મોટી ઉંમરે તેમણે કમાલ કરી બતાવ્યું.

જીવન પાછલી ઉંમરે આનંદદાયક અને જીવંત બની જાય છે.

એક વિદ્વાન જૈન મુનિના પુસ્તક "વિચારપંખી" ની નીચેની પંક્તિઓ યાદ આવે છે.

*"જિંદગી સાવ નાની છે*
*તો ય ભઈલા, મજાની છે*
*જો આવડે જીવતાં તો,*
*નહિતર પરેશાની છે!"*

*૧-એ, વ્રજરાયજી કોલોની,*
*સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ પાસે,*
*નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.*

## સુખ ક્યાંથી મળે?

**(અનુસંધાન : પાના નં.-૬૩ ઉપરથી ચાલુ)**

જે વસ્તુ આપણે બદલી ન શકીએ, તેના માટે શું વલણ રાખવું? 'God grant me the serenity to accept the things I can not change, the courage to change the things I can, and the wisdom to know the difference.'

એટલે આ પણ બહુ જરૂરી વસ્તુ છે. ગુસ્સાને ક્ષમાથી જીતો. અહમ્‌ને વિનમ્રતાથી જીતો. તમારા લોભને દાનથી જીતો. અહીં બહુ અગત્યનું ગણિત છે. ■

## ભારતીય રસોઈ સંદર્ભે ખાદ્ય તેલની પસંદગી

**(અનુસંધાન : પાના નં.-૮૭ ઉપરથી ચાલુ)**

વધે છે. વારંવાર એ જ તેલમાં તળવાથી આ જોખમ વધે છે. તેવી રીતે પરિશોધિત તેલ વાપરવા હિતાવહ નથી. પરિશોધિત તેલ મેળવવા માટે ખોળ (oilcake) પર ભારે યાંત્રિક અને રાસાયણિક પ્રક્રિયા કરાય છે. પીસેલાં તેલીબિયાંને વરાળથી ૨૭૦° સે. ના તાપમાને વારંવાર તપાવીને ગંધવિહીન કરાય છે અને તેલ કાઢવામાં આવે છે. તેથી તેમાંના ઍન્ટિઑક્સિડન્ટ્સ નાશ પામે છે અને TFA તથા મુક્ત રેડિકલ્સ ઉત્પન્ન થાય છે. તેઓ ધમનીને જાડી કરતાં ધમની કાઠિન્યકારક અને કેન્સર કરતાં જનીન વિકૃતિકારક દ્રવ્યો છે. ઘી અને નારિયેળનું તેલ જેવા સંતૃપ્ત તેલીપદાર્થો ઊંચા તાપમાને પણ સ્થિર રહે છે તેથી ઊંચા તાપમાને તળવા માટે તેઓ આદર્શ છે.

તેલ-સંમિશ્રણ (blending of oil) : બે કે વધુ તેલનું સંમિશ્રણ કરીને તેમની ગુણવત્તા સુધારી શકાય છે તથા ઊંચા તાપમાને તેઓને સ્થિર રાખી શકાય છે : દા.ત., ડાંગર છોડાનું તેલ અને કુસુમ (Safflower) નું તેલ - એ બંનેને ૭૦ : ૩૦ ના ગુણોત્તરના પ્રમાણમાં ભેળવવાં તથા સફેદ રાઈ (Canola) અને અળસી (Flaxseed) નાં તેલને ભેળવવાં. આ રીતે હૃદયરોગનું જોખમ ઘટાડી શકાય છે. જેમ ભારતીયોમાં સરસવના તેલથી હૃદયરોગ ઘટે છે તેમ ડાંગર-છોડાં અને કુસુમનાં તેલનું સંમિશ્રણ, નારિયેળના તેલ અને તલ (Sesame) નાં તેલનું સંમિશ્રણ તથા સફેદ રાઈ અને અળસીનાં તેલનું સંમિશ્રણ પણ લાભકારક રહે છે. જેથી લોહીમાંનાં મેદદ્રવ્યો, ધમનીમાંનો શોથવિકાર અને હૃદયરોગ થવાનું જોખમ એ ત્રણેય ઘટી શકે.

## ચાલો, નવેસરથી બારાક્ષરી શીખીએ

**(અનુસંધાન : પાના નં.-૮૮ ઉપરથી ચાલુ)**

**સ** – સત્ય કડવું હોય છે. એટલે ડાયાબિટીસના દર્દીએ બોલવું.

**હ** – હસો....ઓ... નહીં તો હસાવવાના દા'ડા આવશે!!

**ળ** – 'ળ' સંદેશ આપે છે કે 'ઊતર-ચડ-ઊતર' તો અમારા જીવનમાંય આવે છે ('ળ' લખી જોજો. ઊતર-ચડ-ઊતર સમજાઈ જશે.)

**ક્ષ** – ક્ષમાનો સંગ્રહ ન કરવો. આપવામાં વાપરી નાંખવી!

**જ્ઞ** – જ્ઞાનના અજીર્ણના ઉપદ્રવ પેટના અજીર્ણ કરતાંય વધુ ભયંકર હોય છે.

- **છમ્મવડું :**

*"સાલ નયી, બાત પુરાની, બુઢાપે મેં ભી વોહી જવાની."*

*એ/૭૦૨, સંસાર્ય ટાવર, આલ્ફા-વન મોલની પાછળ,*
*ગુરુકુળ - વસ્ત્રાપુર રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

# પવિત્ર કમાણીનો સદ્‌વ્યય કરો

ડૉ. ચંદ્રકાંત મહેતા

માણસ આ જગતનું ઋણી છે, કારણ કે એને અન્ન, વસ્ત્ર, વિવિધ પ્રકારની સુવિધાઓ આ જગતમાંથી પ્રાપ્ત થાય છે. ઉપરાંત પ્રાકૃતિક તત્ત્વો એને કેટલી બધી વસ્તુઓ દાનરૂપે આપે છે! હવા મફત, પાણી (નદીઓ દ્વારા) મફત, પ્રકાશ મફત, વર્ષાજળ મફત, ફૂલોની ખુશબૂ મફત! વૃક્ષ દ્વારા ફળોનું દાન, કેટલું-કેટલું ગણાવવા બેસીએ! આપણે ઉપકૃત છીએ જગત અને પ્રાકૃતિક તત્ત્વોથી, એટલે એ ઋણનો બદલો ચૂકવવા અર્પણભાવ, ત્યાગભાવના, ઉદારતા અપનાવવી પડે. એટલે જ દરેક ધર્મ અને સંપ્રદાયમાં દાનને પારાવાર મહત્ત્વ આપવામાં આવ્યું છે. માણસે જે કાંઈ મેળવ્યું છે તે આ ધરતીની કૃપાથી જ મેળવ્યું છે. આપવાનું હરકોઈ દ્રવ્ય, પદાર્થ તે દાન. ધર્મબુદ્ધિથી, પુણ્યની ભાવનાથી ગરીબ, અભ્યાગત, પશુ, પક્ષી, યાચક કે દેવસ્થાન અથવા પૂજાવિધિ કરાવનારને પ્રસન્ન મને પ્રદાન કરવાની સહજ ભાવના તે દાન. પોતાનાં ધન, ચીજવસ્તુ કે હકનો નિઃસ્વાર્થભાવે ઉમળકાભેર ત્યાગ કરવો તે દાન. પોતાની ફરજ સમજીને, દેશ-કાળ અને પાત્રની યોગ્યતા વગેરે બાબતો લક્ષ્યમાં લઈ નિષ્કામભાવે અન્ન, વસ્ત્ર, ફળફળાદિ, ઓઢવા-પાથરવાનું કે દવા અને વિદ્યા માટે દાન આપવું તે ઉત્તમ દાન ગણી શકાય.

દાનનાં છ અંગો ગણાવવામાં આવ્યાં છે. દાતા એટલે દાન કરનાર, પ્રતિગ્રહિતા અર્થાત્ દાન સ્વીકારનાર, શ્રદ્ધાની ભાવના, ધર્મ અને દેશ-કાળ, ગ્રહોની શાંતિ માટે પણ દાન કરવાની પ્રથા સમાજમાં પ્રચલિત છે.

દાનના મુખ્યત્વે ત્રણ પ્રકાર વર્ણવવામાં આવ્યા છે : સાત્વિક દાન, રાજસ દાન અને તામસ દાન. 'મહાભારત' માં ભીષ્મપર્વમાં તેની વિગતે ચર્ચા કરવામાં આવી છે. 'ભગવદ્‌ગીતા' માં પણ દાનની વિશેષ ચર્ચા થઈ છે.

દાન આપવું એ પોતાનું કર્તવ્ય છે, એવા ભાવથી જે દાન દેશ, કાળ અને પાત્ર પ્રાપ્ત થતાં સામા ઉપકારની ભાવના સેવ્યા વગર અર્પવામાં આવે છે, તે 'સાત્ત્વિક દાન' કહેવાય છે.

ઉપકારની આશા નજર સમક્ષ રાખીને ફળપ્રાપ્તિની ઈચ્છાથી તેમજ ખૂબ જ કષ્ટપૂર્વક જે દાન કરવામાં આવે છે, તે 'રાજસ દાન' કહેવાય છે.

જે દાન આદર વગર અથવા તિરસ્કારપૂર્વક અયોગ્ય ગણવામાં આવે છે, તે 'તામસ દાન' ગણાય છે. દાનમાં આપનારની દાનત શુદ્ધ હોવી જોઈએ. 'અશ્વમેધ પર્વ' (મહાભારત) માં વ્યાસજીએ ઉચિત જ કહ્યું છે કે, હજારો વાળો સો (રૂપિયા) નું, સો કમાનાર દસ રૂપિયાનું અથવા કોઈએ યથાશક્તિ થોડુંક જળદાન કર્યું હોય તો પણ તે સઘળું એકસમાન જ ફળદાયક છે.

અન્નદાન, વિદ્યાદાન અને અભયદાન (કોઈના જીવની રક્ષા કરવી) એ સર્વોત્તમ દાન છે, અલબત્ત એ સઘળાનો દાતાએ ખ્યાતિ કે યશપ્રાપ્તિના સાધન તરીકે ઉપયોગ ન કરવો જોઈએ. કુપાત્રને દાન કરવાથી એ ધન કે ચીજવસ્તુનો દુરુપયોગ પાપી કે અઘટિત પ્રવૃત્તિ કે કાર્યો માટે કરશે. પરિણામે દુરાચાર કે દુષ્પ્રવૃત્તિને પ્રોત્સાહન મળશે.

જેની પાસે પુષ્કળ સંપત્તિ છે, એ દાન કરે એના કરતાં પોતાની પાસે અલ્પ એટલે કે થોડુંક છે, છતાં દાન કરે છે, તેનું દાન ચઢિયાતું ગણાય. મૂળ વસ્તુ છે પ્રસન્નતાપૂર્વક દાન આપવાની નિષ્કામ ભાવના.

'જીવનસંદેશ' માં ખલિલ જિબ્રાનના દાન વિષયક શબ્દો અત્યંત પ્રેરક છે. તેમણે કહ્યું છે : *'દુનિયામાં એવા લોકો છે, જે આપે છે પણ આપવામાં કોઈ પણ પ્રકારનું કષ્ટ અનુભવતા નથી અને જેઓ ઉપકારની અભિલાષા ધરાવે છે અને પોતે પુણ્યકાર્ય કરી રહ્યા છે, એવું માન્યા વગર દાન કરે છે.*

*આવા લોકો દાન આપે છે, જેમ પુણ્ય દસે દિશાઓમાં પોતાની સુગંધ વિખેરી દે છે.*

*આવા (દાની) લોકોના હાથે ઈશ્વર બોલે છે અને એમની આંખો દ્વારા જ આ પૃથ્વી પર સ્મિત રેલાય છે.'*

પ્રશ્ન એ છે કે કમાણી કેવી રીતે કરવી? નીતિથી કે અનીતિથી? ધર્માશાસ્ત્રો મુજબ માણસે જીવનમાં ચાર પુરુષાર્થ કરવા જોઈએ : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચારેયમાં સૌથી પહેલાં 'ધર્મ' ને મૂકવામાં આવ્યો છે. 'અર્થ' એટલે કે 'ધન' કેવી રીતે કમાવું જોઈએ? ઉત્તર છે : ધર્મપૂર્વક. મતલબ કે શુદ્ધ સાધનો દ્વારા નીતિપૂર્વક, સદાચરણ દ્વારા. પરંતુ ધનનો લોભ માણસ પાસેથી પવિત્રતા છીનવી લે છે, પરિણામે તે વિવેકભ્રષ્ટ બને છે અને લાલચ, મોહ વગેરેનો શિકાર બની પોતાની ધનેષ્ણાને કોઈ પણ માર્ગે સંતોષવાની કોશિશ કરે છે. પરિણામે ધનપ્રાપ્તિના ભ્રષ્ટ માર્ગો અપનાવે છે.

ધર્મ માણસને પરિગ્રહ એટલે કે 'એકઠું કરવાની' વૃત્તિથી દૂર રહેવા સૂચવે છે. એટલે ધર્મકાર્યો માટે પણ ધન એકઠું કરવાની

વાતને સ્થાન જ નથી! પરંતુ ધાર્મિક સંસ્થાઓ અને ધર્મના વડાઓ પણ ધનલોભથી મુક્ત રહી શક્યા નથી. એટલે રૂપિયાનું કુળ અને મૂળ જોયા વગર ધનિકો પાસેથી દાનની અપેક્ષા રાખે છે અને કશા જ સંકોચ વગર દાન સ્વીકારે છે. રૂપિયાની એ જ ખૂબી છે કે એમાંથી દુર્ગંધ નથી આવતી એટલે રૂપિયાનું અસલી રૂપ અને ઉદ્‌ગમસ્રોતનો આપણને ખ્યાલ નથી આવતો. દુનિયાની ધાર્મિક સંસ્થાઓના વડાઓને એટલા બધા ભોટ માનવાની જરૂર નથી કે તેમને 'દાતા' ના ચારિત્ર્યની ખબર ન હોય! ધર્મમાં 'ત્યાગભાવના' ને બદલે 'રાગભાવના' નું પ્રાબલ્ય દિવસે-દિવસે વધી રહ્યું છે. માણસ પોતે જ પોતાની જાતથી ડરી રહ્યો છે. એનો ગેરલાભ ધર્મ, મંત્ર તંત્રની આડમાં ધુતારાઓ લઈ રહ્યા છે. અંધવિશ્વાસ ફેલાવીને પૈસા પડાવી રહ્યા છે. ધર્મની હાટડીઓ ધમધોકાર ચાલી રહી છે. ધર્મસ્થાનોમાં દેવી - દેવતાઓ ભગવાનો રૂપિયાના ઢગલા નીચે દબાઈ રહ્યા છે! એ વાત સાચી છે કે 'પડે છે ત્યારે સઘળું પડે છે.' આજકાલ દાન 'દેખાડા' નો વિષય છે. બાકી તો 'નવવિધાન' માં કહ્યું છે તેમ, તું દાન કરે તો એવી રીતે કરજે કે તારા જમણા હાથે અપાયેલું દાન ડાબા હાથને પણ ખબર ન પડે! ગુપ્તદાન એ જ મહાન દાન છે.

અનીતિથી કમાયેલો પૈસો દાન કે સેવામાં વાપરવાથી પુણ્ય પ્રાપ્ત ન જ થાય, કારણ કે એવા રૂપિયામાં શોષણ, પ્રપંચ, કોઈનાં આંસુ, કોઈનો નિસાસો પણ હોઈ શકે! ધર્મે પણ ધનની આસક્તિથી દૂર રહેવું જોઈએ.

કવિ રામધારીસિંહ 'દિનકરે' એક વિચારણીય બાબત રજૂ કરી છે કે દાન એ તો સ્વાભાવિક ધર્મ છે. વૃક્ષો જો ફળનું દાન ન કરે તો ડાળી પર સડવા માંડે. પરિણામે આખું વૃક્ષ સડાનો ભોગ બની નષ્ટ થાય. વૃક્ષ ફળનું દાન કરી નવાં વૃક્ષો ઉત્પન્ન થવાની ભૂમિકા તૈયાર કરે છે. નદી જળનું સાગરને કદાચ દાન કરે છે અને સાગર વાદળને, વાદળ મેઘને, જેથી વર્ષા થતી રહે અને જળચક્ર ચાલ્યા જ કરે!

તુકારામજીએ કહ્યું છે તેમ દાનમાં વસ્તુનું મૂલ્ય નથી, હૈયાના હરખનું મૂલ્ય છે. તમે કોઈને દૂધ પિવડાવી શકવાની સ્થિતિમાં ન હો તો તેમને છાશ પિવડાવતાં તમને કોણ રોકે છે? કોઈને અન્નદાન કરવાની શક્તિ તમારામાં ન હોય તો તરસ્યા માણસને પાણી પિવડાવતાં તમને કોણ રોકે છે?

*૧૬, હેવન પાર્ક, રામદેવનગર પાસે,*
*સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫.*
*મો. : ૯૮૨૪૦ ૧૫૩૮૬*

# જાણો કચ્છને

★ દેશના કેટલાક રાજ્યો કરતાં પણ મોટો જિલ્લો.
★ આખા જગતમાં અનોખું રણ ધરાવતો પ્રદેશ.
★ એશિયાનું સૌથી મોટું ઘાસિયું મેદાન ધરાવતો ભારતના સવાના મેદાન જેવો પ્રદેશ.
★ જ્યાંથી જગતનું સૌપ્રથમ સાઇનબોર્ડ મળી આવ્યું એ ધોળાવીરાને ધરબી બેઠેલો પ્રદેશ.
★ કારમા ભૂકંપ સામે છાતી કઠણ કરીને દેશ સામે ઉભરી આવેલો પ્રદેશ.
★ પાકિસ્તાનને સરહદથી છેટું રહેવા મજબૂર કરતો દુર્ગમ રણભૂમિનો પ્રદેશ.
★ ગુજરાતના રાજ્ય પક્ષી ફ્લેમિંગોને લાખોની સંખ્યામાં મહેમાન બનાવી શકતો યજમાન પ્રદેશ.
★ રણોત્સવ દ્વારા રણની રેતીમાંથી કંચન પેદા કરતો પ્રદેશ.
★ શીખોની વસાહત ધરાવતો ગુજરાતનો મિનિ પંજાબ જેવો પ્રદેશ.
★ માછીમારોને અઢળક સફળતા અપાવતો જખૌ બંદરનો પ્રદેશ.
★ લોક ડાયરાની કળા જીવંત રાખી મજબૂત બનાવતો લોક સાહિત્યનો પ્રદેશ.
★ ઔદ્યોગિક વિકાસનો પર્યાય બની રણમાં રમઝટ બોલાવતો પ્રદેશ.
★ દિલ્હીના રાજઘાટ પછી ગાંધીજીની બીજી સમાધિ ધરાવતો પ્રદેશ.
★ એશિયાનું સૌથી ધનાઢ્ય ગામ ધરાવતો પ્રદેશ.
★ ભીંત ચિત્રો, ભરત ગૂંથણ અને રંગ વણાટની અનોખી ભાત ધરાવતો તેમજ ચિત્રકળાનો સર્જન દેશ.
★ હિંદુ, બૌદ્ધ, જૈન, મુસ્લિમ.... એમ તમામ ધર્મ - કોમને સાચવતો પ્રદેશ.
★ ડુંગર, રણ, દરિયાથી દેદીપ્ય થતો પ્રદેશ.
★ કચ્છના પાટનગર ભુજની સંવત ૧૬૦૫ માગશર સુદ-પાંચમ તા. ૬-૧૨-૧૫૪૯ના રોજ સ્થાપના કરવામાં આવેલ.

*પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# હૃદય કરતાંય વધુ જરૂર છે આપણી કામનાઓના કાર્ડિયોગ્રામની!

ડૉ. કુમારપાળ દેસાઈ

આપણા હૃદયના કાર્ડિયોગ્રામ કરતાંય વિશેષ જરૂર તો આપણી ભીતર છુપાયેલી કામનાના કાર્ડિયોગ્રામની છે. કામના વ્યક્તિના જીવનમાં તીવ્ર ઝંખના જગાવે છે અને પછી તો માનવી એની પાછળ રાત-દિવસ દોડતો રહે છે. બાલ્યાવસ્થામાં કોઈ રમકડું મેળવવા માટે બાળક જેવી ઝંખના રાખતું હોય છે, એ યુવાન થાય ત્યારે એની ઝંખનામાં પરિવર્તન આવે છે અને એ કોઈ ખૂબસૂરત અને અત્યંત સુશીલ યુવતીને જીવનસાથી તરીકે પામવા માટે પ્રયત્ન કરે છે. એ પછી એને વિશાળ બંગલો, વંશ-વારસો જાળવનાર પુત્ર, સૌથી શ્રેષ્ઠ અને કીમતી મોટર જેવી કામનાઓ દોડાવ્યે રાખે છે. કોઈને સર્વોચ્ચ પદની પ્રાપ્તિની ઝંખના હોય છે, તો કોઈને સામાજિક, ધાર્મિક કે રાજકીય પ્રતિષ્ઠાની લાલસા હોય છે. આ કામનાઓ, ઇચ્છાઓ કે વિષય-કષાયની ઝંખનાઓ માનવીને જીવનમાં પગ વાળીને નિરાંતે બેસવા દેતી નથી. કામનાની બાહ્ય દોડધામને કારણે એને જીવનમાં શાંતિનો શ્વાસ લેવાની અનુકૂળતા સાંપડતી નથી. ક્યારેક એને કામનાની વ્યર્થતાનો અનુભવ થાય છે.

જગતવિજેતા શહેનશાહ સિકંદર એક નગરમાં પોતાના સૈન્ય સાથે આક્રમણ કરવા ગયા, ત્યારે એમની સામે નગરનો રાજા કે એની સેના યુદ્ધ લડવા આવી નહીં, પરંતુ એમની સામે સ્ત્રીઓ હાજર થઈ અને તે પણ સર્વથા નિઃશસ્ત્ર. આ સ્ત્રીઓને જોઈને આશ્ચર્યચકિત થયેલા સિકંદરે પૂછ્યું, 'કોઈ વિરાટ સૈન્યને બદલે તમે શા માટે આવ્યાં? તમારી સાથે લડવું કઈ રીતે? અમારી સામે યુદ્ધ ખેલવા માટે તમારી પાસે કોઈ શસ્ત્રો જ નથી. જો આવવું જ હતું, તો ભોજન લઈને આવ્યાં હોત, તો ય મને વધુ પસંદ પડત.'

કેટલીક સ્ત્રીઓ થાળીમાં ભોજન લાવી હતી. જ્યારે એ સ્ત્રીઓએ થાળી પરથી કપડું દૂર કર્યું, તો જોયું કે આ તો સુવર્ણના અલંકારો છે! સિકંદરે કહ્યું, 'ભોજનથી મારી ભૂખ મટે, તમારા આ અલંકારોથી નહીં.' ત્યારે મહિલાઓએ હસીને ઉત્તર આપ્યો, 'અમને તો એમ કે તમે માત્ર સુવર્ણના અલંકારોનું જ ભોજન કરતા હશો. જો તમે અમારી જેમ માત્ર રોટી જ ખાતા હોત, તો પછી બીજાની રોટી છીનવવા નીકળ્યા ન હોત.'

સિકંદર ઊંડા વિચારમાં પડી ગયો. નગરવિજયને બદલે એણે સૈન્યને કૂચ કરવા આજ્ઞા આપી, પરંતુ તત્ત્વજ્ઞાની ઍરિસ્ટોટલના શિષ્ય સિકંદરે અહીં એક શિલાલેખ તૈયાર કરીને મૂક્યો અને તેમાં લખ્યું, 'આ નગરની મહાન સ્ત્રીઓએ અગ્રણી સિકંદરને ખૂબ સારો બોધપાઠ પૂરો પાડ્યો છે.'

આજના માનવીની જિંદગી તો એક અવિરત દોડમાં પલટાઈ ગઈ છે. એ સતત દોડતો રહે છે. ક્યારેક હાંફી જાય છે, થાકીને લોથપોથ થઈને જમીન પર પડી જાય છે, છતાં વળી ઊભો થઈને પ્રાપ્તિની દોડ લગાવે છે. હા, એના રસ્તા ક્યારેક બદલાતા રહે છે. એક વાર એ એક માર્ગ પર દોડ લગાવે છે. વળી થોડા સમયે એની દોડનો માર્ગ બદલાઈ જાય છે. રસ્તા બદલાય, ઉંમર વધે, પણ વૃત્તિની આંધળી દોડ તો સતત ચાલુ જ રહે છે અને એમાં એ ઘણી વાર જીવનનું લક્ષ્ય ખોઈ બેસે છે.

એક વાર કામનાએ કરેલું લક્ષ્ય સ્વીકાર્યું એટલે અપાર દુઃખોનો સામનો કરવો પડે. પ્રેસિડેન્ટ જહોન કેનેડીની પત્ની જેક્વેલિન કેનેડીએ ગ્રીસના માલેતુજાર ઓનાસિસ સાથે લગ્ન કર્યાં. અઢળક ધનસમૃદ્ધિ વચ્ચે જીવન જીવવા લાગી, પરંતુ એ પછી એક વાર બૉસ્ટન શહેરમાં જહોન કેનેડીની સ્મૃતિમાં અપાતો 'પ્રોફાઈલ ઇન કેરેજ' ઍવોર્ડનો સમારંભ યોજાયો હતો. આ સમયે એનો પુત્ર જહોન કેનેડી (જુનિયર) એની નજીક બેઠો હતો, પણ એના પુત્રએ એની સાથે વાતચીત કરવાનો અને એની પુત્રીએ એને મળવાનો પણ ઇન્કાર કર્યો હતો. આને કારણે જેક્વેલિન ભાંગી પડી અને ધ્રુસકે ધ્રુસકે રડતાં એ બોલી ઊઠી, 'હા, આમાં વાંક મારો જ છે. મેં આંખ મીંચીને ધન અને મોજશોખ પાછળ આંધળી દોટ મૂકી હતી. પૈસો હોય તો જગત જખ મારે છે એમ માનીને વૃદ્ધ ઓનાસિસને પરણી. ઓનાસિસે જર-ઝવેરાત અને સમૃદ્ધિનો વરસાદ વરસાવ્યો, પણ એ સમૃદ્ધિથી તો હું સંતુષ્ટ થવાને બદલે સતત સળગતી રહી. મને ખબર પડી કે આ તો ઝાંઝવાનાં નીર કરતાંય વધારે ભ્રામક અને છેતરામણું છે.' આ જેક્વેલિન ઓનાસીસે પોતાની સખી એમીલી સ્ટુઅર્ટનને લખેલા પત્રમાં પોતાની હૃદયવેદના ઠાલવતાં લખ્યું, 'અત્યારે હું સાવ નિરાશ, હતાશ અને વ્યથાથી ભરપૂર છું. મારા પુત્ર કે મારાં પોતીકાં જનો મારાં નથી. હું લાંબા વખત સુધી માથું પકડીને બેસી રહું છું અને વિચારું છું – હું શું પામી?'

આનો અર્થ જ એ છે કે કામનાની તૃષા ક્યારેય છિપાતી નથી અને ક્યારેય એ પૂર્ણ રૂપે સંતુષ્ટ થતી નથી. બલકે, એમાં દિનપ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે અને વ્યક્તિ એમાં વધુ ને વધુ

(અનુસંધાન : જુઓ પાના નં.-૭૩ ઉપર)

# હાથનો પંજો

રહસ્ય કથા

ડૉ. સુશ્રુત પટેલ

જેમ મિત્રતા એકસરખા રસ ધરાવનાર વચ્ચે સરળતાથી થઈ જાય છે, બરાબર એવી રીતે એકમેકથી ભિન્ન વિષયોમાં રસ ધરાવનાર વચ્ચે પણ એ સહજ બને છે. આનું ઉદાહરણ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સમાં બહુ નાની વયે મહત્ત્વનો હોદ્દો ધરાવનાર મિ. આશુતોષ મુખરજી અને મારી વચ્ચેની મિત્રતા છે. જોકે હવે અમારી વચ્ચે એ અંગે ઝાઝો મતભેદ રહ્યો નથી.

અમારી વચ્ચે મતભેદ દૂર કરનાર એક પ્રસંગ બન્યો હતો. એ કિસ્સો મને બરાબર યાદ છે.

તે અરસામાં મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરવાની સાથે વિજ્ઞાનના લેખો હું લખતો હતો. તે કાળે કોણ જાણે કેમ પણ મને પ્રેસમાં ધમધમતાં મશીનો પર મારા લેખો છપાતા જોવાનું જબરું આકર્ષણ હતું. એટલે અમદાવાદના ઘીકાંટા વિસ્તારમાં આવેલા 'સંદેશ' કાર્યાલયમાં અઠવાડિયામાં એકાદવાર રવિવારની પૂર્તિ માટે લેખ હું જાતે જ આપવા જતો. પૂર્તિના સંપાદક શ્રી ગુણવંત છો. શાહ મિત્ર જેવા થઈ ગયેલા. તે કાળે પ્રેસ સાથે સંકળાયેલા સર્વશ્રી રજની વ્યાસ, કાન્તિ રામી, રાધેશ્યામ શર્મા, રમેશ પેટલીકર વગેરે પણ મળતા. હાસ્યકાર શ્રી વિનોદ ભટ્ટ પણ પૂર્તિમાં તેમની કોલમને કારણે અવારનવાર ત્યાં આવતા. પ્રેસની બાજુમાં જ એક ચર્ચ હતું અને તેની સામે વિશાળ મેદાન હતું. ત્યાં એક ચાની લારીવાળો ઊભો રહેતો. અઢી-ત્રણનો સમય હોય એટલે લારીમાં કો'ક વાર અમે સહુ ચા પીવા પણ જતા. આવા માહોલમાં એક દિવસ ક્રાઈમ એડિટર શ્રી મનહર ગાંધીની ચેમ્બરમાં મિ. મુખરજીનો પહેલવહેલો પરિચય થયેલો.

તે સમયે મને મારા એક મિત્રને સથવારે 'પામિસ્ટ્રી' એટલે કે હસ્તરેખાશાસ્ત્રનો પણ ચસકો લાગેલો. જોકે મુખરજી સાથે તે શાસ્ત્રની વાત બીજી જ કોઈ વાત પરથી શરૂ થયેલી. વાતવાતમાં મેં કહ્યું કે માનવી ગમે તેટલો સુધરશે પણ તેનામાં પશુના કેટલાક અવશેષ તો કાયમ રહેવાના જ! ગુનાશોધન સાથે સંકળાયેલા મુખરજીને આ વાતે આકર્ષિત કર્યા.

વાત આગળ ચલાવતાં મેં કહ્યું કે માનવજાતનો આદિપૂર્વજ નર-વાનર હતો અને તેની કેટલીક નિશાનીઓ, - કમસે કમ દસેક જેટલી તો ખરી — જે આજે પણ આપણામાં જોઈ શકાય છે. જેમ કે કેટલાક માણસો પ્રાણીઓની જેમ પોતાના કાન હલાવી શકે છે! એમ કહી મેં પણ સસલાની જેમ કાન હલાવી બતાવેલા! ઉત્ક્રાંતિની આવી બધી વાતોથી તેમને બહુ આશ્ચર્ય થયેલું. કાનની જેમ આની એક સાબિતી આપણા હાથમાં પણ જોવા મળે છે. તમે પણ આની ચકાસણી કરી શકો. તમારો હાથ સીધો કરી હથેળી કોણી તરફ વાળો. તે પછી અંગૂઠો અને ટચલી આંગળી એકમેકને અડકાડો. હથેળીની નીચે, કાંડાની મધ્યમાં તરત જ એક લાંબી નસ જેવો ઊપસેલી પટ્ટી (ટેન્ડન) જેવો સ્નાયુ ઊંચો થયેલો દેખાશે. હાથની મુઠ્ઠી જોરથી વાળવાથી પણ આવું થતું જોઈ શકાશે. આ મસલને 'પામારીસ લૉન્ગસ' કહેવાય છે. મનુષ્ય જાતિમાં લગભગ ૮૫ ટકા લોકોમાં તે હોય છે, પરંતુ લગભગ ૧૪ ટકામાં તે હોતો નથી. પ્રાઈમેટ્સમાં એટલે કે નર-વાનરોમાં, વાનરોમાં તથા બિલાડી વગેરે પ્રાણીઓમાં તે જોવા મળે છે. પ્રાણીઓમાં ઊંચે ચઢવા અને પંજાને વાળવા માટે તે ઉપયોગી છે. પણ મનુષ્યમાં તેનું ઝાઝું મહત્ત્વ નથી. એટલે જરૂર પડે પ્લાસ્ટિક સર્જનો તેને કાઢીને શરીરમાં બીજે પણ 'ફિટ' કરતા હોય છે! પણ આ બધું સમજાવવા માટે તેમનો હાથ મેં હાથમાં લીધો અને આદતવશ ધારીને જોવા માંડ્યો. તેમણે પૂછ્યું કે તમને હાથ પણ જોતાં આવડે છે? - એમ શરૂઆત થયેલી!

પછી તો 'પામિસ્ટ્રી' અંગેની વાતો પણ નીકળી. મેં કહ્યું કે સર ચાર્લ્સ બેલ નામના વૈજ્ઞાનિકે એક નિરીક્ષણ કર્યું છે. તે કહે છે કે માનવીની વધુમાં વધુ નજીકના ચિમ્પાન્ઝી વાનરના હાથનો અંગૂઠો આમ તો બધી રીતે સુવિકસિત હોય છે, પણ માણસના અંગૂઠા જેટલી તેની લંબાઈ નથી હોતી. તેની લંબાઈ પ્રથમ આંગળી કરતાં સહેજ ઓછી જ હોય છે. આ અવલોકન પરથી એણે એવું તારણ કાઢ્યું છે કે જેમ માનવી વધુ બુદ્ધિશાળી અને સુધરેલો, એમ એના અંગૂઠાની લંબાઈ વધુ. વિખ્યાત હસ્તરેખાશાસ્ત્રી કીરો લખે છે કે ટૂંકો, બુઠ્ઠો અને જાડો અંગૂઠો ધરાવતો માનવી વિચારોથી ખરબચડો તથા હેવાન અને સહજ પ્રેરણાથી પશુબુદ્ધિનો હોય છે. અંગૂઠા અને પ્રથમ આંગળી વચ્ચેના હથેળીમાં આવેલા ભાગને 'લોઅર માર્સ' કહેવાય છે. એ ભાગ સામાન્ય રીતે તો પોચો હોય છે, પણ જો વ્યક્તિ તામસી પ્રકૃતિની, ક્રૂર, દુષ્ટ, ભયંકર અને હુમલાખોર હોય તો એ સ્થાન કઠોર તથા સહેજ ઊંચું હોય છે. અને એમાં ય આ ઉપલાં ચિહ્નો સાથે જો માનવીના અંગૂઠાના નખનો આકાર ચોરસ હોય તો કીરો, એવા માનવી માટે ભવિષ્ય આ રીતે ભાખે છે : 'The subject will definitely commit a cold-blooded murder.' ડૉ. ફ્રેન્કેનસ્ટીન કે પછી મિ. હાઈડ જેવા પાશવી નર-પિશાચો આવા હાથ ધરાવતા હોય તો નવાઈ નહીં!

તે સમયે તો મારી આવી બધી વાતોને મિ. મુખરજીએ બેહૂદી ગણીને હસી કાઢેલી, અને એ એમ સહેલાઈથી માનતા પણ નહીં. પરંતુ એ કિસ્સાએ તેમની ધારણા બદલી અને કીરોના પ્રશંસક પણ બની ગયા!

હજુ આજે પણ મુંબઈ ખાતેની તેમની ઓફિસના ટેબલની ખુરશીની પાછળની દીવાલ પર કીરોનું એક વાક્ય તમે જોઈ શકશો. એ વાક્ય છે : 'The greatest truth may lie in smaller things.' આમેય ગુનાશોધનમાં નાનીનાની નિરુપયોગી લાગતી વસ્તુ મહત્ત્વની બની જતી હોય છે, પણ એમને તો મારું કહેલું કીરોનું આ વાક્ય જ ખૂબ પસંદ પડી ગયેલું, અને એટલે જ એ વાક્યને એમણે જીવનમંત્ર તરીકે સ્વીકારેલું.

## (૨)

એક દિવસ મનહર ગાંધી સાથે મિ. મુખરજીની ઓફિસમાં બેઠો હતો ત્યારે મને લાગ્યું કે તે કશીક ભારે મૂંઝવણમાં છે. ઔપચારિક વાતો પછી પૂછપરછ કરતાં જણાયું કે તેનું કારણ એક મર્ડર કેસ હતો. કેસ ગૂંચવાયેલો હતો. મેં રસ લીધો એટલે પોલીસે તૈયાર કરેલી ફાઈલ તેમણે મને જોવા આપી.

એ ફાઈલનો સાર નીચે ટૂંકમાં આપું છું. (નામ, સરનામાં અને તારીખ વગેરે બદલ્યાં છે.)

અમદાવાદની 'ક્ષ' પોળના રહેવાસી શ્રી વિનુભાઈ શાહે ૧૪મી મે, ૧૯૬૯ બુધવારના રોજ પોલીસ કચેરીએ જઈને પોતાની પત્નીના છાપરા પરથી પડવાને લીધે થયેલા આકસ્મિક અવસાન અંગે ફરિયાદ નોંધાવેલી. ઊંચેથી પડવાને કારણે મૃત્યુ તાત્કાલિક જ થયેલું, એટલે હોસ્પિટલ લઈ જવાનો પ્રશ્ન ન હતો. બાજુમાં રહેતા એમના એક ડોક્ટર મિત્રે મૃત્યુ થયાનું જાહેર કર્યું પણ પાછળથી કાંઈ લફરું ન થાય એટલા ખાતર પોલીસ કચેરીએ ફરિયાદ નોંધાવી દેવાની સલાહ આપેલી, અને એ પછી જ 'ડેથ સર્ટિફિકેટ' આપવાનું કબૂલેલું. હતાશાથી ઘેરાઈ ગયેલા શ્રી વિનુભાઈએ પોલીસ બયાનમાં જણાવેલું કે પોતે 'ક' નામની એક પ્રાઈવેટ પેઢીમાં ક્લાર્ક છે, અને એ દિવસે જરા વહેલા પરવારી જતાં એડવાન્સ ટોકીઝમાં પિક્ચર જોવા ગયેલા. પુરાવારૂપે એમની પાસે ખિસ્સામાંથી અંગ્રેજી ફિલ્મની બપોરના ૨ થી ૪.૩૦ ના શોની એક ટિકિટ પણ પોલીસે મેળવેલી. સાંજે પાંચ વાગે એ જ્યારે ઘેર પહોંચ્યા ત્યારે તો પોતાના ઘર આગળ મોટું ટોળું જમા થયેલું જોઈ, અને પછીની કરુણ પણ સત્ય હકીકત સામે આવતાં એમણે તરત જ બાજુમાં રહેતા ડોક્ટરને બોલાવીને તાત્કાલિક સારવાર માટે બનતું કરવાના પ્રયત્નો કરેલા, પણ એમાં તકદીરે એમને સાથ ન આપ્યો. એમના લગ્નને હજુ બેએક વર્ષ માંડ પૂરાં થયેલાં. પત્ની બાજુના મહોલ્લામાં આવેલી શાળામાં શિક્ષિકા હતી. જે સવારે દસ વાગે જાય તે સાંજે પાંચ વાગે આવે. તે દિવસે ઑફિસેથી વહેલા પરવાર્યા હોવાથી, પત્ની સ્કૂલે હશે તેમ માની, બપોરના શોમાં પોતે એકલા જ પિક્ચર જોવા ગયેલા. બાકીના બયાનમાં એમણે પોતાની પત્નીના મૃત્યુ માટે મુખ્યત્વે પોતાને જ દોષિત ગણેલા. એમના કહેવા પ્રમાણે જો એ દિવસે પોતે વહેલા ઘેર આવ્યા હોત તો એ દિવસે વહેલી ઘેર આવેલી પત્ની સાથે આવો હાદસો ન થાત.

અકસ્માત થયેલો એ મકાનની સામે એક પાનવાળાની દુકાન હતી. એ પાનવાળાના બયાનનો સાર :

બનાવને દિવસે આશરે ચારેક વાગે શ્રીમતી શાહને એણે ઢાળવાળા છાપરા ઉપર ધોયેલાં કપડાં સૂકવતાં જોયેલાં. પછી એકાએક એમણે 'આ...' કે 'સા...' જેવી તીણી ચીસ સાંભળેલી અને પછી નીચેની તરફ પગ લપસવાથી ગબડતાં જોયેલાં. એના ગલ્લેથી વિનુભાઈના છાપરા પર સહેલાઈથી નજર નાંખી શકાય એમ છે. એણે છાપરા પર તે સિવાય બીજા કોઈને જોયેલા ન હતા. અને જો કોઈ વ્યક્તિ હોત તો એની નજરમાં એ જરૂર આવી હોત. પણ એવી કોઈ વાત એના બયાનમાં જણાતી ન હતી. પછી તો પોતે પણ દોડીને લોકોના ટોળામાં ભળી ગયેલો. એ પોતે તો શ્રીમતી શાહનું નામ પણ જાણતો ન હતો, વગેરે, વગેરે.

આ ઉપરાંત આસપાસના રહેવાસી પાસેથી મળેલી માહિતીને આધારે પોલીસે તૈયાર કરેલા રિપોર્ટમાં પતિ-પત્ની વચ્ચેના સંબંધો અંગેની માહિતી પણ હતી. પણ બધાના મત એકસરખા હતા કે બંને વચ્ચે ઘણો સારો મનમેળ હતો, અને એમનું દાંપત્ય એકંદરે સુખી હતું. આ ઉપરાંત ઘરમાં છૂટક કામ કરનાર બાઈનું બયાન પણ ટાંકવામાં આવેલું. જોકે બનાવને દિવસે એ કામ કરવા આવી ન હતી. 'બેને' જ તેને ન આવવા કહેલું. જ્યાં એ શિક્ષિકા હતાં તે શાળામાં પણ પૂછપરછ કરવામાં આવેલી પણ એમાં તે વહેલાં ઘેર કેમ ગયાં તેના સગડ મળતા ન હતા. ત્યાંના અહેવાલ અનુસાર તેમનું દાંપત્ય સુખી હતું.

આ બધાની કેફિયત અને રિપોર્ટની નીચે પોલીસ-ઈન્સ્પેક્ટર મિ. કપૂરની સહી સાથે એક ચિઠ્ઠી આમેજ કરેલી, જેમાં લાઈફ ઈન્સ્યોરન્સના મિ. વાડેકર નામના એક અધિકારીની અરજી હતી કે આ મામલામાં વધુ તપાસ હાથ ધરાય; કારણ કે શ્રી વિનુભાઈએ પોતાની પત્નીનો ૫૦ હજારનો વીમો એક વર્ષ પહેલાં જ ઉતરાવેલો, જેનો એમણે હવે 'ક્લેઈમ' કર્યો છે. મિ. વાડેકરે પોતાનો ઊભરો ઠાલવ્યો હતો કે જો આમ જ થયા કરે તો પોતાની કંપની ફડચામાં જ ઊતરી જાય! એટલે આ મામલામાં જરૂર પડે ઉપરથી દબાણ લાવીને વધુ ઊંડી તપાસ કરવાની નમ્ર વિનંતી કરેલી. જોકે પોલીસને મન આ એક સાદો-સીધો અકસ્માત હતો. અને એમ માનવું એ કાંઈ ગેરવાજબી વાત પણ ન હતું. કોઈ પણ વ્યક્તિ આવા સંજોગોમાં એને એક સામાન્ય અકસ્માત જ ગણી શકે.

ઉપરથી કરવામાં આવેલી પૂછપરછ અને ઇન્સ્યોરન્સ કંપનીએ કરેલા દબાણને કારણે કેસને વેગવંતો કરવા માટે આખો જ કેસ પોલીસ પાસેથી લઈને નવેસરથી તપાસ માટે સી.આઈ.ડી. ખાતામાં સુપરત કરવામાં આવેલો. એટલે હવે મુખ્ય સવાલ એ હતો કે ગૌરીબહેનનું એટલે કે શ્રીમતી શાહનું મૃત્યુ એક અકસ્માત હતો કે પૂર્વયોજિત ખૂન?

મામલો જટિલ હતો અને તે દિવસોમાં આ કિસ્સાએ સારી એવી ચકચાર જગાવી હતી. ખૂનની પાછળ સામાન્યતઃ કોઈ ધ્યેય - 'મોટિવ' - હોય જ છે, અને એમાંય ખૂન થવાથી કોને કોને ફાયદો થાય છે એ વિચારતાં તો આ કિસ્સામાં શકમંદ વ્યક્તિ તો શ્રી વિનુભાઈને જ ગણી શકાય. પણ ઘટના બની ત્યારે પોતે બીજે સ્થળે હોવાનું પુરવાર કરતી, પોતાની અનુપસ્થિતિ સાબિત કરતી - 'એલિબાઈ' (alibi) તેમણે આપી હતી. પોસ્ટ મોર્ટમના રિપોર્ટ અનુસાર મરનારની ખોપરીમાં ઉપરથી પડી જવાને લીધે આડી-અવળી તીરાડો પડી ગયેલી અને મૃત્યુનું કારણ મગજની રુધિરવાહિનીઓના તૂટી જવાથી થયેલું જણાવેલું હતું. એટલે મારામારી, ઝપાઝપી, કેફી પીણું કે ઝેર આપવાનો પણ સવાલ ઉપસ્થિત થતો ન હતો.

આ બધી વાતોમાં સમય ક્યાં પસાર થઈ ગયો તેનું ભાન ન રહ્યું. મનહર ગાંધીને ક્યાંક જવાનું હોઈ, અમારાથી તે છૂટા પડ્યા. મેં ફાઈલો મિ. મુખરજીને પરત કરી. કેસ ખાસ્સો રસદાયક ને પેચીદો હતો. એટલે મિ. મુખરજી સાથે વિનુભાઈને ઘેર જઈને એમને જોવાની લાલચ હું રોકી શક્યો નહીં.

## (૩)

સ્વસ્થ દેખાતા વિનુભાઈએ અમારી ઓળખાણવિધિ પછી અમને આવકાર્યા અને થોડી આડી-અવળી વાતો થઈ. તેમની સાથે હાથ મેળવતી વખતે જ હું ચોંકેલો. પણ પછી સ્વભાવગત મારી નજર વિનુભાઈના હાથ પર પડી.

'આપ કેવા પ્રકારનું કામ કરો છો?' મેં પૂછ્યું.

'અહીંની 'ક' ઓફિસમાં.' એમણે કહ્યું, પછી ઉમેર્યું, 'હેડ ક્લાર્ક છું.'

મને થયું, ક્લેરિકલ વર્ક કરતી વ્યક્તિના હાથ આટલા ખરબચડા હોઈ શકે? વળી હેડ-ક્લાર્ક છે, એટલે ઘણાં વર્ષોથી આ શાખામાં એકધારું કાર્ય જ કરતા હોવા જોઈએ, એટલે હાથને મહેનત પડે એવા કામની સાથે એમને કશી લેવાદેવા ન હતી. હાથનું અવલોકન કરતાં કીરો યાદ આવી ગયો. હું વિચારોની દુનિયામાં ગોથાં ખાવા લાગ્યો.

'તમને કાંઈ વાંધો ન હોય તો આપના છાપરા ઉપર અમે જઈ શકીએ?', મિ. મુખરજીએ વિવેક કર્યો.

'જરૂર! આપને રસ્તો બતાવું.' કહેતા એ અમને ઘટનાસ્થળ ઉપર લઈ જવા ઊભા થયા. જો કે છાપરા ઉપર ખાસ કશું જોવાનું હતું નહીં.

'તમે અહીં જ રહો, હું હમણાં નીચે તમારે માટે ચાની વ્યવસ્થા કરતો આવું છું,' એવું કહેતા, અમે કાંઈ પણ કહીએ એ પહેલા એ નીચે ધબધબ કરતા ઊતરી ગયા.

છાપરાની ચારે તરફ લાકડાનો કઠેરો હતો, જે એક સમયે સળંગ અને મજબૂત હશે, પણ સમયની થપાટો ખાતો જર્જરિત થઈ ગયેલો હતો. વળી અકસ્માતને લીધે એની એકસૂત્રતા હણાઈ હતી. છાપરું પણ સારા એવા ઢાળવાળું હતું, એટલે પગ લપસવાની વાત સમજી શકાય એમ હતી. કપડાં સૂકવવાનો તાર અને તેને આધાર આપતા બે લોખંડના પાતળા થાંભલા પણ દેખાતા હતા. એક થાંભલો સહેજ નમી ગયો હતો.

'કેમ પટેલ! શા વિચારોમાં ખોવાયા છો?' મિ. મુખરજીએ મને સૂનમૂન જોઈને પ્રશ્ન કર્યો. મેં એમના તરફ જોયું તો એ નીચા નમી, - બે-ત્રણ ઈંચ લાંબો પાતળા તારનો એક ટૂકડો, રબરની એક પાતળી પટ્ટી અને માટીના તૂટેલા નાના-નાના ટુકડાઓ છાપરાના એક ખૂણેથી વીણીને સાવચેતીથી પોતાના કોટના ખિસ્સામાં સરકાવતા હતા. મને આશ્ચર્ય થયું કે મારી નજરે આ બધું કેમ ન પડ્યું!

'અરે મારા સાહેબ, આ બધો કચરો કેમ ગજવામાં ભરો છો?' - મારાથી અનાયાસ બોલી જવાયું.

'ભઈ, ખ્યાલ તો મારોય એવો જ છે કે આ બધી બોગસ વસ્તુઓ જ છે, પણ તમે જેમ હાથ જોઈને ચોંક્યા, એમ હું યે આ 'કચરો' જોઈને ચોંક્યો છું. આખરે કોર્ટમાં નક્કર પુરાવા આપવા પડે છે, સામુદ્રિકશાસ્ત્ર તો ના જ ચાલે ને!' એમણે સ્મિત કરી, આમતેમ નજર નાખતા કહ્યું.

એટલામાં તો સીડી ચઢવાનો અવાજ આવતા અમારી વાતો બંધ થઈ.

નીચેના બેઠકખંડમાં ચા પી, અમે તપાસ કરવા દેવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી તથા ભરજુવાનીમાં પત્નીના આઘાતજનક મૃત્યુના શોકથી ઘેરાયેલા શ્રી વિનુભાઈને સાંત્વના આપીને મોટરમાં વિદાય થયા.

## (૪)

એ જ દિવસે સાંજે ઓફિસ પર જઈને મિ. મુખરજીએ મિ. વાડેકરને ફોન દ્વારા સૂચના આપી દીધી કે શ્રી વિનુભાઈના પત્નીનું 'પેમેન્ટ' સ્થગિત કરી દેવામાં આવે. અને રાત્રે આઠ વાગ્યા સુધીમાં તો વિનુભાઈને પકડવા માટેનું વોરંટ કાઢીને ગિરફતાર પણ કરી લેવામાં આવ્યા. આરોપ હતો : ઠંડે કલેજે પત્નીનું ખૂન કરવાનો.

'કાંઈ સમજ પડી?' મુખરજીએ મને પૂછેલું.

'થોડી થોડી,' મેં કબૂલ્યું.

'સાવ સરળ વાત. પેલો 'કચરો' જ મદદરૂપ નીવડ્યો છે,'

કોફીના ઘૂંટ ભરતા અને ચલમના ધુમાડા વચ્ચે જાણે એ મને શેરલોક હોમ્સનું ભૂત લાગી રહ્યા હતા; અથવા તો પછી આગાથા ક્રિસ્ટીના પોયરો સ્વરૂપે પ્રત્યક્ષ થયા હતા અને હું ડૉ. વૉટસન કે કેપ્ટન હેસ્ટિંગ્સ જેવો માત્ર પૃચ્છા કરનાર લાગતો હતો.

'પણ તમે એમને કેવી રીતે પકડ્યા?'

'એ માટે આપણે જરા પહેલેથી વાત જોઈ લેવી ઠીક રહેશે. અચ્છા, પહેલાં તમે મને એ કહો કે તમે આ 'કચરા' ને જોઈને શું ધારેલું?' એમણે મને સામો પ્રશ્ન પૂછ્યો.

'સાદો કચરો જ,' મેં કહ્યું, 'પણ હવે મને લાગે છે કે એમાં જ બધો ભેદ છે!'

'તદ્દન સાચી વાત! ગામઠી મેળામાં જો તમે ક્યારેક ગયા હો તો તમે એવાં રમકડાં તો જરૂર જોયાં હશે જેમાં કાગળને કાળો રંગીને અને માટીના ટુકડાઓને તારથી જોડીને સાપ બનાવવામાં આવે છે. તેમાં પછી રબરની કરામત એવી રીતે કરવામાં આવે છે કે જો રબરને ખેંચીને છોડી દઈએ તો રબર સંકોચાતાં સાપ આપોઆપ ગતિમાં આવે છે અને થોડીવાર સુધી અસલ સાપની જેમ સરક્યા કરે છે. જો ખબર ના હોય તો અસલ સાપ જ લાગે! એટલે આ બધો કચરો એ સાપની ભુતાવળ છે.'

'પણ તમે અમદાવાદના પતંગશોખીનોને જાણતા નથી. શહેરમાં તો ઉત્તરાયણને દિવસે આવી રમતો રમાય છે!' મેં મારું જ્ઞાન પ્રદર્શિત કર્યું.

'કમાલ કરી! મે મહિનામાં ઉત્તરાયણ?'

વાત સાચી હતી. મને પ્રશ્ન સૂઝ્યો, 'પણ એવા બેકાર કચરા પરથી તમને સાપની કલ્પના કેમ કરીને સૂઝી?'

એ હસ્યા. 'સાવ સરળ વાત,' કહી એમણે કેસની પેલી ફાઈલ મારી સામે ધરી.

'પેલા પાનવાળાના બયાનમાં જો તમારા ધ્યાનમાં હોય તો એક મહત્ત્વની કડી છે. ગૌરીબહેન જ્યારે ઉપરથી ગબડ્યાં ત્યારે એમણે પાનના ગલ્લાવાળાના શબ્દોમાં 'આ...' કે 'સા...' જેવી તીણી ચીસ પાડેલી. માણસ અકસ્માતે અણધાર્યો પડતો હોય તો એના મોંમાંથી આવા ભયસૂચક ઉદ્‌ગારો કદાપિ ન નીકળે. ડૂબતો તરણાને ઝાલે, એ કહેવત તો આપણે જાણીએ છીએ. એટલે આવે ટાણે એ હંમેશાં 'બચાવો' કે એવા મતલબની મદદ માટેની બૂમ પાડે. મદદ કામ નથી લાગવાની તો પણ આવી બૂમ પાડે જ. સાચું કહું તો આ બયાનને વાંચીને મને પણ આવું કશું સ્ફૂર્યું ન હતું; પણ જ્યારે પેલો 'કચરો' જોયો ત્યારે એ બંને વચ્ચેની કડી મને લાધી. 'સા...' ઉપરથી સાપનું તારણ મેં કાઢેલું!' - ઓફિસમાં ઘૂમતા તમાકુના ધુમાડાથી બચવા, બારી પાસે જઈ મેં ફેફસાંમાં સ્વચ્છ હવા ભરી.

'પણ તો પછી વિનુભાઈની પેલી 'એલિબાઈ' નું શું?'

'વાહ!' એ હસ્યા. 'ઓફિસમાંથી નીકળીને તેમણે ફિલ્મની ટિકિટ ખરીદી. અંગ્રેજી ફિલ્મ આમ પણ ટૂંકી. ઇન્ટરવલ સુધી રાહ જોઈ, બહાર નીકળ્યા અને પછી કોઈ જાણે-જુએ નહીં તેની સાવચેતી રાખી સીધા ઘેર પહોંચ્યા.' પછી એ અટક્યા, થોડીવાર સુધી ધુમાડા કાઢતા રહ્યા. પછી બોલ્યા, '...પણ પછી શું થયું તેની કલ્પના કરી શકાય એમ તો છે, પણ ચાલોને, એના કરતા આપણે વિનુભાઈને જ પૂછી લઈએ કારણ કે હજુ એક કડી ગોઠવાતી નથી. ગૌરીબહેન તો એ ટાઈમે શાળામાં હોવાં જોઈએ. એ સાડા ચારે ઘેર, અને એ પણ પાછાં છાપરા ઉપર જ હોય, એની વિનુભાઈને શી રીતે પહેલેથી ખબર હોવી જોઈએ?'

## (૫)

શ્રી વિનુભાઈએ અમારી સમક્ષ અને પાછળથી કોર્ટમાં જે સત્ય હકીકત રજૂ કરી એ ટૂંકમાં જ જોઈ લઈએ. મિ. મુખરજીનું અનુમાન સાચું જ હતું.

'ફિલ્મ પૂરી થવાના થોડા સમય પહેલાં હું ઘેર આવ્યો. પત્નીને તો સવારથી કહી રાખેલું કે આજે શાળાએથી વહેલી આવી જજે. હું સાંજે વહેલો આવવાનો છું. પછી આપણે બહાર ખાવા જઈશું. એટલે કામવાળીને ના પાડી દેજે. બપોર પછી કામવાળી નહીં આવે એટલે રોજનાં કપડાં ધોઈને એમને સૂકવવા તો એ છાપરે ચઢશે જ એવી મારી ગણતરી હતી. એ પ્રમાણે બન્યા પછી ઘરમાં, પાછળને દરવાજેથી હું પ્રવેશ્યો. છાપરા ઉપર મને સામેના રસ્તા ઉપરનો કોઈ પણ માણસ જોઈ શકે એ હું જાણતો હતો. એટલે અડધે દાદરે ઊભા રહીને મેં સાપ રગડાવવાની યોજના બરાબર પાર પાડી. સળવળાટથી ગભરાઈને એનો પગ લપસ્યો અને જર્જરિત એવો લાકડાનો કઠેડો પણ ધારણા મુજબ જ તૂટ્યો. મારી પાસેની સાવરણી વડે મેં સાપનાં કાગળિયાં ખેંચી લઈને ખીસામાં સેરવી દીધાં. રમકડાનું રબર અને માટીના ટુકડા વગેરે જેવા અવશેષ જો કે રહી ગયા, પણ એ મને સપડાવી દેશે એની કલ્પના ન હતી. છાપરા ઉપર તો જવાય એવું હતું જ નહીં, એટલે પછી તરત જ હું નીચે ઊતરીને પાછળના દરવાજેથી બહાર નીકળી ગયો અને ફિલ્મ છૂટવાના સમયે ઘેર પહોંચ્યો. ત્યારે તો...'

મિ. મુખરજીએ તેમને વચ્ચેથી અટકાવીને પૂછ્યું, 'પણ હજુ એક મહત્ત્વની કડી ખૂટે છે. તમારી આ ચાલ આટલી ગણતરીભરી કેવી રીતે થઈ શકી? સમયના નિર્ધારિત ગાળામાં જ એ છાપરે ચઢશે એની ગણતરી તમે કેવી રીતે કરેલી?'

વાત હતી પણ વાજબી. અમે બંને શ્રી વિનુભાઈની સામે જોઈ રહ્યા. 'અરે! એ વાત તો કહેવી રહી જ ગઈ! એ ઘટનાના પહેલા બુધવારે, એટલે કે ૭મી તારીખના રોજ મેં નાટકની જેમ રિહર્સલ કરેલું!' એ અટક્યા, પછી સહેજ મલકાઈને કહે : 'પણ વગર સાપે જ હોં, અને ફિલ્મના બદલે હોટલની મુલાકાત પણ પત્ની સાથે લેવી પડેલી! જો કે યોજના તો મેં બહુ પહેલેથી

ઘડી રાખેલી. સાપ પણ બહુ પહેલાં, છૂપી રીતે ખરીદી લાવેલો જેથી એવા સાપને વેચતા ફેરિયાને પૂછતાં પણ પોલીસ મારી ઉપર શક લાવી શકે નહીં. પણ આખરે એ સાપે જ મને દગો દીધો! મને ખબર હોત તો આટલા દિવસ બેસી ન રહેત. છાપરે જઈ વાળીઝૂડી નાંખત!'

'તમે એક બીજી વાતે પણ થાપ ખાઈ ગયા.,' મિ. મુખરજીએ હસીને કહ્યું, 'તમારે લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીવાળાઓ પાસે પત્નીનો આટલો બધો જલ્દી ક્લેઈમ કરવાની જરૂર ન હતી!'

'અરે ભઈ, એ પૈસા મેળવવા તો આ બધી બબાલ થઈ! ખેર, આપણે ત્યાં પોલીસ પછી સી.આઈ.ડી. વાળાઓનો પણ ગુનાશોધનમાં ઉપયોગ થતો હશે અને એ પણ આટલો ઝડપથી, એની મને કલ્પના નહીં. બાકી પોલીસે તો એને અકસ્માત જ ગણેલો.' પછી ટોણો મારતા હોય તેમ એમણે સસ્મિત કહેલું : 'તમારી હોશિયારી બદલ અભિનંદન!' અને જેલના સળિયા પાછળ પાગલશા, લુચ્ચા શિયાળ જેવું અટ્ટહાસ્ય કરતા રહ્યા.

જેલના સળિયાને પકડેલા વિનુભાઈના હાથ હું જોઈ રહ્યો. મને થયું કે પવનની આછી લહેર સાથે રૂમમાં જોઈ પ્રવેશ્યું. પડદા હાલે તેવો સરરાટ થયો અને અમારી સમક્ષ મહાન હસ્તરેખાશાસ્ત્રી કીરો ઉપસ્થિત થયો હોય તેવો ભાસ થયો. મિ. મુખરજીએ અને મેં સહજ પ્રેરણાથી નમસ્તે કર્યા થઈ ગયા.

**(૬)**

સમયને વીતતાં ક્યાં વાર લાગે છે?

ઉપરની ઘટનાને આજે તો લગભગ ત્રીસેક વર્ષ વીતી ગયાં છે. મારી સામે મિ. મુખરજીનો કાગળ પડ્યો છે. લખે છે : 'મુંબઈની 'ક્ષ' બેન્કમાં લૂંટ થઈ છે. મહારાષ્ટ્રમાં આજ સુધી થયેલી આ મોટામાં મોટી બેન્ક રોબરી છે. સાથે ખૂનરેજી પણ થઈ છે. તપાસમાં મૂંઝાયો છું. ગુનેગાર પકડાતો નથી. શંકાસ્પદ વ્યક્તિઓની એક 'પરેડ' રાખી છે. હવે નિવૃત્તિકાળ નજદીક છે. કદાચ આવો મોટો અને અગત્યનો કેસ મારી કારકિર્દીમાં છેલ્લો જ હશે. જાણું છું કે તમે પ્રેક્ટિસમાં બિઝી હશો. બને તો સમય કાઢીને આવી શકો? કામ તમારે તમારી રીતે કરવાનું છે. પ્લેનની ટિકિટ મોકલું છું. ■

*જે જ્ઞાન આચરણમાં પ્રગટ નથી થતું*
*તે જ્ઞાન કેવળ બોજારૂપ છે.*

## હૃદય કરતાં વધુ જરૂર છે આપણી કામનાઓના કાર્ડિયોગ્રામની!

**(અનુસંધાન : પાના નં.-૬૮ ઉપરથી ચાલુ)**

ખૂંપતો જાય છે. એ ઈચ્છા કરે કે જીવનમાં પચાસ લાખ રૂપિયા થશે એટલે પછી બધું છોડીને આરામ કરીશ. પચાસ લાખ પ્રાપ્ત કરવાની કામનાએ રાત-દિવસ મહેનત કરે અને હજી પાંત્રીસ-ચાલીસ લાખ થયા હોય, ત્યાં તો એને કરોડપતિ બનવાની કામના જાગે અને એ રીતે એની ધનપ્રાપ્તિની દોડ જીવનભર વણથંભી ચાલ્યા કરે છે.

કામના વ્યક્તિની આસપાસ એક કિલ્લો રચે છે. એની આંખોમાં એક એવું સ્વપ્ન આંજે છે કે પછી 'દૃષ્ટિ એવી સૃષ્ટિ' ના ન્યાયે એ પોતાના બધા જ સંબંધો પોતાની કામનાના ત્રાજવે તોળીને બાંધે છે. ધનવાન થવાની ઈચ્છા હશે તો અમીરો સાથે દોસ્તી રાખશે અને એને જ્ઞાની પુરુષો પ્રત્યે કોઈ આદર નહીં જાગે. ભૌતિક ઝાકઝમાળની ઈચ્છા હશે તો એની પાછળ દોટ મૂકશે અને અધ્યાત્મની હાંસી ઉડાવશે. જેમ બધી નદીઓ ભેગી થઈને સાગરને મળે છે, તેમ વ્યક્તિનાં બધાં કાર્યો અંતે તો એની કામનાને પુષ્ટ કરવા માટે હોય છે. વળી આ કામના એને એવો ઘેરી લે છે કે તે માથેરાન જાય કે મહાબળેશ્વર જાય, ઑસ્ટ્રેલિયા જાય કે અલાસ્કાથી ક્રૂઝમાં જાય, છતાં એ એના રમણીય પ્રાકૃતિક વાતાવરણનો આનંદ મેળવવાને બદલે ત્યાં રહીને પણ સતત શેરબજારની મંદી-તેજીની માહિતી મેળવતો રહેશે. દુકાનમાં થયેલી કમાણીની વિગત મેળવતો રહેશે અને પરિણામે આનંદપ્રમોદનું ગમે તેવું ઉત્તમ સ્થાન હોય, છતાં એના ચિત્તની વ્યાકુળતા ઓછી થશે નહીં.

વળી એક કામના એ અનેક કામનાઓની જનની છે. સત્તાની કામના જાગે તો પહેલાં સત્તા માટે પ્રયત્ન કરે, એમાં આડે આવતા હરીફોનો કાંટો કાઢવા પેંતરા રચે, સત્તા મળ્યા પછી વળી સત્તા જાળવવાનો ઉધમાત થાય, અને એ કામના સતત એમ કહે કે સત્તા જાળવવી હોય તો પ્રતિસ્પર્ધીને ઊગતો જ ડામી દો. હિટલર જેવા સરમુખત્યારો આનાં જીવંત દૃષ્ટાંત છે. આમ એક કામના અનેક કામનાઓને જન્મ આપે છે અને જો એ સિદ્ધ ન થાય તો વ્યક્તિ અકળાઈ ઊઠે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયમાં સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે, 'આસક્તિથી કામના ઉત્પન્ન થાય છે અને કામનાથી ક્રોધ ઉત્પન્ન થાય છે.' એ આનું નામ.

*૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

Aristo™ STAINLESS STEEL

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# કિશોરવયનો ખજાનો

નિબંધ

ભગીરથ બ્રહ્મભટ્ટ

આજેય મને મારું ગામ નિશાળનો ઘંટ થઈને બોલાવે છે. હું એ નિશાળને દરવાજે જઈને ઊભો છું. આંબલીવાળો ઓટલોય મને બોલાવે છે, પૂંઠ ફેરવી હું નિશાળમાં જવાને બદલે એ ઓટલે જાઉં છું. એ ઓટલાની કોરેમોરે ફરું છું - મારા આંગળાંની છાપ શોધું છું. જે જગ્યાએ બેસીને ચણા ખાતો એ જગ્યામાં પડેલી તિરાડમાં નજર ઊતરી જાય છે. એ તિરાડમાંથી બહાર આવતી કીડીના મુખમાં કશુંક છે. હું એને ચણાનું ફોતરું સમજી નમીનમીને જોઉં છું. કીડી એક પછી એક એમ બહાર આવે છે, અને મારા ગલોફામાં ચણાનો સ્વાદ રેલાય છે... એ ચણા વેચતા છોટાકાકા મૃત્યુ પામ્યા છે, છતાં એ ઓટલાની નીચે મુકરર કરેલી જગ્યામાં એમની આકૃતિ દેખાય છે... ડબ્બી ભરીને પાંચ પૈસાના ચણા આપે... થોડીવાર ઊભા રહીએ તો એક દાણો ઉપર આપે... એ છોટાકાકાની છત્રી સંતાડીને અમે એમને સતાવેલા. તેમણે માસ્તરને ફરિયાદ કરી દીધેલી. એ છત્રીને કારણે મને માર પડેલો. હું ચીસો પાડું. છોટાકાકા માસ્તરને કહેવા લાગેલા 'માસ્તર! આટલો બધો ના મારો... એ છોકરું કે'વાય.' એક છત્રીને કારણે છોટાકાકાને થોડુંક પલળવું પડેલું, પણ એ જ છત્રીએ મને તો આખો ને આખો ભીંજવી નાખેલો. માર પડતાં પેશાબ થઈ ગયેલો અને વધુમાં આંસુનો અભિષેક!! એ આંબલી ઉપર બેઠેલ સમડી, ગીધ માથા ઉપર ચરકે...ગંધ મારે. બેચાર દિવસ સુધી ગંધાય. ઊંચે જોયું તો એ પક્ષીઓ આજેય બેઠાં છે પણ મારા ઉપર ચરક્યાં નહિ. આમલીના થડિયામાં બાકોરું અને એ બાકોરામાં અમે દફતર સંતાડીએ. નિશાળમાંથી ભાગીએ... દફતર બાકોરામાં રાખી બહાર નીકળીએ. નિશાળ છૂટવાના ટાઈમે દફતર લેવા એ આંબલી પાસે જઈએ. આંબલી દફતર સાચવ્યાનો ટેક્ષ લીધા વગર અમને ઉપકારક બનતી, અને દફતર પરત કરતી. એની કૂખમાં બિલાડીના ટોપ ઊગે... પણ મારું દફતર એ આંબલીની કૂખમાં મોટું થયું છે - એટલે જ તો આજેય મને ભૂતપ્રેતની વાતોમાં રસ પડે છે. એ આંબલીની ઝીણીઝીણી કૂંપળ (રાતાપીળા રંગ) તોડી તોડીને દાઢ્યમાં સાચવી છે. કૂણા કાતરા કાન્તા હરગોવનને નહિ આપીને એને જે ટટળાવી છે, એ બધું તાદૃશ થવા માંડે છે... કાન્તા રિસાઈ રિસાઈને મારી સાથે ન બોલ્યાનો ભાર લઈને ફરી છે, ને હું એની સાથે નહિ બોલીને જ ખૂબ એની નજીક ગયો છું. કબડ્ડી રમતાં આંખોમાં ધૂળ પડેલી ત્યારે એ ધૂળને સવલી લવારણે કાઢી આપેલી. કાન્તાને એ નહોતું ગમ્યું. એ વાત ત્યારે તો મને નહોતી સમજાઈ. અમે નિશાળમાં એક લીમડો રોપેલો એને કાન્તા રોજ પાણી પાતી... આજે એ લીમડો ઘટાટોપ થઈ ગયો છે. હું ઓટલેથી હેઠે ઊતરી દરવાજે થઈ સીધો પેલા લીમડા નીચે જાઉં છું. ત્યાં એનો છાંયો કાન્તા બનીને મને પૂછે છે : 'કેમ છો?' હું નીચે જોઉં છું. લીમડામાં બેઠેલી કાન્તા મને કહે છે 'અહીં ક્યારેક આવતા હો તો! હું તો અહીંની અહીં જ છું' મારી આંખમાંથી કાન્તા ટપકી પડે છે.

કિશોરકાળમાં કાન માંડીને આમલીની ખટાશને, લીમડાની મીઠાશને સાંભળી છે, એકાએક વાયુની લ્હેરખીમાં હસતી ડાળખીઓ, બબડતાં પર્ણોને સાંભળ્યાં છે. નિશાળની થાંભલીઓમાં બેઠેલી ચકલી, કબૂતરની પાંખોને સાંભળી છે... ઘંટની ચીસો સાંભળી છે. પ્રાર્થનાની પંક્તિઓ વચ્ચે હરતીફરતી નજરને સાંભળી છે. બંધ આંખો અડધી ઉઘાડીને વાતો કરે એ પણ સાંભળ્યું છે... ભીંત ઉપર ગળીથી લખેલાં સુભાષિતોની સ્વગતોક્તિ સાંભળી છે. મોટાસાહેબ, ડેપ્યુટીના ભયથી ધ્રૂજતા માસ્તરના વ્યક્તિત્વને માણ્યું છે. કાન્તાના કંઠમાંથી નીકળેલા પ્રાર્થનાના શબ્દો મને આજેય ભીનો કરે છે. એ ભીનાશને માણવાનો વખત જ ક્યાં છે હવે? ગામની ભાગોળે મિત્રો સાથે ધૂળમાં રમ્યો છું એ ધૂળના કણેકણને તપાસો તો મારા સ્પર્શનાં એંધાણ તમને મળી આવશે. ગામની ભાગોળમાં ઊગેલા પીપળાની પ્રદક્ષિણા ફર્યો છું. એનાં નવાં ફૂટતાં પાનની લીલાશ ખૂબ નજીકથી નિહાળી છે... ચોખ્ખાં... સદ્યસ્નાત એ પર્ણોને પવન સાથે ગેલ કરતાં જોયાં છે... ગામની બહેનો વટસાવિત્રીના દિવસે એના થડિયે ચાંલ્લા કરે અને પૂજા કરે... પ્રદક્ષિણા કરે... ત્યારે હું પીપળાના સદ્‌ભાગ્યનો દ્વેષ કરું. મને એમ થાય કે આપણે પીપળો હોત તો!

ખેતરમાં જતો ત્યારે ખેતર ઘણું દૂર લાગતું. એને શેઢે ઊભો હોઉં ને બાજરીનાં ડૂંડાં બોલાવે - એ લહેરાતો મૉલ પવનના સંગે ઝગારા મારે, હિલ્લોળા મારે. હું એના નિમંત્રણે ખેતરની અંદર પ્રવેશ કરું. પવન સાથે ગોઠડી માંડતી બાજરીના છોડ ઉપરની પાંખડીઓ... ડૂંડાં ઉપર ઝાકળની જેમ જામેલી કુદરતી છારી... ચકચકિત દાણા એને હઠાવવાથી દેખાય. એ દાણાનો પહેલો પરિચય થાય ત્યારે એના ઉપર જે હેત જન્મે - બાળક પર માનું હેત!! કિશોર અવસ્થામાં આવેલું પ્રત્યેક બાળક ઘરનો વિસ્તાર કરતું જાય છે. સ્વનો વિકાસ કરતું થાય છે અને નિશાળને ઘર સમજતું હોય છે ને સર્વને સ્વમાં ગોઠવવાની પગલીઓ પાડવાનો પ્રારંભ કરે છે. આવી કિશોર અવસ્થા પણ માનવવિકાસનો ઉત્તમ તબક્કો છે. ■

સ્મરણ

# મેરે કાતિલ આપ હૈં! – મુબારક બેગમ

લેખ

રજનીકુમાર પંડ્યા

*('કભી તનહાઈયોં મેં હમારી યાદ આયેગી' અને 'મુઝકો અપને ગલે લગાલો ઐ મેરે હમરાહી' જેવાં અનેક અવિસ્મરણીય ગીતોનાં ગાયિકા મુબારક બેગમ ૮૦ વર્ષની વયે મુંબઈમાં જન્નતનશીન થયાં, તેમના સ્મરણાર્થે આ અંગત અનુભવનો લેખ.*

*- રજનીકુમાર પંડ્યા)*

જૂનામાં જૂનાં ફિલ્મી ગીતોના સંગ્રાહક, શોખીન અને છતાં રોજ પરેશાન પરેશાન અમદાવાદની સડકો પર ઘૂમનારા દરિયાપુરની પોપટિયાવાડના સમાજસેવક જાફરહુસેન મન્સુરીનો વર્ષો પહેલાંની એક સવારે ફોન હતો.

'મૈં બમ્બઈ ગયા થા, મુબારક બેગમ સાહિબાકો મિલકે આયા.'

મુબારક બેગમ! 'દાયરા' ફિલ્મ થોડા દિવસ પહેલાં જ મોડી રાતની ફિલ્મોમાં ટી.વી પર આવી હતી. ત્યારે એમને 'દેવતા તુમ હો મેરા સહારા' અને બીજાં ગીતો માટે મેં મનોમન ખૂબ યાદ કર્યાં હતાં અને આજે ફરી વાર આ જાફરભાઈએ સ્મૃતિ તાજી કરી.

'આપકો વો યાદ કરતી થીં.' જાફરહુસેન બોલ્યા : 'પૂછતાં હતાં, રજનીકુમાર સાહબ ક્યા કર રહે હૈં આજકલ? ઉનકા કોઈ અતાપતા નહીં!'

'ફિર આપને ક્યા કહા?'

'કહા કિ બહોત બિઝી રહેતે હૈં, બેન્ક કી નોકરી છોડ કે સિર્ફ લિખને પર જીનેકા ખેલ ખેલ રહે હૈં.'

'દુરસ્ત કહા.' મેં કહ્યું તો ખરું પણ મનોમન એ મને 'યાદ' કરે છે એ અહેવાલથી ઉદાસ થઈ ગયો. ચાર-પાંચ વર્ષ પહેલાં એમને મળ્યો હતો - એમનો ઈન્ટરવ્યૂ લીધો, ફોટા લીધા. પણ પછી એક અખબારમાં એમના વિષે લખીને એમને નારાજ કરી દીધાં. એમની અને મારી વચ્ચે અણબનાવ થઈ ગયો. કારણ? એમાં મેં લેખમાં એમના લગ્નજીવનની કારુણીની વાત પણ લખી હતી, જે લખવાની એમણે મને બંધી ફરમાવી હતી.

પછી એમની નારાજગીને કારણે હું ઘવાઈ ગયો, કારણ કે એમણે બહુ જાડા અર્થમાં મારું એ લખાણ લીધું હતું. મારો દોષ શો હતો? મેં શું કર્યું હતું? એમને વિષે ગમે તે અખબારોમાં આડીઅવળી વાતો, એ તવાયફ હોવા સુધ્ધાંની વાતો આવતી હતી. એમની છાપ એમનાથી બગડતી હતી. એ ભૂંસીને એમની સાચી છબી ઉપસાવવાનો પ્રયત્ન મેં કર્યો હતો, પણ એ અવળી દલીલ કરવા માંડ્યાં હતાં. મને છેક અમદાવાદ ફોન ધણધણાવ્યો હતો : 'આપને મેરે લિયે ઐસા લિખા હી ક્યૂં? મૈંને આપકો સાફ સાફ મના કિયા થા.'

મેં બે-ત્રણ દલીલો કરી, પણ પાણીમાં લીટા જેવી લાગી, એટલે મેં ડોલ જ ઊંધી વાળી દીધી. 'સોરી' કહી દીધું. શું કરું? વકીલાત કરવા જતાં હું આરોપીના પિંજરામાં આવી ગયો.

જાફરહુસેન પાસે પણ એમણે મારા વિશે આવો બળાપો ઠાલવ્યો હશે એમાં મને શી શંકા હોય?

મેં કહ્યું : 'ખુશી હુઈ જાનકર.'

એમણે કહ્યું : 'ઈતના હી નહીં, વો બોલ રહી થીં કિ રજનીકુમારજી સે કહીયે કિ અહમદાબાદ કા મેરા પ્રોગામ કબ બના રહે હૈં? મુઝે મીરા દાતાર ભી તો ઉનકો હી લે કે જાના હૈ!'

ખરેખર? આમ એમણે કહ્યું હશે? અચંબો થયો. એ વાત સાચી કે મારી તથા એમની વચ્ચે આવી વાત થઈ હતી, પણ દરખાસ્ત ઊડી નહોતી. એમની સાથે પછી તો એ વાત ફરી બેઠી કરવાનો પ્રયત્ન પણ બેકાર હતો. ફોન ઉપર એમના ગળા જેવા જ તીખા સ્વરમાં 'આપસે શિકવા હૈ મુઝકો' જેવી વાત કરી હતી.

પણ જાફરહુસેનના ફોનથી એક વાત મારા મનમાં બેઠી, નક્કી કર્યું કે હવે બોમ્બે જઈશ તો એમને જરૂર મળીશ. એ જો કડવાશ ભૂલી ગયાં હોય તો હું તો એમનો એક પ્રશંસક હતો. મારા પક્ષે તો સાકરનો થાળ જ હોય ને?

પણ મુંબઈ તો જાઉં ત્યારે; હાલ તો એમના વિશેનો જૂનો લેખ એ નિમિત્તે બહાર નીકળ્યો. બધું યાદ આવી ગયું. શો હતો એ લેખ?

'કભી તનહાઈયોંમેં યૂં હમારી યાદ આયેગી.
અંધેરે છા રહે હોંગે, કિ બીજલી કૌંધ જાયેગી...
કભી તન્હાઈયોંમેં યૂં...
યે બીજલી રાખ કર જાયેગી તેરે પ્યારકી દુનિયા,
ન ફિર તૂ જી સકેગા ઔર ન તુઝકો મૌત આયેગી.'
અથવા 'મેરે આંસુઓંપે ન મુસ્કુરા....'

શમશાદ બેગમનો મસ્તીભર્યો નહિ, પણ આ તો મુબારક બેગમનો તીખો અને અંગેઅંગ આગ લગાડતો આક્રંદભર્યો સ્વર! ગીતાદત્તમાં આ છૂપું રુદન ખરું, પણ એમાં આ વળ, આ તરફડાટ, આ તીખાપણું નહિ. ગમે ત્યારે આ ગીત સાંભળો અને હૃદયમાંથી કારમી આહ સરી પડે. અરે, ક્યાં ગયો આ તીખો અને જિગરની આરપાર ઊતરી જતો સ્વર? અત્યારના 'કૉલેજમેં રોમાન્સ કરેંગે' જેવાં લફંગાં કોલાહલી ગીતો વચ્ચેથી આ ઉમદા સ્વર ક્યાં અલોપ થઈ ગયો?

મિત્ર કંદર્પ પંડ્યાનો આગ્રહ હતો કે મુબારક બેગમને મળવું જ. માંડ માંડ એમનો ફોન નંબર મળ્યો. ૨૩૫૬૧૬૨. ફોન એમણે જ ઉપાડ્યો. બોલ્યાં : 'આઈયે.' મનોમન હસવું આવી ગયું. ૧૯૪૯માં બનેલી 'આઈયે' ફિલ્મમાં એમણે જીવનનું પ્રથમ ગીત ગાયેલું. 'આઓ ચલે, ચલે વહાં.' લતા મંગેશકર સાથે ડ્યુએટ હતું. ને એમણે અત્યારે પણ કહ્યું, 'આઈયે.'

'કહાં?' મેં પૂછ્યું.

જવાબમાં જે સરનામું મુબારક બેગમ બોલ્યાં, એ સાંભળી મોં પર તરત અણગમાનો, સૂગનો ભાવ આવી ગયો.

'કેમ?' કંદર્પ પંડ્યાએ પૂછ્યું.

'કોંગ્રેસ રેસ્ટોરાંની સામે, નૂરમોહમ્મદ બેગ બિલ્ડિંગ, બીજે માળે, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ' મેં કહ્યું : 'આવું સરનામું છે.'

'પણ એમાં નાકનું ટીચકું કેમ ચડી ગયું?' એમણે પછી મશ્કરા થઈને પૂછ્યું : 'કોંગ્રેસ નામ સામે સૂગ છે?'

'જઈએ એટલે સમજાશે.' મેં કહ્યું : 'ચાલો...'

જતાં જતાં સમજાઈ જાય એવું જ. પાંચસાત મજલાવાળા આ જૂનાપુરાણા બિલ્ડિંગનો ગંદો, કચરાકૂડાથી ભરેલો, પાનની પિચકારીઓવાળો ચરડ-ચૂં દાદર ચડતા હતા ત્યાં એની ચાલી જેવી દરેક રૂમની અંદરથી તબલાં-સારંગી અને ઘુંઘરૂના અવાજ આવતા હતા. આમ તો બહાર બિલ્ડિંગના દરવાજે કલાકાર મંડળ કે એવું કંઈક પાટિયું માર્યું હતું. પણ એ તો ગાંઠિયાની દુકાન પર આરોગ્ય ભવનનું બોર્ડ માર્યું હોય એવું!

પણ આમાં રહેતી હતી આ બધાથી સાવ અળગી, અસ્પૃષ્ટ, પવિત્ર અને માત્ર સંગીત જ જેના લોહીમાં વહેતું એ આજે પચાસ વર્ષની ઉંમરે પણ યુવાન લાગતી હોય એવી ભારતીય ફિલ્મોને મળેલી અણમોલ કંઠી ગાયિકા મુબારક બેગમ.

હા, અસ્પૃષ્ટ અને અળગી-પવિત્ર જેવાં વિશેષણો વાપરવા માટે કારણ છે. કારણ..બારણું ખોલ્યું ત્યારે બહુ છળી જઈને ખોલ્યું. પૂરી સાવધાનીપૂર્વક લબાડ લફંગો ભૂલથી રાતવરત કે ધોળે દિવસ બારણું ઠબઠબાવે ને અંદર ઘૂસી જાય તો?

બારણું ખોલનાર એમની દીકરી જ.

સુંદર યુવાન, ભદ્ર ચહેરાવાળીએ પૂછ્યું : 'આપહીને ટેલિફોન કિયા થા? આઈયે.'

બિલકુલ નાનકડી મુસ્લિમ ઢબની સજાવટવાળી ખીચોખીચ ખોલી. કાચના નાનકડા શો કેઈસ પણ ખીચોખીચ. એકાદ થપાટ મારો તો જ જેની ગરેડી ફરે એવું ટેપરેકોર્ડર. નાનકડો રેડિયો. ચાર-છ ફોટા, એક દીકરાનો અને બીજો દીકરાની નાનકડી ઢીંગલી જેવડી દીકરીનો.

આવા લતામાં આ બિલ્ડિંગમાં રહેવું પડે છે એનો ભારોભાર ક્ષોભ એમના ચહેરા ઉપર ટપકે. બોલ્યાં : 'ક્યા કરે? કુછ મજબૂરિયાં ઐસી હોતી હૈ, જો કહી નહીં જાતી.'

'આપના પરિવારનાં બીજા સભ્યો?' મેં પૂછ્યું, 'આજ ખોલીમાં...?'

'ના.' એ બોલ્યાં : 'બાજુની બે-ચાર ખોલી પણ અમારી જ છે. મારી મા પણ અહીં જ રહે છે. બીજાં પણ છે. આ મારી દીકરી સોફિયા કૉલેજમાં ગ્રેજ્યુએટ થઈ છે. હજુ લગ્ન નથી થયાં. ને આ...' એ નાનકડી ડોલી જેવી દીકરી તરફ આંગળી ચીંધીને બોલ્યાં : 'મારા દીકરાની દીકરી...'

'આપનો દીકરો?'

'ટેક્સી ચલાવે છે.' મુબારકજી બોલ્યાં : 'આજે ટેક્સી લઈને અમદાવાદ ગયો છે, ક્યા કરે? કુછ ન કુછ તો કરના હી પડેગા...'

પણ ક્યારનોય જે પ્રશ્ન મારા મનમાં ઘોળાતો હતો, તે પૂછવો હતો એમના પતિ વિષે. પણ કેવી રીતે પૂછું? પણ મારી સાથે મને અહીં લઈ આવનાર કંદર્પ પંડ્યાના મનમાં ક્યારનીય જાણકારી સળવળતી હતી. એમણે પૂછી જ નાંખ્યું : 'જગન્નાથ શર્મા દેખાતા નથી?'

એકાએક મુબારકજી આગઆગ થઈ ઊઠ્યાં : 'ઉસ ઇન્સાન કા નામ મત લો...' અને બીજી જ પળે એમની આંખમાં પાણી ધસી આવ્યાં, એ આડું જોઈ ગયાં. કંદર્પ પંડ્યા મારા કાનમાં બોલ્યા : 'નરગીસ-દેવ આનંદની ભૂમિકાવાળી ફિલ્મ 'બિરહા કી રાત' નું નિર્માણ આ જગન્નાથ શર્માએ કરેલું અને એણે જ...''

મુબારક બેગમ મને ક્ષમા કરે. આ વાત અહીં લખાય એ એમને નહીં ગમે, પણ લખવી પડે છે. એમના વિષેની ગેરસમજો જ દૂર કરવા. ઓક્ટોપસના આઠ પગ જેવી અફવાઓને એક સત્યના ખીલે બાંધવા માટે.

ફરી સ્વસ્થ થઈને બોલ્યાં : 'પતા નહીં વો આદમી કહાં હૈ? મૈં જાનના ભી નહીં ચાહતી... ઉસને મુઝે બરબાદ કિયા...'

મુબારક બેગમના સરસામાનની એક જૂની પતરાની ટંકડી ઉપર ગુજરાતીમાં રાજકોટનું નામ વાંચીને એકદમ નવાઈ થઈ.

જવાબ : 'આમ તો અમે રાજસ્થાનના નવલગઢ જિલ્લાના

ઝુનઝુનુ ગામનાં વતની. પણ મારા પિતા નઝીર હુસેનને તબલાંનો ભારે શોખ. મારી મા ચાંદબીબી સારું ગાય, પણ એનાથી પેટ ભરાય નહીં. મારા પિતા સૌરાષ્ટ્ર-ગુજરાતનાં નાનાં-મોટાં શહેરો નાના-મોટા ધંધા માટે ફરી વળેલા. રાજકોટ કેટલોક વખત રહ્યા હશે, પણ એ વખતે મારો જન્મ નહીં. પણ મને મારું અમદાવાદનું બચપણ બરાબર યાદ છે. મારા પિતાને સારંગપુર દરવાજાની અંદર ચાની રેંકડી હતી અને મોટા બાપા (પિતાના ભાઈ) ઉમરમિયાં પણ એ જ ધંધો કરતા. ક્યારેક સીઝન હોય ત્યારે રેંકડીમાં ફ્રુટ વેચવાનો ધંધો પણ કરી લેતા. પણ પાછળથી મારા પિતા થિરકવાખાં સાહેબ પાસેથી વ્યવસ્થિત તબલાં શીખ્યા. એટલે પછી એમણે અમદાવાદ છોડ્યું. મુંબઈ આવીને વસ્યા. કોઈ સારા ફિલ્મી સંગીતકારના વાદક થવાની એમને તમન્ના હતી, પણ અમારો પરિવાર વધ્યો હતો. અમે ત્રણ બહેનો અને બે ભાઈઓ. ગાવાનો શોખ કોઈને નહીં. એકલી મને જ. એ એવો ગાંડો શોખ કે પિતા ન લઈ જવા માગે તોપણ ફિલ્મો જોવાની હઠ પકડું. રડવા માંડું એટલે પછી લઈ જાય. એ દિવસોમાં સુરૈયા પાછળ હું દીવાની હતી. એનાં ગીતોની નકલ કરીને શેરીમાં, ઘરમાં ગાયા કરતી.'

'ભણતર?'

એ હસ્યાં. 'અમારાં મુસલમાન ઘરોમાં છોકરીઓને મદ્રેસામાં કોણ જવા દે? વાંચતાં લખતાં આવડે ને પછી એમાંથી ચિઠ્ઠીચપાટી લખતાં આવડે અને એમાંથી પછી વંઠી જાય તો? હા, છતાં ઘેર રહીને ઉર્દૂ-અરબી થોડું ભણી. પણ વધારે હું શીખી ગાયનનું. અબ્દુલ કરીમખાંના ભાઈનો છોકરો મને શિખવાડે અને એમાંથી જ રેડિયોમાં ગાવાને ચાળે ચડી.'

'પણ રેડિયોમાંથી ફિલ્મોમાં કેવી રીતે?'

'મને તો ફિલ્મોમાં ગાવાની વાતથી જ પરસેવો વળી જતો હતો' એ બોલ્યાં : 'પણ તક સામે ચડીને આવી. રેડિયો પર મારો અવાજ સાંભળીને રફીક ગઝનવી... ખ્યાલ આવ્યો ને? 'તકદીર' અને 'નજમા' જેવી ફિલ્મોના સંગીતકાર... એમને થયું કે આ છોકરીને શોધી કાઢવી જોઈએ અને એમણે મારો પત્તો મેળવ્યો. મને સમજાવી હા પડાવી. એ વખતે એમની કઈ ફિલ્મ બનતી હતી એ યાદ નથી, પણ રિહર્સલ કરાવીને એમણે મને માઈકની સામે ઊભી કરી દીધી. વન-ટુ-થ્રી થયું, પણ મારા ગળામાંથી અવાજ જ ન નીકળે. જીભ જ તાળવે ચોંટી ગઈ. પરસેવે રેબઝેબ થઈ ગઈ. પાછી આવીને પથારીમાં મોં નાખીને રડી. આ ફિલ્મોમાં ગાવાનું આપણું કામ નહીં. આ પછી બીજી એકવાર રામ દરિયાનીની એક ફિલ્મ હતી, એમાં પણ આ જ હાલ. નક્કી થયું કે હવે કદી આવા ફંદા કરવા નથી. યાકૂબ નામના અભિનેતા મારા પિતાના દોસ્ત હતા. એ એક ફિલ્મ બનાવતા હતા. જ્યાં 'બરસાત' ફિલ્મ બની તે વરલીના ઈસ્ટર્ન સ્ટુડિયોમાં શૂટિંગ થતું હતું. એમની પાસે જઈને કહ્યું કે મારે ગાવું છે. તો એ તો નવાઈથી સામે જ જોઈ રહ્યા. 'અરે લડકી, તૂ તો ફિલ્મોં મેં ગાને કે નામસે હી ભાગતી થી ઔર યે ક્યા?' પછી કહે, 'સારું' સારું, તું નાશાદસાહેબ (શૌકત દેહલવી) પાસે જા. એમને સંભળાવ.' મેં જઈને એમને સંભળાવ્યું અને એ ભાઈસાહેબ ખુશખુશ! તરત જ એ ફિલ્મમાં એમણે મારું જિંદગીનું પ્રથમ ગીત રેકોર્ડ કરાવ્યું. ફિલ્મનું નામ હતું 'આઈયે', અને લતા સાથે ડ્યુએટમાં ગવાયેલા મારા એ પ્રથમ ગીતના શબ્દો હતા 'આઓ ચલે ચલે વહાં.'

'એ ફિલ્મમાં મેં નાનો રોલ પણ કરેલો.' મુબારકજી બોલ્યાં 'અલબત્ત, મારા અવાજનું ચિત્રીકરણ મારી નાની બહેન મુમતાઝ પર થયેલું.'

'લતા સાથે ત્યારે તમારે પ્રથમથી જ પનારો - ખરું?'

અણધાર્યું જ એ નામ સાંભળતાવેંત મુબારકજીની આંખમાં જે ભાવની લકીર ચમકી એ એમની કમનસીબીના કાળા રંગની હતી.

'સત્યાનાશ...સત્યાનાશ...' વિસ્ફોટ થયો એમ એ બોલ્યાં : 'ખુદા એને ખુશહાલ રાખે. શું નથી મળ્યું એને? અદ્‌ભુત નામના, પૈસો, અદ્‌ભુત ગળું અને અંદાજ. લાંબી કારકિર્દી, અસંખ્ય ગીતો અને અગણિત ચાહકો... પણ મારું તો એણે...'

'સત્યાનાશ.' કંદર્પ પંડ્યાથી એકદમ બોલાઈ ગયું. પણ પછી અપરાધભાવ અનુભવીને એ ખામોશ થઈ ગયાં.

મુબારક બેગમ એકદમ સ્વસ્થ થઈ ગયાં હતાં અને સાવ ચૂપ.

એ ચુપકીદી હતી પણ ભરીભરી. એક સાથે યાદમાં મુબારક બેગમનાં અનેક અમર ગીતો ઊમટી આવ્યાં. 'દેવદાસ' નું 'વો ન આયેંગે પલટકર, ઉન્હેં લાખ હમ બુલાયેં,' 'મધુમતી' નું 'હમ હાલે દિલ સુનાયેંગે સુનિયે કે ન સુનિયે,' પછી 'હમરાહી' નું રફી સાથેનું 'મુઝકો અપને ગલે લગા લો, અય, મેરે હમરાહી' અને એથી પણ જૂનું 'બેમુરવ્વત બેવફા બેગાનાએ દિલ આપ હૈં' ફિલ્મ 'સુશીલા' અને ૧૯૫૩ માં કમાલ અમરોહીએ બનાવેલી 'દાયરા' ફિલ્મનું રફી સાથેનું 'દેવતા તુમ હો મેરા સહારા, મૈંને થામા હૈ દામન તુમ્હારા.' એમાં તો એમનાં બીજાં ત્રણ સોલો ગીત પણ હતાં. ઉપરાંત હંસરાજ બહેલના સંગીતવાળી ૧૯૫૧ માં આવેલી 'ફૂલો કે હાર' માં તો અગિયારમાંથી સાત ગીતો મુબારક બેગમનાં હતાં અને બધાંજ બરફીના ટુકડા જેવાં.

પણ તો પછી ૧૯૪૯ થી શરૂ થયેલી એમની આ સ્વરયાત્રાનાં આટલાં આટલાં સુંદર મુકામો છતાં આ 'સત્યાનાશ' શા માટે? કોઈ કરોડપતિ કોઈ કરોડપતિની ઈર્ષા કરે તે સમજાય પણ કોઈ સ્ટાર દિલીપકુમાર કે અભિનેતા ઓમપુરીની પાછળ શા માટે પડી જાય? અને લતા...

'દેવદાસ' ફિલ્મમાં દેવદાસ ચંદ્રમુખીને છોડીને કોઠાનાં

પગથિયાં ઊતરી જાય છે. એ વખતે પાછળથી મુબારક બેગમના અવાજમાં અત્યંત તીખું કરુણ ગીત આરંભાય છે. 'વો ન આયેંગે પલટકર, ઉન્હેં લાખ હમ બુલાયે.' પણ ગીત પૂરું સાંભળવા આપણી અંદરની સંગીતતંત્રી તત્પર થઈ ઊઠે ત્યાં તો ગીત કપાઈ જાય. ઝટકો લાગે.

કારણ? એની તરત જ પછી લતાનું આવા જ ભાવનું એક સુંદર ગીત આવતું હતું. પણ જો મુબારક બેગમનું આ ગીત પ્રેક્ષકોના મનમાં હવા બાંધી દે તો? લતાનું ગીત એની ચમક ન ગુમાવી દે?

'મધુમતી' માં પણ 'તુમ્હારા દિલ મેરે દિલ કે બરાબર હો નહીં સકતા, યે શીશા હો નહીં સકતા, યે પથ્થર હો નહીં સકતા.' એક જ લાઈન લખાઈ હતી. મુબારકે એ એક પંક્તિ પૂરી વેદના સાથે ગાઈ બતાવી અને શૈલેન્દ્ર આખું ગીત લખવા માટે બેચેન થઈ ગયા. લખી નાખ્યું. 'હમ હાલે દિલ સુનાયેંગે, સુનિયે કે ન સુનિયે.' સલીલ ચૌધરી મોટી ઈમ્પાલા ગાડી લઈને મુબારકને ફરી બોલાવી ગયા. ગીત રેકોર્ડ થઈ ગયું. પણ ફિલ્મમાંથી?

કપાઈ ગયું! સત્યાનાશ...સત્યાનાશ. 'હમરાહી' માં રફી સાથે મુબારકનું 'મુઝ કો અપને ગલે લગા લો'નું રેકોર્ડિંગ જયકિશને પૂરુ કર્યું. ત્યાં આશા ભોંસલે આવી ચડી. ભ્રૂકુટિ ચડી ગઈ. પણ જયકિશન એ દિવસોમાં લતાથી નારાજ હતા. બોલ્યા : 'એ તો રહેશે જ. રદ નહીં થાય.' પણ આ જ જયકિશનનું પછી 'તીસરી કસમ' વખતે ના ચાલ્યું. 'જબ જબ ફૂલ ખિલે' માં કલ્યાણજી-આણંદજીએ 'પરદેસિયોંસે ના અખિયાં મિલાના' રેકોર્ડ મુબારકજીના અવાજમાં કરાવ્યું. પછી 'બહેનો' નું દબાણ આવ્યું એટલે ભાઈઓ ઝૂકી ગયા. મુબારકને બોલાવીને કહે : 'ઐસા કરના પડેગા, હમેં આપકા દિલ દુખાતે ડર લગતા હૈ...' તરત જ કડવું હસીને મુબારકજી બોલ્યાં : 'વો તો આપ દુખા ચુકે...ઈન્ડસ્ટ્રી મેં ઈતને સાલસે હૈં. દિલ રખને ઔર દુખાને કા મતલબ ખૂબ સમઝતે હૈં. ફિલ્મ 'કાજલ' મેં ભી મેરે સાથ ઐસા હી હુઆ થા. હાલાંકિ ઈસમેં આપ નહીં થે.'

વચ્ચે પંદરેક વરસ અગાઉ કરાંચી જઈને ત્યાંની ફિલ્મ 'રાઝ' માં એક નિરાળા મસ્તીભર્યા અંદાજમાં ગીત ગાયું. 'માન માન માન, મૌસમ હૈ જવાન.' અમારી પાસે ટેઈપમાં ગાઈ બતાવ્યું ત્યારે થયું કે આ તો આશા ભોંસલેના રમતિયાળપણાની બરોબરીનું ગીત! બીજું એક ગુજરાતી રેડિયો પર ગાયેલું ગીત 'હૈયું ઝૂરે છે બાંધી પ્રીતડી.' શુદ્ધ ગુજરાતી ઉચ્ચારો અને ગળાની હલક સાથે અમારા ટેઈપ રેકોર્ડમાં ગાયું ત્યારે થયું કે આપણા ગુજરાતી ફિલ્મોના સંગીતકારોનું ધ્યાન કેમ એમના તરફ જતું નથી?

હા, એક વાર ભપ્પી લાહિરીએ 'પાંચ કૈદી'' ફિલ્મમાં 'દિલ કૈસે સંભાલોગે લાલા, મૈંને આંખો સે ડાકા ડાલા' ગવડાવ્યું. ખૂબ જ હિટ ગયું. બીજા પિક્ચર 'ભૂલા ના દેના' માટે રેકોર્ડિંગ કરાવ્યા પછી પણ કટ! ભપ્પી ખુદ ના કહી શક્યા, પોતાનાં માતા દ્વારા કહેવડાવ્યું. મુબારક બેગમ શું બોલે?

પાછા વળતા હતા ત્યારે જાણે કે કોઈ જીવતી કબરમાંથી બહાર નીકળ્યા. એમની આ 'હત્યા' માટે કોણ જવાબદાર, કોણ ખૂની? એમના જ ગીત 'બેમુરવ્વત બેવફા' ની બીજી પંક્તિ એના પ્રત્યુત્તરમાં યાદ આવી ગઈ. 'આઓ માનેં યા ના માનેં, મેરે કાતિલ આપ હૈં.' પણ 'આપ' એટલે કોણ? મંગેશકર બહેનો, સંગીતકારો કે આપણે સાંભળનારાઓ?

એકવાર સંગીતકાર કલ્યાણજીભાઈ સાથે ગપ્પાં મારતાં વાતમાંથી વાત નીકળી.

'જબ જબ ફૂલ ખિલે' માંથી એમનું ગીત કાઢી નાખવાનું કોઈ કારણ? શો ગુનો મુબારક બેગમનો?'

એમણે કહ્યું : 'તમને પોતાને આટલા અનુભવ છતાં હજુ નથી સમજાતું કે એ શા માટે પાછળ રહી ગયાં?'

હું એમનું કહેવું જલદી સમજયો નહીં. એટલે કલ્યાણજીભાઈએ પોતાના ગળા ઉપર આંગળી મૂકીને મુબારક બેગમના ગળાની યાદ આપી. પછી વખાણના અર્થમાં તર્જની અને અંગૂઠા એક કર્યા મતલબ? 'સુપર્બ...સુપર્બ.'

પણ પછી એ જ તર્જનીને પોતાને લમણે મૂકીને મુબારક બેગમના કપાળનો સંકેત કર્યો.

હવે એનો અર્થ? તકદીર પણ થાય. સ્વભાવ પણ. અચાનક મારા મનમાં એમનો સ્વર ગુંજવા માંડ્યો :

*'આપસે શિકવા હૈ મુઝ કો,*
*ગૈરસે શિકવા નહીં.*
*આપ માનેં યા ન માનેં*
*મેરે કાતિલ આપ હૈં.'*

મારા અળવીતરા મને છેલ્લી પંક્તિમાં એક શબ્દની હેરાફેરી કરી દીધી : 'મેરે' ની જગ્યાએ 'આપ કે' શબ્દ મૂકી દીધો. મનમાં થયું તો ખરું કે આ લેખ વાંચીને ફરી મુબારક બેગમ મારા પર બગડશે.

હજુ આ લેખ હું પૂરો કરીને 'રંગતરંગ' માં મોકલું ત્યાં જ એક અણધારી ઘટના બની. ૮મી માર્ચ (ધુળેટી) ની રાતે એમનો જ મારા પર અણધાર્યો ફોન આવ્યો. હું રોમાંચિત થઈ ગયો. શું કહેવા માટે એમણે ફોન કર્યો?

'આપ બમ્બઈ આતે હૈં બાર બાર, તો ફિર મિલતે ક્યૂં નહીં?'

'આપ નારાઝ જો હો ગઈ થી મુઝ સે!' મેં કહ્યું.

'હાં, હો તો ગઈ થી.' એમણે કહ્યું : 'પર અબ વો બાત નહીં.'

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૨ ઉપર)**

# તાળાને અનુરૂપ ચાવી

ટૂંકી વાર્તા

પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી

મીના અને એની ફ્રેન્ડ શીલા માર્કેટમાંથી ખરીદી કરીને, પાછા વળતાં સોસાયટીમા દાખલ થયા. પાર્કિંગ એરિયામાં કાર પાર્ક કરીને બન્ને કારમાંથી બહાર નીકળ્યા અને જોયું તો મીનાની પુત્રવધૂ અદિતી એના પુત્ર રાહુલને પાર્કિંગ એરિયામાં એક સ્કુટર પર બેસાડીને એક વાડકામાંથી દાળ-ભાત ખવડાવી રહી હતી. દોઢેક વર્ષનો પુત્ર રમત કરતાં કરતાં ખાતો હતો, એટલે થોડું ખાવાનું એના કપડા પર, સ્કૂટર પર અને નીચે જમીન પર પડતું હતું.

એક પળ માટે આ અરુચિકર દૃશ્ય જોઈને મીનાના મનમાં અણગમાનો ભાવ આવી ગયો. પરંતુ બીજી જ પળે એણે અણગમો મનમા જ છુપાવીને, કોમળ સ્વરે અદિતીને કહ્યું, ‘બેટા, આ શું કરે છે તું? રાહુલને અહીં શા માટે ખવડાવે છે?’ અદિતીએ સ્વબચાવ કરતા કહ્યું, ‘શું કરું મમ્મી, બહુ ટ્રાય કરી પણ રાહુલ ઘરમા બેસીને ખાતો જ નથી, એટલે છેવટે અહીં લઈ આવી. અહીં બધાને જોતો જોતો ખાઈ લે છે.’ મીનાએ કહ્યું, ‘તારી વાત બરાબર છે બેટા, પણ આ પબ્લિક પ્લેસ છે. અહીં કેટલાય લોકો આવતા જતાં હોય. બધાની નજર એકસરખી ના પણ હોય. આપણા લાડકવાયા રાહુલને કોઈની ખરાબ નજર લાગી જાય અને એ નજરાઈ જાય તો?’

અદિતી મીનાની વાત સાંભળીને વિચારમાં પડી અને તરત જ કહ્યું, ‘ઓહ! મમ્મી, મને તો એ વાતનો ખ્યાલ જ ના રહ્યો. સારું થયું તમે મારું ધ્યાન દોર્યું. હવેથી એને ગમે તે રીતે સમજાવીને ઘરમાં જ ખવડાવીશ.’ અને અદિતી રાહુલને લઈને તરત જ ચોથા માળે આવેલા એમના ફ્લેટમાં જતી રહી. શીલા આશ્ચર્યથી મીનાની સામે જોઈ રહી હતી, તે જોઈને મીના હસી અને બોલી, ‘શીલા, તને મારી આવી વાત સાંભળીને નવાઈ લાગે છે ને?’ શીલાએ કહ્યું, ‘હા યાર. નવાઈ તો લાગે જ છે. તું એક મોડર્ન વિચાર ધરાવતી આધુનિક નારી છે. એક પ્રખ્યાત કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર રહી ચૂકી છો. મેં તને ક્યારે પણ અંધશ્રદ્ધામા માનતી જોઈ નથી તેથી તારી ‘નજર લાગી જાય’ વાળી વાતથી મને આશ્ચર્ય જરૂર થયું છે.’

મીના હસીને બોલી, ‘એમાં એવું છે ને શીલા, જેને જે લાકડીથી હાંકી શકાય એને માટે તે લાકડી વાપરવી એવું હું જાત અનુભવે શીખી છું. અદિતી આજકાલના જમાનાની છોકરી છે. એને જો હું સીધે સીધું કહેત કે રાહુલને અહીં જમાડે છે તે સુરુચિપૂર્ણ નથી, એને ઘરમાં જઈને ખવડાવ. તો એ મારી સાથે હજાર આર્ગ્યુમેન્ટ કરત. વાદવિવાદને અંતે કદાચ એ ઉગ્ર થઈને મને એમ પણ કહેત કે તમારે મને શીખવવાની જરૂર નથી કે મારે છોકરાને કેમ ઉછેરવો.’ શીલાએ પૂછ્યું, ‘પણ આ નજર લાગી જાય વાળી અંધશ્રદ્ધાની વાત ના સમજાઈ.’ મીના બોલી, ‘તું પૂરી વાત સાંભળ તો ખરી. અંધશ્રદ્ધા અદિતીને એની મમ્મી પાસેથી વરસામાં મળી છે અને મેં જોયું છે કે એ એને મક્કમતાપૂર્વક વળગી રહેવા માંગે છે. એટલે વાદવિવાદના શસ્ત્રના બદલે મેં એની સામે અંધશ્રદ્ધાનું, એનું જ શસ્ત્ર વાપર્યું. અને તેં જોયું ને કે એ કેવું બ્રહ્માસ્ત્ર પુરવાર થયું. કેટલી સહેલાઈથી એણે મારી વાત માની લીધી. અને તું જોજે, હવેથી એ હંમેશાં રાહુલને ઘરમાં બેસાડીને જ ખવડાવશે.’

શીલા અહોભાવથી મીનાને તાકી રહી અને હસીને બોલી, ‘કહેવું પડે યાર, તું તો બહુ ચાલાક નીકળી. હવે ખબર પડી. જોબમા તું કેવી રીતે ઉચ્ચ હોદ્દા પર પહોંચી અને વર્ષો સુધી ટકી રહી તે. માન ગયે જનાબ.’

મીનાએ શીલા સામે આંખ મીંચકારતા કહ્યું,’ એ તો એમ જ હોય સખી! તાળાને અનુરૂપ ચાવી લગાડીએ તો મહેનત ઓછી પડે અને તાળું ઝટ ખૂલી જાય.’ અને બન્ને સખીઓ હસી પડી. ■

## મૂલ્યનિષ્ઠ સર્જકતાનું ગુરુશિખર

(અનુસંધાન : પાના નં.-૭૮ ઉપરથી ચાલુ)

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની સર્જકતા માત્ર લેખન અને પ્રવચનોમાં જ મહોરીને અટકી ગઈ નથી, પણ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને બીજી અનેક સંસ્થાઓ, સંગઠનોને સક્રિય અને સફળ કરવામાં અનન્ય રીતે સફળ બનતી રહી છે. જેનો જોટો જડવો મુશ્કેલ છે.

હમણાં જ કોઈકે લખ્યું છે કે, આપણી ભાષાના આ ઉત્તમ મૂલ્યનિષ્ઠ માનવતાવાદી અને સંવેદનશીલ સર્જકને પોંખવા માટે માન-સન્માન અને ઍવોર્ડ્સ તેમને ખોળતા આવે છે. આજની આવી જ એક સુભગ ક્ષણે માત્ર એક શબ્દપ્રેમી તરીકે નહિ પણ વત્સલગુરુ ડૉ. કુમારપાળ દેસાઈના એક શિષ્ટ તરીકે આદર અને નમ્રતા સાથે તેમને વંદન અને અભિનંદન પાઠવું છું. ■

# મૂલ્યનિષ્ઠ સર્જકતાનું ગુરુશિખર

ગરીમા

જસુભાઈ કવિ

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં સર્જકતાના શ્રેષ્ઠ આવિર્ભાવમાં સમષ્ટિનાં શ્રેય અને માનવતાની મૂલ્યનિષ્ઠાનું પ્રતિબદ્ધ નિર્વહન કરનારા આંગળીના વેઢે ગણી શકાય એવા સર્જકોમાં ડૉ. કુમારપાળ દેસાઈનું નામ પહેલી પંક્તિમાં મૂકવું પડે. માત્ર અગિયાર વર્ષની બાળવયે લેખનકાર્યનો પ્રારંભ કરનારા આ બહુઆયામી સર્જકપ્રતિભાએ આજદિન પર્યંત સર્જકતાના શ્રેષ્ઠ માનદંડ ઉપર મૂલ્યનિષ્ઠાની ધ્વજપતાકાને સતત લહેરાતી રાખીને પોતાની અક્ષરયાત્રાને સામાજિક નિસ્બતથી સહેજ પણ અળગી કરી નથી.

જયભિખ્ખુ જેવા ગઈ પેઢીના સમર્થ સાહિત્યકારના આ સુપુત્રએ માત્ર અગિયાર વર્ષની ઉંમરે 'ઝગમગ' સાપ્તાહિક માટે લખેલી અને પ્રકાશન માટે મોકલેલી પોતાની પહેલી વાર્તાની નીચે લેખક તરીકે કુ.બા. દેસાઈ લખી, પિતા જયભિખ્ખુનાં પ્રભાવ અને પ્રતિષ્ઠાનો જાણે અજાણે પણ પોતાને કોઈ લાભ ન જ મળવો જોઈએ તેની કાળજી લઈને પોતાના સ્વત્વ અને સત્ત્વનાં મૂલ્યનું મહિમાગાન કર્યું હતું. એમનામાં વિલસી રહેલા આ વારસાગત હીરને અનેક અવરોધો વિરોધો અને અડચણો વચ્ચે પણ અકબંધ જાળવી રાખવામાં સર્જક કુમારપાળ દેસાઈએ તસુભર પણ સમાધાન કર્યું નથી.

ડૉ. કુમારપાળ દેસાઈની સર્જનાત્મકતા સર્જકતાના લગભગ બધા જ આયામોમાં સક્રિય રહી છે. અલબત્ત આજે એકવીસમી સદીના પૂર્વાર્ધમાં જેની બોલબાલા વધતી જઈ રહી છે તેવા મોટિવેશનલ લિટરેચરનું પગેરું કુમારપાળ દેસાઈના વીસમી સદીના ઉત્તરાર્ધના સર્જકવિશ્વમાંથી મળે છે. એટલું જ નહિ, એનું મૂલ્ય અને મહત્તા ત્યારે અને આજે પણ ઝળહળે છે. એ અર્થમાં સર્જક પિતા જયભિખ્ખુએ આસ્થાથી મૂકેલી સર્જકતાની ઈંટ ઉપર પુત્ર કુમારપાળે શબ્દશક્તિને કામે લગાડીને સાહિત્ય, શિક્ષણ, સંવેદના, સંવાદ અને સંસ્કાર ઘડતરની ઈમારત ચણી છે.

અગાઉ કહ્યું તેમ યુવાપેઢીનાં જીવનઘડતર માટે કુમારપાળ દેસાઈએ પોતાની સર્જકતાનો વિનિયોગ કરવામાં આગવું સ્થાન અને માન મેળવ્યાં છે. આજકાલનાં વર્તમાનપત્રોમાં તો રમત-ગમતના સમાચારનું આખું પાનું કે પૂર્તિ છપાતાં થયાં છે પણ સાઠ-સિત્તેરના દશકમાં વર્તમાનપત્રના માધ્યમથી ક્રિકેટ, ચેસ, ટેનિસ અને હોકી જેવી રસપ્રદ માહિતી આપતી 'ગુજરાત સમાચાર' માંની તેમની કોલમ 'રમતનું મેદાન' કદાચ ગુજરાતી પત્રકારત્વમાં નવી દિશા ખોલનારી બની હતી. એ પછી કુમારપાળમાં રહેલો એક મૂલ્યનિષ્ઠ પત્રકાર સતત વિકસતો અને વિસ્તરતો રહ્યો છે. પત્રકારિત્વના ક્ષેત્રે સંસ્કારિતા અને સામાજિક ઉત્તરદાયિત્વની નિસ્બત સાથે તેમણે એક ગરિમામય પત્રકારત્વનાં મૂલ્યો સાથે ક્યારેય સમાધાન કર્યું નથી. એટલું જ નહિ, પત્રકારિત્વના પ્રશિક્ષણમાં પણ તેમણે એક આદર્શ શિક્ષક-પ્રશિક્ષક તરીકે ગુજરાતી ભાષામાં આજે જેમનાં નામ ગાજે છે એવા અનેક પત્રકારોનું ઘડતર અને ચણતર કર્યું છે.

અંધજનો અને બીજા શારીરિક પડકારો સાથે જીવતા લોકોના અપ્રતિમ જીવનસંઘર્ષ પછી તેમણે મેળવેલી અપ્રતિમ સિદ્ધિઓની હૃદયસ્પર્શી અને પ્રેરણાત્મક સત્યઘટનાઓના આલેખનથી એક નવી જ દિશા ઉઘાડતા ડૉ. કુમારપાળ દેસાઈના 'અપંગનાં ઓજસ' પુસ્તકથી આ ક્ષેત્રમાં કામ કરતાં મારા જેવા અનેક લોકોને અધિકૃત સંદર્ભ, પ્રેરણા અને હાથવગા પાઠ્યપુસ્તકની ખોટ ભરપાઈ થઈ છે. એટલું જ નહિ, એમના આ પુસ્તકે અનેક ગુજરાતી સર્જકોને અને પત્રકારોને સમાજના તકવંચિત રહી ગયેલા અપંગજનોના પ્રશ્નો અને પુરુષાર્થ વિશે લખવાની પ્રેરણા આપી છે. અમારા જેવા અનેક લોકો ડૉ. કુમારપાળ દેસાઈ પાસેથી આવા એકાદ બીજા ગ્રંથ માટે રાહ જોઈ રહ્યા છીએ.

ચરિત્રસાહિત્ય, ચિંતનસાહિત્ય, સંશોધન, વિવેચન, સંપાદન, બાળ સાહિત્ય, અનુવાદ, નાટક અને નવલિકા વગેરે જેવાં સાહિત્યનાં લગભગ બધાં જ સ્વરૂપોમાં એકસરખી રીતે સફળ સર્જક રહેલા ડૉ. કુમારપાળ દેસાઈ જેમ તેમના ગ્રંથો દ્વારા લોકો સુધી વંચાતા રહ્યા છે તેવી જ રીતે તેમનાં અભ્યાસપૂર્ણ પ્રવચનો દ્વારા લોકોનાં હૃદયમાં વહેંચાતા રહ્યા છે. તેમને વાંચવાનો આનંદ વધે કે તેમને સાંભળવાનો આનંદ વધે તે નક્કી કરવું કાયમ એક સાહિત્યિક કોયડો બની રહે છે.

તેમના સાહિત્યના ઉત્તમ પ્રદાન માટે તેમને અનેક માન-સન્માન મળ્યાં છે. જેમાં જૈન રત્ન, જૈન વિભૂષણ, જૈન ગૌરવ ઍવોર્ડ, જૈન જ્યોતિર્ધર ઍવોર્ડ, ગુજરાત રત્ન ઍવોર્ડ, સંસ્કૃતિ સંવર્ધન ઍવોર્ડ, કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા ઍવોર્ડ, રણજિતરામ સુવર્ણચંદ્રક વગેરે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૭ ઉપર)**

# ભૂલશો નહીં મા-બાપને

સમાજ ચિંતન

ઇલા કે. શાહ

આજે મંગુકાકા લમણે હાથ દઈને બેઠા હતા. કારણ પોતાની ધર્મપત્ની ગંગાનું અવસાન થયે હજી પંદર દિવસ જ થયા હતા અને અભાગી બાપને પાલવવા (રાખવા) માટેની ચણભણ ચાલી રહી હતી. મંગુકાકાની બેસુમાર બેચેનીએ તેમને બેબસ બનાવી દીધા.

વાત જાણે એમ હતી કે હજી દીકરાની માતાને પરમધામ પહોંચ્યાને ઝાઝો દિવસ થયા પણ નહોતા ત્યાં તો પુત્ર વર્તુળમાં ગુસપુસની ગોસીપ શરૂ થઈ ગઇ. ત્રણ ત્રણ પુત્ર અને પુત્રવધૂથી ભર્યાભાદર્યો મંગુકાકાનો આ સંસાર મહેલા કડડભૂસ કરતો તૂટી પડશે તેવી ચહલપહલ થતી હતી.

ટી.વી. અને પશ્ચિમી સંસ્કૃતિની એવી તો ગાઢ અસર હતી કે મા-બાપ તો ગાર્બેજ જ કહેવાય તેવું અપમાન થતું હતું.

મંગુકાકાનો મોટો દીકરો તપન અને તેની વહુ નીપા ડૉક્ટર હતા. પૈસે ટકે સુખી હતા. નવા ફ્લેટની વેતરણમાં હતા.

“મારાથી કાકાને રખાશે નહીં. તેઓ પિતાને કાકા કહેતા હતા. બંને જણ ડૉક્ટર. એટલે ઘરે પણ ન હોઈએ. વળી કાકાને ટી.બી. થયો છે, સારવાર કોણ કરે? એટલે હું તો નવા ફ્લેટમાં ચાલ્યો જઇશ.” તપને પોતાની વાત જણાવી.

બીજા નંબરનો વચેટ દીકરો મનીષ બોલ્યો, “મારે તો પરદેશ જવાની તૈયારી ચાલી રહી છે. હવે વિઝા મળે એટલે તારીખ નક્કી કરી દઈશ. મારા દીકરાને ત્યાં ભણવા માટે સેટ કરવો છે. તેથી અમે ત્રણેય જઈશું.”

મંગુકાકાએ આ સાંભળ્યું. મનમાં બબડ્યા કે “પણ તારો દીકરો તને સેટ કરશે? તું મને સેટ કરી શકતો નથી ને? સોફા પર એક ખૂણે બેઠેલા મંગુકાકાને કાને પોતાનાં દીકરાના તીખા વેણ સંભળાતા હતા.

નાનો દીકરો તુમુલ એન્જિનિય હતો. વહુ તન્વી બી.એ. થયેલ હતી. પણ સારા સંસ્કારનું પાણી પીને નહોતી આવી. તન્વીને તો તેનો બાપ આઉટડેટેડ લાગતો હતો. તુમુલે તો પોતાના પિતા (કાકા)ને રાખવાની ચોખ્ખી ના પાડી. પછી વહુને તો કહેવાનું જ શું હોય?

આધુનિકતાનો અંચળો ઓઢી ફરતી આ તન્વી તેના નાના દીકરાને સમજાવી રહી હતી કે, ‘યશ બેટા, હવે તો દાદાને સાસરે જવાનું છે. ઉંમર થાય એટલે બધાંને જવું પડે. તું આમ આવ. હવે આપણે બહાર જવાનું છે.’ નાનકડા માસૂમને સાસરું એટલે શું? તે ક્યાં ખબર હતી? તેણે પૂછ્યું : મમ્મી, સાસરું એટલે શું? એવી કોઈ જગ્યા કે બંગલો કે ઘર હોય? દાદાજી પાસે કોણ હોય? બિચારાને એકલાને ન જ ગમે.”

“તું હજી નાનો છે એટલે નહિ સમજાય. હવે વધારે પૂછીશ નહીં. ચાલ તૈયાર થા.” મમ્મીએ કહ્યું.

લાચાર મંગુકાકા ફિલ્મ જોતાં હોય તેમ મૂંગા મોઢે આ દશ્ય નિહાળી રહ્યાં. તેઓ વિચારી રહ્યાં કે મા-બાપની મમતાને આ લોકો શું નહિ સમજતાં હોય? વૃદ્ધાશ્રમ એ જ મારું સાસરુ ને?

મનમાં મનોમંથન ચાલતું હતું. ત્યાં મોટા પુત્રનો દીકરો (પૌત્ર) આવ્યો ને પૂછવા લાગ્યો કે તન્વી આન્ટી કહેતાં હતાં કે તમારે સાસરે જવાનું છે, તો ક્યારે જવાનાં છો? ના જશો હોં. અમને વાર્તા કોણ કહેશે? ત્યાં તમને નહિ ગમે.”

“બેટા, ગમે કે ના ગમે પણ તારાં મમ્મી-પપ્પા, તારા અંકલ-આન્ટીને ગમે છે એટલે જવું જ પડે.” મંગુકાકા સમજાવતા હતા.

“તો હેં દાદા, મારાં મમ્મી-પપ્પા તમારી જેવડા થશે ત્યારે હું મારાં પપ્પા જેવડો જ હોઈશ. ત્યારે એ લોકોને પણ સાસરે મોકલવા પડે ને?” નાનકડો પૌત્ર પૂછી રહ્યો હતો.

દાદા શું જવાબ આપે? આ બાળક હોવા છતાં સમજે છે તો તેના માતા-પિતાને અક્કલ નહીં હોય કે મારોય વારો આવશે. આ તો આજની પ્રજા છે. શું રાખશે?

તન્વી વહુનો યશ અને નીપા વહુનો નમન બંને પોતાનાં મમ્મી-પપ્પાની પાસે પહોંચ્યા.

નમન કહેવા લાગ્યો, “પપ્પા-મમ્મી અમે દાદાને સાસરે નહીં જ જવા દઈએ. ત્યાં એમને કેવી રીતે ગમે? તે બીમાર છે તો દવા કોણ આપે? બા નથી તો ધ્યાન કોણ રાખે? અમને વાર્તા કોણ કહેશે?”

એક સામટા સવાલોની ઝડી વરસાવી દીધી. ત્યાં તો નાનકડો યશ પણ તેની મમ્મીની પાસે જીદ કરવા લાગ્યો, “મમ્મી, દાદાને સાસરે ન મોકલો. ત્યાં તેમનું કોણ? જો એ જશે તો હું પણ જઈશ.”

“બેસ હવે, બહુ વેવલાવેડા ન કર. તને આમાં કશી સમજ

ન પડે. દાદાને સાસરે જવું જ પડે. માટે ચૂપ કર.'' તન્વીએ કહ્યું.

નમનને પણ તેનાં મમ્મી-પપ્પા સાચી વાત સમજાવવાને બદલે ધમકાવવા લાગ્યા. પણ નમન થોડો મોટો હતો. તેથી તેનામાં થોડી વધુ સૂઝ હતી. તે ગભરાયા વગર બોલ્યો : ''મમ્મી, એક વાત કહું?''

''હા કહેને બેટા, શું કહેવું છે?''

''મમ્મી, તને પપ્પા દાદા જેવડા થશો ને? ત્યારે હું પપ્પા જેવડો થઈશ ને?''

''હા, પણ તેનું અત્યારે શું છે?''

''તે વખતે તમને બંનેને કે એક હશો તો એકને મારે સાસરે મોકલવા જ પડશે ને? ત્યારે તમો જશો ને? તમારી દશા આવી જ હશે, હું દયા નહીં બતાવું. બોલો, દાદાને મોકલવા છે કે રાખવા છે?'' નમન મોટો હોય તેમ બોલ્યો.

આ શબ્દોથી મા-બાપની આંખ ખૂલી ગઈ. પોતાનું દૃશ્ય નજર સમક્ષ ખડું થયું. જેવું વાવીશું તેવું લણીશું.

મંગુકાકા આ શાબ્દિક ધિક્કારકંપથી ધ્રુજવા લાગ્યા. ઘરની વહુઓ સંસ્કારના પાણી પીને ન આવી હોય, વિશ્વાસના વાવેતરને વેરણછેરણ કરી મૂકતી હોય, પ્રેમનાં પિયૂષનાં પ્યાલાને ઢોળી દેતી હોય તેવાં ઘરનાં વૃદ્ધોને સાસરે (વૃદ્ધાશ્રમ) જવું જ પડે. પુત્રો પણ વહુના વેલે ચડી જાય પછી શું કહેવાનું? પણ આ વ્યાજનું વ્યાજ લાગણીના સહારે આગળ વધતું લાગ્યું. આ નાનકડાં ભૂલકાંઓએ મા-બાપને એવી ચેતવણી આપી કે દાદાજીને સાસરે જવાનું મુલત્વી રાખવું પડ્યું.

''ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહીં.'' ■

## મેરે કાતિલ આપ હૈં! – મુબારક બેગમ

**(અનુસંધાન : પાના નં.-૭૮ ઉપરથી ચાલુ)**

'ક્યૂં?' મૈંને પૂછ્યું : 'મૈંને આપસે કોઈ માફી તો નહીં માંગી!'

'કોઈ ઝરૂરત નહીં. અબ લગતા હૈ, આપને જો કિયા વો દુરુસ્ત (બરાબર) હી કિયા થા.'

'અજીબ બાત હૈ.' મૈં કહ્યું : 'આપકે મિજાઝ કા તો કોઈ ભરોસા હી નહીં.'

એમણે હસી દીધું. પછી કહે : 'મેરે બહુતસે સ્ટેજ પ્રોગ્રામ હુએ. ઑલ ઇન્ડિયા રેડિયો પર એક કોન્સર્ટ (મહેફિલ) ભી હુઈ. ઔર હાં, ઈક બાત મૈં આપ કો કહેના ભૂલ હી ગઈ.'

મૈં કોઈ પ્રતિભાવ ના આપ્યો. એટલે એ આગળ કહેવા માંડ્યાં : 'મેરી એક કેસેટ ઈ.એમ.ઈ. કંપનીવાલોંને પબ્લિશ કર દી હૈ. મેરે બહેતરીન ગાને ઉસ મેં હૈં...' પછી અટકીને કહે : 'આપ કહેં તો ભિજવા દૂં?'

મને કંઈક વિચાર આવ્યો અને મૈં એ લાલચ ટાળી દીધી. કહ્યું : 'આપ તકલીફ ન કરેં, મૈં ખરીદ લૂંગા.'

હવે આગળ એમને માટે મારે અમદાવાદમાં ગોઠવવાના કોઈ કાર્યક્રમની વાત આવશે. હું જાણતો હતો. બલકે હા પાડવા તત્પર હતો. પણ એમણે પૂછ્યું : 'કુછ રોઝ પહેલે મેરી 'દાયરા' ફિલ્મ આઈ થી. આપને દેખી થી?'

'વો દિન મેરા સર ફટા જા રહા થા.' હું બોલ્યો : 'ન દેખ સકા. પર હાં, મેરે એક નવજવાન સાથી બીનીત મોદીને યે મેરે લિયે વિડિયો કેસેટપે રેકોર્ડ કર લી હૈ, ફુરસત મિલને પર દેખ લૂંગા.'

'આપ મુઝે વો કેસેટ ભિજવા સકતે હૈં?'

'ક્યોં?' મને નવાઈ લાગી : 'આપને ખુદને નહીં દેખી?'

'પહેલે એક ઘંટા દેખી.' એ બહુ સ્વસ્થ અવાજે, એમના આગવા તીણા સ્વરે બોલ્યાં, પણ એ વાક્ય પછી એમની વાણીમાં જરા કંપ આવી ગયો. બહુ ધ્યાનથી, માત્ર ફોનના રિસીવરમાંથી જ પકડી શકાય એવો કંપ. એમ લાગ્યું કે શબ્દો ઉપર એકદમ ભીનું પોતું ફરી ગયું. એ બોલ્યાં : 'આગે નહીં દેખ સકી. ક્યૂં કિ...'

બાકીની વાતની મને કલ્પના હતી જ. છતાં એમના મોંએથી સાંભળી લીધું : 'ક્યુંકિ ઉસ ફિલ્મવાલે ઝમાને મેં મૈં શોહરત (કીર્તિ) કી કૈસી ચોટી પે થી. ઔર...'

ફરી વાર મનમાં એમનું ગીત રેલાઈ રહ્યું : 'મેરે આંસુઓંપે ન મુસ્કુરા, કઈ ખ્વાબ થે જો મચલ ગયે, મેરે દિલ કે શીશમહલ મેં ફિર વો ચિરાગ આંખો કે જલ ગયે...'

૧૯૯૩ની ૨૪ મી એપ્રિલનો હમણાં છેલ્લે એમનો એક પત્ર મારા પર હતો. વાતો તો કામની લખી હતી. પણ એક વાક્ય બહુ સ્પર્શી ગયું. લખ્યું હતું :

'આપ ભી અપના વાદા પૂરા કરના.'

હું વાયદો પૂરો કરી શક્યો નથી. મુંબઈ અનેક વાર ગયો છું. મળવા પણ જઈ શક્યો નથી. અલબત્ત, વારંવાર મનમાં મારા ગુરુવર્ય મિત્ર નથવાણીની એક વાત ચિત્તમાં ચમકી જાય છે. એ કહેતા હતા : 'તમે મુબારક બેગમના ગળામાં રહેલી બળતરા-વેદનાના આશક છો. ખરું? પણ જાણો છો આવી કલાકારના ગળામાં વેદના પણ એમના જીવનના કડવા અનુભવોમાંથી આવતી હોય છે. લોકો એમને આપેલું વચન પાળતા નથી. પ્રેમનું - કાર્યક્રમનું - કામ અપાવવાનું...'

લાગે છે કે હત્યારાઓમાં - કાતિલોમાં હું પણ ક્યાંક ઊભો છું! ■

# આજના યુગમાં શિક્ષણની અનિવાર્યતા

શિક્ષણ

રામ સોલંકી

માણસની પાયાની જરૂરિયાતોમાં રોટી, કપડા ઔર મકાન ગણાવી શકાય. પરંતુ આજના યુગમાં આ જરૂરિયાતોમાં 'શિક્ષણ' ની જરૂરિયાત ઉમેરવાનો સમય પાકી ગયો છે. રોટી, કપડા અને મકાન તો હશે, પણ જો શિક્ષણનો અભાવ હશે એટલે કે આ ત્રણમાં શિક્ષણ નહીં મૂકીએ તો માણસની જરૂરિયાતો અધૂરી ગણાશે.

સમાજને આર્થિક રીતે સમૃદ્ધ કરવો હોય તો પાયામાં 'શિક્ષણ' હોવું જરૂરી છે. એ સાચું છે કે શિક્ષણ હશે તો સમૃદ્ધિ તેને અનુસરશે (સમૃદ્ધિનો અહીં આર્થિક સધ્ધર એવો અર્થ અભિપ્રેત છે.) પરંતુ એ જરૂરી નથી કે સમૃદ્ધિ હોય તો તેને શિક્ષણ અનુસરશે. ક્યાંક અપવાદ હોઈ શકે છે. ટૂંકમાં સમૃદ્ધિ અને શિક્ષણ આ બંને પલ્લામાં શિક્ષણનું પલ્લું હંમેશાં નમતું જ રહેવાનું, વજનદાર રહેવાનું.

'શિક્ષણ' વ્યક્તિ અને સમાજ એમ બંને માટે દીવાદાંડીની ગરજ સારે છે. જેમ મધદરિયે દિશાભાન ભૂલેલા નાવિકોને દીવાદાંડી રસ્તો ચીંધે છે તેમ 'શિક્ષણ' દિશાભાન ભૂલેલા લોકોને રસ્તો ચીંધે છે. એક અશિક્ષિત માણસ (અશિક્ષિત એટલે અભણ નહીં) જેટલી સરળતાથી અને સહજતાથી કોઈ ગુનો કરે છે, દુષ્કૃત્ય કરે છે કે સામાજિક કૃત્ય કરે છે એ રીતે કોઈપણ શિક્ષિત વ્યક્તિ કૃત્ય કરતાં હજાર વખત વિચારશે. એમ તો દલીલ કરીને એમ પણ કહી શકાય કે ઘણા આતંકવાદીઓ પણ સારું એવું ભણેલા છે છતાં અસામાજિક અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ સહજતાથી કરે છે. હવે પ્રશ્ન એ થાય કે તેઓ સાચા અર્થમાં 'શિક્ષિત' છે ખરા? જવાબ છે - ના. કારણ કે શિક્ષિત હોવાનો અર્થ માત્ર ભણવું એવો નથી. શિક્ષિત હોવું એટલે પ્રજ્ઞાનાન થવું. પ્રજ્ઞાનો અર્થ થાય છે બુદ્ધિ! જીવનની સમસ્યાઓનો ઉકેલ આપે તેને પ્રજ્ઞા કહે છે અને એ ઉકેલ કોઈનાય હિત વિરુદ્ધ ન હોવો જોઈએ! કોઈનું પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અહિત ન થાય એ રીતે નીર-ક્ષીર વિવેકને દષ્ટિમાં રાખી જીવનની સમસ્યાનો ઉકેલ આપે તે જ પ્રજ્ઞા. આવી પ્રજ્ઞાને સાત્વિક પ્રજ્ઞા કહી શકાય. શિક્ષણ માણસને મૂઢતામાંથી સાત્ત્વિક પ્રજ્ઞા તરફ દોરી જાય છે, અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જાય છે! ભલે પછી એ શિક્ષણ શૈક્ષણિક અર્થમાં હોય કે પછી આધ્યાત્મિક કે ધાર્મિક અર્થમાં હોય! પણ એટલું નક્કી કે આવું શિક્ષણ જ માણસને માનવ બનાવે છે. શિક્ષણ સાચા અર્થમાં જીવન તારક છે. શિક્ષણ થકી માણસનું અને સમાજ બંનેનું આમૂલ પરિવર્તન શક્ય છે પણ સંપત્તિથી પરિવર્તન શક્ય નથી. સંપત્તિ ઘણીવાર જીવન મારક બની જતી હોય છે.

સંપત્તિ તો સમ્રાટ અશોક પાસે ક્યાં ઓછી હતી? કલિંગ વિજય પછી બૌદ્ધ ગુરુના શિક્ષણ પછી એનામાં પરિવર્તન આવ્યું. એ સાચા અર્થમાં 'શિક્ષિત' બન્યો અને સમાજને એનાથી ઘણો ફાયદો થયો. એ જ રીતે હિટલર, મુસોલિની, ચંગેઝખાન બધા સંપત્તિવાન તો હતા પણ સાચા અર્થમાં શિક્ષણથી વંચિત હતા અને એ કારણથી સમાજને ઘણું નુકસાન થયું છે. ટૂંકમાં, શિક્ષણ કોઈ પણ પ્રકારનું હોય શૈક્ષણિક બાબતને લગતું કે પછી આધ્યાત્મિક કે ધાર્મિક બાબતને લગતું – પરંતુ એ સમાજ અને વ્યક્તિ બંને માટે હિતકારી હોય છે, શ્રેયકર હોય છે.

સાચું શિક્ષણ અંધારામાંથી પ્રકાશ તરફ લઈ જાય છે, અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ લઈ જાય છે.

શિક્ષણ થકી જ જ્ઞાનનો પ્રકાશ થાય છે અને ત્યારે જ શિક્ષણનું મૂલ્ય સમજાય છે. અજ્ઞાનને કારણે કોઈનો જીવ લેવામાં પણ જરાય ખચકાટ થતો નથી! પૃથ્વી ગોળ છે અને બ્રહ્માંડનું કેન્દ્ર નથી એવું કહેવા બદલ ઇટાલિયન ખગોળવિદ્ બ્રૂનોને જીવતો સળગાવી દેવામાં આવેલો! ડાકણનો વહેમ રાખીને કેટલીય સ્ત્રીઓને જીવતી સળગાવી દેવામાં આવતી. અરે! આજે પણ આદિવાસીઓ જેવી પછાત જાતિમાં આ ઘટનાનું પુનરાવર્તન થતું જોવામાં આવે છે. અરે આદિવાસી જ કેમ, ઘણી સભ્ય કહેવાતી કોમોમાં પણ અવારનવાર ભૂવાઓ બોલાવીને કે તાંત્રિકો બોલાવીને ઘરને મેલી વિદ્યાથી મુક્ત કરવા માટે આહ્વાન આપવામાં આવે છે. આ બધું શિક્ષણનો અભાવ સૂચવે છે. ભણેલા-ગણેલા લોકો જો આવી બાબતમાં માનતા હોય તો વિચારવાનું રહે છે કે ખરેખર તેઓ શિક્ષિત છે? કારણ કે અગાઉ કહ્યું તેમ શિક્ષણનું એક કામ અંધારા ઉલેચવાનું પણ છે, અજ્ઞાન દૂર કરવાનું છે.

હવામાન ખાતા દ્વારા છોડવામાં આવતા બલૂનો કે પછી રાત્રે આકાશમાં ગતિ કરતા માનવસર્જિત રોકેટને આપણે માતાજીનો દીવો માનવાની ભૂલ નથી કરતા એ શિક્ષણનો પ્રતાપ છે. એ જ રીતે ભૂતપ્રેત કે અન્ય કોઈ વળગાડ વળગવો કે પછી ધૂણવું આવી બાબતો 'સ્કીઝોફ્રેનિયા' કે પછી 'પર્સનાલિટી ડિસઓર્ડર' ને કારણે થાય છે

એવું જ્ઞાન આપણને શિક્ષણે આપ્યું. જો મેડિકલ સાયન્સ ન હોત તો અડધી દુનિયા તો રોગોને કારણે ખતમ થઈ ગઈ હોત! ટી.બી. જેવો અસાધ્ય ગણાતો રોગ આજે સાધ્ય બન્યો છે. અરે! કેન્સર જેવો મહાવ્યાધિ પણ સમયસરની સારવારથી મટી શકે છે. એ કંઈ નાની સૂની વાત છે? કહેવાની જરૂર ખરી કે આ બધો પ્રતાપ શિક્ષણનો છે?

બીજી બધી કડાકૂટ જવા દો, આંખો બંધ કરીને આજથી ચાલીસ-પચાસ વર્ષ પહેલાંનું, તમારા બા-બાપુજી કે દાદા રહેતા હતા એ માહોલનું અને આજના માહોલનું મૂલ્યાંકન કરો. એ સમયે સાઈકલ કે ટ્રાન્ઝીસ્ટર રેડિયો પણ કૌતુક જેવો લાગતો. અને આજે? ઈન્ટરનેટમાં પણ કૌતુક નથી લાગતું. કોઈ કહેશે કે સમય બદલાયો છે. પણ ના, સમય જરાય નથી બદલાયો. એ સમયે આટલું શિક્ષણ ક્યાં હતું? એટલે કે શિક્ષણનો વ્યાપ વધ્યો છે એમ કહેવું વધારે યોગ્ય છે, નહીં કે સમય બદલાયો છે એમ કહેવું. આજે તો ભૌતિકશાસ્ત્ર, તબીબશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર કેટલે દૂર નીકળી ગયું છે, આપણી સેવા કરતાં કરતાં! હા, વિકાસની સાથે સાથે એની વિઘાતક અસરો પણ છે, પણ એના માટે આપણે જ જવાબદાર છીએ. ભૌતિકશાસ્ત્રે આપણને જીવનની તમામ સુખ સગવડો પૂરી પાડી છે, તબીબશાસ્ત્રે આપણને નાના રોગોથી લઈ મહારોગો સામે રક્ષણ પૂરું પાડ્યું છે. ઉપરાંત સામાન્ય સર્જરીથી માંડીને ઑપનહાર્ટ સર્જરી કે ન્યૂરો સર્જરી સુધીની અગણિત ચિકિત્સાસેવા પૂરી પાડી છે, આ બધું જ...શિક્ષણને પ્રતાપે.

આજનો યુગ જ્ઞાનનો યુગ છે. Knowledge is power. આજના યુગમાં શિક્ષણથી વંચિત રહેવું એ શરમજનક બાબત ગણાય. એક શિક્ષિત માણસ ચાહે તો સમાજને બદલી શકવાની ક્ષમતા ધરાવે છે. મગધના પતનને ખાળનાર ચાણક્ય શિક્ષક જ હતો. એણે યથાર્થ જ કહ્યું છે : 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, સર્જન ઔર પ્રલય ઉસકી ગોદમેં પલતે હૈ.' ચાણક્યના આ શબ્દો શિક્ષણ શું કરી શકે છે એ તરફ ઈશારો કરે છે.

જોકે આજે શિક્ષકની વ્યાખ્યા થોડી બદલાઈ ગઈ છે. એક જ શિક્ષક એક જ સમયે અનેક જગ્યાએ ભણાવતો થયો છે — કોન્ફરન્સ પદ્ધતિથી! આ Tele educationના માધ્યમથી શિક્ષકનો વર્ગખંડ વિસ્તરીને ગ્લોબલ બની ગયો છે. ઉપરાંત આજના યુગનો આધુનિક શિક્ષક 'Internet Sir' ને ક્યારેય સમયનું બંધન નડતું નથી. ચોવીસ કલાકમાં તમે એને ગમે ત્યારે પ્રશ્ન પૂછો તમારી સેવામાં તૈયાર જ હશે! Internet sir પાસેથી અમર્યાદ જ્ઞાન મેળવી શકાય છે અને એ પણ કોઈ પણ વિષયનું, કોઈપણ ક્ષેત્રનું!

વિચારો, આજથી પાંસઠેક વર્ષ પહેલાં કોઈએ એમ કહ્યું હોય કે કોમ્યુનિકેશનના સંદર્ભમાં દુનિયા સંકોચાઈ જશે તો કોઈ માને ખરું? માર્શલ મેકલુહાન નામના કેનેડિયન વિદ્વાને ૧૯૫૧-૫૨ માં ગ્લોબલ વિલેજ એટલે કે વૈશ્વિક ગામડાંની કલ્પના કરી હતી! એમણે કહ્યું હતું કે એક દિવસ એવો આવશે કે દુનિયા ટ્રાન્સપોર્ટ અને કોમ્યુનિકેશનની દૃષ્ટિએ એકદમ સાંકડી થઈ જશે! એ જમાનામાં લોકોએ એમની આ વાતને મૂર્ખામીમાં ખપાવી હતી. પરંતુ આજે એમની એ વાત કેટલી સત્ય સાબિત થઈ છે. જે માણસની વાત મૂર્ખામીભરી ગણાવી હતી એ માણસનું આજે 'મીડિયા પ્રોફેટ' તરીકે આદરથી નામ લેવાય છે. આજના યુગમાં Internet Sirની આપણા પર ઘણી મહેરબાની છે. પેલી 'જીન' ની વાર્તા તો તમે સાંભળી છે ને? 'જી મેરે આકા...' કહીને હાજર થઈ જતો અને કહેતો 'હૂકમ આકા...' આજે એ જીન જેવું જ કામ Internet Sir કરે છે. જરા જુદા સ્વરૂપમાં! માહિતીપિપાસુ કે જ્ઞાનપિપાસુ માહિતી માગશે તો Internet Sir કહેશે, Wait a minute અને માહિતી હાજર! ભલેને પછી એ માહિતી દુનિયાના કોઈપણ ખૂણાની ન હોય!

પહેલાના વખતમાં શિક્ષણ દુર્લભ હતું અને અત્યારે હાથવગું છે. વધારે સ્પષ્ટ કહીએ તો આંગળીના ટેરવાવગું છે. આજના જમાનામાં Internet Sir ને Super Natural કહો તો એમાં જરાય અતિશયોક્તિ નથી.

દુઃખની બાબત એ છે કે આજનો યુવાન માત્રને માત્ર નોકરી મેળવવાના આશયથી જ માહિતી એકઠી કરે છે, પણ શિક્ષણ મેળવતો નથી. જો તમે સાચા અર્થમાં શિક્ષિત હશો તો રોટલો તો આરામથી મળી રહેશે. એટલે માત્ર માહિતી એકઠી ન કરો, એને રસપૂર્વક પચાવો.

શિક્ષણની મહત્તા સમજીને જ સરકારશ્રીએ 'ફરજિયાત શિક્ષણ' નો કાયદો કરવાનું વિચાર્યું છે. પહેલાંના વખતમાં છોકરી ગામ છોડીને બીજે ક્યાંય ભણવા જઈ શકતી નહોતી અને આજે બીજા રાજ્યમાં અને બીજા દેશમાં પણ જતાં ખચકાતી નથી. આ બધોય ગ્લોબલાઈઝેશનનો પ્રતાપ છે, શિક્ષણનો પ્રતાપ છે. આજના યુગમાં કન્યા કેળવણી અને સ્ત્રી સશક્તિકરણ પર ભાર મૂકવામાં આવે છે. કારણ કે શિક્ષણ અને બીજા ક્ષેત્રોમાં સ્ત્રી સરખી હિસ્સેદારી હોવી જ જોઈએ, દરેકને સરખું શિક્ષણ મળવું જોઈએ.

કન્યા કેળવણીના સંદર્ભમાં વાત કરીએ તો એક કન્યા શિક્ષિત થઈને આખા કુટુંબને તારે છે. આ વિધાનમાં દમ છે. રૂબી માણિકને કહેલું : "If you educate a man, you educate a person but if you educate a woman you educate a family." આ સંદર્ભમાં બહેનોને નમ્ર અપીલ છે કે ભણો, ખૂબ ભણો, શિક્ષિત બનો અને સાચા અર્થમાં એક કુટુંબના શિક્ષક બનો. જો આમ થાય તો આવનાર વર્ષોમાં આખો દેશ શિક્ષિત બની જાય!

*જાસપુર, તા. કલોલ.*
*મો. ૯૮૨૪૬ ૪૫૪૧૫*

# સાઠ પછીનું સ્વાસ્થ્ય - ૧

આરોગ્ય

હરેશ ધોળકિયા

સાઠ વર્ષની વયથી વધારે હોવું એ તો ઉત્સવની ઘટના છે, ચિંતાની બાબત નથી. અત્યારે તો પુષ્કળ વૈજ્ઞાનિક સંશોધનો કહે છે કે વૃદ્ધાવસ્થાની જે તકલીફો છે તેને હવે ઘટાડી શકાય છે અને વૃદ્ધત્વના તો ફાયદા માણી શકાય છે.

આજે જો તમે સાઠના કે તેથી વધારે ઉંમરના હો, તો તમે બહુ મોટી કંપનીમાં છો. ૨૦૨૫માં લગભગ ૧.૨૫ બિલિયન લોકો સાઠ પરના હશે. તે ૨૦૫૦ માં બે બિલિયન હશે. વિશ્વની વસતિનો ચોથો ભાગ!

એ વાત સાચી છે કે સાઠ પછી શરીર ધીમું પડતું જાય છે. પણ માંદગી અને નબળાઈ કંઈ ફરજિયાત નથી. ત્યારે ઉંમરના પ્રભાવે જે શારીરિક ફેરફારો થાય છે અને તેમાં કઈ જીવન વ્યવસ્થા તેમાં મદદરૂપ થઈ શકે તે જાણીને વ્યક્તિ સ્વસ્થ રહી શકે છે અને લાંબાગાળાની સ્વસ્થતા માણી શકે છે. આજે જે ઉત્તમ નિદાન અને સારવારની વ્યવસ્થા છે, તેની મદદથી આનંદમય દીર્ઘાયુષ્ય માણી શકાય છે.

વિજ્ઞાનીઓ કહે છે કે વૃદ્ધ થવાના તો હકીકતે ઘણા ફાયદા છે. શારીરિક સ્તરે, ઓછી ઠંડી પડશે. વ્યક્તિની ઈમ્યુન સિસ્ટમને બધાં જ ઠંડાં વાઈરસોની સ્મૃતિ છે, તેથી જ્યારે તે ફરી આવે છે, તેને એન્ટિબોડિઝની મદદથી હાંકી કાઢી શકે છે. તે જ રીતે ઈમ્યુન સિસ્ટમ ઓછી પ્રત્યાઘાતી હોવાથી ઍલર્જીનાં લક્ષણો પણ ઘટવાનાં અને ચામડી પણ ઓછી તૈલી થતી જાય છે, તેથી ખીલ વગેરે સમસ્યાઓ અદશ્ય થઈ જવાની.

માનસિક રીતે પણ આવા જ સારા સમાચાર છે. વ્યક્તિની મગજની શક્તિઓ હજી પણ સતત વિસ્તરી શકે છે. તેના પાસે પુષ્કળ રિઝર્વ હોય છે. તેથી વ્યક્તિ વધારે ડાહી બની શકે છે, તે ઉત્તમ નિર્ણયો પણ લઈ શકે છે. પોતા સાથે વધારે સમાધાનથી રહી શકે છે. અહીં વ્યક્તિ જગતને કઈ રીતે જુવે છે તે પણ એટલું જ મહત્ત્વનું છે જો તેનામાં ઉત્સાહ અને આશા ટકશે તો તે યુવાન જ રહેશે.

આ માટે આરોગ્ય શાસ્ત્રીઓએ ઉત્તમ વૃદ્ધત્વ માણવાના પંદર ઉપાયો સૂચવ્યા છે. તેની મદદથી દીર્ઘ, સ્વસ્થ અને આનંદમય જીવન જીવી શકાય છે.

પ્રથમ છે **"જીવનમાં કશુંક પણ ધ્યેય રાખવું."** તે આરોગ્ય માટે ફાયદાકારી છે. એક સંશોધન કહે છે કે જેઓ હેતુસભર જીવે છે, તેઓ ધ્યેયહીન વૃદ્ધો કરતાં વધારે જીવે છે. એટલે ભવિષ્યનું ઉત્તમ આયોજન કરવું અને નવા નવા અનુભવો મેળવતા રહેવા. મહત્ત્વાકાંક્ષા શરીરને તાકાત આપશે. લીયોનાર્ડ કોહેન નામનો ગાયક લખે છે, "મેં આ સંગીત યાત્રા ત્રણ વર્ષ પહેલાં શરૂ કરી હતી. ત્યારે હું ૭૩ વર્ષનો હતો. એક ગાંડાં સ્વપ્નો જોતો બાળક!"

બીજો ઉપાય છે કે **"શરીરને સતત ગતિશીલ રાખવું."** અનેક સંશોધનો આ વાતને ટેકો આપતાં કહે છે કે વ્યક્તિ જો સક્રિય રહે તો તે આનંદી, સ્વસ્થ અને લાંબું જીવે છે. એટલે જો અત્યાર કસરત ન કરતા હો, તો તાત્કાલિક શરૂ કરો. એક સંશોધન કહે છે કે ૬૫ પછી કરાતી કસરત હૃદયને મજબૂત કરે છે.

ત્રીજો ઉપાય છે **"આનંદમાં રહો અને ચિંતા છોડો."** જો તમે એક વ્યક્તિનો આનંદનો ગ્રાફ દોરશો, તો જોશો કે તે સ્મિતભર્યા હોઠ જેવો હશે. આપણે યુવાનીમાં આનંદમાં હોઈએ છીએ. પ્રૌઢાવસ્થામાં થોડો આનંદ ઘટે છે. પણ વૃદ્ધાવસ્થામાં ફરી વધે છે. એંસી હજાર લોકો પર કરાયેલ એક સંશોધન કહે છે કે ૬૫-૮૦ વર્ષના વૃદ્ધો સૌથી વધારે આનંદમાં રહેતા હતા. વૃદ્ધો જાણે છે કે કઈ બાબત પર પોતાની ઊર્જાનો ઉપયોગ કરવાનો છે અને તેઓ ઝડપથી પોતાની ભૂલોને સુધારી શકે છે. આનંદી રહેવાના નવાનવા ઉપાયો શોધી કાઢો અને મસ્ત રહો.

ચોથો ઉપાય છે **"કમર તપાસતા રહો."** સ્વસ્થ વજન જાળવવું બહુ જ મહત્ત્વનું છે. કમરની સાઈઝ ઓછી રાખવી પાયામાં છે. કમર આસપાસની ચરબી એ અંદરનાં અંગોમાં ચરબી વધે છે તેની ચેતવણી છે. તે જોખમી છે, કારણ કે તે અનેક રોગો સાથે જોડાયેલ સોજા કરતાં રસાયણો છોડે છે જે આર્થરાઈટીસથી માંડીને ડાયાબિટીસને આમંત્રણ આપે છે. અલબત્ત, તે માટે કોઈ વધારે પડતો 'ડાયેટ પ્લાન' ન અપનાવતા. એવા અનેક આહાર છે જે સમતુલિત છે અને શરીરને ફાયદાકારી છે.

પાંચમો ઉપાય છે **'જૂના મિત્રોને સાચવો અને નવા બનાવો.'** પાછળના જીવનમાં સંબંધો ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. વ્યક્તિના સંબંધો જેટલા મજબૂત અને પ્રેમાળ હશે, તેટલી લાંબા જીવવાની તકો વધવાની. હવે તો તેમાં "ફેસબુક" પણ મદદ કરી શકે છે.

છઠ્ઠો ઉપાય છે **'પ્રકૃતિ માણો.'** દરરોજ સૂર્યપ્રકાશની દોસ્તી કરો. વિટામીન 'ડી' નો દૈનિક ડોઝ હાડકાનાં આરોગ્ય માટે અતિ જરૂરી છે. તેનો અભાવ કેન્સર કે સ્કલેરોસીસને આમંત્રણ આપે છે. તે ઈમ્યુન સિસ્ટમને પણ મદદ કરે છે. આપણામાંના મોટાભાગના તેનો જરા પણ લાભ નથી લેતા- ઉનાળામાં પણ! દરરોજ સવારે થોડી વાર સૂર્યમાં ટહેલવાની ટેવ આ સૂર્ય પ્રકાશ વિટામિનનો લાભ અપાવશે.

સાતમો ઉપાય છે **'પ્રાકૃતિક આહારનું સેવન.'** કહેવાય છે કે વિશ્વમાં સૌથી વધારે સો વર્ષના લોકો જાપાનમાં છે અને પાછા પૂરા સ્વસ્થ છે. શું છે રહસ્ય? આહાર. ઓછું ખાય છે? ના રે, વધારે જ ખાય છે. પણ તેમનો આહાર કેલેરીમાં ઓછો છે. તાજાં ફળ, તાજો આહાર! આપણે તેમને અનુસરવાની શું જરૂર છે? આપણી સંસ્કૃતિમાં તો આ વાત પાંચ હજાર વર્ષ જૂની છે. માત્ર ભૂલી ગયા છીએ! યાદ કરો ''કમ ખાવ, ગમ ખાવ.''

આઠમો ઉપાય છે **''પ્રેમ કરવાનું ચાલુ રાખો.''** એવું માનવાની જરૂર નથી કે 'હવે આપણે મોટા થઈ ગયા છીએ માટે સેક્સ કરવાનું છોડી દેવું.' શરીર મનને આનંદમાં રાખવા આ મનોરંજન શ્રેષ્ઠ છે. એક સ્વીડિશ સંશોધન કહે છે કે યુવાનીયાઓ કરતાં વૃદ્ધ દંપતિઓ વધારે અને સારી રીતે શરીર માણી શકે છે. આનું મહત્ત્વ એ છે કે એમ સક્રિય રહેવાથી આરોગ્યના ખૂબ ફાયદા મળે છે. જેઓ આ નિયમિત કરે છે તેઓ બીજા એ બાબતમાં નિષ્ક્રિય વૃદ્ધો કરતાં વધારે યુવાન રહે છે અને દેખાય પણ છે.

નવમો ઉપાય છે **''નવા રસો કેળવો.''** સંશોધનો કહે છે કે મોટા ભાગના વૃદ્ધોમાં ઓછા રસના વિષયો હોય છે. તે ઠીક છે, પણ જરૂરી છે કે વૃદ્ધોએ નવી નવી પ્રવૃત્તિઓ શીખી કરી પોતાના મનને સતત પડકારતા રહેવું જોઈએ. તેને કારણે મગજનાં ન્યૂરોટ્રાન્સમિટર ઉત્તેજિત થાય છે જે ઉંમર સાથે ઘટતાં હોય છે. નવા રસ નવા લોકોનો પરિચય કરાવે છે જે પણ જરૂરી અને ફાયદાકારક છે. નિત્શે કહે છે કે જે દિવસે તમે થોડું પણ નૃત્ય ન કરી શકો તો તે દિવસ વ્યર્થ માનજો.

દસમો ઉપાય છે **''તરસ ન લાગે ત્યારે પણ પાણી પીવો.''** આપણું શરીર ૬૦ થી ૭૫ ટકા પાણી જ છે. પાછળના વર્ષોમાં કિડનીનાં કાર્યને કારણે પાણીને જાળવવું તકલીફરૂપ થાય છે. એટલે ડિહાઈડ્રેશન ન થાય તે માટે સતત પાણી પીવું જરૂરી છે. તે માટે તરસ પર આધાર રાખવાની જરૂર નથી, કારણ કે ઉંમર થતાં તરસનું સંવેદન પણ ઘટે છે. એટલે સારું એ છે કે થોડા થોડા સમયે પાણી પીતા રહેવું.

અગિયારમો ઉપાય છે **''તમારી આસપાસ ગુલાબ વાવો.''** જે લોકો બગીચાનું કામ કરે છે તેઓ વૃદ્ધાવસ્થામાં ફીટ રહે છે. અમેરિકન સંશોધન મુજબ આમાં સક્રિય રહેવા અઠવાડિયામાં ૧૫૦ મિનિટની ભલામણ કરવામાં આવે છે. થોડું ખોદકામ પીઠને પણ મજબૂત કરે છે. બીજું એક સંશોધન કહે છે કે બાગકામથી ''ડિમેન્શિયા'' ના રોગનો ૩૬ ટકા ભય ઘટે છે. તે તાણ પણ હળવી કરે છે અને વધારામાં ગુલાબ અને શાકભાજી ઉગાડવાનો આનંદ તો મળે જ છે.

બારમો ઉપાય છે **''બ્રશ કરો.''** નવાઈની ઘટના છે કે ઉંમર વધે તેમ દાંતનું આરોગ્ય ખૂબ મહત્ત્વનું બનતું જાય છે. દિવસમાં બે વાર દાંત ઘસવા અને કોગળા કરવાથી સ્વસ્થ વૃદ્ધાવસ્થા રહે છે. કારણ? જે બેક્ટેરિયા શરીરને હેરાન કરે છે, તે દૂર થાય છે.

તેરમો ઉપાય છે **''પ્રાણી પાળો.''** અનેક સંશોધનો કહે છે કે કોઈ પ્રાણી પાળવાથી તાણમાં ખૂબ ઘટાડો થાય છે. એક સંશોધન તો ત્યાં સુધી કહે છે કે પ્રાણી પાળતા માલિકમાં આત્મસન્માન વધારે હોય છે. તે માનસિક સ્વાસ્થ્ય વધારે છે. તે શારીરિક આરોગ્યને પણ સમતોલ રાખે છે. હાર્ટ ઍટેકની તકો ઓછી કરે છે.

ચૌદમો ઉપાય છે **''મનપસંદ વસ્ત્રો પહેરો.''** બીજા શું વિચારે છે તેની ચિંતા કર્યા વગર ગમે તેવાં વસ્ત્રો પહેરવાં. વૃદ્ધાવસ્થામાં આકર્ષક ન દેખાવું એમ માનવું જરૂરી નથી. આ બાબતે કોઈ મશ્કરી કરે તો તેની સામે આપણે પણ જોરદાર હસવું.

પંદરમો ઉપાય છે **''નિયમિત મેડિકલ તપાસ કરાવવી.''** આ સાત તપાસ તો નિયમિત કરાવતા રહેવું.

(૧) કોલેસ્ટેરોલ ચેક અપ, (૨) બ્લડ પ્રેશર ચેકઅપ, (૩) બ્રેસ્ટ સ્ક્રીનીંગ, (૪) ચામડીની તપાસ, (૫) આંખની તપાસ, (૬) પેટના કેન્સરની તપાસ, (૭) સર્વિકલ તપાસ.

મોટી ઉંમર થાય ત્યારે આ ટેસ્ટો ખૂબ ઉપયોગી છે.

*(ક્રમશઃ)*

## ગાંધીજીને પ્રિય કુષ્ઠસેવા

'સેવાતીર્થ' (તરસાલી બાયપાસ, ધનિયાવી રોડ, વડોદરા-૯) છેલ્લાં પાંત્રીસ વરસથી રક્તપિત્ત નિવારણ અને વિકલાંગોના પુનર્વસનનું દૃષ્ટિપૂર્વક નિષ્ઠાભર્યું કાર્ય કરે છે. આ કાર્યને દેશ-વિદેશની અનેક સંસ્થાઓ વ્યક્તિઓએ બિરદાવ્યું છે. ગુજરાત રક્તપિત્ત નિવારણ સેવા સંઘ દ્વારા રક્તપિત્તપીડિત અને અન્ય વિકલાંગ આબાલવૃદ્ધ વિશે વ્યાપક સેવાકીય કાર્યો થાય છે. સંસ્થાના કેમ્પસ પર તે માટે પૂર્ણ સુવિધા છે અને વિવિધ વિભાગો કાર્યરત છે જ, ઉપરાંત રક્તપિત્તના રોગીઓને વિવિધ પ્રકારની સહાય આપે છે. 'કુષ્ઠસેવા' નામે એક સામયિક તેમ જ પુસ્તકોનાં પ્રકાશન પણ કરે છે.

*સંપર્ક : શ્રી પુરુષોત્તમ પંચાલ*
*ફોન : (૦૨૬૫) ૨૯૬૪૧૮૭*

# ભારતીય રસોઈ સંદર્ભે ખાદ્ય તેલની પસંદગી

ડૉ. શિલીન શુક્લ

હૃદયની નસમાં લોહી જામી જવાથી થતો હૃદયરોગનો હુમલો હાલ વિશ્વભરમાં મહત્ત્વની મૃત્યુકારક બીમારી છે. તેનું પ્રમાણ વધતું જાય છે. તેનાં કારણોમાં, સારવારમાં અને તેના પૂર્વનિવારણમાં ખાદ્ય તેલનું વિશિષ્ટ સ્થાન રહેલું છે. ભારતીય પાકશાસ્ત્રમાં તેલનો ઉપયોગ મહત્ત્વનો રહેલો છે. વિવિધ અભ્યાસોએ દર્શાવ્યું છે કે તેલના પ્રકાર અને પ્રમાણને હૃદયરોગના જોખમ સાથે સીધો સંબંધ છે.

ખાદ્ય તેલોમાંના વિવિધ મેદામ્લો (સ્નેહામ્લો) અથવા fatty acids ને ૩ જૂથમાં વહેંચવામાં આવે છે - સંતૃપ્ત (Saturated) અથવા SFA; એકસંતૃપ્ત (monosaturated) અથવા MUFA અને બહુસંતૃપ્ત (Polysaturated) અથવા PUFA. વનસ્પતિ ઘી (તેલ) ના હાઈડ્રોજનીકરણ વડે લિનોલેનિક (LC અથવા $n^6$). આલ્ફા-લિનોલેનિક (ALNA અથવા $n^3$) અને ટ્રાન્સફેટી-એસિડ (TFA) એમ ૩ ઉપપ્રકારના બહુસંતૃપ્ત મેદામ્લો મળે છે. આ ઉપરાંત ખાદ્ય તેલોમાં ટોકોફેરોલ્સ, ઑરિઝેનૉલ, કેરોટિન્સ, ટ્રોકોટાયેનોલ્સ જેવાં એન્ટિ-ઑક્સિડન્સ તેમજ ફાયટોસ્ટીરોલ્સ અને સૂક્ષ્મ પોષક દ્રવ્યો પણ મળે છે.

ઇન્ડિયન હાર્ટ જર્નલના ઓક્ટોબર-૨૦૧૬ના અંકના સંપાદકીયમાં આ વિષય પર અધિકૃત વિશ્લેષણ કરાયેલું છે. તે જણાવે છે કે SFA જોખમી દ્રવ્ય છે અને તે લોહીમાં કુલ કોલેસ્ટેરોલ અને અલ્પઘન લિપો-પ્રોટીન (LDL) વધારે છે. તેને કારણે ધમનીમાં મેદતંતુતા (Atherosclerosis) થાય છે અને હૃદયની ધમની સાંકડી થાય છે. ખોરાકમાં SFA નું પ્રમાણ ઘટાડવાથી હૃદયરોગ થવાની સંભાવના ઘટે છે તેવું વિવિધ અભ્યાસોના પરા-વિશ્લેષણ (meta-analysis) વડે સાબિત કરાયેલું છે. જોકે ટૂંકી શૃંખલા અને મધ્યમ કદની શૃંખલાવાળા SFA એટલાં જોખમી નથી. એક અભ્યાસે દર્શાવ્યું છે કે હૃદયરોગના જોખમની દૃષ્ટિએ નારિયેળનું તેલ અને સૂર્યમુખીનું તેલ લગભગ સમાન કક્ષાએ છે. PUFA અને MUFA હૃદયરોગ સામે રક્ષણ આપે છે કેમ કે તેઓ LDL ને ઘટાડે છે. $n^3$ પ્રકારનું PUFA લોહીમાંના ટ્રાઈગ્લિસેરાઈડ, લોહીનું દબાણ અને શોથવિકાર (inflammation) ને ઘટાડે છે અને લોહીના પરિભ્રમણને સુધારીને અચાનક થતા મૃત્યુનો દર ઘટાડે છે. $n^6$ પણ LDLને ઘટાડે છે. વળી $n^3$ અને $n^6$ બંને આવશ્યક મેદામ્લો છે. તેથી તેલ-ઘીનો ઉપયોગ ઘટાડતી વખતે $n^6$ અને $n^3$ પ્રકારના મેદામ્લો પૂરતી માત્રામાં મળી રહેવા જોઈએ. સામાન્ય રીતે $n^6$ : $n^3$નું ગુણોત્તર પ્રમાણ ૫-૧૦ : ૧ તેથી ઓછું હોવું જોઈએ.

વનસ્પતિજન્ય તેલના હાઈડ્રોજનીકરણથી મેળવાતા વનસ્પતિ ઘીમાં TFA નું પ્રમાણ વધે છે (સાદા ઘીમાં તે ૨% છે જ્યારે વનસ્પતિ ઘી માં ૫૩% છે.) જે હૃદયરોગ કરવામાં સૌથી વધુ હાનિકારક છે. તે હૃદયરોગ, અચાનક મૃત્યુ, આલ્ઝેમરનો રોગ, કેન્સર, મધુપ્રમેહ, મેદસ્વિતા, શોથવિકાર, ખિન્નતા વગેરે થવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વિવિધ તેલોમાંના એન્ટી-ઓક્સિડન્ટ દ્રવ્યો હૃદયરોગ ઘટાડવામાં મદદરૂપ થાય છે.

સેતૂર (જેતૂન, olive) નું તેલ લોહીમાંના મેદદ્રવ્યોમાં સુધારો કરે છે અને હૃદયરોગ મટાડે છે. પરંતુ તેનું $n^6$ /$n^3$ ગુણોત્તર પ્રમાણ યોગ્ય નથી અને ભારતીય પદ્ધતિએ રસોઈ કરવા માટે સુગમ નથી. સરસવ (mustard) ના તેલમાં SFA ઓછું, MUFA અને PUFA વધુ અને ૬:૫ ના $n^6$ : $n^3$ ગુણોત્તર પ્રમાણ હોય છે. એક અભ્યાસમાં જોવા મળ્યું છે કે સૂર્યમુખી તેલમાં તળેલા ખોરાક કરતાં સરસવના તેલમાં તળેલો ખોરાક લેવાથી ૭૧% જેટલો હૃદયરોગમાં ઘટાડો થાય છે. એક અન્ય અભ્યાસમાં હૃદયરોગના હુમલા પછી સરસવના તેલનો ઉપયોગ કરવાથી હૃદયના ધબકારાની અનિયમિતતા, હૃદયનો દુખાવો અને હૃદય-નિષ્ફળતામાં ઘટાડો થાય છે. તેમાં ઇરુસિક એસિડની માત્રા વધુ હોવાથી ઉંદરમાં તેની ઝેરી અસર અંગે શંકા વ્યક્ત કરાયેલી છે. જોકે માનવમાં તેવી ઝેરી અસર જોવા મળેલી નથી. સફેદ રાઈ (rapeseed અથવા canola) ના તેલમાં ઇરુસિક એસિડ ઓછો હોય છે અને તેનું $n^6$ /$n^3$ ગુણોત્તર પ્રમાણ વધુ હોય છે તેથી તે હૃદય માટે સુરક્ષાકારી ગણવામાં આવે છે.

અળસી (flaaseed) ના તેલમાં $n^3$ વધુ હોય છે. તેને ખોરાકમાં સ્થાન અપાયેલું નથી. પરંતુ અન્ય તેલ સાથે ભેળવીને $n^3$ ની માત્રા વધારવામાં ઉપયોગી છે.

ભારતીય પાકશાસ્ત્રમાં ઊંચા તાપમાને (૧૭૦°સે.) તળવામાં આવે છે. તેથી PUFA ની વધુ માત્રાવાળા પરિશોધિત (refined) તેલમાં ઝેરી દ્રવ્યો બને છે જે જનીનવિકૃતિ અને ધમનીકાઠિન્ય કરે છે અને તેથી કેન્સર અને હૃદયરોગની સંભાવના

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૫ ઉપર)

# ચાલો, નવેસરથી બારાક્ષરી શીખીએ

હળવાશની ક્ષણોમાં

નલિની ગણાત્રા

હવે તો ફોન સાવ ફ્રી માં થાય છે છતાં આપણે કદી નવા વર્ષને ફોન કર્યો કે, 'ભાઈ નવું વર્ષ, તું બહુ દા'ડાથી દેખાયું નથી, તો ક્યારેક આયને!!' પણ નવું વર્ષ છે જ નવરું, વર્ષે ને વર્ષે આ હેંડ્યું આયું!

નવું વર્ષ બિનબુલાયે મહેમાનની જેમ ટપકી પડે છે. એટલે સહુ એને પીરસે છેય એંઠું ને એંઠું! અરે, કેટલાક તો શીર્ષક પણ વાસી જ વાપરે! ...મતલબ એકનાં એક! જેમકે... નવા વર્ષના શુભ સંકલ્પો, નવા વર્ષનું રાશિફળ (રાશિને બદલે તાજું ફળ એવું લખે તો થોડું એ તાજું થઈ જવાનું છે? પણ ન લખે!) નવું વર્ષ – ૨૦૧૦ (આ હવે આમાં તે શું નવું લખ્યું?) આવાં ને આવાં આગલા વર્ષોના એંઠા શીર્ષકો મારે! અલા, ઘરવખરી (વિષયવસ્તુ) ભલે એની એ રાખો, પણ તોરણ (શીર્ષક) તો બદલો! પણ ના બદલે! લખનાર એવું વિચારે કે નવું વર્ષ પણ શું નવું લઈને આવે છે? વાઘા પણ એ જૂના જ પહેરીને આવે છે ને?!!

પરંતુ વિચારસરણીમાં હું જરા ઉદાર છું. મને એમ થાય કે નવું વર્ષ બિચ્ચારું નામથી તો નવું છે ને! તો એની સમક્ષ કંઈક નવું પેશ કરવું જોઈએ. એટલે મેં વિચાર્યું કે, અત્યાર સુધી આપણે રાડો પાડી પાડીને, 'ક' કમળનો ક, 'ખ' ખડિયાનો ખ... એવો કક્કો બોલતા આવ્યા છીએ. તો નવા વર્ષે ગુજરાતી ભાષાના ફાઉન્ડર મેમ્બર્સ એવા કક્કાક્ષરોને ચડ્ડીને બદલે પેન્ટ પહેરાવું. તો ચાલો નિહાળીએ, 'કક્કા' ભાઈનું નવું ડ્રેસિંગ...!

**ક** – કૃષ્ણને કરવું હોય તેમ કરવા દેવું. આપણું માને નહીં, પછી શું કરીએ?!

**ખ** – ખણ 'ખોદકામ' કરવામાં જોજો. ખુદ - કામ ન રહી જાય.

**ગ** – 'ગરીબોંકી સુનો...' આ ગીત ફક્ત સાંભળવું જ. ક્યારેય જાતે ગાવું નહીં, સારું ના લાગે!

**ઘ** – 'ઘરનું ઘર' પણ એક દિવસ તો ખાલી કરવું પડશે જ!

**ચ** – ચિંતા, આપણે આપણી પણ ન કરવી. લોકો કરતાં જ હોય છે!

**છ** – છોકરાં અને છાપાં – આ બેય અત્યારે ઉછેરવાં અઘરાં!

**જ** – જાંબુ ખાશો તો મોં જાંબલી થશે જ!

**ઝ** – ઝૂ (Zoo)માં દરેકને પોતાની ઝેરોક્ષ જોવાનો લહાવો મળે છે!!

**ટ** – ટોપી આપણે રેશમની પહેરવી. બીજાને રૂઢિ પ્રયોગની ટોપી પહેરાવવી.

**ઠ** – ઠળિયાને અમથો અંદર નથી રખાયો!!

**ડ** – ડરના મના હૈ તો ડરાવવાનું રાખો. જગતમાં આવ્યા છીએ તો બેમાંથી એક તો કરવું જ પડે!

**ઢ** – 'ઢ' રહેવું અને ઢમઢોલ થવું. જ્ઞાની ભલે દૂબળો થાય!!

**ણ** – 'ણ' કોઈનો નહીં. માણસમાં 'ણ' ફેણની જેમ વચ્ચોવચ્ચ બેઠો છે, સાવધાન!!

**ત** – તટસ્થ રહેવું. સામેથી સિંહ ન આવે ત્યાં સુધી!

**થ** – થો..ડા...સા... ઠહરો. નવું 'મોડલ' આવશે!

**દ** – દેવું કરીને ઘી પીવું, ઘી પીને સૂઈ જવું, લાંબી સોડ તાણીને!!

**ધ** – ધરતીકંપમાં ધરતીએ જ કંપવાનું હોય, આપણે નહીં. આપણને 'કંપવા' થાય ત્યારે ધરતી ક્યાં કાંપે છે?

**ન** – નમતું જોખવું, પણ વહેવારમાં. વ્યાપારમાં નહીં!

**પ** – પ્રેમની પરબ બાંધવી, પોર્ટેબલ તો ખરી!

**ફ** – 'ફાસ્ટ ફૂડ' નહીં પણ 'ફાસ્ટ ફૂટ' (ઝડપથી ચાલવાનું) રાખો.

**બ** – બહુલમ્ બકવાસમ્

**ભ** – ભાર રાખવો નહીં, બીજા પર નાંખવો!

**મ** – મારવાથી તાજામાજા રહેવાય એવી બે ચીજ છે. 'ગપ્પાં' અને 'આંટા'!

**ય** – યમરાજનો ચાર્જ આપણે ન સંભાળવો!

**ર** – 'રૂપાળું એટલું આળું, ગુલાબ ચોતરફ કાંટાળું!'

**લ** – લૂટ ગયા વોહી સિકંદર.

**વ** – વાતોનાં વડાં Oil Free હોય છે એટલે Freely ખાવાં!

**શ** – શરમાવા જેવું લાગે ત્યાં શરમાવામાં શરમ ન રાખવી!

**ષ** – 'ષ'ની જેમ વચ્ચે કોકવાર આડા ફાટવું, નહીં તો કોઈ ગણતરીમાં નહીં લે!

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૫ ઉપર)

લઘુકથા

# ફૂલ પાછું લેતા જાવ!

લઘુકથા

મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'

કારખાનામાં મોર તો માળો ન બાંધે, પણ પથ્થરિયાળ મકાનમાં પ્રણય-પંખીઓનું ઉડ્ડયન જરૂર સંભવે, જો તે કૉલેજ હોય!

વિદ્યાવિહાર કૉલેજના સત્રનો એ પહેલો દિવસ...

ત્યાંની ચહલપહલ જાણે યુવા-ચૈતન્યની વ્યાખ્યા!

ફી ભરીને સ્વર કૉલેજના ગાર્ડનમાં આવી ઊભો...

સ્વરની આંખોમાં ઝીલાઈ અત્તરની ઈચ્છા જેવી યુવતી!

'વ્યંજના! જો તો ખરી, પેલો તને કેવી નજરે જુએ છે!'

...સોનાના ચલણી સિક્કાઓ ખણખણે, એવો સખીઓનો હસવાનો અવાજ ગૂંજ્યો!

સ્વર છોભીલો પડી ગયો!

પણ પેલી યુવતી વ્યંજના, સ્વર સામે ગુલાબજળની છાલક જેવું સ્મિત કરી રહી!

ક્ષોભનું સ્થાન રોમાંચે લઈ લીધું...!

સ્વર-વ્યંજનાની નજરો તારામૈત્રક રચી રહી!

પ્રણય-વેગ સ્વરને છેક વ્યંજના સમીપ ખેંચી ગયો!

અને ઇશ્ક જાણે કે હુશ્મનને પૂછી બેઠો—

કાલે...સાંજે પાંચ વાગે... સંજય પાર્કમાં મળશો?

હકારસૂચક છટાથી જરા મસ્તક ઝુકાવીને, લાગણીનું લખલખું અનુભવતી વ્યંજના લહેરખીની જેમ ત્યાંથી સરકી ગઈ...

સ્વરે પ્રેમાવેશ અનુભવ્યો!

બીજે દિવસે સાંજે, સંજય પાર્કમાં સ્વરે ફૂલ ધર્યું. શરમાઈને વ્યંજનાએ સ્વીકારી લીધું!

પ્રેમભીનાં વાક્યો સ્વર બોલતો રહ્યો...

છેવટે- 'તમે તો કશીક વાત કરો.'

સ્વરે કહ્યું.

ત્યારે વ્યંજનાએ ગ્લાનિપૂર્વક હોઠે આંગળી અડાડીને.... અંગૂઠો હલાવતાં સંકેત કર્યો કે પોતે મૂંગી છે, બોલી નથી શકતી!

સ્વર ચોંક્યો! 'બોલી નથી શકતાં તમે?!'

નકારમાં વ્યંજનાએ માથું હલાવ્યું!

'ઓહ!' સ્વરનો ઉન્માદ ઓસરી ગયો!

થોડી ક્ષણોનો સન્નાટો!

અને

'અરે હા, મારે અત્યારે જ મિત્રના ઘેર જવાનું છે...

સોરી હોં!

સ્વર ત્યાંથી સરક્યો...જવા લાગ્યો!

એ સ્વગત બબડ્યો. 'ગૂંગી સાથે પ્રેમ થતો હશે કંઈ?'

અને

તરત વ્યંજનાનો સ્વર સંભળાયો

'જી આ તમે આપેલું ફૂલ પાછું લેતા જાવ!'

હા, આ સ્વર વ્યંજનાનો હતો!

પણ હવે, આ વ્યંજના સ્વરની નહોતી!

સ્વર તો થીજી ગયો!! ■

## અન્ય સંસ્થા સમાચાર

### શ્રી કચ્છી જૈન સમાજ - વાપી

ભારતની વર્તમાન પ્રગતિ અને જાગૃતિને જોતાં કેશલેસ ડિજીટલ સાથે વેપાર ધંધા - ઉદ્યોગોમાં પરિવર્તન લાવવા સુરતથી પધારેલ 'મિશન સક્સેસ'ના માસ્ટર માઈન્ડ શ્રી સોહિલ પીરામી દ્વારા રજૂઆત કરવામાં આવેલ હતી. જેમાં ખૂબ જ સારી સંખ્યામાં વેપાર ઉદ્યોગ સાથે સંકળાયેલી વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

તેઓશ્રીના પ્રવચન બાદ સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ છેડા અને શ્રી અરુણ ગાલા દ્વારા તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ વાપી નગરપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં પ્રથમ વખત કચ્છી જૈન સમાજના ઉમેદવાર કચ્છ ગામ દેવપુરના શ્રીમતી સીમાબેન તરલ ગાલાએ પોતાની ઉમેદવારી નોંધાવી જ્વલંત વિજય પ્રાપ્ત કરી કચ્છનું અને કચ્છી જૈન સમાજને ગૌરવ અપાવ્યું છે ત્યારે સમાજ વતી પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ છેડાએ બહુમાન કર્યું હતું. ત્યારબાદ દક્ષિણ ગુજરાત ક.વી.ઓ. જૈન સમાજના પ્રમુખ શ્રી જવેરીભાઈ દેઢિયા (વલસાડ), અચલગચ્છ જૈન સંઘ વતી શ્રી હરીશભાઈ ગાલા અને શ્રી મહેન્દ્રભાઈ સાવલા તથા કચ્છી એકમના ગ્રુપ વતી બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત નવકાર મહામંત્રથી કરવામાં આવી હતી. ■



# બાલુડે જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : મડે ગાલીયું કંઇયે તા ક ૫૦૦ ને ૧૦૦૦જી નોટ તે બૅન અચે વઇ. સે બૅન કુલા આવઈ... ગાંધીજી કુરો ખોટા વા સે અનજે ભધલે બૅન આવઈ... અને આવઈ ત ખરી પણ કઇ બૅન આવઈ... હી ભરાભર ન થ્યો. જરા તપાસ કર, હન કમ પુઠિયાં કેંજો મગજ કમ કેં આય?

બચુડો : (તપાસ કરે ને ચેં) અધા બૅન આવઈ અતરે નોટતે ગાંધીજી જો ફોટુ નાંય ભધલાણું ૫મ સમુરગી નોટું જ બંધ કરે મેં આવ્યું અંઇ. બૅન અતરે પ્રતિબંધ અને હી બૅન ખણે અચેમેં પાંજા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજો મગજ કમ કેં આય.

## ખિલજા મ ભલા

સુલભ શૌચાલય રખેવાળ : કાકા, ૩૦ રૂપિયા આપો....

નાથુકાકા : ૩૦ રૂપિયા શેના? આ શૌચાલય છે, સાયબર કાફે નથી. અને એ પણ એ.સી. વિનાનું. લૂંટવા જ બેઠા છો... આવો ભાવ માંગો તો કબજિયાત જ તાય... રોજરોજ પોષાય ના...!

☺ ☺ ☺ ☺ ☺

રાહુલ ગાંધી : આ શ્રીમાન કેજરીવાલ પણ જબરો ચાલબાજ છે!

બાબુ ગાંધી : કેમ, શેમાં ચાલબાજી કરી?

રાહુલ ગાંધી : દિલ્હીમાં ઝાડુ ચલાવવાના બદલે મસમોટું વેક્યુમ ક્લીનર લઇ કોંગ્રેસને સાફ કરી નાખી. ભાજપના પણ એવા જ હાલ કર્યા.

☺ ☺ ☺ ☺ ☺

મનજીત : ભારતની... ગુજરાતની... કોઈ ખાસ વિશિષ્ટતા શું છે?

અભિજીત : અહીં અંતરને સમયમાં બતાવવામાં આવે છે.

મનજીત : કાંઈ સમજ ન પડી.

અભિજીત : કોઈ પૂછે કેટલે પહોંચ્યા? તો કહેશે, બસ પાંચ મિનિટ.

☺ ☺ ☺ ☺ ☺

પ્રેમી : વહાલી, મારે તને એક વાત કહેવી છે.

પ્રેમિકા : બોલને, એમાં મૂંઝાય છે શા માટે?

પ્રેમી : હું બીજી છોકરીના પ્રેમમાં છું.

પ્રેમિકા : બાપરે! હું તો ગભરાઈ ગઈ હતી. મને તો એમ હતું કે તારી પાસે બિલના પૈસા નથી.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ શ્રેય, આ વર્ષે શેનો રેકોર્ડ થયો?

શ્રેય : ગરમીનો. ભારતના ઇતિહાસમાં પહેલીવાર સંસદમાં કોંગ્રેસના સાંસદોની સંખ્યા કરતાં ગરમીનો પારો વધુ રહ્યો.

☺ ☺ ☺ ☺ ☺

છોટિયો : મમ્મી કહે છે કે ભેંસનું દૂધ પીવાથી મગજ તેજ થાય છે, બુદ્ધિ વધે છે.

ગોટિયો : ખોટી છે તારી મમ્મી. જો એવું હોય તો ભેંસનું બચ્ચું વૈજ્ઞાનિક ન બની જાત!

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : ઊર્જા બચાવવા વિશે તારો શું ખ્યાલ છે?

આદિત્ય : કોઈ તમને દુઃખ પહોંચાડે ત્યારે રડશો નહીં. કારણકે રડવાથી ચહેરાના ૪૯ સ્નાયુઓએ કાર્યરત થવું પડે છે જ્યારે કોઈને લાફો મારો તો ૧૨ સ્નાયુઓ જ કાર્યરત થાય છે... ઊર્જા બચાવો.

☺ ☺ ☺ ☺ ☺

ચંપકલાલ : ગુરુજી, પ્રભુની લીલા વિશે તમારો વિચાર જણાવશો?

ગુરુજી : બેટા, પ્રભુની લીલા ન્યારી છે. ઉંદર બિલાડીથી ડરે છે, બિલાડી કૂતરાથી ડરે છે, કૂતરો માણસથી ડરે છે, માણસ એની પત્નીથી ડરે છે અને પત્ની ઉંદરથી ડરે છે.

☺ ☺ ☺ ☺ ☺

જાનમલ : અરે દોસ્ત માનમલ, તું જમ્યા પહેલાં ભગવાનનું નામ કેમ નથી લેતો?

માનમલ : એવી જરૂર નથી. મારી પત્ની રસોઈ ખૂબ જ સરસ બનાવે છે.

☺ ☺ ☺ ☺ ☺

અપહરણકાર : (ફોનમાં) મંગાજી, તારી પત્નીનું અપહરણ કરવામાં આવ્યું છે અને સાબિતી તરીકે એની આંગળી મોકલીએ છીએ. તાત્કાલિક રકમ મોકલો.

મંગાજી : આટલી મોટી રકમ માટે સાબિતી તરીકે આંગળી પૂરતી નથી. એનું ડોકું કાપીને મોકલો.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# આંજો કાગર

મોરપીંછ જેવા 'મંગલ મંદિર' મેગેઝીનને નિહાળતા જ નયનોની પલક જાણે કે સ્થિર થઈ જાય છે. ફેબ્રુઆરી માસથી એ મારી નજરોમાં વસી ગયું છે. અહાહા! શું એનું કવરપેજ હોય છે! પ્રિન્ટીંગ, બાઈન્ડિંગ વિશે કાંઈ ખામી ન દેખાય તેવું છે. દરેક મહિને કાંઈક નવું નજરાણું પીરસે છે. પછી નવીનતાનો આસ્વાદ માણ્યા વગર રહેવાય ખરું?

પ્રત્યેક અંકમાં ડોકિયું કરીએ તો શું છોડીએ? કશું વાંચ્યા વગર મૂકવાનું મન થાય જ નહીં. અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષને સ્મરતો, કચ્છ વિશેનો જ અંક ખૂબ જ ગમ્યો. તો વળી મિચ્છામિ દુક્કડમ્ કહેતો સપ્ટેમ્બરનો અંક અપલક નયને માણી લીધો. જળ એ જીવન છે એનો સચોટ ખ્યાલ આપતો જૂન માસનો તંત્રીલેખ સ્મૃતિપટ પર છવાઈ ગયો. દીપોત્સવી વિશેષાંક તો મન મોહી લે તેવો આકર્ષક છે. કચ્છની ઘણી વાતોની જાણકારી પ્રાપ્ત થાય છે.

પ્રત્યેક અંકનાં દરેક વિભાગો ખૂબ જ સરસ છે. હાસ્ય લેખોમાં નલિની ગણાત્રા, શાહબુદ્દીન રાઠોડ, મધુસૂદન પારેખ — તેમના લેખોમાં હાસ્ય વેરી જાય છે. જીવનમાં હસવું ખૂબ જ જરૂરી છે.

તદુપરાંત પ્રેરણાપાત્ર લેખોમાં હું શ્રી કુલીનકાંત લુઠિયાને ખાસ અભિનંદન પાઠવું છું. અન્યની સેવા કરવી અને બીજાને પ્રેરણા મળે અને પરિવર્તન પ્રવર્તે, ખૂબ જ સરસ કહેવાય. 'બાલુડે જયું ગાલિયું' વિભાગમાં શ્રી ગુલાબચંદભાઈ ચિંતાગ્રસ્ત માનવીને થોડા હળવા બનાવી દે છે. આ સિવાય વિદ્વાન લેખકોના માહિતીસભર લેખો, વાર્તા સાહિત્ય મેગેઝીનને સમૃધ્ધ બનાવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓથી મારું મસ્તક ઝુકી જાય છે. આટલું સુંદર મંગલ મંદિર કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર હોય તો પછી મારી કલમ તેમાં સફર કર્યા વગર રહી શકે ખરી?

આથી વિશેષ તો શું કહું?

*ઇલા કે. શાહ - ખંભાત*
*મો. ૯૯૭૯૩ ૫૬૩૬૦*

★

ભાઈ શ્રી નીતિન સંઘવીના 'આંજો કાગર'માં આવેલ પત્રના અનુસંધાનમાં જણાવવાનું કે 'મંગલ મંદિર' શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર છે તે સાચું, પરંતુ સમયની સાથે પ્રગતિના સોપાનના સથવારે સમાજનું મુખપત્ર તેના કાયાવરણ બદલાવના કારણે છેલ્લા દસેક વરસ થયા લોકપ્રિયતાના શિખરને આંબી રહ્યું છે. જે તેના અન્ય લેખો અને માહિતીના સ્રોતના કારણે જ.

સમાજના સમાચારો સાથે જ્ઞાનવર્ધક અને સાંપ્રત સાહિત્યનું પીરસણું આજના સમયની માંગ છે. દેશ અને દુનિયાના સમાચારો - હકીકતોથી પણ સમાજ વાકેફ થાય તે બદલ આ મુખપત્ર હંમેશ નાવીન્ય પીરસતું રહે છે.

ઘણા મેગેઝિનોમાં વૈવિધ્યભર્યા અર્થસભર લેખોની હારમાળા રચાતી હોય છે. અને એ જાતના મેગેઝિનો પ્રગતિના સોપાનો ચઢતા હોય છે. આ સમાજ આ જાતની જ્ઞાનસભર માહિતી સમાજના ઉત્કર્ષ માટે જ આલેખતી હોય છે. તેમજ આ સમાજ દેશના અન્ય સમાજના લોકો સાથે ખભેખભા મિલાવીને ચાલે તેવી ભાવના અને અન્ય સમાજના લોકોની ગતિવિધિની માહિતી મળતી રહે તેવી ભાવનાથી અન્ય સંસ્થાઓના સમાચારો મેળવીને જે તે સમાજનો આપણા સમાજ સાથે સેતુ રચે છે.

હવે આ ઊંચાઈએ પહોંચેલા મુખપત્રને સમગ્ર સમાજનું મુખપત્ર છે તેવી સમજ સર્વે સમાજજનોને છે.

*દિનેશ જગજીવન શાહ - અમદાવાદ*

★

**આનંદદાયક યાત્રા પ્રવાસ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિ દ્વારા તા. ૧૪થી ૧૬ ડિસેમ્બર, ૨૦૧૬ — ત્રણ દિવસનો આનંદદાયક યાત્રા પ્રવાસ યોજવામાં આવેલ.

તા. ૧૪ સવારના ૬ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી પ્રવાસની શરૂઆત ભક્તામર સ્તોત્ર, જૈન સ્તવન ગીતો સાથે ખુશનુમા વાતાવરણમાં થઈ.

સૌપ્રથમ શ્રી ડોળિયા જૈન તીર્થે આરતી - નવકારશીનો લાભ લઈ જૂનાગઢ, દેવળિયા, ગીર, સોમનાથ, માંગરોળ, ચોરવાળ, માધવપુર બીચ, છેલ્લે શ્રી બળેજા તીર્થ તેમજ અન્ય જૈન તીર્થોની મુલાકાત સાથે તા. ૧૬ના રાત્રે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પરત આવી બધા આનંદ સાથે છૂટા પડ્યા.

પ્રવાસ દરમિયાન શ્રી રજનીભાઈ પારેખ તથા તેમના સહકાર્યકરો શ્રી અરવિંદભાઈ, શ્રી દિલીપભાઈ વગેરે દ્વારા સારું આયોજન - વ્યવસ્થા કરવામાં આવેલ.

પ્રવાસ દરમિયાન જાતજાતના નાસ્તાના પેકેટ, ચોકલેટ, ચિક્કી તેમજ જાતજાતની રમતો — હાઉસી, અંતાક્ષરી, જોક્સ દ્વારા શ્રી રજની પારેખ અને શ્રી રજનીભાઈ કામદાર અને અન્ય વડીલો દ્વારા પ્રવાસને ખૂબ જ આનંદદાયક બનાવેલ. શ્રી રજનીભાઈ પારેખ - યુવાન - સિનિયર સિટીઝન કહી શકાય. દરેક જગ્યાએ તથા દરેક સમયે તેમનું વ્યવસ્થિત આયોજન દરેકનું વ્યક્તિગત ધ્યાન રાખવું, દરેકને શાંતિથી પ્રેમથી જવાબ આપવા — એક યુવાન કરતાં વધારે કાબિલેદાદ હતું.

શ્રી રજનીભાઈ પારેખ - યુવાન સિનિયર સિટીઝનને અમારી વિનંતી છે કે આવા પ્રવાસોનું અવારનવાર આયોજન કરે તેવી શુભેચ્છા.

*નવીનચંદ્ર મહેતા, નીતાબેન મહેતા - થલતેજ, અમદાવાદ*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

તમને જાણીને આશ્ચર્ય થશે કે આપણાં પૂર્વજોએ આપણાં અલંકારોનો કેટલી વૈજ્ઞાનિક દૃષ્ટિથી બનાવ્યા હતાં. આપણું એકેએક ઘરેણું શરીરના દરેક અંગ માટે ઉપયોગી છે. પગથી શીશ સુધી ઘરેણું સોહામણું રૂપ તો આપે છે, પરંતુ સ્વાસ્થ્ય પણ અર્પે છે.

૧. **પગની આંગળીમાં પહેરાતી વીંટી, કડાં અને માછલી :** સ્નાયુઓની પીડા રોકે છે. રાત્રિના બિહામણા સ્વપ્ના રોકે છે. જ્યારે માછલી પહેરવાથી સાઈટીકાના દર્દમાં રાહત આપે છે.

૨. **ઝાંઝર, કડાં અને પાયલ :** પગની એડી અને પીઠનાં દર્દમાં રાહત આપે છે. માસિક ધર્મ નિયમિત બનાવે છે. પગને શ્રમ ઓછો પડે છે.

૩. **કમર પટો કે કંદોરો :** કમરનાં દર્દો દૂર કરે છે. માસિક અને પાચન શક્તિની ફરિયાદ દૂર કરે છે. એપેન્ડિક્સ, પેટના દર્દો તેમજ હરણિયાની તકલીફને દૂર કરે છે.

૪. **અંગૂઠી કે વીંટી :** હાથની ધ્રુજારી, દમ, કફ વગેરેમાં રાહત રહે છે. વીંટી ગભરાટ અને માનસિક આઘાતમાં રાહત આપે છે.

૫. **હાથની બંગડીઓ અને કડાં :** બંગડીઓ તો બધી શારીરિક વ્યાધિઓમાં લાભદાયક છે. તોતડાપણું દૂર કરવામાં મદદરૂપ થાય છે. હૃદયરોગ તેમજ લોહીના દબાણ પર રાહત રહે છે.

૬. **બાજુબંધ પોંચી :** કોણી અને ખભાની વચ્ચે પહેરાતા આ આભૂષણથી હૃદય શક્તિ પ્રાપ્ત થાય છે.

૭. **હાંસડી, હાંસલી, ચેન કે મંગળસૂત્ર :** આંખની જ્યોતિ વધારે છે. કંઠમાળનો રોગ નથી થતો. અવાજ સૂરીલો બને છે. માથાનો દુખાવો, હિસ્ટેરિયા અને ગર્દન પરના રોગો પર રાહતનું કામ કરે છે.

૮. **કાનની કડી, બુટ્ટી કે કાનની વાળી :** કાનની બૂટમાં છેદ પાડી પહેરાતા અલંકારોથી ગળું, આંખ અને જીભથી થતાં રોગો અટકે છે. કાનના ઉપરના ભાગમાં વાળી પહેરવાથી હાસ્ય વખતે ૧૭ સ્નાયુ અને ગુસ્સામાં ૪૩ સ્નાયુ પ્રક્રિયામાં વ્યસ્ત થઈ જાય છે.

૯. **નાકની નથણી, ચૂંક કે સળી :** કફ અને નાકનાં રોગો પર રાહત આપે છે. મનની વિચારશક્તિ સાથે નથણીનો સંબંધ છે.

૧૦. **માથાનો ટીકો :** આ આભૂષણ મસ્તકને શાંતિ બક્ષે છે.

અલંકારોમાં મુખ્યત્વે સોના, ચાંદી, હીરા, મોતી છે. સોનાની પ્રકૃતિ ગરમ છે, ચાંદી શીતળ છે. મોતીનો સ્પર્શ શીતળતા અર્પે છે. આમ માનવ સંસ્કૃતિના ઈતિહાસમાં આભૂષણ શોભા સાથે શારીરિક સ્વસ્થતા આપે છે. સામાન્ય રીતે લોકોને આભૂષણનો આવો પર્યાય ખ્યાલ જ નથી હોતો.

## હાર્ટ ઍટેક અને પાણી

તમે કેટલા એવા લોકોને જાણો છો, જે રાત્રે સૂતાં પહેલાં પાણી પીવાનું ટાળે છે કારણકે તેમને રાત્રે ઊઠવું પડશે.

હાર્ટ ઍટેક અને પાણી વિશે ડૉક્ટરે આપેલી રસપ્રદ માહિતી.

કેટલાક લોકો રાત્રે પેશાબ કરવા વારંવાર ઊઠવું પડે છે. કારણ છે ગુરુત્વાકર્ષણ.

જ્યારે તમે ઊભા હો ત્યારે પાણી તમારા શરીરના નીચેના ભાગમાં જમા થાય છે (પગે સોજા આવવા) પણ જ્યારે તમે સૂઈ જાઓ છો ત્યારે તમારા પગ કિડનીના સમાંતરે હોય છે અને ત્યારે કિડની તે પાણીને બહાર ફેંકે છે. એ ખબર હતી કે શરીરના ઝેરી કચરાને બહાર ફેંકવા માટે પાણીની આવશ્યક્તા હોય છે પરંતુ યોગ્ય સમયે પીવામાં આવેલું પાણી શરીરમાં તેની અસરકારકતા વધારી દે છે.

૧. સવારે ઊઠ્યા પછી ૨ ગ્લાસ પાણી પીવાથી આંતરિક અંગો સક્રિય થાય છે.

૨. જમવાના અડધા કલાક પહેલા ૧ ગ્લાસ પાણી પીવાથી પાચન ક્રિયા સક્રિય થાય છે.

૩. સ્નાન કરતા પહેલાં ૧ ગ્લાસ પાણી બ્લડપ્રેશરને નીચું રાખે છે.

૪. રાત્રે સૂતાં પહેલાં ૧ ગ્લાસ પાણી પીવાથી સ્ટ્રોક અને હાર્ટ ઍટેકનું જોખમ ઘટે છે.

રાત્રે પાણી પીને સૂવાથી પગના સ્નાયુઓ જકડાઈ (સાદી રીતે કહીએ તો નસ ચઢી જવી) જતા નથી. સ્નાયુઓને પાણીની જરૂરિયાત હોય છે અને જો તેમને પાણી ના મળે તો તેઓ જકડાઈ જાય અને તમે ચીસ પાડીને બેઠા થાવ.

૨૦૦૮ના અમેરિકન કૉલેજ ઓફ કાર્ડિયોલોજીના જર્નલના અંકમાં પ્રસિદ્ધ થયેલ. જેમાં જણાવેલ પ્રમાણે :

૧. હાર્ટ ઍટેક સામાન્ય રીતે સવારના ૬ થી બપોર સુધીમાં વધારે આવે છે. જો રાત્રિના સમયે હાર્ટ ઍટેક આવે તો તે વ્યક્તિની સાથે કંઈક અસામાન્ય બનાવ બન્યો હોય એમ પણ સંભવ છે.

૨. જો તમે એસ્પિરિન જેવી કોઈ દવા લેતા હો, તો એ દવા રાતના સમયે લેવી જોઈએ કારણકે એસ્પીરીનની અસર ૨૪

(અનુસંધાન : જુઓ પાના નં.-૯૬ ઉપર)

## NanoNine™ શબ્દ રમત-૧૨૪

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | | ૬ | ૭ |
| ૮ | | | ૯ | ૧૦ | | | ૧૧ | ૧૨ | ૧૩ | | ૧૪ |
| ૧૫ | | ૧૬ | | ૧૭ | | ૧૮ | | ૧૯ | | ૨૦ | |
| | ૨૧ | | ૨૨ | | | ૨૩ | | ૨૪ | | | |
| ૨૫ | | ૨૬ | | | ૨૭ | | | ૨૮ | | | ૨૯ |
| ૩૦ | ૩૧ | | ૩૨ | | | | ૩૩ | | | | |
| ૩૪ | | ૩૫ | | | | | ૩૬ | ૩૭ | | ૩૮ | |
| | | | | ૩૯ | | | ૪૦ | ૪૧ | | ૪૨ | |
| | ૪૩ | | ૪૪ | | | ૪૫ | | | | ૪૬ | |
| ૪૭ | | | ૪૮ | | | | | | ૪૯ | | ૫૦ |
| ૫૧ | | | ૫૨ | | | ૫૩ | ૫૪ | | | | |
| | | ૫૫ | | | | | ૫૬ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૧-૨૦૧૭)*

### આડી ચાવીઓ

૧. ખાટો કે તીખો ઓડકાર (૪)
૪. કાચું લખાણ, મુસદ્દો (૩)
૬. યાદી, સાંકળિયું, ક્રમાનુસારી ટીપ (૨)
૮. રેતીનું મેદાન કે પ્રદેશ (૨)
૯. જુઠ્ઠું બોલવાની ટેવવાળું, વ્યભિચારી, લંપટ (૩)
૧૧. મમત્વ, હેત, સ્નેહ (૩)
૧૫. સાચવણી, સંભાળ (૩)
૧૭. સનદી, કાયદાશાસ્ત્રી (૩)
૧૯. તલ્લીન, ગરક, મસ્ત (દારૂ કે કેફથી) (૪)
૨૧. બાળકોને રમવાની વસ્તુ (૪)
૨૩. શરીરનો મોહક હાવભાવ, ચાળો, નખરૂં (૩)
૨૬. અણખીલ્યું ફૂલ (૨)
૨૭. બંધી, નિષેધ (૨)
૨૮. ડગલું, પગલું, અસ્થિરતા (૨)
૩૦. ગમવું તે, રૂચિ (૨)
૩૨. ઔષધિનો ભૂકો (૩)
૩૪. રજાનો લેખિત હુકમ, પરમિટ, લાઇસન્સ (૪)
૩૬. ઉજ્જૈનમાં આનું પ્રખ્યાત મંદિર છે (૫)
૩૮. અવાજ, ધ્વનિ, નાદ (૨)
૩૯. શ્રી નરેન્દ્ર મોદી બચપણમાં ______ વેચતા હતા (૧)
૪૦. બે વડે નિઃશેષ ભાગી ન શકાય તેવી સંખ્યા (૨)
૪૨. બાણ, કાંઠો, કિનારો (૨)
૪૩. ભણેલું તે, શિક્ષણ (૪)
૪૪. દહીં - દૂધ પરની મલાઈની પોપડી (૨)
૪૫. ચાકર, સેવક (૩)
૪૭. શેર માથે ______ શેર (૨)
૪૮. પંજાબના મહારાજા ______ સિંહ (૪)
૪૯. આપણો દેશ (૩)
૫૧. રમૂજી, વિનોદી (ઈ.) (૨)
૫૨. અનુકૂળ વખત (૨)
૫૩. માથું, ડોકું, અપંગ (૨)
૫૫. આજ્ઞાપાલન, મલાજો, મર્યાદા (૪)
૫૬. સજીવોમાં થતી ઘટન-વિઘટનની પ્રક્રિયાઓ, મેટા બોલિઝમ (૫)

### ઊભી ચાવીઓ

૧. ______વાનને અક્કલ ન હોય (૩)
૨. ચણવું તે, ચણવાનું કામ (૪)
૩. બહારગામનો ફોન (અં.) (૨)
૪. ઘર આગળની બાંધેલી બારણાવાળી ડેલી (૩)
૫. ઘુમ્મટ (અં.) (૨)
૭. એક જાતનું ઝાડ (ફા) (૩)
૮. જરાક, ધૂળનો કણ (૨)
૧૦. ખભા અને કોણી વચ્ચેનો ભાગ (૩)
૧૨. અંગનું ઉતરી જવું તે (૪)
૧૩. છાશ, ચોટ, લાગ,તાકડો (૨)
૧૪. નારી, સ્ત્રી, પાણી (૨)
૧૬. મીઠું, લૂણ (૩)
૧૭. મોટું, અડદની દાળની એક વાનગી (૨)
૧૮. સુંદર સ્ત્રી (૩)
૨૦. અખંડ રહે તારો ______ ચાંદલો (૨)
૨૨. વિશુધ્ધ કરેલો ચૂનો (૪)
૨૪. મનોભાવ, અંતરની ઉમેદ, સાંકેતિક લિપિ (૨)
૨૫. સગાઈ, વિવાહ, વેવિશાળ (૪)
૨૭. વેહવાળા ગોળ દાણા, અંકોડો (૩)
૨૯. વરરાજાની સાથે રહેનાર (૪)
૩૧. આપણું રાષ્ટ્રીય પક્ષી (૨)
૩૩. ઓચિંતુ, એકદમ (૪)
૩૫. ઠામ, પાત્ર (૩)
૩૭. લીટી, રેખા (હિં) (૩)
૩૮. ચણોઠી જેટલું જરાક (૪)
૩૯. ઝવેરચંદ મેઘાણીએ કન્યા પર લખેલી કવિતા (૫)
૪૦. પ્રથમ સંખ્યા (૨)
૪૧. પોપટ, સૂડો (૨)
૪૨. ભવનાં પત્ની, શિવાની, પાર્વતી (૩)
૪૪. ઓછુંવત્તું, થોડુંઘણું (૪)
૪૫. નિમંત્રણ (૩)
૪૬. ______ વિનાનું ભણતર (૨)
૪૭. પ્રવાસ, મુસાફરી (૩)
૪૯. કેન્દ્રમાં ______ પક્ષની સરકાર છે (૩)
૫૦. પુત્ર, તનુજ, અંગજ (૩)
૫૪. હોલેન્ડના વતની (૨)

## NanoNine™ શબ્દ રમત-૧૨૩નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | વ | સ | ર | ■ | લા | ■ | ક | મ | જો | ર | ■ |
| હ | ■ | જા | મ | ■ | ત | મ | સ | ■ | સ | ■ | હ |
| મ | ત | ■ | ત | ક | ■ | ગ | મ | ન | ■ | ક | ઠ |
| ■ | ન | ન | ■ | ■ | છ | રી | ■ | ટ | પા | લ | ■ |
| મ | ■ | ફ | ■ | ત | ત્ર | ■ | ર | ■ | ■ | મ | સ |
| રા | જ | ર | ક્ષ | ત | ■ | આ | સ | મા | ન | ■ | મ |
| મ | ■ | ત | મ | ત | મું | ■ | ક | ર | ક | સ | ર |
| ત | જ | ■ | ■ | ક | ■ | જ | સ | ■ | લં | ■ | થ |
| ■ | ખ | વા | બ | ■ | પા | ક | ■ | ■ | ક | લા | ■ |
| ઠા | મ | ■ | ગી | ર | ■ | ■ | શ | બ | ■ | તી | ર |
| ઠ | ■ | ખા | ■ | ત | ર | ફ | ■ | ર | ક્ષા | ■ | ટ |
| ■ | આ | લી | શા | ન | ■ | ના | ■ | ફ | ર | મા | ન |

*માસ નવેમ્બર-૨૦૧૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૨૨ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ - અમદાવાદ
૨. જાગૃતિ રાણા - અમદાવાદ
૩. દક્ષા રામાવત - અમદાવાદ
૪. સ્મિતા શાહ - અમદાવાદ
૫. ચંદ્રા શાહ - અમદાવાદ
૬. વર્ષા પારેખ - અમદાવાદ
૭. નવલ શાહ - અમદાવાદ
૮. પ્રતિમા શાહ - અમદાવાદ
૯. શીત મહેતા - અમદાવાદ
૧૦. જશવંતી મહેતા - અમદાવાદ
૧૧. જયુસખ સંઘવી - અમદાવાદ
૧૨. વિવેક મહેતા - અમદાવાદ
૧૩. અલકા મહેતા - અમદાવાદ
૧૪. જશવંત કોઠારી - અમદાવાદ
૧૫. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૧૬. જ્યોત્સના ગોગરી - અમદાવાદ
૧૭. બીનોય ગોગરી - અમદાવાદ
૧૮. ભાવેશ મહેતા - અમદાવાદ
૧૯. લક્ષ્મી ખત્રી - અમદાવાદ
૨૦. હર્ષ પરીખ - અમદાવાદ
૨૧. સંજય શાહ - અમદાવાદ
૨૨. ગીતા મહેતા - અમદાવાદ
૨૩. હસમુખ દેઢિયા - અડાલજ
૨૪. સરોજ શાહ - અગાશ
૨૫. યોગેશ છેડા - ભુજપુર
૨૬. પ્રભા શેઠિયા - વલસાડ
૨૭. દિનેશ મોમાયા - પૂના
૨૮. નેમજી ગંગર - અડાલજ
૨૯. નગીન શાહ - નાગપુર
૩૦. નિર્મલા ત્રિપાઠી - માધાપુર
૩૧. શોભના દંડ - અંકલેશ્વર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**૧. સરલા શાહ — અમદાવાદ**
**૨. દક્ષા રામાવદ — અમદાવાદ**
**૩. શીત મહેતા — અમદાવાદ**

***બુદ્ધિશાળી વ્યક્તિ વીતી ગયેલી ક્ષણનો શોક નથી કરતા, ભવિષ્યની ચિંતા નથી કરતા. માત્ર વર્તમાનકાળને લક્ષમાં રાખીને જ વ્યવહાર કરે છે.***

## NanoNine™ *Sudoku*

*નવેમ્બર-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૯ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. શાંતિલાલ શાહ - અમદાવાદ
૨. સ્મિતા શાહ - અમદાવાદ
૩. ઉષ્મા શાહ - અમદાવાદ
૪. ચંદ્રા શાહ - અમદાવાદ
૫. અવંતી દંડ - અમદાવાદ
૬. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૭. દેવલ શાહ - અમદાવાદ
૮. પ્રતિમા શાહ - અમદાવાદ
૯. હર્ષિલ મહેતા - અમદાવાદ
૧૦. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૧૧. બીનોય ગોગરી - અમદાવાદ
૧૨. જ્યોત્સના ગોગરી - અમદાવાદ
૧૩. ભાવેશ મહેતા - અમદાવાદ
૧૪. બિંદુ શાહ - અમદાવાદ
૧૫. વર્ષા શાહ - અમદાવાદ
૧૬. ગીતા મહેતા - અમદાવાદ
૧૭. હર્ષ પરીખ - અમદાવાદ
૧૮. હેમલતા દેઢિયા - અડાલજ
૧૯. ચંદન શાહ - અગાસ
૨૦. પ્રભા શેઠિયા - વલસાડ
૨૧. નગીન શાહ - નાગપુર
૨૨. લતા મોમાયા - પૂના
૨૩. હેમલતા ગંગર - અડાલજ
૨૪. હર્ષ પારેખ - સિકંદ્રાબાદ
૨૫. ગુણવંતી મહેતા - ગાંધીધામ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. ચંદન શાહ — અગાસ
૨. હેમલતા દેઢિયા — અડાલજ
૩. પ્રતિમા શાહ — અમદાવાદ

## NanoNine™ Sudoku

**નવેમ્બર-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૯ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**
**જુઓ : પાના નંબર-૯૨**

## ભાગે આવેલ કામ શ્રેષ્ઠતાપૂર્વક કરો

જીવનમાં આપણા ભાગે જે કામ આવ્યું છે તે અવિરતપણે શક્ય એટલી ઉત્તમ રીતે આપણે કરવાનું છે. દરેક માણસ પાસે વ્યવસાયિક નિપુણતા ન હોઈ શકે. પ્રખર બુદ્ધિમાન વિજ્ઞાની અથવા પૂર્ણ કલાકાર તો વળી એનાથીય ઓછા હોય. મોટાભાગના તો કારખાનામાં, ખેતરમાં કે શેરીમાં કામ કરતા કામદાર જ હોય. પણ કોઈ જ કામ નાનું કે નગણ્ય નથી. માનવજાત માટે ઉપયોગી હોય તે દરેક ગામ ગૌરવપૂર્ણ છે. તેને પૂરેપૂરી ચીવટથી કરવું જોઈએ.

જો કોઈ સફાઈ કામદાર શેરીની સફાઈ કરે તો એ કામ એણે એ રીતે કરવું જોઈએ, જે રીતે માઈકેલ ઍન્જેલો ચિત્રકામ કરતો કે બીથોવન સંગીતની તર્જ બનાવતો કે શેક્સપિયર નાટક - કવિતા રચતો. તેણે સફાઈ કામ એ રીતે કરવું જોઈએ કે પૃથ્વી ઉપર માનવો અને સ્વર્ગમાંથી દેવો એનું અભિવાદન કરતાં કહે, 'અહીં એક મહાન સફાઈ કામદાર વસે છે, જે પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરે છે.'

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૮૧અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧-૨૦૧૭સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ માર્ચ-૨૦૧૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૮૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | 1 | | | | 3 | 6 |
| 9 | | | 3 | 8 | | 4 | | |
| 2 | | 7 | | | 4 | | 5 | |
| | | 3 | 4 | 1 | | 2 | | 7 |
| 6 | | 1 | | | 8 | | | 5 |
| | 7 | | | 3 | 2 | 6 | | |
| | 5 | | 6 | | 9 | | 1 | |
| 1 | | 4 | | | | | | 9 |
| | 6 | | | 7 | | 5 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | 8 | | | | 5 |
| | 6 | | | | | 3 | 2 | |
| 1 | 4 | | | 3 | 2 | | | 9 |
| 9 | | 2 | 6 | | | | | 7 |
| | 5 | 4 | | 7 | 3 | | | |
| | | | | | 1 | 6 | 4 | |
| | 2 | 9 | | | 4 | | 8 | |
| 4 | | | 9 | | | | 5 | 3 |
| | | | 8 | 2 | | 4 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 2 | | | 1 | | | | 3 |
| | | | 2 | | 5 | 7 | 6 | |
| 7 | | 9 | | | 3 | | | 5 |
| | 3 | | 5 | | | 4 | 1 | 8 |
| 5 | | 4 | | 2 | | | | |
| | 6 | | | | 1 | | 3 | |
| 8 | | 6 | 9 | 3 | | 2 | | 1 |
| | | | | | 2 | | | |
| | 9 | | 1 | 5 | | | 8 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | | 1 | | 3 | 2 | |
| 3 | 7 | | | | 6 | | 4 | |
| | | 4 | 3 | 8 | | | | 5 |
| | 3 | | | | 8 | 1 | | |
| 8 | | 7 | 4 | | 5 | | 9 | 6 |
| | 4 | | | 2 | | | 3 | |
| 4 | | 1 | | 9 | 3 | 5 | | |
| | | 9 | | | 2 | | 8 | 3 |
| | | 3 | 5 | | | 6 | | 9 |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૮૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 7 | 4 | 6 | 3 | 9 | 8 | 1 | 5 |
| 8 | 6 | 5 | 1 | 2 | 4 | 7 | 9 | 3 |
| 3 | 1 | 9 | 8 | 5 | 7 | 6 | 4 | 2 |
| 4 | 8 | 1 | 7 | 6 | 5 | 3 | 2 | 9 |
| 5 | 3 | 6 | 9 | 8 | 2 | 1 | 7 | 4 |
| 7 | 9 | 2 | 4 | 1 | 3 | 5 | 8 | 6 |
| 9 | 4 | 3 | 5 | 7 | 8 | 2 | 6 | 1 |
| 6 | 2 | 7 | 3 | 4 | 1 | 9 | 5 | 8 |
| 1 | 5 | 8 | 2 | 9 | 6 | 4 | 3 | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 9 | 7 | 6 | 5 | 2 | 1 | 8 |
| 1 | 5 | 6 | 2 | 8 | 4 | 9 | 3 | 7 |
| 2 | 7 | 8 | 1 | 9 | 3 | 6 | 5 | 4 |
| 4 | 2 | 3 | 5 | 7 | 6 | 8 | 9 | 1 |
| 5 | 8 | 7 | 3 | 1 | 9 | 4 | 2 | 6 |
| 6 | 9 | 1 | 8 | 4 | 2 | 5 | 7 | 3 |
| 8 | 3 | 4 | 9 | 5 | 7 | 1 | 6 | 2 |
| 7 | 6 | 5 | 4 | 2 | 1 | 3 | 8 | 9 |
| 9 | 1 | 2 | 6 | 3 | 8 | 7 | 4 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 4 | 7 | 6 | 1 | 5 | 9 | 8 | 3 |
| 5 | 6 | 8 | 9 | 2 | 3 | 7 | 1 | 4 |
| 9 | 1 | 3 | 4 | 8 | 7 | 2 | 6 | 5 |
| 4 | 5 | 1 | 2 | 6 | 8 | 3 | 7 | 9 |
| 3 | 8 | 2 | 5 | 7 | 9 | 1 | 4 | 6 |
| 6 | 7 | 9 | 3 | 4 | 1 | 8 | 5 | 2 |
| 7 | 2 | 5 | 1 | 3 | 4 | 6 | 9 | 8 |
| 8 | 3 | 4 | 7 | 9 | 6 | 5 | 2 | 1 |
| 1 | 9 | 6 | 8 | 5 | 2 | 4 | 3 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 8 | 1 | 2 | 4 | 6 | 7 | 9 |
| 2 | 6 | 9 | 3 | 7 | 8 | 1 | 5 | 4 |
| 1 | 7 | 4 | 5 | 6 | 9 | 2 | 3 | 8 |
| 3 | 9 | 1 | 8 | 4 | 5 | 7 | 2 | 6 |
| 8 | 2 | 7 | 9 | 3 | 6 | 4 | 1 | 5 |
| 4 | 5 | 6 | 7 | 1 | 2 | 8 | 9 | 3 |
| 6 | 1 | 5 | 4 | 9 | 7 | 3 | 8 | 2 |
| 7 | 8 | 2 | 6 | 5 | 3 | 9 | 4 | 1 |
| 9 | 4 | 3 | 2 | 8 | 1 | 5 | 6 | 7 |

## જાણવા જેવું

(અનુસંધાન : પાના નં.-૯૨ ઉપરથી ચાલુ)

કલાક માટે રહેતી હોય છે. એટલે સવારના સમયે ઍટેકની તીવ્રતમ માત્રામાં અસર હોય છે.

૩. એસ્પિરિન તમારા દવાના ડબ્બામાં ઘણા વરસો સુધી રહી શકે છે અને જ્યારે તે જૂની થાય છે ત્યારે એમાંથી (સરકો) વિનેગર જેવી વાસ આવે છે.

૪. બીજી વાત, જે દરેકને મદદરૂપ થશે. બેયર કંપની ક્રિસ્ટલ જેવી એસ્પિરિન બનાવે છે. જે જીભ ઉપર મૂકતા જ ઓગળી જાય છે. તે સામાન્ય ગોળી કરતાં ઝડપથી કામ કરે છે.

૫. હાર્ટ ઍટેકના સર્વસામાન્ય લક્ષણો ડાબા હાથ અને છાતીમાં દુઃખાવા ઉપરાંત પણ કેટલાક લક્ષણો છે. જેની માહિતી પણ જરૂરી છે. જેમકે દાઢીમાં ખૂબ જ દુઃખાવો થવો, ઊલટી ઊબકા જેવો અનુભવ થવો, ખૂબ જ પરસેવો થવો – પણ આ લક્ષણો ક્યારેક જ દેખાય છે.

૬. હાર્ટ ઍટેકમાં ક્યારેક છાતીમાં દુઃખાવો ના પણ થાય. મોટાભાગના (લગભગ ૬૦%) લોકોને જ્યારે ઊંઘમાં હાર્ટ ઍટેક આવ્યો, તો તેઓ ઊંઘમાંથી જાગ્યા પણ ન હતા પરંતુ જો તમને છાતીમાં જોરદાર દુઃખાવો ઉપડે તો તેનાથી તમે ગાઢ નિદ્રામાંથી પણ જાગી જાવ છો.

૭. જો તમને હાર્ટ ઍટેક આવે તો – તાત્કાલિક ૨ એસ્પીરીન મોઢામાં મૂકી દો અને થોડાક પાણી સાથે તેને ગળી જાવ. પછી ૧૦૮ને ફોન કરો. તમારા પડોશી કે સગા જેઓ નજીક રહેતા હોય તેમને ફોન કરો અને કહો ‘હાર્ટ ઍટેક’ અને એ પણ જણાવો કે તમે બે એસ્પીરીન લીધી છે. પછી મુખ્ય દરવાજાની સામે સોફા કે ખુરશીમાં બેસો અને તેમના આવવાની રાહ જુઓ – સૂઈ જશો નહીં. ■

## ભણતર (લઘુકથા)

*– નટવર આહલપરા*

મેડિકલના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા એકના એક પુત્ર મયંકે ગળા-ફાંસો ખાધો. પથ્થરો પીગળ્યા. શોકનો સાગર ઊછળ્યો. પિતા પ્રાધ્યાપક, માતા શિક્ષિકા બંને અવાચક.

મયંકનું બેસણું. તેના માતા-પિતાની એક જ રટણ : ‘અમે ક્યાં કોઈનું બગાડ્યું છે? કુદરતનો આ તે કેવો ન્યાય?’ ચાર-પાંચ દિવસ પસાર.

મયંકનાં મા-બાપ સંત આશ્રમમાં સંતના ચરણે. સંતે સાંત્વના આપતા કહ્યું : ‘આખરે ભણતરનો અર્થ તો એ છે કે માણસ જીવનના સંકટોમાંથી હેમખેમ પાર ઊતરે અને એવી રીતે નીકળે કે કોઈનું બૂરું ન કરે.’

આ અભણ, આ ભણેલા, આ પાસ, આ નાપાસ એનાં ધોરણ પણ કેટલાં તુચ્છ અને તકલાદી છે!

નિશાળની અંદર આવું? ઔરંગઝેબ ૧૭૦૭ ની સાલમાં મરી ગયો. તે હકીકતની ઇતિહાસમાં કિંમત છે, તે હું જાણું છું. સૌ જાણે છે.

પણ એ એટલી મોટી કિંમત નથી કે, જેને કારણે વિદ્યાર્થીની આત્મશ્રદ્ધાનો નાશ કરી નાંખવામાં આવે? એને ૧૭૦૭ ની સાલ ન આવડી તેથી કાંઈ એ જીવનમાં હારી નથી બેઠો. બે અક્ષર ન આવડતા હોય તો માણસ જીવનમાં નાપાસ થતો જ નથી. શું જીવન શબ્દોનું ગુલામ છે?

જીવન ટકે છે આત્મશ્રદ્ધા, સામાજિકતા અને વિનય ઉપર. સંતની વાત પૂરી. છાના ધ્રૂસકે-ધ્રૂસકા. મયંકનાં માતા પિતા સંતના ચરણમાં, ‘મહારાજ, અમારા પેટને મેડિકલ લાઈનમાં નહોતું જાવું અમે.......!’

*૩, વિમલનગર, યુનિવર્સિટી રોડ, રાજકોટ.*
*મોબાઈલ : ૯૯૭૪૦ ૦૯૦૪૨*

## મોદી મેજીક

ભારતીય રેલવે દ્વારા પ્રવાસીઓની સુવિધા / ફરિયાદ માટે જાહેર કરેલ મોબાઈલ નંબર. જેનો ઉપયોગ પ્રવાસી દ્વારા રેલવે પ્રવાસ દરમિયાન ભારતની રેલવે સેવા મેળવવા જરૂરથી કરે.

| | | |
|---|---|---|
| ★ | રેલવે કોચમાં તથા સ્ટેશન ઉપર સાફ સફાઈ માટે | : ૯૭૬૦૫ ૦૦૦૦૦ |
| ★ | રેલવે કોચમાં (ડબ્બામાં) સમસ્યા અંગે | : ૯૭૬૦૫ ૩૪૦૬૦ |
| ★ | આર.પી.એફ. (રેલવે પોલીસ ફોર્મ) સુરક્ષા | : ૯૭૬૦૫ ૩૪૦૬૩ |
| ★ | પીવાના પાણી અંગે તેમજ કોચમાં પાણી અંગેની સમસ્યા | : ૯૭૬૦૫ ૩૪૦૬૯ |
| ★ | સારવાર - ચિકિત્સા સેવા અંગે | : ૯૭૬૦૫ ૩૪૦૭૩ |
| ★ | ટી.ટી.ઈ. રિઝર્વેશન (આરક્ષણ) તથા ભોજન બાબત | : ૯૭૬૦૫ ૩૪૯૮૩ |
| ★ | પૂછપરછ (ઇન્કવાયરી) સમસ્યા | : ૯૯૨૦૧ ૪૨૧૫૧ |

*સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ (મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮)*



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **કચ્છ એક જીવંત મ્યુઝિયમ :** ભુજ ખાતે ઈન્સ્ટિટ્યૂટ ઓફ યુથ ડેવલપમેન્ટ ખાતે તાજેતરમાં યોજાયેલ કચ્છના સ્વાતંત્ર્યસેનાની કાંતિપ્રસાદ અંતાણી વ્યાખ્યાનમાળામાં કચ્છ યુનિવર્સિટીના ડૉ. મહેશ ઠક્કરે 'કચ્છ કઈ રીતે જીવંત પ્રયોગશાળા છે' તે વિશે પ્રકાશ પાડતાં જણાવેલ કે માત્ર ભૂસ્તરશાસ્ત્ર નહીં, પરંતુ ભૂકંપશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, જીવકોષ શાસ્ત્ર, પરિસર વિજ્ઞાન, પુરાતત્ત્વ, ભૂગોળશાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર, સમુદ્રકીય જીવશાસ્ત્ર, વનસ્પતિ શાસ્ત્ર, પક્ષી શાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, અર્થશાસ્ત્ર, વ્યવસ્થાપન, પર્યાવરણ — એમ તમામ ક્ષેત્રમાં કચ્છના આગવા અને અજોડ અભ્યાસ સંશોધન કરી શકાય તેમ છે. ભૂકંપીય ઈતિહાસની વિવિધતા વર્ણવતા ડૉ. ઠક્કરે જણાવેલ કે ભુજનું નામ ભલે ભુજંગદેવ પરથી પડેલ હોય પરંતુ ભૂકંપના પગલે પડ્યું હોય તેવું સમજાવેલ.

★ **આર્થિક : ઊંટડીના દૂધનો ખાદ્ય પદાર્થમાં સમાવેશ :** કચ્છના માલધારીઓના આર્થિક ઉત્થાન માટે ઊંટડીના દૂધમાંથી સાબુ, ચોકલેટ અને પાવડર એડવિન કંપની દ્વારા ઉત્પાદન કરી તેનું માર્કેટિંગ દિલ્હીની બજારમાં કરવામાં આવે છે. આ સોનાતુલ્ય ઔષધિયુક્ત દૂધની માંગમાં થોડો થોડો વધારો થતો જાય છે. આ બાબતે રાજ્ય સરકાર અને સરહદ ડેરી - સહજીવન સંસ્થા તેમજ ઊંટ ઉછેરક સંસ્થા દ્વારા કરવામાં આવેલ પ્રયત્ન દ્વારા ફૂડ એફ.ટી. એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ઊંટડીના દૂધને ખાદ્ય પદાર્થમાં ઉમેરવા મંજૂરી મળી ગઈ છે.

★ **વસ્ત્ર ઉદ્યોગ - વેરા મુક્તિની જરૂરિયાત :** ગુજરાત રાજ્યના પૂર્વ નાણાંમંત્રી તથા કચ્છી જૈન સમાજના સભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહે શાળાઓના ગણવેશ, હોઝિયરી અને અન્ડર ગારમેન્ટને જી.એસ.ટી.માંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવે તેવી રજૂઆત નાણાં સચિવ હસમુખ અઢિયાને પત્ર લખી કરી છે.

★ **ઐતિહાસિક પહેલ :** વાંકી (તા. મુંદ્રા)માં વાંકી જૈન યુવક મંડળના જીવદયાના કાર્યને મૂર્તિમંત બનાવવા ગામના લોકોએ તેમને ૬૦૦ એકર જેટલી જમીન ભેલાણ માટે આપી. જેથી કપરા સમયે મુંગા પશુઓને યોગ્ય ઘાસચારો મળી રહે. યુવક મંડળે ૨૫૦ એકરમાં જુવારનું વાવેતર તેમજ અન્ય જમીનમાં અનાજનું વાવેતર કરેલ. જેથી ૧૨ હજાર મણ ઘાસચારો તથા ૧૨૦૦ મણ અનાજનું ઉત્પાદન થયેલ છે. આમ, આવતા બે વર્ષ માટે પશુઓના ઘાસચારાનો આ ઐતિહાસિક પહેલ દ્વારા ઉકેલ લાવેલ છે.

★ **રાષ્ટ્રીય એવોર્ડ :** માધાપર (તા. ભુજ)ના યુવા ઉદ્યોગકાર ભરત હિંમતદાન ગઢવી કે જેઓના મૂળ લાખોંદના છે તેમને ઈન્ડિયન ઈકોનોમિક ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ એસોસિએશન તરફથી એફ.એમ.સી.જી. અને ફાર્માસ્યુટીકલ વ્યાપારિક ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી બદલ રાષ્ટ્રીય ઍવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. આ ઍવોર્ડ મેળવનાર ગઢવી સમાજનાં ગુજરાતના પ્રથમ વ્યક્તિ છે.

★ **ભુજ હવે હાઈટેક :** તા. ૪-૧૨-૨૦૧૬ના ભુજમાં ૪૬૯મા જન્મ દિવસે ભુજ શહેરને હાઈટેક કરવામાં આવેલ. આઈ.સી.આઈ.સી.આઈ. બેંક - ભુજ શાખા તથા ભુજ સુધરાઈના ઉપક્રમે શહેરની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ પાસે નગરપાલિકા કચેરી ખાતે તેમજ શહેરના ખેંગાર પાર્ક ખાતે શહેરીજનોને ફ્રી વાઈફાઈની સુવિધાની ભેટ મળેલ છે. વધુમાં આવનારા દિવસોએ અન્ય સંસ્થાના સહયોગ દ્વારા જ્યુબિલી ગ્રાઉન્ડ, બસ સ્ટેશન, વાણિયાવાડ, મંગલમ, સંસ્કાર નગર, રિલાયન્સ પેટ્રોલ પંપ જેવા સ્થળોએ આ સેવા શરૂ કરવામાં આવશે તેવું ભુજ સુધરાઈ કારોબારીના ચેરમેન શૈલેન્દ્રસિંહ જાડેજાએ જણાવેલ હતું. તદુપરાંત ૧લી જાન્યુઆરી, ૨૦૧૭થી કચ્છમાં એફ.એમ. રેડિયોની સુવિધા મળતી થશે તેવા સમાચાર છે.

★ **સગવડ :** ભુજ રેલવે સ્ટેશને રૂા. ૨૭ લાખના ખર્ચે એક અને બે નંબરના પ્લેટફોર્મને જોડતા ઑવરબ્રિજ પર બે લિફ્ટનું કામ પૂર્ણતાને આરે આવેલ છે. ભુજ રેલવે સ્ટેશને ફક્ત બે જ હમાલ હોવાથી લગભગ ૧,૦૦૦ જેટલા પેસેન્જરોને બે નંબરના પ્લેટફોર્મ ઉપરથી ઉપડતી ટ્રેનો માટે પોતાના લગેજ સાથે જતાં - આવતાં તકલીફ પડતી હોવાની બાબત, રેલવે તંત્રને સલાહકાર સમિતિએ રજૂ કરતાં, આ સુવિધા શક્ય બનેલ છે. સાથે સાથે નજીકના ભવિષ્યમાં કમાઉ રેલવે સ્ટેશન ગાંધીધામ ખાતે પણ વરિષ્ઠ તેમજ વિકલાંગ નાગરિકો માટે એસ્કેલેટર - સીડી તથા લિફ્ટની સગવડના પગરણ થવાના છે.

★ **દહેશત : ધરતીકંપ :** તા. ૭-૧૨ના રોજ કચ્છમાં રાપર નજીક ૪.૨ની તથા ભુજમાં ૩.૧ની તીવ્રતાવાળા ધરતીકંપના આંચકાથી લોકોમાં દહેશત - ભય ફેલાઈ ગયેલ હતો. ૨૬ જાન્યુઆરી નજીક આવતાં લોકોને વર્ષ ૨૦૦૧ના મહાભયંકર ભૂકંપની યાદ આવી જતાં લોકોમાં ગભરાટ ફેલાઈ ગયેલ હતો. જો કે કોઈ નુકસાની તથા જાનહાનિના સમાચાર નથી.

★ **અભ્યાસ - કચ્છ કોર્નર** : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સંગીન પ્રયત્નોથી કચ્છ યુનિવર્સિટીએ ''કચ્છ કોર્નર''ની તૈયારી શરૂ કરી દીધેલ છે. આ એક એવું આયોજન છે કે કચ્છ ઉપર સંશોધન કરનારા પીએચ.ડી. તથા એમ.ફીલ કરનારા છાત્રો, સર્જકોને કચ્છ માટેની વિગતો અંગે અલગ અલગ સ્થાનેથી માહિતી એકત્ર કરવા જવું ન પડે. તેમજ તે અંગેની બધી માહિતી, સાહિત્ય સામગ્રી, એક જ સ્થાને ઉપલબ્ધ બને તે હેતુથી આ ''કચ્છ કોર્નર''ની રચનાત્મક તૈયારી શરૂ થઈ ગઈ છે.

★ **ફેરી બોટ સર્વિસ** : ચાલુ મહિનામાં માંડવી - ઓખા ફેરી બોટ ''કચ્છ સાગર સેતુ'' અને પ્રતિષ્ઠા મરીન સર્વિસ પ્રા.લિ.ના સંયુક્ત સાહસ દ્વારા શરૂ કરાશે. પ્રારંભમાં ૧૦૦ યાત્રિકોની ક્ષમતા ધરાવતી મહારાષ્ટ્ર મેરીટાઈમ બોર્ડ દ્વારા નોંધાયેલ 'માહી' નામની બોટ દ્વારા આ સર્વિસ ચાલુ કરાશે. જેને ૨૪ નોટીકલ માઈલનું અંતર કાપતા સવા બે કલાકનો સમય લાગશે. જેમાં ૫૨ બેઠકો વાતાનુકૂલ તથા ૪૮ બેઠકો નોન એ.સી. રહેશે. તા. ૧લી જૂનથી ૩૧ ઓગસ્ટના દરિયાઇ માહોલને કારણે ઓફ સીઝનમાં આ ફેરી સર્વિસ બંધ રહેશે. આ સર્વિસની કામચલાઉ મંજૂરી સેન્ટ્રલ ગવર્નમેન્ટના શિપિંગ ડિપાર્ટમેન્ટે આપેલ છે.

★ **રેલવે : સુવિધા માંગણી** : કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ ભુજ અને ગાંધીધામથી ઉપડતી અન્ય રાજ્યોને જોડતી ટ્રેનોને અંજાર, આદિપુર, ભચાઉ, સામખિયાળી સ્ટેશનોને સ્ટોપેજ મળે તે માટે રેલવે મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ પાસે લેખિત અને મૌખિક રજૂઆત કરી છે. કારણમાં જણાવેલ કે આ દરેક સ્ટેશનોને આજુબાજુના ૩૦થી ૩૫ ગામો સંલગ્ન છે. આથી આ ગામોને ટ્રેનોની સુવિધા મળી રહેશે તો આજુબાજુના ગામોની પ્રજાને સુવિધા મળશે.

★ **રેલવે : સયાજીનગરી એક્સપ્રેસ ૧લી એપ્રિલથી દાદર સુધી જશે** : પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નંબર ૧૯૧૧૫ / ૧૯૧૧૬ બાંદ્રા - ભુજ - બાંદ્રા સયાજીનગરી એક્સપ્રેસને ૧લી એપ્રિલ, ૨૦૧૭થી દાદર (મુંબઈ) સુધી દોડાવવામાં આવશે. જેથી ૧લી એપ્રિલથી આ ટ્રેન ભુજથી બાંદ્રાને બદલે દાદર સુધી જશે. તેમજ આ ટ્રેન ભુજ - દાદર સયાજીનગરી એક્સપ્રેસ તરીકે ઓળખાશે. તથા ૧લી એપ્રિલથી આ ટ્રેનના વડોદરાથી દાદર સુધીના સમયમાં પણ સામાન્ય ફેરફાર થશે.

★ **સરળતા : કેશલેશ અંગેની માહિતી** : વેપારી સહિત સામાન્ય લોકોને કેશલેસ વ્યવહાર અપનાવવામાં પડતી સમસ્યાને દૂર કરવા માટે અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી તરફથી ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૨૧ ००७૯ શરૂ કરાયેલ છે. આ ટોલ ફ્રી નંબરથી કેશલેસ વ્યવહાર કરવાથી શું ફાયદાઓ છે તેની પૂરતી જાણકારી મળશે. આ ઉપરાંત જમીન - મહેસૂલને લગતી પણ માહિતી મળશે. તેમજ દાખલા, રેશનકાર્ડ, જમીન સંબંધિત ફેરફારની નોંધ, સમાજ સુરક્ષા યોજના અને સોગંદનામા સહિતની માહિતી મળશે. જે જાણકારી ટોલ ફ્રી નંબર ઉપરથી મંગાવવામાં આવશે તે વિષયની સંપૂર્ણ માહિતી સંબંધિત વ્યક્તિના મોબાઈલ ફોન પર એસ.એમ.એસ.થી મળશે.

★ **હસ્તકલા : "શિલ્પગુરુ" એવોર્ડ** : ધમડકાના હસ્તકલા કારીગર અબ્દુલ રઝાક મહમદ ખત્રીને નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે વર્ષ ૨૦૧૫નો પ્રતિષ્ઠિત ''શિલ્પગુરુ'' પુરસ્કાર આપવામાં આવ્યો હતો. શ્રી ખત્રીને આ અગાઉ ૧૯૯૮માં નેશનલ ક્રાફ્ટમેન ઍવોર્ડ પણ મળી ચૂકેલ છે. ઉલ્લેખનીય છે કે અજરખ બ્લોક પ્રિન્ટમાં કચ્છમાં તેમને મળેલો આ ઍવોર્ડ સૌપ્રથમ છે. તેમના બે પુત્રોને તેમજ તેમના ભાઈને પણ માસ્ટર ક્રાફ્ટમેન રાષ્ટ્રીય ઍવોર્ડ મળેલો છે.

★ **બન્નીના મોંઘેરા પ્રવાસી પંખી તથા નવી ઘાસની જાતો** : અંદાજે વીસ વર્ષ બાદ આફ્રિકાના અલ્જીરિયાથી બન્ની આવેલા પ્રવાસી પંખી ''વાકુ વાકુ'' બરાવડાની હાજરી તથા ૧૪થી પણ વધુ જૂની ઘાસની જાતો નજરે પડતાં પક્ષી પ્રેમીઓ તથા જાગૃત નાગરિકોના મનમાં સવાલ પેદા થાય છે કે શું બન્નીનું વાતાવરણ કરવટ લઈ રહ્યું છે. બન્નીના પ્રદેશમાં ઘાસની અનેક જૂની જાતો અને તેમાંની કેટલીક તો એકસો વરસ પછી ફરીથી બન્નીમાં દેખાવા માંડી છે. તેમજ 'પેઇલ ગ્રેક સ્પેરો' નામની ચકલી તો ભારતભરમાં નોંધાઈ નથી. બન્નીમાં દેખાઈને આ પક્ષીએ ભારતના પક્ષી લિસ્ટમાં નવો ઉમેરો કર્યો છે. 'મસ્કતી લટોરો' નામનું દુર્લભ પક્ષી પણ ગયા વરસે ૫૦૦ની સંખ્યામાં નજરે ચડેલ. આ એક રેકોર્ડ છે. 'રેતાળ રણગોધલો' ૨૫ વર્ષ બાદ ૪૦થી વદુ સંખ્યામાં દેખાયા છે. ભૂતકાળમાં દેખાતા ૧૪ જેટલા પૌષ્ટિક ઘાસની જાતોએ બન્નીની ઘાસિયા ભૂમિમાં પુનઃ પગરણ માંડ્યા છે. આમ બન્નીની સંસ્કૃતિને ધબકતી કરવામાં પણ કુદરત સાથ આપી રહી છે તેવું જણાય છે.

★ **નેશનલ શૂટિંગ સુવર્ણ ચંદ્રક** : પૂણે મહારાષ્ટ્ર ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની શૂટિંગ ચેમ્પિયનશીપમાં ગાંધીધામના શૂટર પૃથ્વીરાજ દિલીપ આયાચીએ ૫૦ મીટર ઝોન સ્પર્ધામાં ક્વોલીફાઈડ રાઉન્ડમાં ૬૧૩.૮નો સ્કોર કરી ફાઈનલ રાઉન્ડમાં ૨૦૯.૫નો સ્કોર કરી આંતરરાષ્ટ્રીય મેડલિસ્ટ શુભાંકર પ્રમાનીકને હાર આપી સુવર્ણ ચંદ્રક હાંસલ કર્યો હતો. આ સ્કોર જુનિયર વિભાગમાં ઐતિહાસિક સ્કોર છે. ભારતના ટોચના શૂટર ગગન નારંગ અને અભિનવ બિન્દ્રાને તાલીમ આપનારા કઝાકિસ્તાનના કોચ સ્ટેનીશ લાવ લેપીડર્સે કોચિંગ આપ્યું હતું. આ સ્પર્ધામાં ગુજરાતના ૧૮ જેટલા સ્પર્ધકોમાંથી તેના શાનદાર દેખાવ દ્વારા રાષ્ટ્રીય સ્તરે ગુજરાતને સુવર્ણ ચંદ્રક અપાવ્યો છે. ■




## શરણાઈ

- **શનિવાર, તા. ૩-૧૨-૨૦૧૬**
  **ચિ. પાર્થ કિશોર રતનશી સાયા (સુજાપુર - અમદાવાદ)**
  **ચિ. જીનલ મહેશભાઈ પટેલ (અમદાવાદ)**
- **રવિવાર, તા. ૧૧-૧૨-૨૦૧૬**
  **ચિ. કાર્તિક કિશોર રતનશી સાયા (સુજાપુર - અમદાવાદ)**
  **ચિ. મેઘા મહેન્દ્રભાઈ બારોટ (જાસપુર - મહેસાણા)**

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની*
*વિવિધ સેવાકીય યોજનાઓ માટે*
*નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### તબીબી સહાય ખાતે

રૂા. ૧૦,૦૦૦/- શ્રીમતી કૈલાસબેન દિલીપભાઈ શાહ - અમદાવાદ

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ખાતે

રૂા. ૧,૫૦૦/- શ્રીમતી જશવંતીબેન રસીકભાઈ પ્રેમજીભાઈ નીસર (વડાલા (કચ્છ) - અમદાવાદ) સુપુત્ર ચિ. ઉમંગના લગ્ન પ્રસંગ નિમિત્તે.

### સાધર્મિક સહાય ખાતે

રૂા. ૧,૫૦૦/- શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ - ગાંધીનગર

### શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૧,૦૦૦/- શ્રીમતી જશવંતીબેન રસીકભાઈ પ્રેમજીભાઈ નીસર (વડાલા (કચ્છ) - અમદાવાદ)

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૧,૫૦૦/- શ્રીમતી જશવંતીબેન રસીકભાઈ પ્રેમજીભાઈ નીસર (વડાલા (કચ્છ) - અમદાવાદ) સુપુત્ર ચિ. ઉમંગના લગ્ન પ્રસંગ નિમિત્તે.

રૂા. ૧,૦૦૦/- શ્રીમતી દમયંતીબેન દામજીભાઈ પ્રેમજીભાઈ નીસર (વડાલા (કચ્છ) - અમદાવાદ)

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૭,૦૦૦/- શ્રી કચ્છી જૈન મહિલા ભક્તિ મંડળ - અમદાવાદ

રૂા. ૨,૫૦૦/- શ્રી રોહિત ડાહ્યાલાલ શાહ - અમદાવાદ

રૂા. ૨,૦૦૦/- શ્રી દિલીપ શાંતિલાલ સંઘવી - અમદાવાદ

રૂા. ૨,૦૦૦- શ્રીમતી રશ્મિકાબેન ગુણવંતલાલ શાહ - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો જોગ

### વસતિ પત્રક - ૨૦૧૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તમામ સભ્યોને અપીલ કરવામાં આવે છે કે સંસ્થાની વેબસાઈટ ઉપર ઓનલાઈન વસતિ પત્રક બહાર પાડવાનું હોવાથી જે - તે સભ્યોએ સૂચિત વસતિ પત્રકના ફોર્મ પોતાના પરિવારની પૂરેપૂરી વિગત ભરી, વહેલાસર સંસ્થાના કાર્યાલય શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે જમા કરાવી દે.

આ જ અંકમાં વસતિપત્રકનું ફોર્મ પાના નં. ૧૧૧ પર છાપેલું છે.

જે સભ્યને, વસતિ પત્રકના પોતાના ભરેલા ફોર્મ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પહોંચાડવામાં અગવડતા પડતી હોય તેવા સભ્યોએ સંસ્થાના અન્ય બે ભવનો : (૧) શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ તથા (૨) શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતામંદિર ખાતે પણ પોતાના ફોર્મ જમા કરાવી શકે છે.

આશા છે કે સભ્યો તરફથી પૂરતો સહયોગ મળી રહેશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ધ્વજવંદન કાર્યક્રમ

## જાહેર આમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આપણા દેશના ૬૮ના પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવા જઈ રહ્યો છે. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પ્રાંગણમાં તા. ૨૬-૧-૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે આદરણીય **શ્રી પ્રવીણ બી. ગોંધિયા**, એડિશનલ ડી.જી. - ગાંધીનગરના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવશે. દરેક સભ્યે સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

તે જ દિવસે ધ્વજવંદન કાર્યક્રમ બાદ ભવનના સાંસ્કૃતિક હોલ ખાતે રંગારંગ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ગુજરાતમાં હૃદય પ્રત્યારોપણનું પ્રથમ કાર્ય કરનાર તથા આપણા સમાજના સભ્ય **ડૉ. શ્રી ધીરેન શાંતિલાલ શાહ (રાંભિયા)**નું બહુમાન, પધારેલ અતિથિ વિશેષ શ્રી પ્રવીણ બી. ગોંધિયાના વરદ્ હસ્તે કરવામાં આવશે.

સંપૂર્ણ કાર્યક્રમ બાદ સ્વરૂચિ ભોજન રાખવામાં આવેલ છે.

સમાજના સર્વે સભ્યોને ઉપરોક્ત કાર્યક્રમમાં પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# સમાજ સુરક્ષા સમિતિ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો જોગ

જે સભ્ય પરિવારોએ ગત ઓક્ટોબર માસમાં જૈન ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન (JIO) દ્વારા સંસ્થા મારફત આરોગ્યના વીમા લીધેલ હતા તેઓને જણાવવાનું કે તેઓના વીમા કોઈ પણ કારણસર બે માસ થયા રિન્યુ થયા નથી, જેની નોંધ લેવા વિનંતી. આ કારણે આ બે માસ દરમિયાન ઉપસ્થિત થયેલા કોઈ ક્લેઈમ મળી શકશે નહીં.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, JIO સાથે સતત સંપર્કમાં છે અને આગળ જે કંઈ માહિતી મળશે અથવા પગલાં લેવાના થશે એ આપને તરત જણાવશું.

*આમ છતા વધારે જાણકારી માટે સંપર્ક :*

**શ્રી જશવંતભાઈ કોઠારી : મો. ૯૮૨૫૧ ૪૨૩૯૭**

**શ્રી મગનલાલ સંઘવી : ફોન : ૨૬૮૭૧૯૨૫**

**મગનલાલ મોતીચંદ સંઘવી**
**કન્વીનર**
**સમાજ સુરક્ષા સમિતિ**

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

## 'તમારી કેરિયર કેવી રીતે ડિઝાઈન કરશો?'

તા. ૨૭-૧૧-૨૦૧૬ના રોજ આ માહિતીપ્રદ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. ઉપરોક્ત વિષય ઉપર ઉત્તમ પ્રવચન અને કાઉન્સેલિંગ – પ્રો. જયરાજ પંડ્યા કે જેઓ એજ્યુકેશનના ક્ષેત્રે Ph.D. કરી રહેલ છે અને ૨૫ વર્ષથી શિક્ષણક્ષેત્રે કાર્યરત છે, તેમના દ્વારા કરવામાં આવ્યું.



ધોરણ-૮, ૯ અને ૧૦ વર્ગમાંથી આવનાર વિદ્યાર્થી મિત્રો અને તેમના વાલીઓ માટેની આ ખાસ વર્કશોપ બે ભાગમાં વહેંચાયેલ હતી.

*પ્રથમ દોઢ કલાક માત્ર વાલીઓ સાથે ચર્ચા કરેલ હતી. જેમાં –*

- વિદ્યાર્થીઓને આપવામાં આવતું ભોજન કેવું હોવું જોઈએ.
- ઘરનું વાતાવરણ કેવું બનાવવું જોઈએ.
- તેમને કેવી લાઈફસ્ટાઈલ આપવી જોઈએ
- તેમને કેવી વાંચવાની આદતો પાડવામાં મદદ કરવી જોઈએ – તેવા વિષયો ઉપર ખૂબ જ રસપ્રદ ચર્ચાઓ થયેલ હતી.

*બીજા દોઢ કલાક દરમિયાન વિદ્યાર્થીઓ સાથે –*

- તેમને કેવી કેરિયર બનાવવી જોઈએ.
- કયા ક્ષેત્રમાં એડમિશન મેળવવા કેટલા માર્કસ લાવવા જોઈએ.
- કેવી પરીક્ષાઓ આપવી પડતી હોય છે
- બધા જ વિદ્યાર્થીઓએ સફળ થવા માટે સમયપત્રક બનાવવું જોઈએ.

જેવા ખૂબ જ અગત્યના મુદ્દાઓ ચર્ચાયા.

ખૂબ જ રસપ્રદ આ કાર્યક્રમમાં કુલ ૪૦ જણા હાજર રહેલા હતા અને ઘણો જ હકારાત્મક પ્રતિભાવ મળેલ હતો.

*– કન્વીનર*

## આપના બાળકને ઓળખો

વિષય ઉપર જાણીતા સાયકોલોજિસ્ટ શ્રીમતી હીરલ ધોળકિયાએ ખૂબ જ સુંદર વક્તવ્ય તા. ૨૭-૧૧-૨૦૧૬ના રોજ પાલડી ભવન ખાતે આપેલ હતું. આ સુંદર કાર્યક્રમમાં ૩ થી ૮ વર્ષના વયનાં બાળકોના વાલીઓને આમંત્રણ આપેલ હતું.



ડૉ. હાર્વર્ડ ગાર્ડનરના Multiple Intelligence Theory ઉપર આધારિત આ વક્તવ્યમાં દરેક બાળકો વિવિધ પ્રકારની બુદ્ધિમત્તા ધરાવે છે, તેમાંથી આપણે આપણા બાળકની બુદ્ધિમત્તા અથવા ઝુકાવ કઈ તરફ છે – તે જાણીને તેના ઉપયોગથી બાળકમાં ઘણી નવી શક્તિઓ ખીલવી શકાય છે અને તેનો વિકાસ ઝડપથી થઈ શકે છે તેવું આવનાર દરેક વાલીએ જાણ્યું.

વિવિધ રમતો અને દાખલાઓ દ્વારા આ સમજાવીને વાલીઓનાં ઘણાબધા પ્રશ્નોનાં જવાબો પણ પ્રો. હીરલ ધોળકિયાએ આપ્યા હતા. બાળ ઉછેરને આજના જમાનામાં ખૂબ જ જરૂરી સમજતા એવા સમજદાર વાલી - વડીલો ખૂબ જ જૂજ સંખ્યામાં આવા કાર્યક્રમોમાં આવે છે. સમાજ તરફથી દરેક ઉંમરના બાળકોના કાર્યક્રમ રાખવામાં આવે છે, તેમના વાલીઓને વારંવાર ભવન ઉપરથી ફોન કરવામાં આવે છે અને વિનંતીઓ કરવામાં આવતી હોવા છતાં હાજરી ખૂબ જ પાંખી હોય છે અને દરેક વાલીઓ "પોતાના પાલ્યને બરાબર સમજી શકતા નથી" એવી ચિંતા - દલીલ - કમ્પ્લેઈન્ટ કરતા જ રહે છે.

*– કન્વીનર*

*હૃદયરોગનો ઈલાજ વિજ્ઞાન પાસે છે.*
*પણ હૃદયમાં રહેલા ઈર્ષ્યા, ક્રોધ, અભિમાન*
*વગેરે દોષોનો ઈલાજ ધર્મ પાસે છે.*

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ અને મહિલા ઉત્કર્ષ સમિતિના *સંયુક્ત ઉપક્રમે*

**● આગામી કાર્યક્રમ ●**

# Right Parenting Changes Life

**(સાચું Parenting જિંદગી બદલી નાંખે છે)**

*"દરેક વ્યક્તિ જિંદગીમાં કેવો અને કેટલો સફળ, નિષ્ફળ, સુખી કે દુઃખી થશે તે મહદ્ અંશે તેના ઉછેર અને Parenting ઉપર જ આધારિત છે."*

*– Emotional Intelligence by Dr. David Golman*

### Parenting – દરેક ઉંમરે જરૂરી છે? — જી હા....

જો આપણે બધા જ આપણા બાળપણ ઉપર જ આપણું ભવિષ્ય બનાવી શકવાના હોઈએ તો, આપણા હાલનાં બાળકો અને આવનાર બાળકોના ઉછેર વિષેની આપણી સમજ શ્રેષ્ઠ હોવી કેટલી બધી જરૂરી છે!

અમદાવાદના જાણીતા સાઈકોલોજિસ્ટ **ડૉ. નિમ્રતસિંઘ** *(Dr. Nimrat Singh)* નું વક્તવ્ય સાંભળવા આપને હાર્દિક આમંત્રણ છે.

**રવિવાર, તા. ૨૨-૦૧-૨૦૧૭ ● સમય : બપોરે ૨.૫૯ વાગે**
**સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.**

- **જરૂરી સૂચનો :**

૧. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે શ્રી કચ્છી જૈન ભવન પર વ્યક્તિ દીઠ રૂા. ૨૦/- ભરી રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૨. કાર્યક્રમ સમયસર શરૂ થશે. ૩.૧૫ પછી પહોંચનારે પ્રયત્ન કરવો નહીં. કાર્યક્રમ મોટા હોલમાં હોવાથી પ્રવેશ મળશે નહીં.
૩. આ કાર્યક્રમ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા આયોજિત છે એટલે માત્ર મહિલાઓ જ આવી શકે તેમ નહીં — કોઈપણ આવી શકશે.
૪. આ કાર્યક્રમમાં બાળકોને સાથે ન લાવવા વિનંતી.
૫. કાર્યક્રમ પત્યા બાદ High Teaની વ્યવસ્થા રાખેલ છે.

**હીરેન કે. શાહ**
**કન્વીનર**
**શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ**

**સુલુ જલદીપ શાહ**
**કન્વીનર**
**મહિલા ઉત્કર્ષ સમિતિ**

---

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તથા નિયાણી બહેનો જોગ

### મેડિકલ ડિસ્કાઉન્ટના કાર્ડ

સમાજના સભ્યો કે નિયાણી બહેનો — કે જેઓએ આપણી સંસ્થાના મેડિકલ સેન્ટરમાં ડિસ્કાઉન્ટ મેળવવા માટેના મેડિકલ કાર્ડની અરજી કરેલ છે તેઓના મેડિકલ કાર્ડ ઘણા સમયથી તૈયાર થઈને શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના કાર્યાલય ખાતે પડેલા છે. આથી જે તે સભ્યો / નિયાણી બહેનોને પોતાના કાર્ડ કાર્યાલય પરથી મેળવી લેવા અપીલ કરવામાં આવે છે. સમયસર કાર્ડ નહીં મેળવે તો તેઓના કાર્ડ રદ કરવામાં આવશે. અને કાર્ડ લીધા વગર આવનારને મેડિકલ સેન્ટર ખાતે ડિસ્કાઉન્ટ મળી શકશે નહીં જેની ખાસ નોંધ લેવી.

***રમણિકલાલ કુંવરજી ગોસર***
***કન્વીનર, મેડિકલ કાર્ડ સમિતિ***

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

## વાર્ષિક કાર્યક્રમોની વિગત

*સમિતિ દ્વારા દર વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરાશે, જેની નોંધ લેવા વિનંતી.*

★ જાન્યુઆરી : Positive Parenting

★ ફેબ્રુઆરી / માર્ચ : 'જ્ઞાન સાથે ગમ્મત' – ૧ દિવસીય પિકનિક

★ એપ્રિલ : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે
(માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)

★ જૂન : (૧) 'આપના બાળકને ઓળખો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટે વર્કશોપ.
(૨) 'વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?' વિષય ઉપર ધોરણ-૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે વર્કશોપ.

★ જુલાઈ :
- 'કેવી રીતે ભણવું?' વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
- ધોરણ-૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.

★ ઓગસ્ટ : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકોના વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.

★ સપ્ટેમ્બર : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.

★ ઓક્ટોબર : "Multiple Intelligence & Life Skills" – ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.

★ ડિસેમ્બર : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

**• નોંધ :**

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. ઉપરોક્ત કાર્યક્રમો જે તે વિષયના વિદ્વાન નિષ્ણાતો દ્વારા યોજવામાં આવશે.
૪. કાર્યક્રમ માટેના નિષ્ણાતો જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૫. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) ખૂબ જ વિચારક વાલીઓ બની શકે તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૬. સૂચનો / નાવિન્યસભર ફેરફાર આવકાર્ય રહેશે.
૭. Parents ની વ્યાખ્યા માત્ર 'માતા' જ નથી, પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો પ્રયત્ન છે.
૮. મા-બાપ સિવાય, પરિવારમાં રહેતા વડીલો, દાદા-દાદી, કાકા-કાકી, નાના-નાની પણ Parents ની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો ઉપરોક્ત કાર્યક્રમોમાં આવે, તેવી આશા છે.
૯. આ કાર્યક્રમ અમદાવાદમાં રહેતા સમગ્ર કચ્છી સમાજના બાળકો તથા વાલીઓ માટે છે તથા સમગ્ર ભારતનાં કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે છે.
૧૦. બહારગામથી આવતાં કચ્છી જૈન સમાજનાં બાળકોના વાલીઓએ એક મહિના અગાઉથી બાળકના નામનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૧૧. જે તે મહિનાનાં કાર્યક્રમોની તારીખ તથા સમય અગાઉથી 'મંગલ મંદિર'માં જણાવવામાં આવશે. તે પ્રમાણે કાર્યક્રમો યોજવામાં આવશે.
૧૨. બહારગામથી આવતા કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે સંસ્થા તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૧૩. જે તે સમયે સમિતિ તરફથી જે તે કાર્યક્રમ માટે ફી નિયત કરવામાં આવશે. તે ભાગ લેનાર વિદ્યાર્થી બાળકે ભરવાની રહેશે.
૧૪. ઉપરોક્ત કાર્યક્રમ તથા તેની વિગતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.

*કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ*

# વયસ્ક સમિતિ

## જૂનાગઢ - સોમનાથ પ્રવાસ

સમિતિ તરફથી તા. ૧૪, ૧૫ અને ૧૬ ડિસેમ્બરના રોજ સૌરાષ્ટ્ર ખાતે ત્રિ-દિવસીય યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

તા. ૧૪ના વહેલી સવારના ૬ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી પ્રસ્થાન કરી ડોળિયા પહોંચ્યા. ત્યાં પ્રભુ દર્શન કર્યા. ત્યારબાદ બપોરે ૧૨ વાગે જૂનાગઢ પહોંચ્યા. ભોજન બાદ બપોરે ૪ વાગે છકડા રીક્ષા દ્વારા જૂનાગઢમાં દામોદર કુંડ - ભવનાથનું મંદિર, નરસિંહ મહેતાનો ચોરો, બીબીનો મકબરા અને તળેટીની મુલાકાત લઈ, દેરાસરજીમાં દર્શન કર્યા.

તા. ૧૫ના સવારે પ્રક્ષાલ, કેસર પૂજા, સમૂહ ચૈત્યવંદન કરી દેવળિયા તરફ પ્રયાણ કર્યું. ત્યાં સિંહ દર્શન માટે દેવળિયા પાર્કની મુલાકાત લીધી. ત્યારબાદ શ્રીજી ફાર્મ પર આવ્યા.

બપોરે ૩ વાગે સોમનાથ મંદિરમાં સોમનાથ મહાદેવના દર્શન, દરિયા કિનારે લટાર, બાદ પ્રભાસ પાટણના ભવ્યાતીત ભવ્ય પાંચ દેરાસરજીના દર્શન કરી, માંગરોળ આવ્યા. માંગરોળ ખાતે દર્શનનો લાભ લીધો.

વહેલી સવારે શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના દેરાસરજી અને નવાપલા પાર્શ્વનાથ ભગવાનની પૂજા - ભક્તિ - આરતી વગેરેનો લાભ લઈ પ્રયાણ કર્યું અને આવી પહોંચ્યા ચોરવાડ. ચોરવાડનો દરિયા કિનારો જોઈ સૌ રોમાંચિત થઈ ગયા. હવામહેલ (ખંડિત)ની મુલાકાત બાદ ફરીથી પ્રવાસ શરૂ કર્યો. બસમાં ફરીથી અદ્‌ભુત અંતાક્ષરીની રમત અને વિવિધ શેર બજારની રમત રમતાં ‘માધવપુર’ આવ્યા. ત્યાં દરિયાની સહેલગાહ કરી બળેજ પહોંચ્યા.

બલેજ પાર્શ્વનાથ દાદાના દર્શન કરી ૪ વાગે પરત અમદાવાદ આવવા રવાના થયા.

આ પ્રવાસ માટે ત્રણે દિવસની નવકારશીનો લાભ શ્રી કચ્છી જૈન મહિલા ભક્તિ મંડળની બહેનો દ્વારા લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત (૧) દિલીપ શાંતિલાલ સંઘવી તરફથી રૂ. ૨,૦૦૦/, (૨) શ્રીમતી રશ્મિકાબેન ગુણવંત શાહ (ત્રેવાડિયા)



*ભવનાથ મંદિરે વડીલો*





*જૂનાગઢ દામોદર કુંડ મંદિરની મુલાકાતે વડીલો.*



*ચોરવાડના દરિયા કિનારે વડીલો.*

તરફથી રૂા. ૨,૦૦૦/- અને (૩) શ્રી રોહિતભાઈ ડાહ્યાલાલ શાહ ગ્રુપ તરફથી રૂા. ૨,૫૦૦/-ની સ્પોન્સરશિપ મળી હતી. સમિતિ ઉપરોક્ત તમામ સૌજન્યનો ખૂબ ખૂબ આભાર માને છે.

### આગામી કાર્યક્રમ

સમિતિ દ્વારા નળ સરોવર રોડ પર આવેલ સુરમ્ય એબોટ રીસોર્ટ ખાતે એક દિવસીય પિકનીક તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૭ને શનિવારે રાખવામાં આવેલ છે. રીસોર્ટમાં સ્વિમિંગ પુલ, થિયેટરમાં પિક્ચર અને વિવિધ રમતો દ્વારા સંપૂર્ણ દિવસનો કાર્યક્રમ. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી સવારે ૮.૦૦ વાગે શરૂ થશે. પ્રવાસનો ચાર્જ વ્યક્તિ દીઠ રૂા. ૫૦૦/- રાખવામાં આવેલ છે. પ્રવાસમાં જોડાવા ઈચ્છનાર વડીલોએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રકમ જમા કરી, વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવી દેવા વિનંતી.

સ્વિમિંગ પૂલની મજા માણવા ઈચ્છનારે 'કપડા'ની વ્યવસ્થા સાથે આવવું.

સાણંદથી લગભગ ૨૦ કિ.મી. દૂર આવેલ આ રીસોર્ટમાં ડાયરેક્ટ આવનારે પોતાના નામ નોંધાવતી વખતે જાણ કરવા વિનંતી છે.

*કન્વીનર, વયસ્ક સમિતિ*

*જે સુખ ઈચ્છે છે છતાં કાંઈ કરતો નથી*
*તેના જેવો દુ:ખી કોઈ નથી.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## <u>*સંચાલિત*</u> રતનવીર ગૃહ ઉદ્યોગના ઉપક્રમે

## શિરોધારા પંચકર્મ મસાજ શિબિર

સંસ્થાની ગૃહ ઉદ્યોગ સમિતિ દ્વારા તા. ૭-૧૨-૨૦૧૬થી તા. ૧૦-૧૨-૨૦૧૬ દરમિયાન નવનીત ભવન, બહેરામપુરા, અમદાવાદ ખાતે મહિલાઓનો શિરોધારા પંચકર્મ મસાજ શિબિર યોજવામાં આવેલ. જેમાં ૧૯ મહિલાઓએ ભાગ લીધેલ હતો.

શિબિરમાં નિષ્ણાત તરીકે શ્રીમતી રજનીબેન સોનીએ સેવા આપેલ. શ્રીમતી સોનીએ બોડી મસાજ, સાંધાના દુ:ખાવા માટે ઉપયોગી મસાજ તેમજ પેટની અને પીઠ તેમજ કમરની કસરત અંગે ખૂબ જ જરૂરી થિયેરીકલ તેમજ પ્રેક્ટીકલ જ્ઞાન મહિલાઓને આપેલ. શિબિરમાં હાજર મહિલાઓએ ખૂબ જ રસપૂર્વક જ્ઞાન મેળવેલ તેમજ ભવિષ્યમાં આ જ્ઞાન ખૂબ જ ઉપયોગી નીવડશે. ૭૫% મહિલાઓએ નિયમિત ઉપરોક્ત કસરત કરવાનું જણાવેલ તેમજ આવા દર્દીને કસરત કરાવી રોજગાર મળી શકે તેવું અમોને જણાવેલ.

શ્રીમતી નીતાબેન એચ. શાહ, પ્રમુખ — શ્રી મહિલા આધિપત્ય ફાઉન્ડેશન દ્વારા સમગ્ર શિબિર સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવેલ અને શિબિર સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આવી અવનવી શિબિરો યોજવામાં આવે છે અને મહિલાઓને સક્ષમ બનાવવામાં ઘણા જ પ્રયત્નો કરે છે.

*કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ*

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | એર બેડ | રૂા.૧૦/- | ૫. | વૉકર | રૂા. ૨/- | ૯. | બેડ પાન | રૂા. ૨/- |
| ૨. | વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. | વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. | ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. | ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. | કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. | ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. | નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. | સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. | ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા. ૫/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તા. ૧૮-૧૨-૨૦૧૬, રવિવારના રોજ સ્ટાફગણ યાત્રા પ્રવાસનો અહેવાલ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, સમાજની પ્રવૃત્તિઓ સિવાય અન્ય પ્રવૃત્તિઓનું પણ રસપૂર્વક આયોજન કરે છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થા તેમને ત્યાં કામ કરતા સ્ટાફગણ માટે તા. ૧૮-૧૨-૨૦૧૬ને રવિવારના રોજ મહુડી તીર્થ, તારંગા તીર્થ તથા અંબાજી તીર્થના પ્રવાસનું એક આયોજન કરવામાં આવ્યું હતું જે માટે સંસ્થા તરફથી રૂા. ૧૦,૦૦૦/-નું ડોનેશન મંજૂર કરી આપવામાં આવેલ.

આ પ્રવાસમાં મેનેજર, મેડિકલ સ્ટાફ, એકાઉન્ટ વિભાગ તથા સંસ્થાના અન્ય કર્મચારીગણ તેમજ સંસ્થાના ખજાનચી અને ટ્રસ્ટી શ્રી કે.ડી. શાહ તથા સહ ખજાનચી અને ટ્રસ્ટી શ્રી રમણિકભાઈ ગોસર સહિત ૫૯ જેટલી વ્યક્તિઓ પ્રવાસમાં જોડાયેલ હતી. સવારના ૬.૧૫ વાગે પ્રવાસની શરૂઆત કરી. ૭.૩૦ વાગે મહુડી પહોંચી ત્યાં નવકારશી કરી પદ્મપ્રભુ સ્વામીના દર્શન કરી, ઘંટાકર્ણ દાદાને સુખડીનો પ્રસાદ ચડાવી, ૯.૩૦ વાગે તારંગા તીર્થે ભગવાન શ્રી અજિતનાથ દાદાને ભેટવા પ્રયાણ કર્યું. ત્યાંના અદ્ભુત કોતરણી ધરાવતાં ભવ્ય જિનાલયને જોઈ સર્વે ભાવવિભોર થઈ ગયા. ત્યાં બપોરનું ભોજન તથા ત્યાં આવેલ પૌરાણિક બુધ્ધ ગુફાઓની મુલાકાત લીધેલ. ત્યારબાદ ત્યાંથી સર્વે પ્રવાસીઓ અંબાજી તીર્થ મધ્યે મા અંબાના ચરણે મસ્તક નમાવી તેમજ માતાના મૂળ સ્થાનક ગબ્બર પર્વત પર દર્શન કર્યા. સાંજે ૬.૩૦ વાગે પરત ફરતા પ્રવાસના વિરામ સ્થાન પાલનપુર મધ્યે સાંજના વાળુ અંતર્ગત વિરમ્યા. ત્યાંથી રાત્રે ૯ વાગે પ્રવાસના અંતિમ ચરણ સંસ્થાના મુકામે રાત્રે ૧૨ વાગે પૂર્ણ થયેલ.

સમગ્ર યાત્રા દરમિયાન વડીલ ટ્રસ્ટી અને સહ ખજાનચી રમણિકભાઈ ગોસર દ્વારા સ્તવન, ભજન અને હાસ્ય જોકથી આનંદમય બની ગયેલ. આ પ્રસંગે સંસ્થાના અનુદાન ઉપરાંત શ્રી રમણિકભાઈ ગોસર દ્વારા વધારાના બાકીના ખર્ચ અંગે તેમના તરફથી અનુદાનની જાહેરાત કરવામાં આવી હતી. જેથી સંસ્થાની નાનામાં નાની વ્યક્તિ પણ પ્રવાસનો આનંદ માણી શકે. પ્રવાસી સભ્યોએ આ બદલ તેમનો ખૂબ આભાર માનેલ. અંતમાં સંસ્થાના સ્ટાફ ગણે આ પ્રવાસનો ભરપૂર આનંદ ઉઠાવેલ અને ફરીથી આ જાતના પ્રવાસનું આયોજન થાય તેવી લાગણી વ્યક્ત કરેલ હતી. ■

*"બાળકોમાં મનના પ્રવાહો જુદે જુદે તબક્કે જુદી જુદી રીતે વહે છે. ક્યારેક વેગમાં, ક્યારેક સાવ મંદ, ક્યારેક અણધારી રીતે ન સમજાય તેવા સ્વરૂપે તે પ્રવાહો પ્રગટ થતા હોય છે... જો બાળકના પ્રવાહોનું મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ અવલોકન કર્યું હોય, તેની પાછળના બાળમાનસનાં થોડાંક લક્ષણોનો અભ્યાસ કર્યો હોય તો આપણને આ 'તોફાનો' માત્ર અકળાવનારી બાબત બનવાને બદલે તેમાંથી બાળ-જીવનનાં એક પછી એક રહસ્યોને પ્રગટ કરતી ઘટનાઓનું અભિનવ દર્શન પણ મળી શકે. એટલું જ નહિ, પણ તે તોફાનોમાં રહેલ બાળકની શક્તિનો યોગ્ય રીતે વિકાસ થવામાં આપણે મદદગાર થઈ શકીએ. આથી પ્રશ્ન એ ન હોવો જોઈએ કે બાળકો તોફાન ન કરે તે માટે શું કરવું, પણ પ્રશ્ન એ હોવો જોઈએ કે બાળકનાં તોફાનોને કેમ સમજવાં." બાળકોનાં તોફાનોને સમજો ને તેઓના સાચા માર્ગદર્શક ગુરુ બનો.*

*— મૂળશંકર મો. ભટ્ટ*


# કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ • ***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## અહેવાલ

### રેકોર્ડ બ્રેક : હલ્લાબોલ ફિલ્મ શો માં ૧૬૦ બહેનોએ ભાગ લીધો

તા. ૧૭-૧૨-૨૦૧૬ શનિવારના રોજ, શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના બેંક્વેટ હોલમાં હલ્લાબોલ ફિલ્મ (Women Safety & Security માટેની) અને ગુજરાતી નાટક પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૧૬૦ બહેનોએ ભાગ લીધો હતો, જે સમાજ અને સમિતિ માટે ગૌરવની વાત છે.

સ્ત્રી સ્વબચાવ જાગૃતિ અભિયાન અંતર્ગત આ વર્ષે હલ્લાબોલ – સીઝન-૨ પ્રદર્શિત કરવામાં આવી હતી. ગુજરાત સરકારની સ્ત્રી સુરક્ષા સેતુ યોજના અંતર્ગત ૧૦૯૧ હેલ્પલાઈન બનાવવાનું ભગીરથ કાર્ય રૂઝાનજીએ હાથમાં લીધું અને હલ્લાબોલ ફિલ્મનું નિર્માણ કર્યું. Ms. રૂઝાન ખંભાતા, જેઓ Social Entrepreneur છે અને સોફ્ટવેર એન્જિનિયર છે, તેઓ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. એમણે પોતાની સોફ્ટવેર સ્કીલની મદદથી ૧૦૯૧ Helpline for Women Safety, Develop કરી અને આ હેલ્પ લાઇનને ગામડાંની બહેનો સુધી હલ્લાબોલ ફિલ્મના માધ્યમથી પહોંચાડી. એમણે Fight Back – Right Now ના હેતુથી વજ્ર ફોર્સ ફાઉન્ડેશનની રચના પણ કરી.

રૂઝાનજીએ પોતાના વક્તવ્યમાં પ્રૌઢ મમ્મીઓને પોતાના મુગ્ધાવસ્થામાં પહોંચેલા બાળકો સાથે Strict but friendly વલણ રાખવું અને એમની કાર્યક્ષમતા ઉપર વિશ્વાસ મૂકવો – એ માટેના સૂચનો આપ્યા હતા. ટૂંકમાં Parenting અને સ્ત્રી સ્વ-બચાવ માટે બહેનોને સજાગ કર્યા હતા. જેને કારણે બહેનોમાં જુસ્સો પેદા થયો હતો. એમનું નિખાલસ, Frank અને straight forward Discussion સૌએ વખાણ્યું હતું.

*હલ્લાબોલ ફિલ્મમાં નીચેના મુદ્દાઓ પ્રદર્શિત કરાયા હતાઃ*

૧. સ્ત્રીઓને સ્વ-બચાવ માટેની પ્રેક્ટીકલ ટીપ્સ.

૨. ૫૦૯ – ગવર્નમેન્ટ દ્વારા બનાવેલ કાયદાની જાણકારી.

૩. ૧૦૯૧ – હેલ્પલાઈનને પ્રેક્ટીકલી કેવી રીતે વાપરવી તેની સમજ.

૪. Zero Tolerance ની માહિતી. એટલે કે માત્ર મશ્કરી - teasing સામે પણ અવાજ ઉઠાવવો. આજે માત્ર મશ્કરી કરનાર અપરાધી કાલે બળાત્કાર પણ કરી શકે છે. માટે Nip it in But એટલે આજે જ એને આગળ વધતો રોકો.

૫. Cyber Safety – Social media વાપરતી વખતે રાખવાની સાવધાની. Facebook, Whatsapp, Credit card, Debit Card વગેરે વાપરવાની સમજ પણ ફિલ્મમાં અપાઈ હતી.



*Ms. રૂઝાન ખંભાતા (Social Entrepreneur) સમિતિના સભ્યો અને કન્વીનર*



*૧૦૯૧ હેલ્પ લાઈન (For Women Safety)ની સમજ આપતાં Ms.રૂઝાન ખંભાતા (હલ્લાબોલ ફિલ્મના સર્જક)*

૬. Police HEART શું છે? (વધારે માહિતી અન્યત્ર છપાયેલ છે.) Help, Emergency, Alert, Rescue, Terminal.

જ્યારે તમે તકલીફમાં હો અને ૧૦૯૧ ડાયલ કરો ત્યારે તરત જ પોલીસ હાર્ટ સર્વસ પોલીસને જણાવે, તમારું લોકેશન મેળવે અને મદદે આવી જાય.

જો તમે અગાઉથી www.policeheart.com માં તમારી વિગત આપતું ફોર્મ ભરેલ હશે તો પોલીસની સાથે સગાસંબંધીઓ પણ તમારી મદદે દોડી આવશે.

માટે આજે જ

www.policeheart.com માં તમારું નામ રજિસ્ટર

કરાવો.

કાર્યક્રમમાં ગુજરાતી નાટક ''છેલછબીલો ગુજરાતી'' પણ પ્રસ્તુત કરાયું હતું. જે કોમેડીની સાથે moralistic પણ હતું. સમાજમાં પ્રવર્તિત આચાર્યોની દંભવૃત્તિ પર કટાક્ષ હતો. એનો પણ બહેનોએ આનંદ લીધો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાના મેડિકલ સેન્ટરના સ્ટાફની બહેનો પણ હાજર રહ્યા હતા. અન્ય સંસ્થાઓના પ્રમુખ અને એમના સભ્યો પણ હાજર રહ્યા હતા. સમાજની સભ્ય બહેનો પણ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. રૂઝાનજીનું બહુમાન શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા અને પ્રભાબેન શાંતિલાલ સાવલાના હસ્તે કરાયું હતું. સમિતિના સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા સારી એવી મહેનત કરી હતી. સૌનો સમિતિ વતી આભાર મનાયો હતો. અલ્પાહારને માન આપીને સૌ બહેનો છુટા પડ્યા હતા.

**આગામી કાર્યક્રમ**

**રવિવાર, તા. ૨૨-૧-૨૦૧૭**

**પેરેન્ટિંગનો કાર્યક્રમ**

(કાર્યક્રમની વિગત પાના નં.-૧૦૨ ઉપર છપાયેલ છે.)

***કાર્યક્રમમાં હાજર રહેવા માટે***

***વ્યક્તિ દીઠ રૂા. ૨૦/- ભરી રજિસ્ટ્રેશન કમ્પલસરી છે.***

***રજિસ્ટ્રેશન કરાવવા માટે સંપર્ક : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.***

***સુલુ જલદીપ શાહ - કન્વીનર***

## ગૃહ ઉદ્યોગ સમિતિ

**આગામી કાર્યક્રમ**

સમિતિ દ્વારા 'એક્યુપ્રેશર' — કોઈ પણ જાતની દવા વગર રોગ મટાડવાની ટ્રીટમેન્ટની તાલીમનો એક કેમ્પ આદર્શ અમદાવાદના સહયોગથી યોજવામાં આવેલ છે.

*તા. ૬-૨-૨૦૧૭થી તા. ૧૦-૨-૨૦૧૭*

*સમય : બપોરે ૨ થી ૪.૩૦*

***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ***

આ તાલીમમાં જોડાવા માંગતી વ્યક્તિએ **કીટ** ના રૂા. ૫૦/- ભરી પોતાના નામ સમાજની ઓફિસ ખાતે નોંધાવવા વિનંતી છે.

આ ટ્રીટમેન્ટ માટે કીટના સાધનો જરૂરી છે.

આ કાર્યક્રમની માહિતી શ્રીમતી નીતાબેન શેઠ આપશે.

***રજનીકાંત પારેખ***
***કન્વીનર, ગૃહ ઉદ્યોગ સમિતિ***

## Police HEART

- **પોલીસ હાર્ટ — ૧૦૯૧ શું છે?**

હાર્ટ - હેલ્પ ઈમરજન્સી એલર્ટ રેસ્ક્યુ ટર્મિનલ. હાર્ટ સર્વર પોલીસ કન્ટ્રોલ રૂમમાં મૂકાયું છે. જ્યારે પણ તમે તકલીફમાં હોવ ત્યારે ૧૦૯૧ ડાયલ કરો. પોલીસ હાર્ટ તરત જ પોલીસને, તમારા માતા-પિતા, મિત્ર તથા સંબંધીને જણાવીને બચાવવા પહોંચી જાય છે. જો તમે બોલવાની પરિસ્થિતિમાં ના હોવ તો તમારૂં લોકેશન મેળવે છે.

- **પોલીસ હાર્ટ - ૧૦૯૧ને તમારા મોબાઈલ / લેન્ડલાઈનમાં કેવી રીતે કન્ફીગર કરવું?**

૧. તમારા મોબાઈલ / લેન્ડલાઈનની એડ્રેસ બુકમાં ૧૦૯૧ને પોલીસ હાર્ટ તરીકે સેવ કરો.

૨. સ્પીડ ડાયલ કી માં ૧ તરીકે કન્ફીગર કરો.

૩. રજિસ્ટર કરો : http://www.policeheart.com/ અથવા આપ HEART ટાઈપ કરી ૯૨૨૭૧ ૨૧૦૯૧ ઉપર SMS મોકલો. અમારા તરફથી આપને માહિતી માટે ફોન આવશે.

- **પોલીસ હાર્ટ - ૧૦૯૧ની મદદ મેળવવા શું કરવું?**

જ્યારે પણ તમે સંકટની પરિસ્થિતિમાં હોવ જેમકે બળાત્કાર, જાતીય સતામણી, માનસિક ત્રાસ, ઘરેલું હિંસા, લુંટફાટ, દહેજ, અપહરણ અને છેડતી માટે તાત્કાલિક મદદ જોઈએ ત્યારે તમે ૧૦૯૧ (ટોલ ફ્રી) કોલ કરો.

તમારા મોબાઈલ / લેન્ડલાઈનની સ્પીડ ડાયલ કી દબાવો અથવા ડાયલ કરો : ૧૦૯૧.

- **આ સેવા ખૂબ સરળતાથી ઉપલબ્ધ છે.**
**પોલીસ હાર્ટ- ૧૦૯૧ સાથે સંપર્ક કરવા માટે :**

★ No need to speak. વાત કરવાની જરૂર નથી.

★ No Smart Phone. સ્માર્ટ ફોનની જરૂર નથી.

★ No GPS. જીપીએસની જરૂર નથી.

★ Any Mobile. કોઈપણ મોબાઈલ ચાલશે.

★ Any Landline કોઈપણ લેન્ડલાઈન ફોન ચાલશે.

★ Roaming Users રોમિંગ ઉપભોક્તા પણ ઉપયોગ કરી શકશે.

- **હાર્ટના ફાયદા :**

૧. પીડીતાને વાત કરવાની જરૂર નથી. એકવાર સ્પીડ ડાયલ બટન દબાવશે તો તેમને તાત્કાલિક મદદ મળી જશે.

૨. હાર્ટ પીડીતાને બચાવવા માટે ઘટના સ્થળનું લોકેશન પોલીસને આપે છે.

૩. હાર્ટ પીડીતાના સંબંધીઓને પણ SMSમાં ઘટના સ્થળની વિગત મોકલશે. જેથી તેઓ પણ બચાવવા કામગીરીમાં સહયોગ કરી શકશે. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ડિસેમ્બર - ૨૦૧૬

● **તા. ૩-૧૨-૨૦૧૬**

★ આજે સાંજે ૫.૦૦ વાગે અ.મ્યુનિ. કોર્પો.ના એન્જિનિયર સાથે વાતચીત થયા મુજબ પાલડી ભવનના પાર્કિંગ માટેના ફાઇનલ પ્લાન સહી કરીને બે કોપીમાં અ.મ્યુનિ.કોર્પોરેશનની ઉસ્માનપુરા સ્થિત ઑફિસમાં દાખલ કરાવી દીધેલ છે. જેમાં આપણે ૯ મિકેનિકલ લિફ્ટ લગાડેલ છે તે બતાવી અને ઈમ્પેક્ટ ફી ભરવા માટેની ક્રિયા આગળ વધારવા માટે જણાવેલ છે.

● **તા. ૮-૧૨-૨૦૧૬**

★ આજરોજ સાંજના આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ સાથે તેમની ઑફિસ ખાતે મિટિંગ કરેલ હતી. મિટિંગમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા કોન્ટ્રાક્ટર શ્રી અનિલ સથવારા હાજર રહેલ હતા. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે જરૂરી ફેરફાર કરવા માટે તથા શાહીબાગ ખાતેની ડોરમેટરીના વૉશ એરિયામાં ફેરફાર કરવા બાબત ચર્ચા કરેલ હતી.

● **તા. ૯-૧૨-૨૦૧૬**

★ આજરોજ સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી શાંતિલાલ મુળજી સાવલા, શ્રી કે.આર. શાહ, શ્રી હસમુખ બાબુભાઈ શાહ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ ઈમ્પેક્ટ ફી અંગે અ.મ્યુનિ. કોર્પો.માં દાખલ કરેલ પ્લાન અંગે ચર્ચા વિચારણા કરેલ હતી તથા તે અંગે થનાર ખર્ચ બાબતે પણ ચર્ચા કરેલ હતી.

● **તા. ૧૨-૧૨-૨૦૧૬**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડે કોન્ટ્રાક્ટર શ્રી અનિલ સથવારા સાથે મિટિંગ કરેલ હતી. તેમાં શાહીબાગ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતેની મહિલાઓ માટેની ડોરમેટરીના બાથરૂમ તોડીને તથા બીજી બે ડોરમેટરીના બાથરૂમોમાં ફેરફાર કરી ઍટેચ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું તથા શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે ફેરફાર અંગે કાર્યવાહી શરૂ કરી દેવા માટે તાકીદ કરવામાં આવી હતી.

● **તા. ૧૪-૧૨-૨૦૧૬**

★ આજરોજ વયસ્ક સમિતિ દ્વારા ત્રિ-દિવસીય યાત્રા પ્રવાસ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી સવારના ૬ વાગે નીકળી જુનાગઢ, દેવળિયા, સોમનાથ - પ્રભાસ પાટણ, માંગરોળ, ચોરવાડ, માધવપુર અને બલેજ થઈ તા. ૧૬-૧૨-૨૦૧૬ના રાત્રે અમદાવાદ પરત ફરેલ હતા. યાત્રામાં લગભગ ૪૫ જેટલા વડીલોએ ભાગ લીધો હતો.

● **તા. ૧૬-૧૨-૨૦૧૬**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ એ કોન્ટ્રાક્ટર શ્રી અનિલભાઈ સથવારા દ્વારા ચાલતા કામકાજ અંગે નિરીક્ષણ કરેલ હતું અને તેમના કામ બાબતે સંતોષ વ્યક્ત કરેલ હતો. કામમાં જરૂરી સલાહ સૂચનો શ્રી મુકુલભાઈ શેઠ તરફથી કરવામાં આવલ હતા.

● **તા. ૧૭-૧૨-૨૦૧૬**

★ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પાર્કિંગમાં ૯ મિકેનિકલ લિફ્ટો લગાડાઈ છે. લિફ્ટ કંપનીવાળા શ્રી કાર્તિકભાઈ તથા તેમના મિકેનિકલ સ્ટાફે લિફ્ટની ચકાસણી ગાડીઓ પાર્કિંગ સાથે કરીને દર્શાવેલ હતી.

★ આજરોજ બપોરે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મહિલા ઉત્કર્ષ સમિતિ તરફથી બે મનોરંજક ફિલ્મ બતાવવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં સારી એવી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહેલ હતી.

● **તા. ૧૮-૧૨-૨૦૧૬**

★ આજે સવારના ૬ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી સંસ્થાના કર્મચારીઓની પિકનિક મહુડી, તારંગા તથા અંબાજી તીર્થો માટે રવાના થયેલ. લગભગ ૬૬ જેટલા કર્મચારીઓ તથા સંસ્થાના ટ્રસ્ટી શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર અને કારોબારી સભ્ય શ્રી લહેરચંદ પુનશી મૈશેરી સહિત ૬૯ જેટલા વ્યક્તિઓ પિકનિકમાં જોડાયેલ હતા.

● **તા. ૨૩-૧૨-૨૦૧૬**

★ આજરોજ સવારના ૧૦ વાગે અ.મ્યુનિ. કોર્પો.ના અધિકારીઓ ઈમ્પેક્ટ ફી બાબતે આપણે દાખલ કરેલ પ્લાનની ચકાસણી કરવા આવેલ હતા. સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે તેઓને સંપૂર્ણ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના ૪થા માળથી કરીને સેલર સુધીમાં ચાલતી

આપણી પ્રવૃત્તિઓ બતાવેલ હતી તથા આપણે ઊભી કરેલ મિકેનિકલ પાર્કિંગની ચકાસણી કરેલ હતી. તેઓએ સંપૂર્ણ ચકાસણી માટે સંતોષ વ્યક્ત કરેલ હતો અને પોતાનો રિપોર્ટ ૨-૪ દિવસમાં તૈયાર કરી ટી.ડી.ઓ.શ્રીની કચેરી ખાતે આપી દેશે તેમ જણાવેલ હતું.

- **તા. ૨૪-૧૨-૨૦૧૬**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી શાંતિલાલ મુળજી સાવલા, ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા તથા શ્રી અશોકભાઈ મહેતાએ મુંબઈ અતિથિ ગૃહના બિલ્ડરના પ્રતિનિધિ શ્રી પંકજ બાબરિયા તથા શ્રી પારસ બાબરિયા સાથે મુંબઈ અતિથિ ગૃહના બાંધકામ શરૂ કરવાની અડચણો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરેલ હતી અને તેના અનુસંધાને આપણી સંસ્થાના પ્રતિનિધિઓ જાન્યુઆરી માસના પ્રથમ અઠવાડિયામાં મુંબઈ ખાતે મુલાકાત લેશે તેમ નક્કી કરવામાં આવેલ હતું. ■

## ઊડતી નજરે....

**માસ નવેમ્બર-૨૦૧૬ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ..........** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | • | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | ૧૦,૯૭૨ |
| | | જેમાંથી – | |
| | • | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... ૪૫૯ | |
| | • | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... ૧૧૯ | |
| | • | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .......... ૧૬ | |
| | • | સોનોગ્રાફી .......... ૯૪૩ | |
| | • | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) .......... ૧૩ | |
| | • | બોડી ચેક-અપ .......... ૩૧૯ | |
| | • | અન્ય .......... ૯,૧૦૩ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૯૫૩ | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૨,૮૯૫ | ૩,૮૪૮ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | • | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૧,૯૨૪ | |
| | • | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૫,૨૦૦ | |
| | • | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૨૫૧ | |
| | • | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... ૭૪૩ | |
| | • | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ . ૪૪૩ | ૮,૫૬૧ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૪૬૭ | ૪૬૭ |
| | | માસ નવેમ્બર - ૨૦૧૬ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | **૨૩,૮૪૮** |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વસતિ પત્રક – ૨૦૧૭

પૂરું નામ : ______________________________

નામ  પિતાનું નામ  દાદાનું નામ  અટક  મૂળ અટક

**Full Name :** (Please write in CAPITAL LETTERS Only) ______________________________

રહેઠાણનું પૂરું સરનામું : ______________________________

______________________________ પીન કોડ : __________

ફોન નંબર : (ઘરનો) __________ (વ્યવસાયનો) __________ (મોબાઈલ નંબર) __________

ઈ-મેઈલ : ______________________________

વ્યવસાયનો પ્રકાર : ______________________________

અને પૂરું સરનામું - ફોન નંબર : ______________________________

(પરિવારના દરેક સભ્યની વિગત પૂરેપૂરી લખવી ● પાછળના પાને દર્શાવેલ સૂચના વાંચવી) ______________________________

અમદાવાદમાં વસવાટ : સન __________ થી ■ કચ્છમાં ગામ : __________ તાલુકો : __________ ■ સંપ્રદાય : ☐ સ્થાનકવાસી ☐ દેરાવાસી

જ્ઞાતિ : ☐ કચ્છી વીસા ઓસવાળ ☐ કચ્છી દશા ઓસવાળ ☐ ગુર્જર વીસા શ્રીમાળી ઓસવાળ ☐ ગુર્જર દશા શ્રીમાળી ☐ વાગડ સાત ચોવીસી ☐ વાગડ બે ચોવીસી

| ક્રમ | નામ | મોબાઈલ નંબર | જન્મ તારીખ | મુખ્ય વ્યક્તિ સાથે સંબંધ | વૈવાહિક સ્થિતિ | બ્લડ ગ્રૂપ | અભ્યાસ | પ્રવૃત્તિ (સ્વતંત્ર વ્યવસાય / નોકરી / ગૃહિણી / અભ્યાસ વગેરે) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પોતે | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

## વ્યવસાયની કોલમ ભરતાં પહેલાં નીચેની સૂચના અવશ્ય વાંચો

### સ્વતંત્ર વ્યવસાય કરનાર / પ્રોફેશનલ્સ માટે

- ★ સ્વતંત્ર વ્યવસાય કરતા હો તો, માલિક છો કે ભાગીદાર તે દર્શાવવા વિનંતી.
- ★ સ્વતંત્ર વ્યવસાયમાં ઉદ્યોગ અથવા ફેક્ટરી હોય તો આપ શાનું ઉત્પાદન કરો છો. આપની ઉદ્યોગ અથવા ફેક્ટરીનું નામ, સરનામું, ફોન નંબર સહિત જણાવવા વિનંતી.
- ★ સ્વતંત્ર જથ્થાબંધ વેપાર હોય તો શાનો વેપાર છે એનો સ્પષ્ટ પ્રકાર જણાવવો તથા નામ - સરનામું, ફોન નંબર સહિત જણાવવું.
- ★ સ્વતંત્ર છૂટક વેપાર કરતા હો તો તેનો પ્રકાર, નામ, સરનામું, ફોન નંબર સહિત જણાવવા વિનંતી.
- ★ આપ ડૉક્ટર હો તો કઈ શાખાના સ્પેશિયાલિસ્ટ છો. આપની હોસ્પિટલનું નામ, સરનામું, ફોન નંબર અથવા આપ કોઈ હોસ્પિટલ સાથે સંલગ્ન હો તો તેનું નામ, સરનામું, સંપર્ક ફોન નંબર સહિત વિગત જણાવવા વિનંતી.
- ★ આપ વકીલ હો તો કઈ કોર્ટમાં વકીલાત કરો છો, આપની ઓફિસનું નામ, સરનામું, ફોન નંબર અથવા કોઈ કંપની સાથે સંલગ્ન હો તો તેની વિગત જણાવવા વિનંતી.
- ★ આપ સી.એ. છો તો કઈ ફર્મના નામે વ્યવસાય કરો છો તે વિગત નામ, સરનામું, ફોન નંબર સહિત જણાવવા વિનંતી.
- ★ આપ કોઈ એજન્સી ધરાવો છો તો એનો પ્રકાર, એનું નામ - સરનામું, ફોન નંબર સહિત જણાવશો. કોઈ કંપનીની એજન્સી હોય તો તેનું નામ જણાવવા વિનંતી.
- ★ આપનો ટ્રાન્સપોર્ટનો વ્યવસાય હોય તો તેના પ્રકારની વિગત જણાવવા વિનંતી.
- ★ ઉપર જણાવેલ બાબતમાંથી આપની કોઈ અન્ય વિગત હોય તો જણાવવા વિનંતી.

### નોકરી કરનાર માટે


- ★ આપ નોકરી કોઈ ખાનગી કંપનીમાં કરતા હો તો, તેનું નામ, સરનામું, ફોન નંબર અને આપનો હોદ્દો અને આપનો સંપર્ક ફોન નંબર જણાવવા વિનંતી.
- ★ આપ બેંકમાં નોકરી કરતા હો તો બેંકનું નામ, એની શાખાનું નામ - સરનામું, આપનો હોદ્દો અને આપનો સંપર્ક ફોન નંબર જણાવવા વિનંતી.
- ★ આપ કોઈ સરકારી / અર્ધ સરકારી ખાતામાં નોકરી કરતા હો તો એનું નામ - સરનામું અને તેમાં આપનો હોદ્દો અને આપનો સંપર્ક ફોન નંબર જણાવવા વિનંતી.
- ★ આપ કોઈ ટ્રાન્સપોર્ટ કંપનીમાં નોકરી કરતા હો તો, ટ્રાન્સપોર્ટ કંપનીનું નામ, સરનામું અને તેમાં આપનો હોદ્દો અને આપનો સંપર્ક ફોન નંબર જણાવવા વિનંતી.
- ★ આપ કોઈ દુકાન કે પેઢીમાં નોકરી કરતા હો તો દુકાન - પેઢીનું નામ - સરનામું, આપનો તેમાં હોદ્દો અને આપનો સંપર્ક ફોન નંબર જણાવવા વિનંતી.
- ★ આ સિવાય અન્ય કોઈ વિગત કે અન્ય જગ્યાએ આપ કામ કરતા હો તો તેની વિગત જણાવવા વિનંતી.

### ● વસતિ પત્રકનું ફોર્મ ઓનલાઈન ભરવા માટે સુવિધા ●

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવનાર વસતિ પત્રક-૨૦૧૭ની વિગત ઓનલાઈ ભરી શકાય તે હેતુથી આ સુવિધા કરવામાં આવેલ છે. વસ્તીપત્રકનું પૂરું ફોર્મ ઓનલાઈન સબમિટ કરી દેવાનું રહેશે. જે માટે આપના મોબાઈલ, લેપટોપ કે ડેસ્ક ટોપ પર નીચે મુજબની લીંક ખોલી ફોર્મની વિગત ભરી શકાય છે.

***CLICK ON*** **: http://kutchijainahd.org/kutchijain-vastipatrak/**

# સનગ્લાસ કલેકશન 2016




## MORE STYLES




Powered sunglasses in different styles also available.

**GANGAR EYENATION**

INDIA'S LEADING EYEWEAR CHAIN

મુંબઈ | પુણે | નાશિક | ઔરંગાબાદ | સાંગલી | સોલાપુર | નાગપુર | કોલ્હાપુર | અમદાવાદ | આણંદ
સુરત | નવસારી | વડોદરા | ગાંધીનગર | ગાંધીધામ | ભુજ | રાજકોટ | જામનગર Infoline: 022-2419 5555


V-TRANS
Driving Excellence
Unique Features
WIDE NETWORK TO OVER 400 LOCATIONS ACROSS INDIA
BEST IN INDUSTRY INFRASTRUCTURE & IT SUPPORT
RUNS ON PROVEN SYSTEMS & EFFICIENT OPERATIONS
MOVING OVER 10 MILLION PARCELS, WEIGHING OVER 15 LAC TONS WORTH Rs. 35,000 Cr
MODERN, GPS SUPPORTED FLEET OF MORE THAN 800 VEHICLES
ETHICAL ORGANIZATION WITH CORE VALUES, VISION 2020, PURPOSE & QUALITY ASSURANCE
TRUSTED BY OVER 1 MILLION SATISFIED CUSTOMERS FROM ACROSS SME, LARGE & MNC SECTORS
WINNERS OF SEVERAL NATIONAL EXCELLENCE AWARDS
Our Offerings
END TO END MARINE TRANSIT INSURANCE COVER FOR ALL GOODS BOOKED THROUGH US
SPEEDY CLAIM SETTLEMENT
24 X 7 CCTV SURVEILLANCE AT MAJOR HUBS & BRANCHES
100% COMPUTERIZED & DIGITAL ENVIRONMENT
ISO 9000:2008 CERTIFIED COMPANY & FULLY COMPLIANCE DRIVEN
DEDICATED KEY & CORPORATE ACCOUNTS MANAGEMENT
SPECIALISTS IN SAFE, SPEEDY & COST FRIENDLY PARCEL MANAGEMENT AND CUSTOMIZED OFFERINGS
NATIONAL AWARD WINNING CUSTOMER SERVICES TEAM
TOTAL PEACE OF MIND
To know more about us, call us today
CORPORATE OFFICE : V-Trans India Limited, 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management


GAME ON
BY BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61 Dr. S.S. Rao Road,
near Gandhi Hospital, Parel, Mumbai - 400012.
Tel:(022) 24124595, 24168645, 24115010. Fax: 24104290
Info@blazoclothing.com / blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

